વચનમૂર્તિ

# સદ્. શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા




વચનમૂર્તિ

# સદ્. શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો

વચનમૂર્તિ

# સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો


**પ્રેરક** : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી

**સંશોધક** : સંશોધનસમિતિ

**પ્રકાશક** : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા





**પ્રકાશન તિથિ** : સંવત્ ૨૦૭૨, ધનતેરસ, તા.૨૮/૧૦/૨૦૧૬

**આવૃત્તિ** : પ્રથમ

**પ્રત** : ૨૦૦૦

**કિંમત** : ₹૫૦/-

**ISBN** : 978-93-83456-66-6






- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

# સપ્રેમ ભેટ

**સુજ્ઞ સ્નેહી શ્રી**..........................................................................................

**ગામ** ............................ **તા.**............................... **જિ.** ..............................

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં અલૌકિક ચરિત્રોને સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીએ નૈસર્ગિક અને દેશીતળપદી ભાષામાં આબેહૂબ કંડાર્યાં છે. શ્રીહરિચરિત્રોથી સભર આ **'ભાયાત્માનંદસ્વામીની વાતો'**નો આસ્વાદ માણવા, જાણવા જેવો છે.

આ વાર્તાગ્રંથનાં વાંચન, શ્રવણ અને મનનથી આપ તથા આપના સ્નેહીજનોમાં સત્સંગ પ્રત્યે ભક્તિભાવ, શ્રદ્ધા, નિષ્ઠા, કુટુંબમાં સંપ, સ્નેહભાવ અને આદરભાવમાં વધારો થાય એવી શુભેચ્છા સહ સપ્રેમ ભેટ...

**આપનો સ્નેહી**

**તારીખ** ............................

.........................................



શ્રીમદનમોહનજી મહારાજ - ધોલેરાધામ



પ.પૂ. સદ્. શ્રીગોપાળાનંદસ્વામી





# સમર્પણ

જેઓએ સર્વાવતારી શ્રીહરિની મૂર્તિ અને મરજી એક જાણ્યા અને જીવનભર ભરપેટ માણ્યા. અને આપણ સહુને બહુ મોટી પ્રેરણા અને આદર્શ પૂરો પાડ્યો, એવા વચનમૂર્તિ સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાતોનો આ ગ્રંથ;

એમની જ પરંપરામાં જેમણે આપણા આ કાળમાં પણ મહિમાની મૂર્તિ સમું જીવન જીવી આપણને બધાને સંતો-ભક્તોનો મહિમા રાખવાનું જીવંત દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

અને જેમનાં દર્શનાદિકનો આપણને અનેકવાર લાભ મળ્યો છે. જેમના દ્વારા આપણને ઘણું બધું જાણવા-શીખવા મળ્યું છે અને જેમનાં દર્શનથી સદા અંતર ઠર્યું છે. અને જેમનો અનેકવાર રાજીપો મળ્યો છે.

એવા રાગ-દ્વેષાદિક દ્વંદ્વોથી રહિત ધોલેરાધામ નિવાસી અ.નિ.પ.પૂ.શ્રીધર્મસ્વરૂપદાસજીસ્વામીના દિવ્ય કરકમળમાં આ ગ્રંથરૂપી પુષ્પ સમર્પિત કરતા અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ - કુંડળધામના
[illegible] જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના



ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરિત્રોનું શ્રવણ ને વાંચન કરવાથી સંતો-ભક્તોના ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યાદિક સદ્‌ગુણો અતિ પક્વ થાય છે. અને અંતે એકાંતિક ભક્ત બની ભગવાનના ધામને પામે છે. ચરિત્રોના માધ્યમે સામાન્ય મનુષ્યથી લઈને મુક્ત સુધીના તમામને ભગવાનનો મહિમા સમજાય છે, તેમાં હેત થાય છે, તેમની આજ્ઞા પાળવામાં શ્રદ્ધા વધે છે અને ભગવાનને પામવાના માર્ગમાં આગળ ગતિ થાય છે. સંપ્રદાયની પુષ્ટિ પણ સંપ્રદાયને લગતા આવા સાહિત્યથી સહેજે થાય છે. તેથી જ શ્રીહરિની આજ્ઞાથી તત્કાલીન સંતોએ હરિચરિત્રોનાં નાના મોટા અનેક ગ્રંથો રચ્યા છે. શ્રીસ્વામિનારાયણ ભગવાનના આવા ચરિત્રોનાં ગ્રંથોમાં આ **'ભાયાત્માનંદસ્વામીની વાતો'** નામનો ગ્રંથ અનુપમ છે.

આચાર્યપ્રવર શ્રીરઘુવીરજી મહારાજ પણ જ્યારે જ્યારે સ્વામીના પ્રસંગમાં આવે ત્યારે તેમની પાસેથી આંખે દેખેલા અહેવાલ જેવી શ્રીહરિની વાતો સાંભળવા તત્પર રહેતા. તે પ્રસંગ જણાવતાં સદ્. માધવદાસસ્વામી શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગરના તરંગ ૧૪૮માં લખે છે કે,

**ભાઈ આત્માનંદસ્વામી પાસે આવે, જૂની પ્રભુની વાતું કરાવે;**
**ત્યાગ વચન વૈરાગ તણી, વાતું કરાવે એ પણ ઘણી.**
**ધ્યાન ધારણા સમાધિયું તણી, વાતું કરાવે ઘણી ઘણી;**
**સ્વામી હાલ્યા માલ્યા સાક્ષાત, તેની બહુ કરાવે છે વાત.**
**મહારાજની વાતું વખાણે, સ્વામી રહ્યા જ્યાં પ્રગટ પ્રમાણે;**
**સ્વામી સહજાનંદમાં બહુ તાન, જાણે પુરુષોત્તમ ભગવાન.**

આશરે ૧૦૦ વર્ષની ઉંમરે સ્વામીશ્રી આવી વાતો કરતાં અને તે વાતો સાંભળી આચાર્યશ્રી બહુ જ રાજી થતા. આ વાતો અતિ ઉપયોગી જાણી એકવાર રઘુવીરજી મહારાજે સ્વામીને કહ્યું, "આપ જ્યારે પૃથ્વી ઉપર નહિ રહો ત્યારે આ બધી વાતો પણ લુપ્ત થઈ જશે, માટે કૃપા કરી આપ આ બધી વાતો લખી લ્યો તો બહુ સારું. કેમ જે, ભવિષ્યમાં મુમુક્ષુને આનાથી બહુ જ પોષણ મળશે." આમ, રઘુવીરજી મહારાજે સ્વામીને તે વાતો લખી લેવાની વિનંતી કરી. તેથી ભાયાત્માનંદસ્વામીએ પોતે મહારાજની જે જે લીલા જોઈ હતી અને વાતો સાંભળી હતી, તેનો પોતે ગ્રંથ લખ્યો. તે આજે સંપ્રદાયમાં **'ભાયાત્માનંદસ્વામીની વાતો'** તરીકે પ્રસિદ્ધ છે. તેમાં સ્વામીએ નજરે જોયેલી સત્ય ઘટનાઓ લખી છે. તે મને બહુ ગમે છે, તેથી તે વાંચવા-સાંભળવામાં બહુ મજા આવે છે. અને ઘણીવાર વાંચી-સાંભળી છે, તોપણ તૃપ્તિ થાતી નથી.

શ્રીહરિ ધામમાં ગયા ત્યારે સ્વામીશ્રી આશરે ૮૭ વર્ષના હતા. ત્યારબાદ તેઓ ૩૦ વર્ષ પૃથ્વી ઉપર રહ્યા. જે રીતે શ્રીહરિએ લટકાં-મટકાં કર્યાં કે વાતો કરી હતી. તે બધું જેમ છે એમ પોતાની ૧૦૦ વર્ષની ઉંમરે પણ તેમને સંપૂર્ણ યાદ હતું. તેથી જ એનું આબેહૂબ દર્શન આ વાતોમાં કંડાર્યું છે. આ ઉપરથી જાણી શકાય છે કે, આ ઉંમરે પણ તેમની યાદશક્તિ કેટલી સતેજ હશે ! એ સ્વામીને પ્રગટ શ્રીહરિમાં કેટલો પ્રગાઢ પ્રેમ હશે તેનો દસ્તાવેજી પુરાવો છે. ૧૧૬ વર્ષની ઉંમરે ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા ત્યારે મહારાજે તેમને દર્શન આપ્યાં અને ત્યારબાદ ગુણાતીતાનંદસ્વામી દ્વારા શ્રીહરિએ તેમને પોતાની સર્વોપરી ઉપાસના કરાવી. આ વાત પ્રસિદ્ધ છે.

સ્વામીને શ્રીહરિનો મહિમા ને ખુમારી જોરદાર હતા, પરંતુ બહુ ઝાઝું ભણેલા નો'તા, આથી તેમણે આ વાતુ સીધી-સાદી ગામઠી ભાષામાં લખેલ છે. વળી શ્રીજીમહારાજનો જે જે પ્રસંગમાં પોતાને મેળાપ થયો અને મહારાજે જે કાંઈ લીલા-ચરિત્રો કર્યાં, વાતો કરી કે પોતાને ઉપદેશ આપ્યો તે જાણે કે પોતાની **રોજનીશી** હોય તે મુજબ પોતે લખેલ છે. જ્યાં પોતાનો અને

મહારાજનો મેળાપ શરૂ થાય ત્યાંથી લઈ અને જ્યાં મેળાપ છૂટી જાય ત્યાં સુધીની વાતો લખેલ છે, તે સિવાયની વાતો સ્વામીએ લખેલ નથી, જેથી ચરિત્રોના ક્રમનું પૂરું અનુસંધાન રહેલ નથી.

પરંતુ આ ગ્રંથ વાંચતાં સ્વામીને શ્રીહરિની આજ્ઞા-મરજીમાં રહેવાનું અને શ્રીહરિ સાથે રહી દર્શન-સેવાદિકનો લાભ લઈ લેવાનું જ તાન જણાય છે. આથી જેમાં શ્રીહરિ હોય તેવાં જ ચરિત્રો ને શ્રીહરિએ કરી હોય તે વાતો જ લખેલ છે.

શ્રીહરિએ પોતાની આગવી છટામાં જેવું ચરિત્ર કર્યું હોય કે જેવી વાત કરી હોય તેને સ્વામીએ બીજા કોઈની પરવા કર્યા વિના આબેહૂબ યથાવત્ લખેલ છે. આથી લખાણમાં વિદ્વત્તા કે ભાષાસુંદરતા ન હોવા છતાં આ વાતુ વાંચનારને બહુ અસરકારક બની રહે છે. શ્રીજીમહારાજ તો સર્વે ગુણોનો ભંડાર છે, પરંતુ આ ગ્રંથમાં શ્રીજીમહારાજની બ્રહ્મરૂપે રહેવાની, ત્યાગ-વૈરાગ્યની ને દેહનો અનાદર રાખવાની વાસ્તવિક છટા દેખાઈ આવે એવા પ્રસંગો ઘણા લખેલ છે, કારણ કે લેખક પોતે પણ તેવા ગુણોથી યુક્ત છે. માટે તે પ્રસંગો નાના મોટા સંતો-ભક્તોને આધ્યાત્મિક બળ આપે અને શ્રીહરિમાં હેત વધારે એવા છે. એમાં મહારાજ અને સંતો કેવી કેવી પરિસ્થિતિમાં, કેવી રીતે રહેતા તેનું આબેહૂબ દર્શન થાય છે.

આ ગ્રંથ વિષે લેખક પોતે અંતમાં લખે છે કે, આમાં અમે પરચાની વાતો નથી લખી, તેનાં કારણમાં મહારાજનો અભિપ્રાય જણાવતાં કહે છે કે, પરચામાં કોઈ સમજતું નથી. કેમ જે, આ સૃષ્ટિમાં જે કાંઈ સર્જન છે, તે એક પરચો જ છે, પણ તેને કોઈ પરચાના રૂપમાં જોતું નથી. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ભગવાનનો આશરો કરવો, તે સંબંધી વાર્તા મુખ્યપણે કરવી. અને તેને ધ્યાનમાં રાખીને સ્વામીએ આ ગ્રંથ લખ્યો હોય તેવું જણાય છે.

અને એક વાત જણાવતાં અમને અતિ આનંદ થાય છે. આ વાર્તાગ્રંથનું જ્યારે છાપવા માટે કરવા યોગ્ય સંશોધનાદિક કાર્ય પૂર્ણ થયું, એ જ કાળે

કેવળ શ્રીહરિની કૃપાથી જ સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીએ દોહા-ચોપાઈમાં લખેલ ૧૨૫ કડીઓનો એક ખરડો જુની હસ્તલેખિત પ્રતોમાંથી સાધુને મળી આવ્યો.

અને તે જોતાં-વાંચતાં જાણે કે શ્રીહરિએ જ આ ખરડો બતાવ્યો હોય ને શું ! એવું લાગ્યું, નહીં તો આવી રીતે આકસ્મિક જ આ ખરડો બરોબર સમયસર ક્યાંથી પ્રાપ્ત થાય ? આ ખરડામાં આ વાર્તાગ્રંથની જાણે કે અનુક્રમણિકા કહેતાં હુડાનું પ્રકરણ લખ્યું હોય એવી રીતે લીલા લખી છે.

શ્રીહરિની પોતા ઉપર જે જે વિશેષ અસરકારક કૃપા ઉતરી હોય તેનો આનંદદાયક, મહિમાત્મક ભાષામાં સુંદર કાવ્યમાં ઉતાર નિતાર્યો છે. જે વાંચતાં જ વાંચનારાનું હૈયું આનંદિત અને પ્રફુલ્લિત થઈ જાય છે. તેથી તે ખરડાને આ વાર્તાગ્રંથના હુડાનું પ્રકરણ આપણે માનવું રહ્યું. અને તેથી જ આ વાર્તાગ્રંથના અંતે તેનો અમે સમાવેશ કર્યો છે.

અત્યાર સુધીમાં આ વાતો ફક્ત શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ દ્વારા પ્રકાશિત થયેલ છે. આ ગ્રંથની હસ્તપ્રતો ઘણી છે. તેમાંથી અમને ઘણા સંતો પાસેથી પ્રતો મળી છે. અભ્યાસ કરતાં જણાય છે કે, અમુક સંતોએ જાતે લખેલી છે અને અમુક લહિયા પાસે લખાવેલી છે. દરેક પ્રતમાં લખવામાં થોડી-ઘણી શબ્દોની ક્ષતિ રહી ગયેલ જણાય છે. માટે એમાંથી જે સારી પ્રતો જણાઈ તેના આધાર લઈને આ ગ્રંથ તૈયાર કરેલ છે. તેમજ અર્થસ્ફૂટ થાય તે માટે સંશોધન કરીને અમોએ ખૂટતી વિગત કૌંસમાં ઉમેરેલ છે.

સ્વામીની દૃષ્ટિમાં શ્રીહરિ જ હોય એવું જણાય છે, જેથી અન્ય બાબતને બહુ ટૂંકમાં લખેલ છે, આથી અમુક પ્રસંગોમાં યથાર્થ ન સમજાય એવું બને છે. આ માટે અમોએ અનુભવી સંતો ને અન્ય ગ્રંથોનો આધાર લઈ સમજાય એવું કરવા થોડો પ્રયત્ન કરી ટિપ્પણી કરેલ છે. આ ગ્રંથમાં લેખકે અમુક શબ્દો જૂની ભાષાના વાપરેલ છે, તેના અર્થો ભગવદ્ગોમંડળ આદિ શબ્દકોશના આધારે તથા અન્ય જૂના સંતો-ભક્તો પાસેથી જાણીને

યથામતિ ટિપ્પણી કરેલ છે. વળી, સહેજે સમજાય એવા હેતુથી પ્રત્યેક વાતને અનુરૂપ શીર્ષક આપેલ છે. આ કાર્યમાં કાંઈક ખામી રહી ગઈ હોય તો ક્ષમ્ય ગણશો.

આમ સંશોધનપૂર્ણ આ **“ભાયાત્માનંદસ્વામીની વાતો”** શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રથમવાર પ્રકાશિત થઈ રહેલ છે. શ્રીહરિનાં લીલા-ચરિત્રથી સભર આ ગ્રંથ સહુ સંતો-ભક્તોને અતિ ઉપયોગી અને પ્રભુપ્રીતિવર્ધક બની રહે. અને શ્રીહરિજી, સ્વામીશ્રી અને નાના-મોટા સહુ સંતો-ભક્તોની પ્રસન્નતા અમારા ઉપર વરસતી રહે, એ જ અભ્યર્થના...

***લી. સ્વામી જ્ઞાનજીવનદાસ(કુંડળધામ)ના***
***અતિ ભાવથી જય સ્વામિનારાયણ***



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# વચનમૂર્તિ સદ્.સ્વામી
# શ્રીભાયાત્માનંદજીનું જીવનચરિત્ર

(शार्दूलविक्रीडितवृत्तम्)

योऽजीवीत्सकलेशधार्मिवचने नित्यं दृढं श्रद्धया
भूरित्यागविरक्तिमान् हरिप्रियोऽन्तर्जागरूकः सदा।
योऽलेखीत्श्रुतलोकितं हरिकृतं वार्ताचरित्रव्रजं
आत्मानन्दमुनिं तमत्र मनसा कुर्वे मुहुर्वन्दनम्।।

જેમણે હંમેશાં સર્વેશ્વર એવા ધર્મપુત્ર શ્રીહરિના વચનમાં શ્રદ્ધાપૂર્વક અને દઢતાપૂર્વક રહીને જીવન વિતાવ્યું. જેઓ અતિશે ત્યાગી અને વૈરાગ્યવાન હતા. જેમને એક ધર્મપુત્ર શ્રીહરિ જ પ્રિય હતા અને શ્રીહરિને પણ તેઓ પ્રિય હતા. જેઓ સતત અંતરથી જાગૃત રહેતા હતા. અને જેમણે શ્રીહરિની સાક્ષાત્ જોયેલી લીલાઓ ને તેમનાં શ્રીમુખથી સાંભળેલી વાતોનો પોતે સુંદર ગ્રંથ લખ્યો છે. એવા ભાઈઆત્માનંદસ્વામીને હું અહીં એમનું જીવનચરિત્ર લખતી વખતે હૃદયથી વારંવાર વંદન કરું છું.

**✵ સ્વામીનો પરિચય, જન્મ અને ગૃહત્યાગ :**

**આત્માનંદભાઈ અતિ શૂરવીર, સદા હરિ આજ્ઞા પાળ્યામાં ધીર.**

*(નંદમાળા-મંજુકેશાનંદજી)*

પૂર્ણ પુરુષોત્તમનારાયણની પરમહંસમાળામાં કોઈ સંત જ્ઞાનમૂર્તિ તો કોઈ સંત ધ્યાનમૂર્તિ હતા. કોઈ સંત પ્રેમમૂર્તિ તો કોઈ સંત વૈરાગ્યમૂર્તિ હતા. કોઈ સંત બ્રહ્મચર્યની મૂર્તિ હતા તો કોઈ બ્રહ્મમૂર્તિ હતા. કોઈ નિર્માનિતાની મૂર્તિ હતા તો કોઈ નિર્દોષમૂર્તિ હતા. આ શ્રીહરિજીના લાડકવાયા પરમહંસોમાં વચનની મૂર્તિનું બિરુદ પામેલા સંત એટલે **સદ્‌.શ્રીભાયાત્માનંદસ્વામી.**

આ ભાયાત્માનંદસ્વામી પૂર્વજન્મના પ્રબુદ્ધમુનિનો અવતાર, યોગી અને આત્મદર્શી મહાન સંત હતા. તેમનો જન્મ શ્રીકૃષ્ણ ભગવાનના કુળમાં પ્રદ્યુમ્નની પરંપરામાં થયો હતો. આ યદુકુળમાં જન્મેલા રાજપુરુષોની પરંપરામાં વિભાજી જામનગરના મહારાજા બન્યા. લોકોમાં તેઓ વિભાજામ તરીકે પ્રસિદ્ધ થયા.

તેમના ભાયાત લાખાજી લાખાણી વગેરે બાર ગામના રાજા થયા. તેમને ચાર પુત્ર હતા. (૧) મોકાજી (૨) વિભાજી (૩) નારાયણજી અને (૪) હકાજી. તેમાં નારાયણજીને પાંચ પુત્રો હતા. (૧) સુમરાજી (૨) અબડાજી (૩) રાણાજી (૪) અમરાજી અને (૫) અલિયાજી. તેમાં મોટા પુત્ર સુમરાજીને બે પુત્ર હતા. (૧) રણમલજી અને (૨) નારાયણજી. તેમાં રણમલજીને એક **પુત્ર ડોસાજી** થયા. આ ડોસાજીના લગ્ન ધોળકાની બાજુમાં દાઢા ગામના વાઢેર ભાઈજીભાઈની દીકરી **બાઈ રાજબા** સાથે થયાં હતાં. આ દંપતી રાજના વારસદાર હોવા છતાં નાનપણથી ભક્તિમય જીવન જીવતાં હતાં અને સંતપ્રેમી હતાં. તેમને બે પુત્ર થયા હતા.(૧) ઉદેસિંહ (૨) કેસરીસિંહ.

**પૂર્વછાયો : ધન્ય લાખાણી ગામને, સત્તરસો અઠ્ઠાણું સાલ;**
**ધન્ય ધન્ય ક્ષત્રિય જ્ઞાતિને, રાજકુટુંબે જન્મ્યા લાલ.**
**ઉદેસિંહ દરબાર એવું, રૂડું પાડ્યું એનું નામ;**
**બાળપણથી જ એમને, ગમતું હરિભક્તિનું કામ.**

તેમાં મોટા પુત્ર ઉદેસિંહનો જન્મ સં.૧૭૯૮માં થયો હતો. અને એ જ આપણા ભાયાત્માનંદસ્વામી થયા. બાલ્યવયથી જ તેમને સત્સંગ અને ભગવદ્‌ભક્તિમાં જ પ્રીતિ હતી. વિશ્વના કોઈ પદાર્થમાં તેમનું મન ચોંટ્યું નહોતું. તેથી તેઓશ્રીએ વૈરાગ્યના વેગે અને ભગવાનને ભેટવાની ઝંખના

સાથે ઘરનો ત્યાગ કર્યો અને સાક્ષાત્ પ્રભુનાં દર્શન કરાવે તેવા સદ્ગુરુની શોધ કરવા માટે તીર્થયાત્રા શરૂ કરી.

**ચોપાઈ : મને ક્યાં મળે એવા સદ્ગુરુ રે, જેથી થાય કલ્યાણ મારું પૂરું રે;**
**એવા હરિને વ્હાલા મળે સંત રે, જે ભેટાડે પ્રગટ ભગવંત રે.**

ઉદેસિંહને પોતાનું કલ્યાણ કરવું છે, એટલે જેમ માંદો ડૉક્ટરને શોધે તેમ તે સદ્ગુરુને શોધે છે. તીર્થોમાં ફરે છે. કોઈ મોટા સાધુનું નામ સાંભળે તો તેની પાસે જાય, તેને જુએ અને તેમની સેવા-ભક્તિ કરે. તેમની પાસેથી જેટલું મળે એવું હોય તેટલું મેળવે છે. આમ, ગૃહત્યાગ બાદ આઠ-દશ વર્ષનું તીર્થાટન કરી યોગસાધના તથા સાધુનો સમાગમ કર્યો, છતાં પોતાની મનોકામના પૂર્ણ ન થઈ. પછી પોતાની રીતે સાધુ બની ગયા. તીર્થસ્થળોમાં વિચરતાં **સૌરાષ્ટ્ર**માં આવ્યા. ત્યાં **રામાનંદસ્વામી**નું મિલન થયું. થોડો સમય સાથે રહ્યા. વળી, તીર્થયાત્રા કરવા નીકળી ગયા. પરંતુ હવે હૈયામાં હરિમિલનની તીવ્ર ઝંખના અને પ્રાર્થના વધવા લાગી. શ્રીહરિએ ઉદેસિંહની પ્રાર્થના સાંભળી.

### ❋ શ્રીહરિનો પ્રથમ મેળાપ :

એકવાર ઉદેસિંહ જૂનાગઢ ગિરનારનાં દર્શન કરી પાછા ફર્યા. ત્યાં સાંભળ્યું કે, **સ્વામિનારાયણ કરીને ભગવાન પ્રગટ થયા છે.** ત્યાં તેના કાન ચમક્યા અને વળી પોતાની જ પ્રાર્થનાથી અંતરમાં બિરાજેલ શ્રીહરિએ આ વાતની હા પડાવી, તેથી તરત જ નિશ્ચય થયો અને વિચાર આવ્યો કે, 'હું જેની શોધમાં છું, તે પ્રભુ પ્રગટ પ્રમાણ વિચરે છે ! ઘણા લોકો તેમને અક્ષરથી પર સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ કહે છે. તેમનાં દર્શનથી ઘણાને સમાધિ થાય છે. તેથી એ દિવ્ય અલૌકિક મૂર્તિનું અનેક ભક્તો ધ્યાન-ભજન કરે છે, એમને સેવે છે. તે અત્યારે **મેઘપુર**માં બિરાજે છે.' પછી જેમ ઝાડ-પહાડને તોડતી ગંગા સાગરને મળે છે, તેમ અનેક આપત્તિઓ અને મનની માન્યતાઓરૂપી પહાડોને તોડી આ મુમુક્ષુરૂપી ગંગાએ સહજાનંદરૂપી સાગરને મળવાની દિશા પકડી.

અને તુરંત **સં.૧૮૫૯માં સોરઠમાં મેઘપુર ગામે** આવ્યા. ત્યાં તેમને મહારાજનાં પ્રથમવાર દર્શન થયાં. અંતરમાં ભક્તિનાં પૂર રેલાયાં. શ્રીહરિએ એમને ધ્યાનમાં બેસાર્યા. ત્યારથી તેમનું ચિત્ત પ્રગટ શ્રીહરિમાં ચોંટી ગયું. સમાધિમાં શ્રીજીનાં દિવ્ય દર્શન થયાં, સંતોષ પામ્યા. તેથી ૬૦ વર્ષની ઉંમરના ઉદેસિંહે ૨૦ વર્ષના સહજાનંદસ્વામીને પોતાનું જીવન સમર્પણ કર્યું. શ્રીહરિએ તેમને ત્યાં જ દીક્ષા આપી અને **'આત્માનંદસ્વામી'** નામ પાડ્યું.

શ્રીજીમહારાજ પાસે આવ્યા ત્યારે તેમના ઘણાખરા દાંત પડી ગયા હતા. તે જોઈ શ્રીજીમહારાજ કહે, "અત્યારથી દાંત પડી ગયા તે સારું નહીં." તે જ રાત્રે સ્વામીને નવા દાંત ફૂટ્યા હતા. પછી તેઓ ૧૧૭ વર્ષ સુધી ધરતી પર રહ્યા ત્યાં સુધી તેમના દાંત સુદૃઢ રહ્યા હતા. જૂના સંતો કહેતા કે, 'સ્વામી રહ્યાં ત્યાં સુધી શેરડી જમતા.'

**❋ વચનમાં રહેવાની દૃઢતા :**

**દોહા : સ્વામી રાચ્યા સત્સંગમાં, આનંદનો નથી પાર;**
**હરતાં ફરતાં મહાલતાં, મળે હરિ દર્શન પ્યાર.**

એકવાર શ્રીજીમહારાજ ફરેણી ગામમાં બેઠા હતા. ત્યાં સ્વામી તેમના દર્શન કરવા આવ્યા. ત્યારે મહારાજે આત્માનંદસ્વામી સામે જોઈને કહ્યું, "તમે સરધાર જાઓ." ત્યારે સ્વામી શ્રીહરિને પગે લાગીને ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, **"હે આત્મારામ ! આજ તો ધ્યાન, ધારણા અને સમાધિ તે ભગવાનની આજ્ઞામાં રહી છે."** આ વચનો સ્વામીના અંતરમાં ઊંડાં ઊતરી ગયાં. પછી તો સદા તેઓ વચનમાં જ રહ્યા. પછી તેમને સમાધિની ઈચ્છા હતી, તે મહારાજના આ વચનથી ટળી ગઈ. ઈચ્છાઓ પૂર્ણ થઈ તેથી અંતરમાં આનંદ છવાયો. અને,

**દોહા : અહિંથી તેના અંતરમાં, વચનની લાગી ખટક;**
**જીવ્યા ત્યાં સુધી પાળતા, વચનને થઈ કડક.**

સ્વામીશ્રી શ્રીહરિની નાની-મોટી આજ્ઞાને દૃઢપણે પાળતા. 'મોટા આત્માનંદસ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહીં એ અંગ' એમ

મહારાજે વચનામૃતમાં સ્વામીનું અંગ વખાણ્યું છે. ભાઈસ્વામી ખબડદાર થઈ વચનનું પાલન કરતા તેથી **'વચનની મૂર્તિ'** કહેવાતા.

**❋ પ્રભુજીની પ્રસન્નતા :**

એકવાર વાળાંક દેશમાંથી વિચરણ કરી સ્વામી ગઢડા આવ્યા. દર્શનની આજ્ઞા નહોતી, તેથી ગામ બહાર પીપળાવાળી વાડીએ રાતવાસો કર્યો, અને એક પટેલ સાથે દરબારમાં સમાચાર મોકલ્યા. મહારાજે કહ્યું, "ભલે આવ્યા, રાતવાસો વગડામાં સૂઈને સવારે ઝોળી માંગવાના મિષે દરબારમાં આવે, એમ તમે કહેજો."

શ્રીહરિની આજ્ઞા અનુસાર સવારે આત્માનંદસ્વામી અને તદ્રુપાનંદસ્વામી દરબારગઢમાં આવ્યા. અને ઊંચે સૂરે 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' એમ બોલ્યા. ત્યારે શ્રીજીમહારાજે નાનભગતને મોકલ્યા અને બંને સંતોને હેતથી બોલાવ્યા. પાસે બેસાડી બન્નેને પ્રેમથી જમાડ્યા. પછી અચાનક મહારાજે પૂછ્યું, "તમે અત્યારે કોણ છો ?"

ત્યારે આત્માનંદસ્વામીએ ક્ષણવારમાં કહ્યું, "હે મહારાજ ! અમે તો આપની ચિઠ્ઠીના ચાકર છીએ વચનમાં વર્તનારા છીએ !" તે સાંભળી મહારાજ પ્રસન્ન થયા. આ વડીલ, વયોવૃદ્ધ, આત્મનિષ્ઠ અને જ્ઞાની સંતને મહારાજ ગુરુભાઈ તુલ્ય માનતા, કોઈવાર 'ભાઈસ્વામી' તો કોઈવાર 'વૃદ્ધ આત્માનંદસ્વામી' તરીકે પણ બોલાવતા. તેથી સંતો પણ તેમને મોટા આત્માનંદસ્વામી કે વૃદ્ધ આત્માનંદસ્વામી તરીકે બોલાવતા.

**❋ કઠણ વ્રતના પાલનથી રાજી થયેલ શ્રીહરિએ હાર આપ્યા :**

સં.૧૮૭૨ની સાલમાં એકવાર મહારાજે વડતાલમાં સંતોની સભામાં પ્રશ્ન કર્યો, "સંતો, તમારામાંથી જેમણે પોતાના દેહને અર્થે કોઈ પાસે કાંઈ જ ન માગ્યું હોય તે બોલો." ત્યારે એક સંત ઊભા થયા. મહારાજે તેમને કહ્યું, "સ્વામી ! તમે પીપળિયાના વેલા લુહાર પાસે કપડું સીવવા સોય-દોરો માગ્યાં હતાં કે નહીં ?" અંતર્યામીથી શું અજાણ્યું હોય ? તેથી

તે સંતને પોતાની સ્મૃતિ સતેજ થતાં નમ્રતાથી હાથ જોડી બેસી ગયા. હવે ઊભા થાવાની કોણ હિંમત કરે ?

પછી સહુ સંતો આતુરતાથી મહારાજના પ્રશ્નના પ્રતિભાવની રાહ જોઈ રહ્યા હતા. કોઈ કશું બોલતું નહોતું. એવામાં ભાઈસ્વામી ઊભા થયા ને હાથ જોડી બોલ્યા કે, "મહારાજ ! મેં મારા દેહને માટે કોઈ પાસે કાંઈપણ માંગ્યું નથી." ત્યારે મહારાજ અત્યંત પ્રસન્નતાથી કહે, "હા તમે ખરા... તમે ખરા !!! તમે કોઈ પાસે કશું માંગ્યું નથી." પછી તેમની ઉપર શ્રીહરિજી અતિ પ્રસન્ન થયા. તે વાત નિષ્કુળાનંદસ્વામી ભ.ચિં.પ્ર.૭૧માં લખે છે કે :

**પછી નાથ કહે સંતશૂરા, આમાં કોણ કઠણ વ્રતે પુરા,**
**જેવા છે આ આત્માનંદ, એવા હો તે બોલો મુનિ ઈન્દ,**
**પછી સંત ઉઠ્યા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ.**

સંસારના પદાર્થમાત્રની અરુચિ, સુવિધામાત્રનો ત્યાગ, દેહના લાલનપાલનમાં અત્યંત અભાવ; એ સ્વામીના આત્મા સાથે જડાયેલા સદ્ગુણો હતા. ભાઈસ્વામીની ધર્મપાલનની દૃઢતા જોઈને લોયામાં શાકોત્સવ પ્રસંગે શ્રીજીએ એમનું પૂજન કર્યું. ભાઈસ્વામીએ ના પાડવા છતાં પુષ્પના હાર પહેરાવ્યા, ગજરા તોરા ધારણ કરાવ્યા અને પોતાને હાથે જ શ્રીજીએ તેમને બાજુબંધ પણ બાંધી દીધા હતા.

### ❋ ભાઈસ્વામીનું બિરુદ અને એ નામની પ્રસિદ્ધિ :

સદ્.રામાનંદસ્વામીથી દીક્ષા પામેલા સંતોમાં મુક્તાનંદસ્વામી, ભાઈરામદાસજી, સ્વયંપ્રકાશાનંદસ્વામી, આદિક બાર સંતો શ્રીજીના ગુરુભાઈ હોવાથી તેમને શ્રીહરિ ભાઈ કહેતા અને તે સૌને સાથે બોલાવવા હોય ત્યારે 'બાર ભાઈયો આવો' એમ શ્રીહરિ કહેતા. તે બાર સંતો પૈકીના સંત રામદાસજી ઉપર શ્રીજીમહારાજને બહુ હેત હતું.

સં.૧૮૭૬ના જેઠ મહિનામાં ભાઈરામદાસજીસ્વામી બીમાર હતા. શ્રીહરિ તેની પાસે બેસીને સુખ-દુઃખની વાતો કરતા હતા. તે સમયમાં

શ્રીહરિએ ભાઈસ્વામીને કહ્યું કે, "સ્વામી ! તમારે કોની સાથે અતિ સ્નેહ છે ?" ભાઈસ્વામી કહે, "મહારાજ ! આ આત્માનંદસ્વામી છે, તેની સાથે મારે અતિ સ્નેહ છે કારણ કે, તેમની સ્વધર્મનિષ્ઠા દઢ છે." પછી તેઓ જ્યારે દેહ મૂકી ગયા ત્યારે શ્રીહરિ બહુ ઉદાસ થઈ ગયા, એટલે મુક્તમુનિએ પૂછ્યું કે, "મહારાજ ! આપ ઉદાસ કેમ છો ?" ત્યારે કહ્યું કે, "અમારા ભાઈ ગયા, હવે અમે કોને ભાઈ કહેશું ?"

શ્રીહરિ કહે, "ભાઈસ્વામીને આત્માનંદસ્વામી સાથે સ્નેહ હતો, માટે આત્માનંદસ્વામીને જ ભાઈસ્વામીને સ્થાને રાખીએ." સંતો કહે, "આપે જે નિર્ણય કર્યો તે યથાર્થ છે." આ રીતે સર્વ સંતોની સંમતિ લઈને ભાઈસ્વામીને સ્થાને આત્માનંદસ્વામીને શ્રીહરિએ નિયુક્ત કર્યા. આ વાત સ્વામીએ જ આ ગ્રંથમાં ૨૦૪મી વાતમાં વિસ્તારથી લખેલી છે. માટે અહીં વિસ્તાર કર્યો નથી.

### ✵ વચનપાલનની સજાગતા :

એક સમયે મુક્તાનંદસ્વામી અને આત્માનંદસ્વામી મંડળ સાથે મારવાડ પ્રદેશમાં વિચરણ કરતા હતા. ત્રણ-ત્રણ દિવસ વીતી ગયા પણ કોઈએ ભિક્ષા આપી નહિ. ચોથે દિવસે એક ગામમાં આ સંતો એક વિપ્રને ત્યાં જમવા ગયા. ત્યારે ઘી-દૂધ વગેરે ન જમવાની શ્રીહરિની આજ્ઞા હતી. તેથી સ્વામીએ વિપ્રને શ્રીહરિની આજ્ઞા મુજબ ખીચડી બનાવવાનું કહ્યું. વિપ્રએ ભાવથી ખીચડી બનાવી. તેમાં ઘી નાખ્યું નહોતું પણ ખીચડીમાં ઘી નાખીને પ્રભુને થાળ ધરાવ્યો હતો, તે થાળની ખીચડી બધી ખીચડીમાં ભેળવીને સંતોને પીરસી.

ત્રણ ઉપવાસ પછી સંતોને ખીચડીના પારણા હતા. જમવાની શરૂઆત કરે તે પહેલા ભાઈસ્વામીને ઘીની સુગંધ આવી તેથી ઊભા થઈ ગયા ને બોલ્યા કે, "અનીડો ! ખીચડીમાં ઘી નાખ્યું હોય તેમ જણાય છે. માટે મારે તો આ ખીચડી નહીં ખપે."

સંતોને અંતરમાં ધ્રાસકો પડ્યો કે, હવે શું થશે ? પછી મુક્તાનંદસ્વામીએ સ્વામીને ઘણું સમજાવ્યા પણ ન સમજ્યા. તેથી બીજા સંતો પણ જમતાં

અટક્યા. એટલે મુક્તમુનિએ વિચાર્યું કે ખીચડી બગડશે, બ્રાહ્મણને અભાવ આવશે અને ઉપવાસી સંતો ભૂખ્યા રહેશે તેથી તેમણે કહ્યું કે, "સંતો ! તમે સૌ જમો હું પણ તમારી સાથે જમું છું. નિયમભંગ થવાનો બાધ આવશે તો સહુ વતી હું મહારાજ પાસે માફી માંગી લઈશ. પછી સહુ સંતો જમ્યા. તેથી વિપ્રને સંતોષ થયો. વચનમૂર્તિ આત્માનંદસ્વામી ત્રણ ઉપવાસ હોવા છતાં ન જમ્યા. આ તેમની વચનપાલનની દૃઢતાનો પ્રસંગ હતો.

સ્વામી મંડળ લઈ ગઢપુર આવ્યા. ત્યારે ઉપરની વાત કરી મહારાજની માફી માંગી. તેથી મુક્તમુનિ ઉપર શ્રીહરિ બહુ પ્રસન્ન થયા ને કહ્યું કે, "મારા સાધુની અને સત્સંગની સંભાળ રાખે છે માટે મુક્તાનંદસ્વામી તો આ સત્સંગની 'મા' છે અને ભાઈસ્વામીને એક અમારી આજ્ઞાનું જ તાન છે, માટે તેમને પણ ધન્ય છે." આમ, શ્રીહરિએ બંને સંતોની પ્રશંસા કરી.

ભાઈસ્વામી કહેતા હતા કે, 'મહારાજ જ્યારે વડોદરે પધારવા તૈયાર થયા ત્યારે દાદા ખાચરને ત્યાં કોઈ નહીં રહે એમ જણાણું. ત્યારે મહારાજે મને આજ્ઞા કરી. તેથી હું ગઢપુરમાં રોકાણો, પણ શ્રીહરિની કૃપાથી વડોદરામાં જે થાય તેને હું અહીં ગઢપુરમાં દેખતો.'

### ❋ ધોરાજીમાં શ્રીહરિએ ખીચડી જમાડી :

વળી એકવાર ભાયાત્માનંદસ્વામી ફરતાં ફરતાં ગામ ધોરાજી આવ્યા. તે વખતે ચોમાસું હતું તેથી વરસાદ પણ થોડો થોડો વરસતો હતો અને રાત્રી પડી. પછી એક પડી ગયેલ ખંઢેર ઘર હતું, તેમાં એક ખૂણે બેસીને આખા દિવસના ભૂખ્યા સ્વામીશ્રી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' એમ ભજન કરવા લાગ્યા. રાતના આઠ વાગ્યા સુધી અન્ન-જળ મળ્યું નહીં. પરંતુ સ્વામીને મહારાજનો બહુ વિશ્વાસ હતો. તેથી મહારાજે રાત્રિએ એક હાથમાં ખીચડી ભરેલી થાળી અને કઢીનો વાટકો લીધો ને બીજા હાથમાં છત્રી ઓઢીને આવ્યા.

પછી સ્વામી પાસે આવીને મહારાજ બોલ્યા જે, "કોઈ ભૂખ્યું છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "હા, હું ભૂખ્યો છું, પણ તમે કોણ છો ?" ત્યારે

મહારાજ કહે, "હું બ્રાહ્મણ છું. ને ભૂખ્યાને જમાડીને મારે જમવાનો નિયમ છે. માટે તમે ભૂખ્યા હો તો લ્યો ખીચડી ને કઢી જમો." એમ કહી સ્વામીને જમવા બેસાર્યા ને મહારાજ સ્વામીની માથે છત્રી ઝાલીને ઊભા રહ્યા.

મહારાજની દાસત્વભક્તિને ધન્યવાદ છે ! પોતે વચનામૃત ગ.મ.૨૮માં કહ્યું છે કે, **'એવા જે ભક્ત હોય તે ભક્તનો પણ હું ભક્ત છું. અને તે ભક્તની ભક્તિ પણ હું કરું છું.'** ભગવાન પણ ભક્તના ભક્ત બનીને રહે છે અને તેમની સર્વે પ્રકારે સેવા કરે છે. તે આપણને ઘણું શીખવી જાય છે. માટે દૃઢ આશરો રાખવો. પછી સ્વામી જ્યારે જમી રહ્યા એટલે પાણી પાઈને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

**દોહા : રાખવો હરિનો દૃઢપણે, અખંડ આવો વિશ્વાસ;**
**વિશ્વાસી જનની શ્રીહરિ, રક્ષા કરે છે ખાસ.**

વિશ્વાસીને વહાલો ઢૂંકડા. વિશ્વાસીનાં ગમે તેવાં દુઃખ હોય તોપણ મહારાજ પોતે ટાળી દે છે. માટે ભગવાનનો દૃઢ વિશ્વાસ રાખવો. થોડા દિવસ થયા પછી ભાયાત્માનંદસ્વામી ગઢપુર આવ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે તેમને પૂછ્યું જે, "સ્વામી ! કાંઈ દુઃખ પડ્યું હતું ?" ત્યારે સ્વામી કહે, "ના મહારાજ, તમારા પ્રતાપથી કાંઈ દુઃખ નથી પડ્યું." પછી મહારાજ કહે, "સ્વામી, ધોરાજીમાં ઓલ્યા ખંઢેરમાં રાત્રે ભૂખ્યા બેઠા હતા ત્યારે હું ખીચડી ને કઢી લઈને આવ્યો અને તમને જમાડ્યા હતા, તે ભૂલી ગયા ?" ત્યારે સ્વામી કહે, "મહારાજ ! તે બ્રાહ્મણના રૂપે તમે હતા..?!" ત્યારે મહારાજ કહે, "હા, અમે જ આવ્યા હતા. કેમ જે, **તમે અમારા વિશ્વાસે હતા. ને જે મારે વિશ્વાસે રહે તેનું મારે સર્વે રીતે રક્ષણ-પોષણ કરવું તે મારી ટેક છે."** એમ કહી પછી રાજી થઈ મહારાજે પછેડી ઓઢાડી. *(સંદર્ભ : અક્ષરાનંદસ્વામીની વાત-૯૭૪)*

આજ રીતે સત્સંગ વિચરણ કરતા ભાયાત્માનંદસ્વામી વગેરે સંતોને જલસેણ ગામમાં દુષ્ટ લોકોએ ઝેર આપ્યું. ત્યારે પણ શ્રીહરિએ દિવ્યરૂપે

દર્શન આપી સ્વામી વગેરે સંતોની ઝેરથી રક્ષા કરી હતી. આ વાત ભ.ચિં. પ્ર.૧૩૫માં તથા અન્ય ગ્રંથોમાં પ્રસિદ્ધ છે.

સ્વામીશ્રીના અનેક સદ્‌ગુણો જોઈને શ્રીજીમહારાજે તેમને જેતલપુરમાં સદ્‌ગુરુની પદવી આપી હતી. સ્વામી કહેતા કે, “મેં ક્યારેય મહારાજની આજ્ઞા લોપી નથી. એકવાર શ્રીહરિએ મને ખાણ ગામ જાવાનું કહ્યું ત્યારે તે ગામનું નામ લખી આપવાનું કહ્યું. પરંતુ મેં કહ્યું મહારાજ ! જેમ બીજી ખાણો તેમ આ ખાણ ગામ. માટે લખી દેવાની કોઈ જરૂર નથી. આટલી આજ્ઞા લોપી તેથી હું ઘણો દુઃખી થયો હતો.”

**❋ શ્રીહરિનાં અંતિમ દર્શન :**

જીંદગીભર જેમણે શ્રીહરિની આજ્ઞા લોપી નહોતી અને હંમેશાં મહારાજની મરજીમાં મરજીવા બનીને જ રહ્યા હતા, એવા સ્વામીએ ધોલેરાધામમાં મંદિર થતું ત્યારે નિષ્કુળાનંદસ્વામી તથા અદ્‌ભૂતાનંદસ્વામીની સાથે રહીને ખૂબ સેવા કરી હતી. ભાલ પ્રદેશમાં અનેક ગામોમાં તેમણે સત્સંગ વિસ્તાર્યો હતો.

શ્રીહરિજી સ્વધામ પધારવાના હતા. ત્યારે ભાઈસ્વામીને મંદિરના કામ માટે ધોલેરા જવાનું થયું. મનમાં વેદના થવા લાગી કે મહારાજ કદાચ સ્વધામ પધારી જશે, તો અંતિમ દર્શન વિનાનો રહી જઈશ. એ ચિંતાથી ૯૦ વર્ષની વયે પણ સ્વામી ગઢડાથી ચાલીને ધોલેરે જઈને કામ પતાવીને બીજે દિવસે પાછા આવ્યા. શ્રીજીમહારાજના દર્શને ગયા. પાસે નિત્યાનંદસ્વામી હતા. તેમણે મહારાજના મુખ પરથી ચાદર કોરે કરીને સ્વામીને દર્શન કરાવ્યા. એ તેમને માટે શ્રીહરિજીના અંતિમ દર્શન હતા. પછી બીજે દિવસે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા હતા.

**દોહા : ગુણાતીતાનંદજીએ, વખાણ્યા આત્માનંદ;**
**સંતો તેમને જોઈને, પામતા હતા આનંદ.**

ભાઈસ્વામી સત્સંગમાં રહીને વિમુખ થવાની ઈચ્છાવાળાને પણ ઘણી સમજૂતી આપતા. એક સમયે ભાઈસ્વામી જૂનાગઢ આવ્યા ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ તેમને કહ્યું કે, “મનોહરદાસ અને અક્ષરજીવનદાસ

આ બેય મૂર્ખને સમજાવો." ભાઈસ્વામીએ બેયને ઘણું સમજાવ્યા પણ ન સમજ્યા. તેઓ બેય સવારે વહેલા ઊઠીને ચૂડા ગામમાં હરિકૃષ્ણ પાસે ગયા. મોટા સંતનું વચન ન માન્યું તો પાછળથી તેમને ઘણું દુઃખ આવ્યું હતુ.

**દોહા : માને નહિ જે મોટાનું, દુઃખી થાય અપાર;**
**માટે મોટાના વચનમાં, કરવો નહિ ફેરફાર.**

**સત્સંગ છોડી જાવું નહિ, મનમુખીની પાસ;**
**દિવ્ય આ સત્સંગે રહો, થઈને દાસના દાસ.**

**✵ આચાર્યશ્રી પણ સ્વામીને આદર આપતા :**

સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી શ્રીહરિજીની આજ્ઞાથી ધોલેરા મંદિરની સેવામાં રહ્યા હતા અને શ્રીજી સ્વધામ પધાર્યા પછી વાગડનું પાણી તેમને શરીરને અનુકૂળ હોવાથી વિશેષ ત્યાં રહેતા. હવે સ્વામીની ઉંમર આશરે ૧૦૦ વર્ષ જેટલી થઈ ચૂકી હતી. વડતાલ સમૈયે પધારે ત્યારે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ તેમને આદર આપતા અને એમ કહેતા કે, "સ્વામી ! આપ મહારાજ ભેળા બહુ રહ્યા છો. મહારાજે તમને 'ભાઈ'નું બિરુદ આપ્યું છે. વળી, મહારાજનાં લીલા-ચરિત્ર તથા લટકાં-મટકાં આપે બહુ જોયાં છે. માટે તમે સભામાં વાતો કરો." એમ આચાર્ય મહારાજ સ્વામીને વાતો કરવાની વિનંતી કરતા. વળી, તે સમયે કોઈ ભક્તોને ત્યાં પધરામણીએ જવાનું થાય તો આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ તેમને સાથે રાખતા.

એકવાર નડિયાદમાં આચાર્ય મહારાજની સંતો સાથે પધરામણીઓ હતી. સ્વામીશ્રી પણ સાથે હતા. એક ઘેર વયોવૃદ્ધ સ્વામી માટે ખુરશી ગોઠવી હતી, પણ બાઈઓ ખૂબ જ નજીકથી દર્શન કરતી હતી. તેથી સ્વામીએ બીજે દિવસે પધરામણીમાં આવવાની ના પાડી દીધી. અને કડક સ્વરે આચાર્યશ્રીને કહેવડાવ્યું કે, "તમારા બાપ સ્વામિનારાયણ ભગવાને સાધુઓને આંખે પાટા બંધાવીને ધૂમટા કઢાવ્યા, ને તમે સ્ત્રીઓની વચ્ચે સાધુને ઊભા રાખો છો ને ખુરશીએ બેસાડો છો ? અમે આજથી પધરામણીએ નહીં આવીએ."

સ્વામીની આકરી અને સૈદ્ધાંતિક ટોકણી એવી વેધક રહેતી કે આચાર્ય મહારાજ પણ એમની મરજી ઉથાપી શકતા નહીં. પછી જ્યારે રઘુવીરજી મહારાજે યોગ્ય બંદોબસ્ત કર્યો, ત્યારે જ સ્વામી પધરામણીએ પધાર્યા. સો વર્ષની ઉંમરે પણ વચનની એવી ખટક આપણે શીખવા જેવી છે. જે આ રીતે વચનમાં રહેતા હોય તેમાં કોઈ ખામી હોય તો સ્વયં ભગવાન જ કોઈ દ્વારા ટળાવે છે, તે હવેના પ્રસંગથી સમજાશે.

**✵ સ્વામીને શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય થયો :**

સં.૧૯૧૬માં મોટીબાની ઈચ્છાથી રઘુવીરજી મહારાજના હસ્તક ગઢપુરમાં ગોપીનાથજીમહારાજની પાસે હરિકૃષ્ણમહારાજની સ્થાપના થઈ. તે સમયે શ્રીહરિએ સ્વામીને દર્શન આપ્યા હતા. અને સ્વામીને જૂનાગઢ જવાનું કહ્યું હતુ.

પછી શ્રીહરિની આજ્ઞા મુજબ તીર્થયાત્રાના નિમિત્તે સ્વામી જૂનાગઢ આવ્યા. તે જ રાત્રીએ મહારાજે ગુણાતીતાનંદસ્વામીને દર્શન દીધાં અને કહ્યું, “આ ભાયાત્માનંદસ્વામી અમને બહુ જ વહાલા છે. તેમણે અમારાં વચને આખી જિંદગી ઘસી નાખી. આ ઉંમરે પણ અમારું નાનું સરખું વચન લોપ્યું નથી. પરંતુ અમારું સ્વરૂપ સમજવામાં તેમને ખામી છે. તેથી અમે તેમને ધામમાં તેડી જતા નથી. આયુષ્ય લંબાવે જઈએ છીએ. મનમાં એમ થાય છે કે, ભાઈસ્વામી અમારા સ્વરૂપને જેમ છે તેમ સમજે તો સારું. માટે તમે તેમને અમારું સ્વરૂપ સમજાવો અને અમારી સર્વોપરી નિષ્ઠા કરાવજો.” ત્યારે સ્વામી કહે, “મહારાજ, ભાઈસ્વામી માનશે ?” એટલે મહારાજ કહે, “હવે તેમને તમારાં વચન મનાશે.” એમ કહી શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા.

પછી તરત જ સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામી ભાઈસ્વામીને મળવા ગયા. બંને મહાપુરુષો ભાવથી ભેટ્યા. પછી બેઠા ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું, “ભાઈસ્વામી ! આપ ખોટું ન લગાડતા. મહારાજનો એક સંદેશો કહેવા આવ્યો છું. મારો એક પ્રશ્ન છે કે આ તમારે ૧૧૭મું વર્ષ ચાલે છે, શરીર સાજું રહેતું નથી; છતાં મહારાજ તમને ધામમાં કેમ તેડી જતા નથી ?”

ત્યારે ભાયાત્માનંદસ્વામી કહે, “સ્વામી ! હું એનું કારણ જાણતો નથી.”

ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ ધીરેથી કહ્યું, “તમે મહારાજને બહુ વહાલા છો. અખંડ મહારાજની આજ્ઞા પાળો છો. વળી મહારાજ પણ તમને બહુ વહાલા છે, પણ મહારાજનું સર્વોપરી સ્વરૂપ જાણવામાં તમારે કાંઈક ફેર છે. માટે મહારાજ એમ જાણે છે જે, **‘ભાયાત્માનંદસ્વામી મને બહુ વહાલા છે ને મારી મૂર્તિ વિના રહી શકે તેમ નથી.** જો મને સર્વોપરી જાણે તો હું તેમને મારું સર્વોપરી સુખ આપું.” પછી ગુણાતીતાનંદસ્વામી મહારાજના સર્વોપરી મહિમાની ખૂબ વાતો કરી. તેથી સ્વામીને પોતાની ખામી ઓળખાણી. આંખમાં સ્નેહનાં આંસુ ઉભરાણાં. શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય થતાં અંતરમાં પૂર્ણતાનો અનુભવ થયો. પછી ગુણાતીતાનંદસ્વામી તથા શ્રીહરિનો ખૂબ આભાર માની પાછા વાગડ આવ્યા.

**❋ સ્વામીનો અક્ષરવાસ :**

ત્યારબાદ ભાઈસ્વામીની બીમારી ઘણી વધી ગઈ હતી. બોટાદના શિવલાલ શેઠને તેની જાણ થતાં તેઓ તેમની સેવામાં આવ્યા. તેમણે સ્વામીની મહિમાથી સેવા કરી. તેથી સ્વામીએ એમને વર માંગવાનું કહ્યું. ત્યારે વર માંગ્યો કે આપ ધામમાં જાઓ તે પછી સાતમે દિવસે મને તેડવા આવજો. સ્વામી કહે, “તું હજુ નાનો છે, માટે એ સિવાય બીજું કંઈક માંગ.” ત્યારે કહ્યું કે, “પ્રસન્ન થયા હો તો એ જ આપો, બીજું મારે નથી માંગવું.” પછી સ્વામીએ તેમને એ વર આપ્યો.

પછી સ્વામીશ્રી પણ મહારાજની મૂર્તિમાં નિમગ્ન બન્યા. પુરુષોત્તમ નારાયણની સર્વોપરી ઓળખાણથી જેમનું હૈયું અહોભાવથી નીતરતું હતું, જેમના અંતરમાં નિષ્ઠાનો રણકાર અને ‘સ્વામિનારાયણ’ મહામંત્રનો ઝણકાર અખંડ ગૂંજ્યા કરતો, એવા ભાયાત્માનંદસ્વામી બીજે દિવસે બોલ્યા, “આ મહારાજ મને અનંત મુક્તો સાથે વિમાન લઈને તેડવા આવ્યા છે.”

**દોહા : એકસો ને સત્તર વર્ષ, રહ્યા ધરા મોજાર;**
**સર્વોપરી સમજી મુનિ, પ્રબુદ્ધ ઊતર્યા પાર.**

**તેડવા આવ્યા સર્વોપરી, લઈ ગયા અક્ષરધામ;**
**અવતાર તણા એ મુક્તને, અક્ષર આપ્યું ઈનામ.**

આવી રીતે સ્વામી વાગડ મુકામે **૧૧૭ વર્ષની ઉંમરે, સં.૧૯૧૬, જેઠ વદ-૬ ને શનિવારે, સવારે ૧૧.૦૦ કલાકે** શ્રીહરિના ધામમાં સિધાવ્યા. આમ, સ્વામી સહુને કહીને સ્વતંત્ર રીતે અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા. મહા જ્ઞાની, ધ્યાની અને પ્રબુદ્ધમુનિનો અવતાર ગણાતા સ્વામીને શ્રીહરિએ પોતે જ ગુણાતીતાનંદસ્વામી જેવા સદ્ગુરુના હૈયામાં પ્રવેશી પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો અને પછી સર્વોપરી એવી પોતાના ધામની સર્વોત્તમ પ્રાપ્તિ આપી. અહો..! મહારાજની કરુણા, અહો..! તેમના મુક્તોની અલૌકિક જીવનગાથા. આપણે પણ સ્વામીના જીવનમાંથી તેમના જેવો વૈરાગ્ય, પ્રભુ પામવાનું તાન, વચનપાલનની દઢતા, દેહનો અનાદર, શ્રીહરિ અને સંતોનો પૂર્ણ વિશ્વાસ અને ઉપાસનાની દઢતા જેવા સદ્ગુણો કેળવી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. એ જ અભ્યર્થના...

**નોંધ :** વચનમૂર્તિ શ્રીભાયાત્માનંદસ્વામીનું વિસ્તૃત જીવન કુંડળધામ દ્વારા પ્રકાશિત થયેલ **શ્રીસ્વામિનારાયણીય સંત આખ્યાન ભાગ-૧**માં વિસ્તારથી આપેલું છે. અહીં તો માત્ર સારાંશ લખ્યો છે. જીજ્ઞાસુઓએ તેમાંથી વાંચી લેવું.


*લી. સાધુ બ્રહ્મપ્રકાશદાસના*
*જય સ્વામિનારાયણ...*

INDEX

# અનુક્રમણિકા

## ॥ ભાયાત્માનંદસ્વામીની વાતો ॥

# અનુક્રમણિકા





શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

॥ શ્રીસહજાનંદસ્વામિને નમો નમઃ ॥



વચનમૂર્તિ, મહાત્યાગી, આત્મદર્શી સદ્‌ગુરુ

# શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો

## ૧. મેઘપુરમાં આત્માનંદસ્વામીને ધ્યાન-ભજનની રીત શીખવી

શ્રીજીમહારાજનાં ચરિત્ર જે બેઠા-ઊઠ્યા હોય ને જે રીતે બોલ્યા હોય, એ આદિક જે ચરિત્ર-લીલા તે મારી બુદ્ધિને અનુસારે, જેમ મેં દીઠી છે ને જેમ મને સાંભરે છે, તે પ્રમાણે લખું છું.

તેમાં પ્રથમ પહેલાં મારે **મેઘપુરમાં** મહારાજનાં દર્શન થયાં. તે સોનીના ફળિયામાં પોતિયાભેર બિરાજ્યા હતા. તે સમામાં છોકરાંને સમાધિ કરાવતા હતા. પછી મને મહારાજે કહ્યું જે, "તમે ધ્યાનમાં બેસો." પછી ધ્યાનમાં બેસીને ધ્યાન કર્યું. ત્યાર પછી સાંજને વખત ના'વા ગયા, તે નાહીને આવ્યા.

ત્યાર પછી મહારાજે ભાઈરામદાસજીને કહ્યું જે, "આત્માનંદસ્વામીને ધ્યાનમાં બેસારો." ત્યારે મને ધ્યાનમાં બેસાર્યો અને ધ્યાન-ભજન કરવાની રીત બતાવી જે, "અંતરમાં દૃષ્ટિ રાખો ને જીભ હલાવ્યા વિના ભજન કરો." પછી ભજન કર્યું, ત્યારે એમણે કહ્યું જે, "ભજન

થાય છે ?" ત્યારે મેં કહ્યું જે, "ભજન કરીએ તો થાય !" ત્યારે એમણે કહ્યું જે, "આ રીતે ભજન-સ્મરણ કરતા રહેજો ને અંતર્દષ્ટિ રાખવી."

પછી મહારાજે આજ્ઞા કરી જે, "સરધાર જાઓ ને નિરંતર નિઃસંશય રહેજો ને આનંદમાં રહેજો." એટલું વચન કહ્યું, અને તે સમામાં બ્રાહ્મણોને છો મહિના ચોરાસી કરીને જમાડ્યા. ॥૦૧॥

## ૨. આજ્ઞા વિના શેરડી ખાનાર સાધુ પર શ્રીહરિનો કુરાજીપો

પછી વળી કેટલેક દિવસે પાછા **મેઘપુર** પધાર્યા. ને પછી સાધુ ના'વા ગયા હતા, ત્યાં શેરડીનો સાંઠો વાડ બહાર પડ્યો હતો, તે એક સાધુએ ચૂસ્યો ને પછી કોશિયાને આપ્યો. પછી તે કોશિયે લઈને સાધુને માર્યો. ત્યારે સાધુએ કહ્યું જે, "તું મહારાજને કહીશ મા." ત્યારે તેણે મહારાજને એમ કહ્યું જે, "તમારા સાધુ રાધાચરણદાસજીએ શેરડી ભાંગી." એવું આવીને કોશિયે કીધું, ત્યારે શ્રીજીમહારાજે એમ કહ્યું જે, "શેરડીમાંથી જે નીપજે તે સાકર, ખાંડ ને ગોળ ખાવું નહીં." એમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી. ॥૦૨॥

## ૩. શ્રીહરિએ લાડકીબાઈને દેહ મૂકવા દીધો નહીં

અને તે વાર પછી બીજીવાર મહારાજને દર્શને આવ્યો, ત્યારે તે સમામાં લાડકીબાઈને સમાધિ કરાવતા હતા. ત્યારે તે બાઈએ કહ્યું જે, "મારે પરણવું નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "જોરે પરણાવશે ત્યારે તું શું બળ કરીશ ?" ત્યારે એણે એમ કહ્યું જે, "દેહનો ત્યાગ કરી દઉં." ત્યારે મહારાજે કહ્યું જે, "શું દેહ મેલવો તે તારા હાથમાં છે ? તે દેહ મૂકીશ ? અને દેહ મુકાવવો તે તો મારા હાથમાં છે." ત્યારે વાદને જોરે કરીને હઠજોગે કરીને નાડી-પ્રાણ તાણવા માંડ્યાં. ત્યારે મહારાજે જાણ્યું જે, દેહ મૂકી દેશે તો દેહમાં નહિ આવે. તે સારુ મહારાજે કંઠે આવતાં ઝાલી રાખી, તે દેહ મૂક્યાના ઉપાય તો ઘણાય કર્યા, પણ દેહ મુકાણો નહીં. તે માટે દેહમાં રહી. ॥૦૩॥

## ૪. મેઘપુરમાં ભાટ લોકોએ પાળા મૂળજીને મરાવ્યા

ત્યાર પછી તો ભાટ લોકોને અવિદ્યા(દ્વેષ;ઈર્ષા) બહુ થઈ. તે પછી મહારાજને જમવા સારુ નોતરું દીધું ને મારવાને સારુ વણથલીથી ભાવરને તેડાવ્યા. તે ભાવર આવ્યા ને મહારાજ તો જમવા પધાર્યા. ત્યાં તો ભાવરે ઝાંપે આવતાં મૂળજીને ગોળી મારી. તે પાળો તો સમાધિનિષ્ઠ હતો, તે નેત્રમાં જીવને રાખી રહ્યો અને ત્યાં તો હોકારો બહુ થયો. પછી તો મહારાજે એમ જાણ્યું જે, 'આ તો દગો થયો !' પછી સાબદા થયા ને કોઠા ઉપર ચડ્યા હતા તેને કહ્યું જે, "હેઠા ઊતરો." ત્યારે તે હેઠા ઊતર્યા.

પછી સાબદા થઈને કમાડ ઉઘાડીને બહાર નીસર્યા ને સૌને કહ્યું જે, "બહાર નીસરો, નહિતો માણસ બહુ થાશે. માટે બહાર નીસરાશે નહીં, માટે સામા થાઓ." પછી સામા થયા, તેમાં મૂળુભાઈ બંધિયાવાળે હાકલ કરીને જામગરિયું ઓલવી નાંખી. પછી સોંસરા નીસર્યા, તે ઝાંપે આવતાં પાળો પડ્યો ભાળ્યો. તે પાળો નેત્રમાં જીવ રાખી રહ્યો હતો. તે મહારાજનાં દર્શન કરીને દેહ મૂકી દીધો. પછી કાઠી પાછા વળ્યા જે, "આ તો બહુ ખોટું થાય છે ને અમારી લાજ જાય છે. માટે અમે તો પાછા વળશું." પછી શ્રીજીમહારાજે એમને જાવા ન દીધા. સમ દઈને પાછા વાળ્યા. ત્યાર પછી મહારાજે એમ કહ્યું જે, "અમારા સાધુ તથા સતસંગી હોય તે એ ગામનું અન્ન-જળ લે નહીં." પછી ત્યાંથી ચાલી નીસર્યા. ॥૦૪॥

## ૫. આજ તો સમાધિ કૃપાસાધ્ય છે

એકવાર અમે ગામ **ફણેણી**માં દર્શન કરવા સારુ ગયા, ને મહારાજનાં દર્શન કરીને બેઠા. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "તમે રાત ક્યાં હતા ?" ત્યારે અમે કહ્યું જે, "ધોરાજીમાં હતા." ત્યારે

શ્રીજીમહારાજે કહ્યું જે, "રઘુનાથદાસજી કાંઈ બોલ્યો ?" ત્યારે અમે કહ્યું જે, "હે મહારાજ ! અમને એમ કહ્યું જે, ઠામ મગાવ્યાં છે." ત્યાર પછી શ્રીજીમહારાજ દક્ષણાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. ત્યાં દર્શન કરીને બેઠા ને મનમાં પૂછવાનું તો ઘણુંયે થાય પણ સંકોચે કરીને બોલાય નહીં. પછી શ્રીજીમહારાજ અંતરનું જાણીને લઘુશંકાને મિસે કરીને વાડામાં ગયા.

પછી મેં રામદાસજીને પૂછ્યું, ત્યાં તો મહારાજ પાછા આવીને ઢોલિયા ઉપર બેઠા ને પોતે કહ્યું જે, "આત્માનંદસ્વામી શું પૂછતા હતા? ને શું કહેતા હતા ?" પછી રામદાસજીએ કહ્યું જે, "કાંઈક સવૈયા જેવું કે'તા હતા." પછી શ્રીજીમહારાજ હસતા થકા બોલ્યા જે, "કયો સવૈયો? કહોને કેનો કરેલો છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "એ તો દળીમાં(દિલ્હીમાં) ચરણદાસ થઈ ગયો તેનો કરેલો છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એને શુકજી મળ્યા છે ?" ત્યારે મેં કહ્યું જે, "એના મતવાળા કે છે જે, શુકજી મળ્યા છે." પછી મહારાજે પૂછ્યું જે, "એ સવૈયામાં શી વાત છે ?" ત્યારે મેં કહ્યું જે, "મૂળને શોધીને અપાન વાયુને પાછો તાણે, પછી પાન ને અપાનને ભેળા કરીને દસમે દ્વાર ચઢી જાય, ત્યાં કાળનો ભય નથી."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ તો હઠજોગની વાત છે અને તમને શું શું શીખવ્યું હતું ?" ત્યારે મેં કહ્યું જે, "નેતી, ધોતી, ગજક્રિયા, શંખપ્રક્ષાલન, નોળી, કુંભક, રેચક આદિક ક્રિયા શીખવી હતી." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ તો પૂર્વે મોટા થયા તેમણે હઠજોગ પ્રવર્તાવ્યો છે, (તેની ક્રિયાઓ છે.) તે ક્રિયા કરતાં કરતાં કોઈકને (સમાધિની) સિદ્ધિ થઈ છે અને આજ તો (સમાધિ) કૃપાસાધ્ય છે, માટે અનંતને સમાધિયું થાય છે. તે આ બ્રહ્માંડમાં પ્રસિદ્ધ થઈ છે.

માટે આજ તો હઠજોગી કોઈ નથી. અને જો હોય તો (અમારી પાસે) આવ્યા વિના રહેત નહિ. શા માટે જે ગોરખનાથ હઠજોગી હતા. તે કબીરની વાણી સાંભળીને કાશીમાં ગયા ને ત્યાં એ બેયના સંવાદનો ગ્રંથ છે." ॥૦૫॥

## ૬. આજ તો ધ્યાન, ધારણા ને સમાધિ શ્રીહરિની આજ્ઞામાં રહી છે

એટલી વાત કહીને પછી હરિજનને ઘેર જમવા પધાર્યા. તે હરિજન પ્રેમી હતા. તે ઘી અઢીશેર હતું. તે પત્તરમાં પીરસ્યું. ત્યારે રામદાસજી બોલ્યા જે, "એવડો બધો કેમ પીરસ્યો ?" ત્યારે મહારાજ કહે, "મર પીરસે." પછી મહારાજ એમ ને એમ પી ગયા. પછી જમીને ઉતારે આવ્યા. પછી ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ કાગળ મોકલવો છે, તે કેના ભેળો મોકલશું ?" એમ બોલ્યા અને મારી સામું જોઈને કહ્યું જે, "તમે સરધાર જાઓ." ત્યારે હું તો પગે લાગીને ચાલ્યો. **ત્યારે મહારાજ બોલ્યા જે, "હે આત્મારામજી ! આજ તો ધ્યાન, ધારણા ને સમાધિ, તે ભગવાનની આજ્ઞામાં રહી છે."** પછી મારે જે સમાધિની ઇચ્છા હતી, તે મહારાજના વચનથી સંકલ્પ ટળી ગયો. ॥૦૬॥

## ૭. કથા પોતાના પર લેવી

વળી એકવાર મહારાજના દર્શને ગયા, તે ગામ **બંધિયામાં** ડોસા વાણિયાના ફળિયામાં રામાનંદસ્વામી છતાંની ઓરડી હતી. તેમાં ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા. ને વેદસ્તુતિનું પાનું લઈને વાંચતા હતા. ને પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જગતમાં જે ભાગવત સાંભળે છે, તે એમ સમજે છે જે, રાજા પરીક્ષિતને શુકજીએ એમ કહ્યું, પણ એમ ન સમજે જે, આપણે રાજા પરીક્ષિત છીએ. ને આપણને શુકજી કહે છે, એમ નથી સમજતા." ॥૦૭॥

## ૮. શ્રીહરિએ જીવનું સ્વરૂપ ને સંસૃતિનું કારણ કહ્યું

પછી મેં પૂછ્યું જે, "જીવનું રૂપ કેવું હશે ?" પછી મહારાજ દીવા સામું જોઈને બોલ્યા જે, "આ દીવો શી વસ્તુ છે ? જે કોડિયું, વાટ, અગ્નિ ને તેલ એ સર્વે મળીને દીવો એવું નામ છે. એ અગ્નિ કેવો છે ? તો સમર્થ છે, સર્વને બાળે તેવો છે. તેમ એ જીવ છે, તે સમર્થ છે, ચૈતન્ય છે; પણ દેહને અભિમાને કરીને અહં-મમતાએ કરીને જન્મ-મરણ ભોગવે છે." ॥૦૮॥

## ૯. આજ્ઞામાં વર્તનાર સુખી થાય છે

પછી રામદાસજી નામે સાધુ હતા, તેમણે શ્રીજીમહારાજને પૂછ્યું જે, "ભગવાનને ભગવાન જાણ્યા ને સાધુને સાધુ જાણ્યા પછી જાણે-અજાણે કોઈ દિવસ સત્સંગથી નોખા પડી ગયા, ત્યારે એની શી ગતિ થાય છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ મુખમાં જીભ રહી છે, તે અજાણે દબાય તો પીડા થાય કે નહીં ?" તો કહે, "પીડા તો થાય." ને જાણીને દબાય તો પીડા થાય કે નહીં ? તો કહે, "થાય." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "જીભને ઠેકાણે જીવ છે ને દાંતને ઠેકાણે વર્તમાન છે; માટે **જે આજ્ઞામાં વર્તે છે, તે સુખિયા થાય છે અને જાણે-અજાણે આજ્ઞા બહાર વર્તે છે, તે દુઃખિયા થાય છે."** ॥૦૯॥

## ૧૦. વાલજી સુતારને સમાધિમાં નાડીનું રૂપ બતાવ્યું

પછી માંગરોળમાં વૈરાગીએ સાધુને બહુ માર્યા. તે ખબર મહારાજની પાસે આવી. ત્યારે મયારામભટ્ટને કહ્યું જે, "તમે જાઓ ને નળિયા, કાટ એ આદિક વેચીને બ્રાહ્મણને જમાડી દ્યો ને સાધુ સર્વે સદાવ્રતની જાયગામાં છે, તે આંઈ આવે." પછી સાધુ સર્વેને એમ કહ્યું જે, "આનંદસ્વામીની આજ્ઞામાં રહો."

પછી આનંદસ્વામીને કહ્યું જે, "કાઠિયાવાડ તથા ભાલ તથા ગુજરાત સોંસરા નીસરો ને આ દિશની તમે વાત કરજો જે, જે સત્સંગી ના'વા

જાય તે હથિયાર બાંધીને જાય ને કીર્તન ગાતા જાય. ને બીજી વાત જે, વાલજી સુતારને સમાધિ કરાવી ને કહ્યું જે, 'નાડી નાડીમાં પ્રવેશ કરો.' પછી નાડી નાડીએ પ્રવેશ કર્યો. પછી તેની બાર આવીને વાત કરી જે, નાડી નાડીમાં કીડા ભર્યા છે ને રોમ રોમમાં કીડા ભર્યા છે. એવી રીતે બારે આવીને વાત કરી. તે વાત સાંભળીને જે જે પાસે હતા, તે સર્વેને ઉલટી થઈ ગઈ. તે અન્નપાણી પેટમાં રહ્યું નહીં. એવી રીતે દેહના અભાવની વાતું કરજો." ॥૧૦॥

## ૧૧. ધ્રાંગધ્રામાં મુક્તમુનિના મંડળને વૈરાગીઓનો ઉપદ્રવ

પછી વાતો કરતાં કરતાં ડાકોર ગયા. તે ડાકોરમાં વૈરાગીએ ટંટો બહુ કર્યો. પછી ત્યાંથી ચાલી નીસર્યા, તે ગામ પાદરે ચોમાસું રહ્યા. પછી બોચાસણ આવ્યા. ત્યાં કાશીદાસને સત્સંગ થયો ને ત્યાંથી ચાલ્યા, તે ખંભાત થઈને કારિયાણી આવ્યા. તે ગામમાં કેટલાક દિવસ રહ્યા ને ચોમાસું ભાવનગર રહ્યા. પછી પાછા કારિયાણી આવ્યા. તે ગામમાં શ્રીજીમહારાજે મહારુદ્રિ કરાવી ને તળાવ ખોદાવતા હવા.

ને ભોજો ચારણ ધ્રાંગધ્રે વાતુ કરવા ગયા હતા. તેને માંહોમાંહી વાદ થયો ને તેનો કાગળ મહારાજ પાસે આવ્યો. પછી મહારાજે મુક્તાનંદસ્વામીનું મંડળ ત્યાં મોકલ્યું. ને તેમને મહારાજે કહ્યું જે, "નિર્માની વર્તમાન રાખજો." પછી ત્યાં જઈને વૈરાગીની જાયગામાં ઊતર્યા. તે વૈરાગીએ જઈને સરકારને કહ્યું જે, "એ તો પાખંડી છે." ત્યારે સરકારે કહ્યું જે, "કાઢી મેલો."

પછી આખોદિવસ ભૂખ્યા રહ્યા ને સવારમાં કાઢી મેલ્યા. પછી વૈરાગી ને કોળીએ ભેળા થઈને ગાઉ એક જાતાં લૂંટ્યા ને માર્યા. પછી બાબાજીના લશ્કરમાં ગયા. પછી ત્યાંથી બાવા ઉપર મોસલ થયા. પછી વિષ્ણુદાસે છત્રીસ હજાર રૂપિયા લાંચ આપી, તે સરકાર ફરી ગયા.

પછી સારાં મનુષ્ય હતાં, તેણે કહ્યું જે, "વૈરાગી તમને મારશે, માટે જોઈને ચાલજો." પછી મારગ મૂકીને ચાલ્યા, તે જોડિયે ગયા. પછી ત્યાંથી રણ ઊતરીને વાંઢિયે ગયા. એવી રીતે ફરીને ગામ વહેલાલ આવ્યા. પછી ત્યાં શ્રીજીમહારાજ ભેળા થયા અને કેટલાકને પરમહંસ કર્યા. ॥૧૧॥

## ૧૨. મુમુક્ષુરૂપી માલ ભરવાનું શ્રીહરિનું મોટું જહાજ - સત્સંગ

પછી શ્રીજીમહારાજ કચ્છમાં પધાર્યા ને કેટલાક દિવસ રહીને પછી ધોરાજી સમૈયો કરવાને કંકોતરી ફેરવી. પછી સર્વે સાધુ તથા સત્સંગી સર્વે ધોરાજી આવ્યા. પછી બીજે દિવસ મહારાજ પધાર્યા, તે સૌ સામે ગયા, તે નદી ભાદરમાં ભેળા થયા. પછી મહારાજ ઘોડેથી હેઠા ઊતર્યા ને સર્વે સાધુને મળ્યા. પછી સર્વે સંતે કહ્યું જે, "ઘોડે બેસો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "પગ અકડાઈ ગયા છે, માટે પગપાળા ચાલશું."

પછી શ્રીપાતદેવાનંદસ્વામી પ્રત્યે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે સ્વામી ! આ સમામાં સત્સંગનું કામ ભારે છે. જેમ કોઈ મોટો શાહુકાર હોય, તે માલ ખરીદવા સારુ મોટું ઝાઝ લઈને જાય. પછી તે મોટું ઝાઝ ઊંડા પાણીમાં રાખીને, પછી હોડીએ બેસીને ઊતરે. પછી કાંઠે આવીને માલ વોરે, તે શા માટે ? જે માલે કરીને માલ લાવે, તે પ્રથમ તો સારો માલ લાવે ને તેથી ન ભરાય તો તેથી ઊતરતો લાવે, ને તેથી ન ભરાય તો તેથી ઊતરતો લાવે, ને તેથી ન ભરાય તો તેથી ઊતરતો લાવે, ને તેથી ન ભરાય તો પછી પાણા પણ ભરે; તેમ **આ સત્સંગરૂપી તો મોટું ઝાઝ આવ્યું છે ને તેમાં ભગવાન તો મોટા શાહુકારને ઠેકાણે છે ને જે મોટા મોટા સંત છે, તે ખેવટને ઠેકાણે છે; તે બીજા મતરૂપી મોટાં શહેર છે, તેમાંથી ઉત્તમ મુમુક્ષુરૂપી માલ લાવે છે, પછી મધ્યમ મુમુક્ષુરૂપી માલ લાવે છે, પછી કનિષ્ઠ મુમુક્ષુરૂપી માલ લાવે છે.**

પછી શ્રીજીમહારાજ એમ બોલ્યા જે, "આ દરિયાથી લઈને ઉજ્જૈન સુધી કોઈ જીવને નરકે જાવા દેવો નથી." ॥૧૨॥

## ૧૩. બામણવાના ભક્તને વૈષ્ણવાનંદ નામે સાધુ કર્યા

એમ વાર્તા કરતાં કરતાં શ્રીજીમહારાજ ગામમાં આવ્યા, ને પછી ગરાસિયાની મેડીએ ઉત્તરાદે મુખારવિંદે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સાધુ-હરિભક્તની સભા થઈ. ને બામણવા ગામના હરિભક્ત તેણે કહ્યું જે, એને(પોતાને) સાધુ થાવું છે. પછી મહારાજે કાતર મગાવીને એની ચોટી કપાવી ને વૈષ્ણવાનંદસ્વામી નામ પાડ્યું. પછી સર્વે સામી કાતર દેખાડીને હસતા હવા. પછી સર્વે સાધુ સામું જોઈને પછી મારી સામું જોયું, ને એમ કહ્યું જે, "એ સાધુને ભણાવજો." ॥૧૩॥

## ૧૪. ધોરાજી સમૈયામાં લાલવડ હેઠે શ્રીહરિનું પૂજન

પછી શ્રીજીમહારાજ રાત રહીને પછી સવારમાં બોલ્યા જે, "ગામમાં માણસ નહિ સમાય, તે સારુ બારે ઉતારા કરીએ." પછી બારે આવીને એક મોટો લાલવડ હતો, ત્યાં આવીને ઉતારા કર્યા. ત્યાર પછી વેલ ઉપર આવીને આથમણે મુખારવિંદે ચાદર ઓઢીને બેઠા હતા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આજ તો એકાદશી છે. તે સર્વ હરિજનને પૂજા કરવાની મોકળ છે, તે પૂજા કરો."

પછી હાર ને ચંદન લઈને પછી શ્રીજીમહારાજની પૂજા કરવા સારુ સર્વે આવ્યા. તેઓ હાર પહેરાવી, ચંદન ચર્ચી ને પૂજા કરીને પછી મોટા સાકરના ગાંગડા લઈને મુખમાં દેતા હતા. તે મહારાજ હસતા જાય ને જમતા જાય. એવી રીતે પૂજા કરતાં કરતાં થોડોક દિવસ રહ્યો, ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે તો થાકી ગયા." પછી રામદાસભાઈને કહ્યું જે, "વિસામો દેવાડો."

પછી ભાઈ વેલ ઉપર બેઠા ને મહારાજ સાધુમાં આવીને બેઠા. તે પછી બે ભાઈએ પૂજા કરી, ત્યાં તો ભાઈરામદાસજી થાક્યા. પછી તો

એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ તમારું કામ તો તમથી થાય, ને બીજાથી ન થાય." એમ કહીને હેઠા બેઠા. પછી મહારાજ હસતા થકા પાછા વેલ ઉપર આથમણે મુખારવિંદે બેઠા. પછી પૂજા કરતા જે બાકી રહ્યા હતા, તેમણે પૂજા કરી. ને પછી પડદો કરીને મહારાજને સાધુએ ઉને જળે કરીને નવરાવ્યા. પછી સાધુએ રસોઈ કરી, તે જમવા બેઠા.

તે જ્યારે જમી રહ્યા તે પછી બુટ્ટાદાર કિનખાબનો સુરવાળ પહેર્યો હતો ને બુટ્ટાદાર કિનખાબનો જામો પહેર્યો હતો અને કેડે કસુંબલ રેટો જરિયાની છેડાનો બાંધ્યો હતો. અને એક જરિયાની છેડાનો રેટો ખભે નાંખ્યો હતો. અને મસ્તક ઉપર જરિયાની પાઘ બાંધી હતી. અને બે હાથમાં સોનાનાં કડાં પહેર્યાં હતાં. અને કોટને વિશે ઉત્તરી પહેરી હતી ને વેઢ-વીંટીયું પહેરી હતી. ને હસતાં હસતાં વેલ ઉપર આવીને બેઠા.

અને શ્રીજીમહારાજ બોલ્યા જે, "વડ હેઠે તો અંધારું છે. માટે બીજે ઉતારા કરીએ." પછી મહારાજ બોલ્યા જે, "લ્યો, અમે જોઈ આવીએ." ત્યારે સાધુ બોલ્યા જે, "તમે બેસો, અમે ગાડી(વેલ) તાણીએ." પછી ગાડી તાણીને એક ખેતરમાં લઈ ગયા. ને ઉત્તરાદે મુખારવિંદે બેઠા ને પછી મહારાજ બોલ્યા જે, "ઢેફાં તો છે, પણ સૌ સૌનાં આસન સમાં કરશે." પછી સંતે સૌએ આવીને ઉતારા કર્યા. તે એક કોરે સાધુ ઊતર્યા ને એક કોરે સત્સંગી ઊતર્યા ને એક કોરે બાઈઓ આઘી ઊતરી.

પછી સાંજની વખતે નિષ્કુળાનંદસ્વામીએ આરતી કરી, તે થાળીમાં ત્રણ માળની કરી. પછી મુક્તાનંદસ્વામીને ઉતારવા આપી, તે સ્વામી ઉતારતા હતા ને ઉતારતા થકા સામટી સળગી. તે પછી મહારાજના ડાબા હાથમાં રૂમાલ હતો, તે મુખારવિંદ આડો રાખીને જમણો હાથ હલાવતા ને હસતા થકા બોલ્યા જે, "રહેવા દ્યો, રહેવા દ્યો !" પછી સ્વામીએ આરતી મૂકી દીધી ને સાધુ સર્વે ધૂન બોલ્યા.

પછી મહારાજ બોલ્યા જે, "સૌ બેસી રહેજો, અમે માણસ ચોકીએ બેસાડીએ." પછી મહારાજ સંઘ ફરતી ચોકી બેસાડીને આવ્યા ને પછી વેલ ઉપર બેઠા. ને તાળી દઈને બોલ્યા જે, "સૌ સૌના ગામના ઓળખીતા ભેળા પથારી કરજો ને જેને ન ઓળખતા હોઈએ તેને ના પાડવી." એમ પથારિયું કરતાં કરતાં એક કાઠી અજાણ્યો નીસર્યો, તેને કોઈ ઓળખે નહીં. પછી મહારાજે શેખજીને કહ્યું જે, "એ તો ચોર છે, તે સરકારમાં લઈ જાઓ." પછી સાન કરી જે, કાઢી મેલો. પછી મહારાજ બોલ્યા જે, "ઓળખીતો આવે તેને આવવા દેજો ને અણ-ઓળખીતો આવે તો તેને ન આવવા દેશો." પછી રાતે સૂઈ રહ્યા ને પછી દ્વાદશીને દિવસ બ્રાહ્મણની ચોરાસી કરી ને સાધુને જમાડ્યા ને તેરસને દિવસે જમીને **જૂનાગઢ** ગયા. ॥૧૪॥

## ૧૫. જૂનાગઢમાં નાગરો દ્વારા શ્રીહરિનો વિરોધ

પછી નવાબને ખબર(જાણ) કરી જે, સ્વામિનારાયણ આવે છે, ને નાગરે નવાબને ભરાવ્યું જે, "કાઠી કોળી ભેળા છે, તે ગઢ લેશે." પછી નવાબે કહ્યું જે, **"ફકીરે દિયા હૈ ને ફકીર લેગા તો ક્યા ચિંતા હૈ, આવવા દ્યો."** પછી શ્રીજીમહારાજ શહેર સોંસરા પધાર્યા ને હમણા આ મંદિર છે, તે ઠેકાણે ઉતારા કર્યા હતા. પછી જાંબુડાના ઝાડ હેઠે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા, ને એનાં એ વસ્ત્ર પહેર્યાં હતાં ને સંત-હરિભક્તની સભા ભરાઈને બેઠી. ને હરિભક્ત સર્વેએ મહારાજની ચંદન તથા પુષ્પે કરીને પૂજા કરી.

ત્યાર પછી નાગરોને નોતરું દીધું, ત્યારે નાગરોએ બંધી કરી જે, 'જે સ્વામિનારાયણનું સીધું લે તે નાત બહાર છે.' પછી મહારાજે હરિભક્તને કહ્યું જે, "ગામમાં કોઈ સીધું લેવા જાશો મા, સૌ આંઈથી સીધું લેજો ને સૌ સૌને ખપે તે ચોકે રસોઈ કરીને જમો." ને પછી

દામોદરકુંડે નાહવા ગયા. ને નાહીને પછી શિવને મંદિર ગયા, ને શિવને આગળ કેટલીક કોરી મેલી ને એક ભારે છત્ર હતું, તે આપ્યું ને પછી ઉતારે આવ્યા.

અને વળી એક દિવસ મહારાજ હરિભક્તની પંગતમાં એનાં એ વસ્ત્ર પહેરીને પીરસતા હતા. એવી રીતે સાત દિવસ સર્વે સંઘને જમાડ્યો ને સાતમે દિવસે શહેર બાર ઉતારા કર્યા. ત્યાં મહારાજ વેલ ઉપર આથમણે મુખારવિંદે ઊભા હતા, ને શહેરનાં મનુષ્ય તથા હરિભક્ત સર્વેએ મળીને ચંદન, પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરી. ને પછી ત્યાં રાત રહ્યા. ॥૧૫॥

## ૧૬. ગોરવિયાળીમાં હરિભક્તોએ સંઘને શેરડી જમાડી

ને સવારમાં ચાલ્યા તે મારગમાં નદી આવી. ત્યાં નાહ્યા ને ટીમણ કર્યા. પછી **કોટડે** ગયા. ત્યાં ગામથી ઉગમણા ઊતારા કર્યા ને એક વાણિયે રસોઈ કરાવી, ત્યાં જમવા ગયા. ને ત્યાં પંગતમાં મહારાજે લાડવા ફેરવ્યા ને જમીને ઉતારે આવ્યા. ને ત્યાં રાત રહ્યા, ને બીજે દિવસ **ગોરવિયાળી** આવ્યા. પછી મહારાજની સારુ હરિભક્ત ઢોલિયો લાવ્યા. તે ગામથી ઉત્તરાદિ કોરે ઉતારા કર્યા.

પછી ત્યાં મહારાજ ઉગમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બેઠા દાતણ કરતા હતા, ત્યાં હરિભક્ત શેરડીનાં બે ગાડાં લાવ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "આ શેરડી વહેંચો." પછી કોઈ વહેંચવા ન ઊઠ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "લ્યો અમે વહેંચીએ." ત્યારે સૌ રાજી થયા ને કહ્યું જે, "વહેંચો મહારાજ !" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લાંબો-ટૂંકો, જાડો-પાતળો જોવો નહીં, જેને જેવો આવે તે તેવો એક એક સૌ તાણી લ્યો, પણ સારો-નરસો ન કરવો." પછી સૌએ એક એક તાણી લીધો. ॥૧૬॥

## ૧૭. સંતોના નિઃસ્વાદી વર્તમાનની ખબર રાખતા શ્રીહરિ

પછી મધ્યાહ્ન સમયે રસોઈ થઈ, તે મહારાજ ને સંત જમવા પધાર્યા. ને મહારાજે સાધુની પંગતમાં ચાર-પાંચ વાર શીરો પીરસ્યો. પછી સર્વે બોલ્યા જે, "હે મહારાજ ! પૂરણ થયા." ત્યારે પોતે હાથમાં શીરો લઈને જમવા બેઠા, ને હરિભક્તને કહ્યું જે, "તમે ખીચડું ફેરવો." ત્યારે તેમણે ખીચડું ફેરવ્યું. ત્યારે સાધુએ ખીચડું લેવા માંડ્યું. પછી મહારાજ બોલ્યા જે, "બધાય કહેતા'તા જે પૂરણ મહારાજ, ને ખીચડાના લોચા લઈને બેઠા છો, તે બધાય નિઃસ્વાદી વર્તમાન ચૂક્યા." એની એ વાત કરતાં કરતાં ઉતારે ગયા.

પછી મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખે બેઠા. પછી કૈવલ્યાનંદસ્વામી બોલ્યા જે, "કહો તો આકડો ખાઈને રહીએ, ને કહો તો લીમડો ખાઈને રહીએ, કહો તો રાખ ઘોળીને પીને રહીએ, પણ શીરો તો નહિ ભાવે." પછી મહારાજે કહ્યું જે, "જુઓને, કહે છે જે, આકડો-લીમડો ખાઈને રહેશું, પણ શીરો તો ભાવે નહીં." પછી શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "નિત્યે આપણે શીરો કરવો." પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ઠીક મહારાજ ! શીરો કરાવો, શું કરીએ ? જે, તમારો ખપ હશે તો શીરો ખાઈને રહેશું !" પછી મહારાજ હસ્યા.

ને બીજે દાડે ગામ **નડાળે** ગયા. ને પછી તડકો હતો, તે ગામમાં સૌ ઊતર્યા ને મહારાજ કાઠીને ઘેર ઊતર્યા. પછી સર્વે સાધુ ભેળા થઈને કહે જે, "ચાલો ફરીને મહારાજને પૂછીએ જે, નિઃસ્વાદી વર્તમાન ચૂક્યા એમ તમે કહ્યું, ત્યારે તેનું પ્રાયશ્ચિત જે તમે કહો તે કરીએ, એમ જઈને પૂછીએ." ત્યારે સર્વે સાધુ બોલ્યા જે, "અમે તો ન પૂછીએ, તમે પૂછો તો ચાલો જઈએ." ત્યારે મેં કહ્યું જે, "હું પૂછીશ." ત્યારે મહારાજને આત્માનંદસ્વામીએ હાથ જોડીને પૂછ્યું જે, "કાલ્ય તમે કહ્યું જે, નિઃસ્વાદી વર્તમાન તમે સર્વે ચૂક્યા, એમ તમે કહ્યું ત્યારે

તેનું જે પ્રાયશ્ચિત હોય તે કહો, તે કરીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે કહ્યું ત્યારે જ ચૂક્યા કે ? નહીં તો નથી ચૂક્યા, ખરું ? માટે જાઓ, સૌ સૌના અંતરમાં વિચારો જે, ચૂક્યા કે નથી ચૂક્યા ?" પછી ઉતારે ગયા. પછી આત્માનંદસ્વામી તો એમ બોલ્યા જે, "અમે તો નથી ચૂક્યા, કેમ જે, શીરો જમ્યા ને પછી ખીચડું નથી લીધું; માટે નથી ચૂક્યા." ॥૧૭॥

## ૧૮. શ્રીહરિને અંતર્યામી જાણનારનો ધર્મ રહેશે

પછી સાંજને સમયે ગામ બહાર ઉતારા કર્યા. પછી સર્વે સંઘ ફરતી ચોકી બેસાડી ને સંઘથી આથમણા શ્રીજીમહારાજ આવીને બેઠા. ત્યાં વસ્ત્ર પાથર્યું, તે ઉપર આડે પડખે થયા. પછી મહારાજ બોલ્યા જે, "આત્માનંદસ્વામી !, કેનો ધર્મ રહેશે ? તો **જે ભગવાનને અંતર્જામી જાણશે જે, આપણા ઘાટ-સંકલ્પને જાણે છે ને આપણે ક્રિયા કરીએ છીએ તે સર્વે દેખે છે; એમ જે ભગવાનને સમજશે તેનો ધર્મ રહેશે."** એ દિશની ઘણીક વાત કરીને પછી વેલ ઉપર જઈને પોઢ્યા. ॥૧૮॥

## ૧૯. કારિયાણીમાં ભણેલા સંતોની એક મંડળી બાંધી

પછી વળી બીજે દિવસ તો ગામ **કારિયાણી** આવ્યા ને ઉતારા કર્યા. પછી શ્રીજીમહારાજ જમ્યા ને પછી સાધુને જમાડ્યા. ને સાંજને સમયે નદીએ સર્વે સંઘે સહિત ઊતર્યા. ને મહારાજ વેલમાં આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "લ્યો મંડળી બાંધિયે, તેમાં જે ભણેલા ન હોય તે બીજાને વળગાડીએ." એમ કહીને બોલ્યા જે, "જે સંસ્કૃત, ગીતા, ભાગવત ભણ્યા હોય તે સર્વે જુદા બેસો." પછી મશાલ ઊંચી રખાવીને મુક્તાનંદસ્વામી આદિક ભણેલા સાધુ, તેમને એક કોરે બેસાડ્યા.

પછી આત્માનંદસ્વામી સામું જોઈને મહારાજે આનંદસ્વામીને પૂછ્યું જે, “એ સંસ્કૃત ભણ્યા છે કે નથી ભણ્યા ?” ત્યારે મેં કહ્યું જે, “હું તો સંસ્કૃત નથી ભણ્યો.” ને આનંદસ્વામી પણ બોલ્યા જે, “એ તો નથી ભણ્યા.” પછી મશાલ ઊંચી કરાવીને સર્વે સામું જોયું. પછી વળી ફરીને આત્માનંદસ્વામી સામું જોઈને પછી આનંદસ્વામીને કહ્યું જે, “આમનું કેમ ?” ત્યારે ફરીને મેં કહ્યું જે, “હે મહારાજ ! હું તો નથી ભણ્યો.” પછી આનંદસ્વામીએ એમ કહ્યું જે, “સંસ્કૃત તો નથી ભણ્યા.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “તે તો સર્વે ભણ્યા છે; માટે આવો ભણેલા ભેળા બેસો.” પછી રાત રહીને બીજે દિવસે ગઢડે પધાર્યા. ॥૧૯॥

## ૨૦. ડાંગરવાના હરિભક્ત બાઈની આત્મનિષ્ઠા

અને ગામથી ઉત્તરાદિ દિશે જીવા ખાચરની વાડીએ ઉતારા કર્યા. પછી ત્યાં ઢોલિયો ઢળાવીને ઉગમણે મુખારવિંદે શ્રીજીમહારાજ વિરાજમાન હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ને બાઈ ભાઈ સર્વેની સભા ભરાઈને બેઠી હતી. પછી ડાંગરવાની એક હરિભક્ત બાઈ હતી, તેને મહારાજે કહ્યું જે, “તું કોણ છો ?” ત્યારે તે બાઈ કહે જે, “હું તો આત્મા છું.” ત્યારે મહારાજે કહ્યું જે, “તું દેહ નહીં ?” ત્યારે તે બાઈ કહે જે, “દેહ નહીં.” ત્યારે મહારાજે કહ્યું જે, “દેહને કોઈ કાપે, બાળે તો કેમ થાય ?” ત્યારે તેણે કહ્યું જે, “મરને બાળે.”

પછી મહારાજે તે બાઈનો હાથ ઝાલીને તેના હાથ ઉપર દેવતા મૂક્યો. પછી તે બાઈ મહારાજ સામું જોઈ રહી. પછી મહારાજ કહે જે, “કેમ છે ?” ત્યારે તે કહે જે, “મરને બળે. મારે ને દેહને ક્યાં સયારો છે ?” પછી દેવતા ઉતારી નાંખ્યો. ને પછી મહારાજ બહુ રાજી થયા ને પછી શ્રીજીમહારાજ જમ્યા ને સાધુને આજ્ઞા કરી જે, “બોટાદ જાઓ

ને ઝોળી માગજો. ને માણસ શું કહે છે, તેની પણ ખબર રાખજો, ને પરમ દાડે રોજીદ આવજો." ॥૨૦॥

## ૨૧. સમાધિ કરતાં સમજણ શ્રેષ્ઠ છે

અને સવારમાં મહારાજ ને સાધુ જમીને ચાલ્યા, તે સાંજે **કુંડળ** આવીને રાત રહ્યા. ને સવારમાં શ્રીજીમહારાજ ચાલ્યા, તે **રોજીદની** ભાગોળે ઊતર્યા. ને પછી રસોઈ થાવા માંડી ને મહારાજ ગાડા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

ત્યાં બોટાદથી સાધુ કૈવલ્યાનંદસ્વામી ને સદાનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજે તે સાધુને કહ્યું જે, "બોટાદમાં કોઈ માણસ બોલ્યા ?" પછી સદાનંદસ્વામી બોલ્યા જે, "કહા બોલે ? ઓ મહાપુરુષે તો કૌપીન ને પછેડી કાઢીને ગોટો વાળીને બગલમાં રાખીને ઝોળી માગી." પછી મહારાજ બોલ્યા જે, "અહો !! અમારે તો એટલું જ જોઈએ છે. શા માટે જે, જેને સ્ત્રી-પુરુષનું ભાન નહીં ! એટલું જ જોઈએ છે."

પછી સમાધિવાળા ચાર-પાંચ પરમહંસને બોલાવ્યા. પછી મહારાજ કહે જે, "આ ફરવા જાય તો તે શો સમાસ કરે ? અને જો વગડામાં બેઠા હોય તો ત્યાં શિયાળિયા ખાઈ જાય, કાંતો કૂવામાં પડી જાય ને કાંતો નદીમાં તણાઈ જાય; ત્યારે લોકમાં આપણી અપકીર્તિ થાય. અને આવી સમાધિ કરાવવી તે તો અમારે કઠણ નથી પડતી, પણ સમજણ રૂપી સમાધિ કરાવવી એ કઠણ પડે છે; શા માટે જે સમજુ હોય તે પોતે સુખી રહે ને તેની સંગે અનંત જીવનું કલ્યાણ થાય." પછી એ દિશની ઘણીક વાર્તા કરી.

પછી બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "એક શાલિગ્રામ તમે રાખો." એમ કહીને પછી અરૂપાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામીને સોંપ્યા ને મુકુંદાનંદસ્વામી તે મુક્તાનંદસ્વામીને સોંપ્યા. ને પછી રસોઈ થઈ એટલે મહારાજ ને સાધુ જમવા પધાર્યા. ॥૨૧॥

## ૨૨. ભીમનાથના ગુમાનગર બાવાજીનો શ્રીહરિ પ્રત્યે ભાવ

પછી જમીને ભીમનાથ જઈને મઠથી ઉગમણા ઉતારા કર્યા, તે શ્રીજીમહારાજ ગાદલા ઉપર વિરાજમાન થયા ને પછી બાવો ગુમાનગર શેરડીના ભારા બે લેવરાવીને માણસ દસ-વીસ ભેળા લઈને મહારાજ પાસે આવ્યો. પછી મહારાજ ઊભા થઈને તેમને મળ્યા. ને પછી ગુમાનગરે કહ્યું જે, "હે મહારાજ ! આંહી કેમ ઊતર્યા ? આ તમારો મઠ છે, ત્યાં ઊતરીએ નહીં ?" પછી ઘણીક તાણ કરી. પછી મહારાજે કહ્યું જે, "હરિભક્તને સારું ન લાગે, તે માટે વળતા આવશું."

પછી રાત રહીને સવારમાં ચાલ્યા, તે **ખરડે** દિવસ ઊગ્યો. ને તળાવથી ઉગમણા વેલેથી ઊતર્યા ને પછી દાતણ કરવા બેઠા. ને કાઠિયુંને સાન કરી એટલે કાઠી પાછા વળ્યા. ને ઘોડીને મહારાજે રખાવી. ને પછી ઘોડીએ મહારાજ ચડ્યા. ને સંઘથી જમણે હાથે ફરીને 'હર હર... મહાદેવ...' એમ કહીને કાઠિયું ભેળા થઈને **ભીમનાથ** આવ્યા. ને ત્યાંથી મહારાજ **ગઢડે** પધાર્યા. ને ગઢડે કેટલાક દિવસ રહીને પછી મહારાજ **કચ્છ** પધાર્યા, ને ત્યાં કેટલાક દિન રહ્યા. ॥૨૨॥

## ૨૩. સંતોને દેશ વહેંચી આપ્યા

પછી સિદ્ધપુર સમૈયો કરવો તેની કંકોતરી લખી જે, ગામ **ઊંઝે** આવજો. પછી સર્વે સાધુ ને સર્વે સત્સંગી **ઊંઝે** આવ્યા ને મહારાજ સર્વે સાધુને મળ્યા. ને ગામ બહાર વડ હેઠે ગાદલુ નાંખ્યું, તે ઉપર વિરાજમાન થયા. ને પછી મહારાજે કહ્યું જે, "વર્ષોવર્ષ મંડળી બાંધવી પડે છે, માટે બે બે જણા ભેળા થઈ થઈને આવો, તે દેશ વહેંચી દઈએ. પછી સૌ સૌનું સંભાળે, પછી કહેવું ન પડે."

એમ કહ્યું એટલે ગોવિંદસ્વામી તથા વિશ્વચૈતન્યાનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમને સોરઠ દેશ આપ્યો." પછી આત્માનંદસ્વામી તથા આધારાનંદસ્વામી આવ્યા, ત્યારે મહારાજે

કહ્યું જે, “તમોને શીરોઈથી લઈને વાગડ દેશ આપ્યો.” એમ કહીને મહારાજ હસ્યા ને એમ બોલ્યા જે, “આત્માનંદસ્વામીને તો બહુ દેશ આવ્યો.” પછી આત્માનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, “દેશ તો બહુ આવ્યો, પણ રોટલો તો માગ્યો નહિ મળે.” પછી મહારાજ હસ્યા એટલે સર્વે હસ્યા. પછી રસોઈ થઈ એટલે મહારાજ જમ્યા ને સાધુને જમાડ્યા. ॥૨૩॥

## ૨૪. ભરવાડની ગાયોએ શ્રીહરિને બે પ્રદક્ષિણા કરી

ને પછી સિદ્ધપુરને માર્ગે ઘોડીએ ચડીને ચાલ્યા. તે મારગને વિશે આગળ સાધુ ઝાંઝ-પખાજ લઈને ગાતા જાય, ને વાંસે સર્વે હરિભક્ત ને વાંસે છેટે બાઈયું ને વચમાં મહારાજ ગુલાલ ઉડાડતા જાય, ને ગુલાલે કરીને આકાશ છાઈ રહ્યો. એટલામાં એક ગાયુનો સમૂહ આવ્યો, ત્યારે શ્રીજીમહારાજે સર્વેને ઊભા રાખ્યા ને કહ્યું જે, “બોલશો મા, હાલશો મા.” પછી ગાયું આવીને પ્રદક્ષિણા બે કરીને આવી’તી તે મારગે પાછી વળી. ત્યારે ભરવાડ બોલ્યો જે, “ભાઈઓ, મારી ગાયું વાંભ ઓળંગે નહીં, પણ આ સંઘમાં કોઈક મોટા છે.” પછી મહારાજ હસીને બોલ્યા જે, “બહુ ડાહ્યો દિસે છે !” ॥૨૪॥

## ૨૫. બ્રાહ્મણને છોકરાની જનોઈ માટે રૂપિયા આપ્યા

પછી સિદ્ધપુર મહારાજ પધાર્યા ને કપિલમુનિનું આશ્રમ છે, ત્યાં કુંડ છે, ત્યાં નાહ્યા ને પછી પાછા વળ્યા. ત્યાં બ્રાહ્મણ આવીને મહારાજના ઘોડાની સરક ઝાલીને બોલ્યો જે, “હે મહારાજ ! મારે છોકરાને જનોઈ દેવી છે, તે ઘરમાં કાંઈ નથી.” ને કરગર્યો, એટલે મહારાજ ઘોડેથી ઊતરીને કહે જે, “તું ઘોડો લઈ જા.” એમ કહીને મેથાણના પૂજાજી પાસે ઘોડો રૂપિયા આપીને પાછો લેવરાવ્યો.

પછી સરસ્વતીના આ કાંઠે આંબા હેઠે આવીને ઉતારા કર્યા. ત્યાં બ્રાહ્મણ આવ્યા ને પછી બ્રાહ્મણ એમ બોલ્યા જે, “હે મહારાજ !

તમારા સત્સંગી બ્રાહ્મણને કાંઈ આપતા નથી." પછી મહારાજ બોલ્યા જે, "તમે એકુકાને સો સો બાજો છો માટે કુને કુને આપે ? માટે સર્વે એક થઈને આવો, અમે દેવરાવીએ." ॥૨૫॥

## ૨૬. સિદ્ધપુરમાં બ્રાહ્મણોને વાસણ અપાવ્યાં

પછી બ્રાહ્મણ વિચારીને આવ્યા ને એમ બોલ્યા જે, "હે મહારાજ ! દક્ષિણા તો સૌ આપે છે, પણ હે મહારાજ ! અમારી નાત સારુ બે વાસણ મોટાં આપો તો એક ફેરે શીરો ને દાળ થાય, એવા મોટાં બે ઠામ આપો." પછી મહારાજે વિસનગરના હરિભક્ત ઉપર કાગળ લખી આપ્યો. ને વાસણ અપાવ્યાં. પછી રસોઈ થઈ એટલે મહારાજ જમવા પધાર્યા ને સાધુને જમાડ્યા.

પછી સંધ્યા થઈ એટલે આરતી-ધૂન કરીને ચોકી બેસારી. ને પછી કીર્તન ગવરાવ્યાં ને ફરીથી ધૂન કરવા માંડી જે 'રામસીતા રાધેકૃષ્ણ હરે વીઠોબા રુકમાઈ...' એ ધૂન ઘણીક કરી. તે માણસ સર્વે થાકી ગયાં, પણ મહારાજ તો આળસ્યા નહીં. પછી ભાઈરામદાસજી આવીને પગે પડ્યા એટલે મહારાજ કહે જે, "રંગમાં ભંગ પાડ્યો !" પછી ભાઈરામદાસજી કહે જે, "આ માણસ સર્વે થાકી ગયા છે ને તમારે તો કાંઈ નહીં !" ॥૨૬॥

## ૨૭. કપૂરના દૃષ્ટાંતે ભગવાનની અવતાર ધરવાની રીત

પછી સવારમાં વહેલી રસોઈ કરાવીને જમીને ચાલ્યા, તે સાંજે મારગમાં ગામ આવ્યું. તે ગામની ભાગોળે મહાદેવની દેરી હતી. ત્યાં પાટ હતી, તે ઉપર મહારાજ વિરાજ્યા. ને સૌએ પથારિયું કરી. ને મહારાજ બેઠા હતા, ત્યાં અમદાવાદના હિરાચંદ ચોક્સી તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "કાંઈક પ્રશ્ન કરો તો રાત જાય, પણ અત્યારથી સૂતાં રાત કેમ જાશે ?"

પછી એ કાંઈ ન બોલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "લ્યો, અમે પૂછીએ. વાંસમાં કપૂર ક્યાંથી આવે છે ? ત્યારે તમે કેશો જે, પૃથ્વીમાંથી આવે છે. ત્યારે વાંસ બધાય પૃથ્વી ઉપર છે ને એકમાં જ કેમ આવ્યું ? ત્યારે તમે કેશો જે, જળમાંથી આવ્યું. ત્યારે બધાય જળ પીયે છે. ત્યારે એકમાં કેમ આવ્યું ? ત્યારે તમે કેશો જે, વાયુમાંથી આવ્યું. ત્યારે વાયુ તો બધાયમાં સોંસરો વાય છે, પણ એકમાં કેમ આવ્યું ? ત્યારે તમે કે'શો જે, આકાશમાંથી આવ્યો. ત્યારે બધાય વાંસડા આકાશમાં છે, ત્યારે એકમાં કેમ આવ્યું ?"

પછી એમ વાર્તા કરીને બોલ્યા જે, "કપૂર હાથમાં રાખીએ છીએ, (ત્યારે તરત ઊડી જાય છે,) તે દેખતાં દેખતાં ક્યાં ગયો ? માટે કઈ રીતે આવ્યો ને કઈ રીતે ગયો, તેનો એકે નિર્ધાર ન થયો. તેમ ભગવાન પૃથ્વીને વિશે અવતાર ધારે છે, તેનો કોઈ નિર્ધાર કરે જે, આવી રીતે દેહ ધારે છે કે આવી રીતે દેહ મૂકે છે, એમ તેનો નિર્ણય કરવા કોઈ સમર્થ નથી." એટલી વાર્તા કરીને પછી પોઢ્યા. ॥૨૭॥

## ૨૮. શ્રીહરિનાં માનુષીચરિત્રથી જીવના અહં-મમત્વ ટળે છે

પછી સવારમાં ઊઠ્યા ને ચાલ્યા. પછી મારગમાં વાર્તા કરી જે, "જેમ કોઈને કાંટો વાગ્યો હોય તે તો નરેણીએ કરીને નીકળે, પણ કાંઈ બરછી તથા તરવારે કરીને ન નીકળે. એ તો કાંટા જેવું ઝીણું રાછ(સાધન; ઓજાર) હોય તેણે કરીને નીકળે." પછી મહારાજ બોલ્યા જે, "*कण्टकं कण्टकेनैव,*[૧] માટે કાંટો કાંટે નીકળે; તેમ આ જીવને અહં-મમત્વરૂપી કાંટો વાગ્યો છે, માટે ભગવાન પણ દેહ ધરીને મનુષ્યને અનુસરતાં ચરિત્ર કરે છે. તે આ જીવનો અહં-મમત્વ મુકાવવા સારુ કરે છે." એ દિશની ઘણી વાર્તા કરી. ॥૨૮॥

૧.ભગવાને મનુષ્યદેહ ધાર્યો ત્યારે તે દેહરૂપી કાંટા વડે જ જીવોના ચૈતન્યમાં ખૂંચી ગયેલ અહં-મમત્વરૂપ કાંટો કાઢ્યો. (ભાગ.૧/૧૫/૩૪)

## ૨૯. વિચરણ કરતા શ્રીહરિ ને સંતો જેતલપુરમાં ભેગા થયા

પછી **વિશલનગર** આવ્યા. તે ત્યાં હવેલીને ઉપર દક્ષિણાદે મોઢે બારી છે, ત્યાં બેઠા ને સાધુને કહ્યું જે, “અમારી વાટ જોશો મા, ને આપણે સર્વે જેતલપુરમાં ભેગા થાશું.” પછી જમીને સાધુ ચાલી નીસર્યા. અને મહારાજ તો જમીને ચાલ્યા તે વિજાપુર, પ્રાંતિજ થઈને સાધુની મોર જેતલપુર પધાર્યા. ને ત્યાંથી વહેલાલ પધાર્યા. તે સાધુએ અમદાવાદમાં એમ સાંભળ્યું જે, મહારાજ તો વહેલાલ પધાર્યા છે. એવું જાણીને વિચાર્યું જે, ‘આપણે વહેલાલ જાશું ને મહારાજ જેતલપુર જાશે’ એમ જાણીને સાધુ પાધરા જેતલપુર આવ્યા. તે ગામથી ઓતરાદિ કોરે વડ છે, ત્યાં આવીને સાધુ સૂઈ રહ્યા. ॥૨૯॥

## ૩૦. શ્રીહરિએ જીવનમુક્ત અને વિદેહમુક્તની વાત કરી

પછી સવારમાં ના’વાની વખતે મહારાજ પધાર્યા ને પછી સાધુ સૌને મહારાજ મળ્યા. ને પછી ઈહાં ડોળ(પાલખી; હિંચકો) બાંધ્યો. ને પછી તે ડોળમાંહી ઠાકોરજીને પધરાવ્યા. ને સાધુએ ડોળ ઉપાડ્યો ને પછી સાધુ ઝાંઝ, પખાજ લઈને ગાજતે વાજતે ચાલ્યા ને વચમાં મહારાજ ગુલાલ ઉડાડતા જાય છે. તે રીતે મહારાજ મંદિરમાં પધાર્યા. ને ત્યાં શ્રીજીમહારાજ પાટ ઉપર બિરાજ્યા ને વચમાં વળી(સાગનો પાતળો સોટો) બંધાવી. તે એક કોરે ભાઈ બેઠા ને એક કોરે બાઈયું બેઠી.

તે પછી એક બાઈ બાઈયુંની સોંસરી આવીને મહારાજને પગે લાગી. ત્યારે મહારાજે કહ્યું જે, “સત્સંગી છો ?” ત્યારે તે કહે, “ના મહારાજ, સત્સંગી તો નથી.” ત્યારે મહારાજે કહ્યું જે, “સત્સંગ કરવો છે ?” ત્યારે તે કહે જે, “હા મહારાજ, સત્સંગ કરવો છે.” ત્યારે મહારાજ કહે, “વાતુ સાંભળવી છે ?” ત્યારે તે કહે, “હા મહારાજ.” (ત્યારે મહારાજ કહે,) “અમે કહેશું તેમ કરશો ?” ત્યારે (તે કહે,)

"તમે કહેશો તેમ કરશું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અમે તો કહીએ છીએ જે, પરણેલ ધણીનો ત્યાગ કરો." ત્યારે તે બાઈએ કહ્યું જે, "હા મહારાજ, ત્યાગ કરું ." ત્યારે મહારાજ કહે, "ક્યાં લાંબી વાર છે ? લ્યો કળશ્યો." ત્યાં તે બાઈએ પછી કળશ્યો લીધો. પછી તે કળશ્યો તેમને તેમ રખાવ્યો.

પછી સૌને કહ્યું જે, "નવા સત્સંગીનું બળ જુઓને, પરણેલા પતિનો ત્યાગ કરે છે ! ને જૂના છે તે તો સડી ગયા. કેમ જે, જૂના સત્સંગી છે, પણ તેને તો બાયડી મરી ગઈ હોય તો તેને વાંસે પોક મૂકે છે." એમ કહીને પછી મહારાજે તે બાઈને કહ્યું જે, "પરણ્યો એ પતિ ને બીજા ભાઈ-બાપ જાણજો." એમ કહીને પછી મહારાજે કહ્યું જે, "તમે બેસો."

પછી શ્રીજીમહારાજે વાત કરી જે, "કોઈ પૂછે જે, તમારો શો મત ? ત્યારે કહે જે, 'જીવનમુક્તા' ને બાયડી મરે ત્યારે પોક મૂકે ! ત્યારે જીવનમુક્તાનો શો અર્થ છે, તે જેમ પોતાના કોઈક અંગમાં ઘા વાગે ને બાકી અંગ રહ્યું, એ બેય બરોબર સાંભરે; ને જે સ્ત્રી મરી ગઈ તેમ પારકી ને પોતાની બેય બરોબર સાંભરે, જે મરી ગઈ; તેમ જ છોકરો મરે ત્યારે પોતાનો ને પારકો બરોબર, તેમ જ ખાતર પડે ત્યારે **પોતાનું ને પારકુ બરોબર સાંભરે; તેટલો જીવનમુક્ત ને એટલું ન સાંભરે તો વિદેહમુક્ત.**" ॥૩૦॥

## ૩૧. ગોવિંદાનંદસ્વામીને જેતલપુરમાં બંધન

પછી મહારાજે બીજી વાર્તા કરી જે, "અમે કાલ વહેલાલ જાતાં ગામ કણભામાં ગોવિંદસ્વામીએ કહ્યું જે, 'મારું માથું દુઃખે છે' પછી અમે હરિભક્તને ભલામણ કરીને કહ્યું જે, 'ગોવિંદસ્વામીની ખબર રાખજો.' એમ કહીને અમે વહેલાલ ગયા. ને પાછા વળ્યા ત્યારે

(કણભા) ખબર કાઢી જે, 'ગોવિંદસ્વામી છે ?' ત્યારે હરિભક્તે કહ્યું જે, 'ગોવિંદસ્વામી તો જેતલપુર ગયા."

પછી મહારાજે દૃષ્ટાંત દીધું જે, "કાગડો હોય તે બાર ગાઉ ચારો કરવા જાય ને બાર ગાઉ ચારો કરીને સાંજે પાછો માળે આવે, ત્યારે શું બાર ગાઉની માંહ્યલી કોર એવું ઝાડ નહિ હોય ? પણ જેની વાસના બંધાણી, તે વિના સુવાણ થાય નહીં. તેમ ગોવિંદસ્વામીને ત્યાં કોઈ વાતની ખોટ હતી ? પણ જેતલપુર આવ્યા ત્યારે સુવાણ થઈ." ॥૩૧॥

## ૩૨. ઉપદેશ આપતું સંતોનું નિઃસ્વાદી વર્તમાન

એટલી વાત કરીને પછી રસોઈ થઈ, એટલે મહારાજ જમ્યા. પછી સંતને જમાડ્યા. પછી ફૂલડોલના ઉત્સવ સારુ રાત્રે રસોઈ કરવા માંડી. પછી સવાર થયું એટલે વિધવિધના પકવાન તથા ઝાઝાં શાક તૈયાર થયાં. પછી મહારાજને ખબર કરી જે, "હે મહારાજ ! રસોઈ તૈયાર થઈ છે." પછી મહારાજ પાકશાળામાં પધાર્યા. પછી જોઈને કહ્યું જે, "નજર પ્રસાદી થઈ અને અમારે તો નથી જમવું, માટે પંગત કરો અને મેળાવજો(ભોજનમાં પાણી મેળવી ભેગું કરીને જમજો)."

એમ કહીને મહારાજ તળાવ ઉપર પધાર્યા ને વાંસે હરિભક્ત ચાલ્યા, એટલે મહારાજ કહે જે, "અમારી વાંસે આવશો નહીં, અહિયાં સાધુનાં દર્શન કરો." પછી હરિભક્ત સૌ પંક્તિ ફરતા ઊભા રહ્યા ને પછી સાધુ પત્રાવળામાં પકવાન ને શાક સર્વે ભેળુ કરીને જમવા બેઠા. પછી હરિજન તે જોઈને મહારાજ પાસે ગયા, ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુ જમ્યા ?" પછી હરિભક્તે કહ્યું જે, "શું જમ્યા ? સર્વે ભેળુ કર્યું." પછી મહારાજે કહ્યું જે, "સાધુ જમતા નથી, એ તો વાતુ[૧] કરે છે. શા માટે જે, સર્વે બ્રહ્માંડમાં આ વાતુ થાશે." પછી સર્વે સંતમંડળ

૧.ઉપદેશ - ભગવાનના ભક્ત એવા સંતો-ભક્તોએ રસનાદિ ઇન્દ્રિયને જીતવી જોઈએ.

વેર્યા, તે એક મંડળ વિસનગર ગયું ને એક મંડળ ચરોતરમાં ગયું ને મહારાજ **કાઠિયાવાડ**માં પધાર્યા. ॥૩૨॥

## ૩૩. ગઢપુરમાં શ્રીહરિ અને સંતો રંગે રમ્યા

પછી કેટલાક દિવસ રહીને **ભુજ** પધાર્યા. પછી સાધુ ફરતાં ફરતાં ભુજમાં ભેળા થયા ને તે સર્વેને પરમહંસ કર્યા ને તે સાધુને વેર્યા. પછી કેટલાક દિવસે મહારાજ **ગઢડે** પધાર્યા ને ગઢડે વસંતપંચમી કરી. ને ગાડાની સામસામી હાર કરીને કડાઉંમાં(કડાયુંમાં - મોટી કડાઈયોમાં) રંગ ભર્યો, ને સામસામા સાધુ પિચકારી લઈને રમ્યા. ને મહારાજ એક કોરે ગાડા ઉપર ઊભા રહ્યા ને મોઢા આગળ ઢાલ પાસે રખાવી; એવી રીતે રમ્યા. ને નિત્ય રસોઈ થાય ને પોતે જમીને સાધુને જમાડે. ॥૩૩॥

## ૩૪. અર્જુનજીના દૃષ્ટાંતે પુરુષપ્રયત્નની વાત

એક સમે ઘેલેથી નાહીને મહારાજ ને સાધુ આવતા હતા. તે દરવાજા બહાર ઓટો હતો, તે ઉપર બેઠા. પછી સાધુએ પ્રશ્ન કર્યો જે, “કોઈકને લક્ષ થાય છે ને કોઈકને નથી થાતો, તેનું શું કારણ છે ?” ત્યારે મહારાજે વાત કરી જે, “કૌરવ ને પાંડવના છોકરાને દ્રોણાચાર્ય ધનુર્વિદ્યા ભણાવતા હતા. પછી એક ભીલનો છોકરો આવ્યો. તેણે કહ્યું જે, ‘મારે ભણવું છે.’ ત્યારે દ્રોણાચાર્યે તેનું અંતર જોઈને વિચાર્યું જે, ‘આ તો સમર્થ થાશે ને કૌરવનો પક્ષ લેશે ને અર્જુનનો પાડ્યો નહિ પડે.’ એમ વિચારીને કહ્યું જે, ‘અમે શુદ્રને નથી ભણાવતા.’

પછી તે વગડામાં ગયો ને ત્યાં ગારાના દ્રોણાચાર્ય કર્યા. તેને નિત્યે પૂજે ને પ્રદક્ષિણાઓ કરીને પૂછે જે, ‘હવે મુને આજ્ઞા છે ? બાણ નાંખુ ?’ એમ નિત્ય અભ્યાસ કરતે કરતે મહાબાણાવળી થયો. તે એક સમાને વિશે કૌરવ ને પાંડવના છોકરા ઘોડે ચડીને શિકારે નીસર્યા. તે પાછા વળતાં ભીલને પડખે નીકળ્યા ને અંધારુ થયું, ત્યાં

ભીલે બાણ નાંખ્યું, તેનો ટંકાર થયો. ત્યારે ટંકાર સાંભળીને કૂતરે 'હાઉ હાઉ' કર્યું, ત્યારે કૂતરાના ડાચામાં માર્યું. એમ કૂતરે બે ત્રણ વાર 'હાઉ હાઉ' કર્યું, ત્યાં તો ત્રણ ચાર બાણ ડાચામાં ભરી દીધાં. પછી ઘોડાવાળા(કૌરવ ને પાંડવના છોકરા) પાછા ફર્યા ને કહ્યું જે, 'આ તે શું થયું ? આટલામાં કોણ બાણાવળી છે, તે કૂતરાના ડાચામાં બાણ ભર્યાં ?' એમ વિચારીને મરડીને બાણ આવતાં હતાં, તેની કોર ગયા. પછી એને ઓળખ્યો ને કહ્યું જે, 'આ શું છે ?' ત્યારે તે ભીલે કહ્યું જે, 'આ તો અમારા દ્રોણાચાર્ય છે.' પછી ઘોડાવાળે આવીને દ્રોણાચાર્યને એમ કહ્યું જે, 'એ ભીલ તો મહા શબ્દવેધી થયો !'

પછી વિદ્યાર્થીઓ ને દ્રોણાચાર્યજી સવારમાં તે ભીલની પાસે આવ્યા ને કહ્યું જે, 'તું કોણ છો ?' ત્યારે તેણે કહ્યું જે, 'સાહેબ, ભીલ છું.' દ્રોણાચાર્યે કહ્યું જે, 'આ કોણ છે ?' ત્યારે તે કહે જે, 'અમારા દ્રોણાચાર્ય છે.' પછી એમણે કહ્યું જે, 'મેં છતાં ગારાના દ્રોણાચાર્ય કેમ કર્યા ?' ત્યારે ભીલ કહે, 'સાહેબ, તમારો છું.' ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, 'અમારો છો, ત્યારે હું માગું તે આપ.' ત્યારે તે કહે જે, 'હા મહારાજ ! જે કહો તે આપું.' ત્યારે એમણે કહ્યું જે, 'તારા જમણા હાથનો અંગૂઠો ઊતારી દે.' પછી ઊતારી દીધો !

પછી પાછા આવ્યા ત્યારે સૌ વિદ્યાર્થીએ દ્રોણાચાર્યજીને કહ્યું જે, 'રાત્રે બાણ નંખાય કે ન નંખાય ?' ત્યારે દ્રોણાચાર્ય કહે જે, 'હા, નંખાય.' પછી દ્રોણાચાર્યજી રાતે જોવા ગયા જે, અભ્યાસ કરે છે કે નથી કરતા. પછી ત્યાં આવીને જોયું ત્યારે બીજા સર્વેને તો સૂતા ભાળ્યા ને અર્જુનને જોવા ગયા ત્યાં ધનુષનો ટંકાર સાંભળ્યો, ત્યારે કમાડ સોંસરુ જોયું જે, દીવો છે કે નથી ? પછી દ્રોણાચાર્યજીએ જોયું, તે દીવા વગરનો ઘા કરે છે. પછી દ્રોણાચાર્યજીએ એમ જાણ્યું જે, આને આવડશે.

પછી એક સમાને વિશે પાંડવ ને કૌરવ એ બેયે દ્રોણાચાર્યને કહ્યું જે, 'વિદ્યાનો કાંઈક ચમત્કાર દેખાડો તો ઠીક, કેમ જે સૌને ખબર પડે જે કેવા ભણ્યા છે.' ત્યારે દ્રોણાચાર્યજીએ કહ્યું જે, 'કાલ્ય દેખાડશું.' પછી બીજે દાડે સૌ વિદ્યાર્થીને વગડે તેડી ગયા ને ઝાડ ઉપર કાગળનો હોલો કરીને બાંધ્યો. પછી દ્રોણાચાર્યે કહ્યું જે, 'સૌ હું કહું તેમ એકુકો ઘા કરો.' પછી દ્રોણાચાર્યે કહ્યું જે, 'તમે સર્વે એ પંખીને ભાળો છો ?' ત્યારે તે સૌ કહે જે, 'હા.' ત્યારે તેમણે કહ્યું જે, 'ઝાડને ભાળો છો ?' ત્યારે તે કહે જે, 'હા.' ત્યારે એમણે કહ્યું જે, 'આ સર્વે ઊભા છે, તેને ભાળો છો ?' ત્યારે તે કહે જે, 'હા.' ત્યારે દ્રોણાચાર્ય કહે જે, 'ઘા કરશો મા.' એવી રીતે સૌનું પારખું લીધું, તે સૌ એમ (એકસરખું) બોલ્યા.

તે પછી અર્જુનને કહ્યું જે, 'હવે તું સુરત બાંધ.' ત્યારે અર્જુને સુરત બાંધી. ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, 'પંખીને ભાળો છો ?' ત્યારે 'હા' પાડી. ત્યારે એમણે કહ્યું જે, 'ઝાડને ભાળો છો ?' ત્યારે 'ના' પાડી. ત્યારે દ્રોણાચાર્ય કહે જે, 'એક માથા સામું જો.' પછી અર્જુને માથા સામી સુરત બાંધી. ત્યારે એમણે કહ્યું જે, 'હવે પંખીને ભાળો છો ?' ત્યારે તે કહે, 'ના, એકલું માથું ભાળું છું.' ત્યારે દ્રોણાચાર્યે કહ્યું જે, 'ઘા કર.' પછી ત્રીજી તાળીએ માથું પાડ્યું.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "દ્રોણાચાર્ય તો સૌને સરખું શીખવતા હતા, પણ અર્જુનને જેવું આવડ્યું તેવું બીજાને ન આવડ્યું. શા માટે ? જે, *अभ्यासेन तु कौन्तेय...,*[1] માટે જો ભીલે અભ્યાસ કર્યો તો, તે શબ્દવેધી થયો ને બીજે એવો દાખડો ન કર્યો, તો ન આવડ્યું. માટે **પુરુષપ્રયત્નવાળા ઉપર ભગવાન પ્રસન્ન થાય છે.**"

૧.શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનજીને કહે છે કે, દુઃખે કરીને પણ વશ ન કરી શકાય એવા મનને અભ્યાસ ને વૈરાગ્ય દ્વારા જરૂર વશ કરી શકાય છે. (ગીતા : ૬/૩૫)

એમ વાત કરે છે, ત્યાં પૃથ્વી હાલી. પછી મહારાજ કહે જે, "જુઓને પૃથ્વી હાલતા કેટલી વાર લાગી ? તેમ લક્ષ થાતા તો કાંઈ વાર નથી, પણ એવા પાત્ર ક્યાં ?" એ દિશની મહારાજે ઘણીક વાર્તા કરી ને પછી રસોઈ થઈ તે જમવા પધાર્યા ને પછી જમીને સાધુની પંક્તિમાં પીરસ્યું. એમ કેટલાક દિવસ સુધી સાધુને રાખ્યા ને પછી સાધુ સર્વેને વેર્યા. ॥૩૪॥

## ૩૫. જેતલપુરમાં શ્રીહરિ દ્વારા ચોરી, છીનાળી આદિનો નિષેધ

પછી કેટલાક દિવસ રહીને **જેતલપુર** જગન કર્યો. તે દિવસે રસોઈ થાય ને સાંજે સભા થાય. ને એક સમે મંચ ઉપર શ્રીજીમહારાજ વિરાજ્યા. પછી સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે કહ્યું જે, "અમારા સાધુ ફરે છે ને વાતુ કરે છે, તે ચાર વાનાને નિંદે છે; તે **ચોરી, છિનાળી, દારૂ** ને **માંસ** તેને નિંદે છે. તે શાસ્ત્રમાં પ્રતિપાદિત છે કે નિંદિત છે ?" ત્યારે કોઈ શાસ્ત્રી ન બોલ્યા. પછી મહારાજ કહે, "જો શાસ્ત્રમાં પ્રતિપાદિત હોય તો અમારા સત્સંગીઓમાં પ્રસિદ્ધ કરાવીએ."

ત્યારે વિરમગામના આશારામ શાસ્ત્રી બોલ્યા જે, "એ કાંઈ પ્રતિપાદિત હોય ?" પછી તે શાસ્ત્રીને મહારાજે એમ કહ્યું જે, "તમે બેઠા બેઠા બોલ્યા તે ઊભા થઈને બોલો તો સર્વે સાંભળે." ત્યારે ઊભા થઈને બોલ્યા જે, "ચોરી, છિનાળી, દારૂ ને માંસ એનો તો શાસ્ત્રમાં નિષેધ છે." પછી મહારાજે કહ્યું જે, "એવું કરતો હોય તેને કેવો કહેવાય ?" ત્યારે તે આશારામ કહે જે, "એવું કરે તેને તો ચંડાળ કહીએ."

પછી મહારાજ મંચ ઉપર ઊભા થયા ને તાળી દઈને કહ્યું જે, "આ વિરમગામના આશારામ શાસ્ત્રી કહે છે જે, ચોરી, છિનાળી, દારૂ ને માંસ એટલા વાનાં કરે તેને ચંડાળ કહેવાય. એમ શાસ્ત્રી કહે છે,

અમે નથી કહેતા." ત્યારે પ્રતિપક્ષી બોલ્યા જે, "વેદમાં હિંસામય યજ્ઞ કહ્યા છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હિંસામય કહીને વાંસેથી શું કહ્યું છે, તે વિચારો. કાં જે જેમ કોઈ શાહુકાર હજાર રૂપિયાની હૂંડી લખી આપે અને વાંસેથી એમ લખે જે, જનાદી(દોઢિયું - હલ્કી કીંમતનો એક પૈસો) પણ દેશો મા. માટે આગલું વચન સાચું થાશે કે વાંસલું વચન સાચું થાશે ?"

પછી જે એવા દુષ્ટમતિવાળા હતા, તેને વસમુ લાગ્યું. તે અમદાવાદ જઈને ભાઉસાહેબ આગળ વાત કરી જે, 'સ્વામિનારાયણ બ્રાહ્મણને જમાડે છે, તે પોતાનો મત ચલાવવા સારુ જમાડે છે ને શક્તિમારગ આદિ બીજા સર્વે મતને ખોટા કરે છે.' એવી રીતે ભાઉસાહેબ આગળ વાત ભરાવી. ॥૩૫॥

## ૩૬. જેતલપુર યજ્ઞમાં ઘી અખૂટ કર્યું

પછી એક સમે બ્રહ્મભોજનમાં ઘી આવી(ખૂટી) રહ્યું. પછી મહારાજ કહે જે, "આટલા કુડલાં છે, તેમાં જુઓને કોઈકમાં હશે." પછી જોયું તે કુડલા મધ્યે એક અર્ધું ભર્યું નીકળ્યું, પછી રસોઈ ચાલતી થઈ. તે ઘી ખૂટયું નહીં. પછી ઘીના ગાડાં આવ્યાં. એવી રીતે અઢાર દિવસ સુધી જમાડ્યા. પછી બ્રાહ્મણોએ એમ કહ્યું જે, "કાંઈક દક્ષિણા અપાવો તો ઠીક." પછી મહારાજ બોલ્યા જે, "બ્રાહ્મણ છો મહિના એક ઠેકાણે જમે ત્યારે મહારુદ્ર કહેવાય, માટે મોરથી દક્ષિણા શી ?" ॥૩૬॥

## ૩૭. ડાંગરવાના ડાભીની શ્રીહરિ દ્વારા રક્ષા

પછી (જેતલપુરના યજ્ઞની) પૂર્ણાહુતિને મોરલે દિવસે વાત કરી જે, "અમારી પાસે રહેતા હોય તે ગાંઠનું ખાય તે રહે, નહીંતો ઘેર જાય." તે વાત સાંભળીને ડાંગરવાના ડાભીએ એમ વિચાર્યું જે, 'આપણે ઘેર જાશું તો સૌ કહેશે જે ખાવાનું બંધ કર્યું, તે ન રહ્યા. માટે આપણે

ગાંઠનું ખાઈને રહેવું.' અને પછી સવારમાં મહારાજ દાતણ કરવા બેઠા હતા, ત્યાં ડાભી આવીને ઊભા રહ્યા. પછી ડાભી પાસે ઘોડી મગાવી. ને પછી ઘોડીએ અસવાર થઈને બોલ્યા જે, "લાડવા સૂઝે એ લઈ જાઓ ને વધે તે તળાવમાં નાંખો." એમ કહીને ગામડીએ પધાર્યા. તે ગામની ભાગોળે જઈને પોતે ઘોડેથી ઊતરીને ડાભીને કહ્યું જે, "આ લ્યો તમારી ઘોડી, ને તમારી ઉપર દગો છે, માટે અમદાવાદને મારગે ચાલ્યા જાઓ ને પાછું વાળીને જોશો મા." ત્યારે ડાભીને મનમાં એમ થયું જે, "કાલના મહારાજ કહે છે, માટે કાંઈક છે ખરું."

પછી અમદાવાદને મારગે ચાલ્યા અને થાણું ચઢ્યું, તે પડખે નીકળ્યું, ત્યારે બાયડી બોલી જે, "અમારા ધણીના મારતલ જાય છે." ત્યારે ઓલે (થાણાવાળે) હાકલ કરી જે, "તારા ધણીના મારતલ તો બીજા છે ને હવે બોલીશ તો તું પણ મરીશ." પછી થાણું જેતલપુર આવ્યું ને એમ કહ્યું, "સ્વામિનારાયણ ક્યાં છે ?" ત્યારે પાળાએ કહ્યું જે, "ગામડીએ ગયા છે." પછી થાણું ગામડીએ આવ્યું ને કહ્યું જે, "ઓ ડાંગરવાનો ડાભી ક્યાં ?" પછી મહારાજે કહ્યું જે, "કાલ અમે સંઘને શીખ દીધી, તે સૌ સૌને ઘેર ગયા, ને ઈયાં હોય તો જુઓ." પછી થાણું ગયું ને મહારાજ તો **જેતલપુર** પધાર્યા ને સાધુ સર્વેને વેર્યા. ॥૩૭॥

## ૩૮. અમદાવાદમાં પેશ્વાનો શ્રીહરિને મારવાનો નિષ્ફળ પ્રયાસ

ને મહારાજ કાઠિયાવાડ ભણી ચાલ્યા, પણ સાભરથી પાછા **અમદાવાદ** ગયા. પછી બ્રાહ્મણે ભદ્રમાં સભા સારુ મહારાજને તેડાવ્યા. તે તેલના ટાંકા ઉપર મહારાજ સારુ ગાદલુ નાંખ્યું ને મહારાજને તેડવા આવ્યા. પછી મહારાજ કહે, "ભાઉસાહેબ આવે તો અમે આવીએ." પછી તે કહે જે, "ભાઉસાહેબ આવશે." એમ મહારાજને કહ્યું અને ભાઉસાહેબને કહે જે, "તમે આવશો નહીં." પછી મહારાજ પધાર્યા ને દગો કરીને આસન નાંખ્યું હતું, તે ઉપર મહારાજ ન બેઠા.

પછી મહારાજે કહ્યું જે, "કાંઈ પૂછવું હોય તો પૂછો." ત્યારે બ્રાહ્મણ બોલ્યા જે, "તમે શુદ્ર છો, તે તમને શું પૂછીએ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે શું આકાશમાંથી પડ્યા છીએ ? ક્યાંક તો જન્મ ધર્યો હશે ને ? ત્યાંથી અમારી જ્ઞાતિના બ્રાહ્મણ દસ હજાર તેડીને જગન કરીએ, તેનો ઠરાવ કરો, જે હારે તે સરકારને દંડ આપે."

ત્યારે બ્રાહ્મણ બોલ્યા, "મારા ભાઈ ! બ્રાહ્મણ હશો, પણ ત્યાગી થઈને જગનગોર કેમ થયા ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે ક્યાં જગનગોર થયા છીએ ? અમને તો હરિભક્તે તેડાવ્યા છે જે સર્વે શહેરને દર્શન થાય, તે સારુ અમે આવ્યા." પછી બ્રાહ્મણ આડું અવળું બોલવા માંડ્યા એટલે મહારાજ ચાલી નીકળ્યા ને તે ભાઉસાહેબ બેઠો હતો, ત્યાં થઈને નીકળ્યા. તે ભાઉસાહેબ સામું જોઈને મહારાજ બોલ્યા જે, "અમે તો સાધુ છીએ, તે અમારે તો કાંઈ નથી, પણ ભગવાન છે, તે નહીં ખમે." એમ કહ્યું ત્યારે ભાઉસાહેબ બોલ્યો જે, "અમારા રાજમાં જગન નહીં." પછી મહારાજે કહ્યું જે, "તમારો અમલ હશે ત્યાં સુધી નહિ કરીએ; કાં જે, જેને ઘેર હાથી હશે, તેને એટલી જાયગા બાંધવાની નહિ મળે ?"[૧] એમ કહીને ચાલી નીકળ્યા. ॥૩૮॥

## ૩૯. શ્રીહરિની કૃપાથી કળિયુગમાં પણ સમાધિ થાય

પ્રથમ મહારાજ પ્રગટ થયા(સત્સંગમાં પધાર્યા), તે દિવસ સમાધિનું પ્રકરણ બહુ હતું. તે પછી મહારાજ અમદાવાદ પધાર્યા ને ત્યાં ભટ્ટ પંડિત ભેળા થયા ને સભા થઈ, ત્યારે પ્રશ્ન કર્યો જે, "કળિમાં સમાધિ હોય નહીં ને જેને હોય તેને છો ઊર્મિ ન વ્યાપે." પછી કહે જે, "કર્મ બળ્યાં કેમ જાણીએ ?" પછી શ્રીજીમહારાજે ગોપાળાનંદસ્વામીને સમાધિ કરાવીને પગ ઉપર દેવતા મૂક્યો. ને પછી મહારાજ કહે જે,

૧.મહારાજનો કહેવાનો ભાવ એવો છે કે, જેની પાસે હાથી હોય એની પાસે હાથી બાંધવાની જગ્યા તો હોય જ ને, તેમ અમે આવા મોટા મોટા યજ્ઞ કરીએ છીએ, તો અમને શું યજ્ઞ કરવાની જગ્યા નહીં મળી રહે !

"એને કઈ ઉર્મિ છે ? ને સંચિત, પ્રારબ્ધ ને ક્રિયમાણ એમાંથી કયાં કર્મ છે ?" પછી સૌએ કહ્યું જે, "દેહમાં જીવ નહીં ત્યારે શી ઉર્મિ ને કર્મ કેમ કહેવાય !" ॥૩૯॥

## ૪૦. મહત્પુરુષને આશરે રહેનારનાં જન્મ-મરણ ટળી જાય

પછી મહારાજ બોલ્યા જે, "મોટાને આશરે જાય ને તન, મન, ધન તથા અનેક જન્મનાં કર્મ અર્પણ કરે ત્યારે દેહ પડી જાય. ત્યારે તેમને કોઈ ગામમાં ઘરવા દે નહીં ને એમ કહે જે, આ તો માણસમારો(માણસોને મારનારો) છે ને કોઈ તેમની પાસે બેસવા પણ આવે નહીં, ત્યારે જીવનું કલ્યાણ કેમ થાય ? માટે (મોટાને આશરે જવાથી) સંચિત કર્મ બળે છે અને મોટાની આજ્ઞા પ્રમાણે રહે ત્યારે ક્રિયમાણ કર્મ વળગે નહીં અને પ્રારબ્ધ કર્મ રહે છે, તે કેવાં ? તો શેકેલ ચણા જેવાં છે. તે ચણા ખાધે ભૂખ જાય, પણ વાવે તો ઊગે નહીં; તેમ દેહ છે, તે પ્રારબ્ધને આધારે રહે છે; પણ દેહને અંતે જન્મ-મરણ નહીં." એ દિશની મહારાજે ઘણીક વાર્તા કરી. ॥૪૦॥

## ૪૧. કાલવાણીમાં શ્રીહરિએ લોકોને સદાચાર શીખવ્યો

એક સમે મહારાજે **કાલવાણિયે** તુલસી વિવાહ કર્યો ને એક કણબીને ઘેર મહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી એક બાઈ કહે જે, "હે મહારાજ ! હું રસોઈ કરું ને મારે ઘેર જમવા પધારો." ત્યારે મહારાજે કહ્યું જે, "બાઈના હાથનું તો અમને નહિ ગમે, અમારે તો સાધુ રસોઈ ઠીક કરે છે, માટે સાધુ કરશે."

પછી તે બાઈ કહે, "તમે કહો તેમ કરું, કહો તો નાહીધોઈને કરું." પછી મહારાજે કહ્યું જે, "ના, બાઈ માણસને તો નીમ નહીં. કેમ જે એ તો પાણી ભરવા જાય તે ઠામ પડ્યા મૂકીને દિશાએ ફરવા જાય ને

પાણી લીધા વગર બેડું ભરીને ચાલી આવે. અને રસોઈ કરતી હોય અને ચૂલા આગળ છોકરું ઝાડે ફરી જાય, પછી એક હાથમાં કળશિયો લઈને એક હાથમાં છોકરાનું બાવડું ઝાલે, પછી છોકરાને ધુએ, ને પછી એક હાથ ધોવે તે ન ધોયા જેવો. ને પાછી રોટલા કરવા બેસે. તે આગળ વિષ્ઠા ઉપર માખ્યું બેસે ને તે માખ્યું રોટલા ઉપર બેસે. માટે અમને નથી ગમતું." પછી ભાઈઓ બેઠા હતા, તે રાજી થયા જે, મહારાજે સારી શિખામણ દીધી.

પછી તે ભાઈઓને કહ્યું જે, "વગડામાં નદી છે ?" ત્યારે તે કહે જે, "મહારાજ વગડામાં તો નદી નથી." ત્યારે મહારાજ કહે જે, "પાણીનું કેમ કરો છો ?" ત્યારે તે કહે જે, "ભંભો ભરીને લઈ જઈએ છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "દિશાએ જાવું હોય ને તરસ લાગી હોય ને પાણી થોડું હોય ત્યારે કેમ કરો ?" ત્યારે તે કહે જે, "બે ઘડી પ્યાસ તો વેઠીએ, પણ પાણી લઈને જઈએ." ત્યારે છોકરા પડખે બેઠા હતા, તે કહે જે, "ના મહારાજ, પાણી કોઈ લેતા નથી." પછી મહારાજે કહ્યું જે, "અમારા સત્સંગી હોય તે કળશિયો લઈને જાય ને સાત વાર હાથ મટિયાવે ને નાઈને જમવું." એ દિશની ઘણીક વાર્તા કરી. ॥૪૧॥

## ૪૨. ગોંડલના રાજાને શ્રીહરિના અહિંસાના ઉપદેશનો અસ્વીકાર

પછી એક સમે શ્રીજીમહારાજ **ગોંડલ** પધાર્યા. તે ગામનો રાજા દેવોજી તેણે કહ્યું જે, "હે મહારાજ ! અમને સમાધિ દેખાડો." ત્યારે મહારાજે કહ્યું જે, "સમાધિ કહો તો મહિનાની કરાવીએ ને કહો તો છ મહિનાની કરાવીએ ને કહો તો બાર મહિનાની ને કહો તો બાર વર્ષની, તમે કહો તેટલા દિવસની કરાવીએ ને તેને પટારામાં જડી રાખો. તે તમે કહ્યું, તે અમે કરીએ ને જે અમે કહીએ તેમ તમે કરો જે, ગરાસિયા દીકરી ન મારે, ને તારા રાજમાં ગોઢલા[1] ન કરે, ને વગડામાં બોકડા

૧.વાછડાના વૃષણને વાઢકાપ કરે, ત્યારે તેને ગોઢલો કર્યો કહેવાય.

ન મૂકે, ને તારું રાજ હોય ત્યાં હરણિયા ન મારે; એટલી તમે બંધી કરો, તો અમે તમે કહો એટલા દિવસની સમાધિ કરાવીએ."

પછી બ્રાહ્મણે રાજાને શીખવ્યું જે, "સ્વામિનારાયણ તો તમે કહેશો તેમ કરશે, પણ એ કહેશે તેમ તમે નહિ કરો ને તમારો નિયમ નહિ રહે; માટે તેમાંથી તમારું ભૂંડું થાશે." પછી તે રાજાએ કહ્યું જે, "હમણા મુક્તાનંદસ્વામીને મૂકી જાઓ, તે વાતુ સાંભળીએ, માટે સમાધિનું રહેવા દ્યો." ॥૪૨॥

## ૪૩. જેતલપુરના શ્રાવકોને નંદસંતોના કેવળિકપણાનો નિશ્ચય

એક સમયે મહારાજ **જેતલપુર** પધાર્યા હતા, ને સૌ શ્રાવક ભેળા થઈને મહારાજ પાસે આવ્યા, પછી એમ કહ્યું જે, "તમારા સેવક કહે છે જે, અમને કેવળિક મળ્યા છે અને કેવળીક તો આજ હોય નહીં. શા માટે જે, આજ પાંચમો આરો(કળિયુગ) કઠણ છે, તે આજ કેવળીક હોય નહીં." પછી મહારાજ બોલ્યા જે, "તમારા શાસ્ત્રમાં કોઈ એંધાણ છે, જે કેવળીક હોય તેમાં આવા ગુણ હોય ?" ત્યારે શ્રાવક બોલ્યા જે, "કેવળીક હોય તે એની ઇચ્છાએ માવદે ખેતર જાય."

પછી મહારાજે એક સાધુ સામે સાન કરી, તે સાધુ સમાધિ કરી ગયા. પછી મહારાજે કહ્યું જે, "આ સાધુ માવદે ખેતર ગયા. તે હવે તમારે ઇચ્છા આવે તો પાણીમાં નાંખો અથવા કાષ્ઠમાં બાળી નાંખો ને સૂઝે તો ભૂમિમાં દાટો, તે તો માવદે ખેતર ગયા." પછી શ્રાવકે સાધુની નાડી જોઈ ને શ્વાસ જોયો, તે ન મળે. પછી બી ગયા ને પછી મહારાજને કહ્યું જે, "એ સાધુને ઉઠાડો." પછી મહારાજે કહ્યું જે, "શું મુવા માણસ કાંઈ જીવતા થાય ? માટે તમે બાળી દ્યો, ને તમે બાળતા બીતા હો તો અમારા સત્સંગી બાળે." એમ કહીને સત્સંગી બોલાવ્યા ને કહ્યું જે, "લાવો લાકડાં."

પછી શ્રાવકે હાથ જોડીને કહ્યું જે, “મહારાજ ! એમને ઉઠાડો.” પછી મહારાજ કહે, “અમારા ઉઠાડ્યા કેમ ઊઠે ? તમે કહ્યું જે, ‘કેવળીક હોય તે માવદે ખેતર જાય’ તે ગયા. હવે તમે એમ કહેતા હો જે, એ કેવળીક ખરા, તો ઊઠે.” પછી શ્રાવકે હાથ જોડીને કહ્યું જે, “હે મહારાજ ! શું ? તમારી પાસે બેઠા છે, તે સર્વે કેવળીક છે ?” પછી તે સાધુને મહારાજે ઉઠાડ્યા ને સર્વે રાજી થયા. ॥૪૩॥

## ૪૪. શ્રીહરિએ સાધુનો અસાધ્ય રોગ મટાડ્યો

એક સમે સાધુને રોગ થયો તે હાથપગ સૂજી ગયા, ને દાંત ઉપર અવાળુ ફરી વળ્યા.(પેઢા સોજી ગયાં.) તે વાત શ્રીપાત દેવાનંદસ્વામીએ મહારાજ આગળ કરી જે, “સાધુને રોગ થયો છે, તે કળાતો નથી. તે રોગ જાણ્યા વિના ઔષધ પણ કેમ થાય ?” પછી મહારાજ બોલ્યા જે, “આ સાધુ આ બ્રહ્માંડના નથી અને આ બ્રહ્માંડમાં એવું ઔષધ પણ નથી.” એમ કહીને મહારાજે કહ્યું જે, “ઘેંશ[૧], રોટલો છાશમાં ચોળીને ખાય ને જ્યારે પ્યાસ લાગે ત્યારે છાશ પીયે.”

પછી દેવાનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! વાયુનો રોગ છે ને હાથ-પગ પણ સૂજી ગયા છે, તેને છાશ કેમ પવાય ?” પછી મહારાજે કહ્યું જે, “એનો દેહ રહેનારો હશે તો રહેશે, ને પડનારો હશે તો પડશે; માટે છાશ પાવાનું કરો.” પછી માંદા હતા, તેને છાશ પાઈ એટલે રોગ જાતો રહ્યો. ॥૪૪॥

## ૪૫. કાઠીઓ શ્રીહરિના એક વચને પરમહંસ થયા

એક સમે શ્રીજીમહારાજ **ભુજનગર** પધાર્યા હતા. પછી ત્યાંથી કાઠી ઉપર કાગળ લખ્યો જે, “અમારું વચન માનતા હો તે પરમહંસ થઈને આવજો.” પછી એ કાગળ સાંભળીને માંચો ખાચર, વિરો પટેલ, અલૈયા ખાચર, માત્રો ધાધલ, સોમલો ખાચર, સુરોભક્ત,

૧.છાશમાં અથવા પાણીમાં બાજરી, બાવટો વગેરેનો લોટ ને મીઠું નાખીને બનાવેલી રાબ

નાજોજોગિયો, હાથિયો પટગર, મામૈયો પટગર, મૂળુ લંઘો એ આદિ લઈને જણ દસબાર ગામ પ્રાંતિએ ભાઈરામદાસજી ભેગા થયા. પછી આત્માનંદસ્વામી ભેગા થયા. પછી સર્વે મળીને ભુજ ગયા. ને સર્વેને મહારાજ ઊભા થઈને મળ્યા ને બહુ રાજી થયા. પછી રસોઈ કરાવીને દાડી દાડી સર્વેને જમાડે ને બહુ રાજી થાય. ॥૪૫॥

## ૪૬. શ્રીહરિએ છોકરા સાથે રમૂજ કરી

અને એક દિવસ મહારાજ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે વિરાજમાન હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં ને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. ને એક છોકરો મોઢા આગળ ઊભો હતો. તેનું નામ કાનુડો. પછી તેને મહારાજ કહે, "તારું નામ કાનુડો ?' તે કહે, "ભો." (પછી મહારાજ કહે,) "ગોકુળમાં ગાયું તું ચારતો ? તે કહે, "ભો." ત્યારે મહારાજ કહે, "ગોપિયુનું દહિં-દૂધ તું લૂંટી ખાતો ?" ત્યારે તે કહે, "ભો." એવી રીતે હાસ્ય વિનોદ રમૂજ કરતા હતા. ત્યાં એક ચકલો નેવે આવીને બેઠો. તે આકળો થાય ને ચકળવકળ કરે. પછી મહારાજે તે ચકલા સામું જોયું, પછી ચકલે મહારાજ સામું જોયું ને ચકલો ઠરી ગયો, તે કાનુડો ઉડાડવા ગયો, તેને મહારાજે હાકલ કરી જે, "ઉડાડીશ નહીં." ॥૪૬॥

## ૪૭. શ્રીહરિની મર્યાદા સર્વત્ર રાખવી જોઈએ

પછી મહારાજે પરમચૈતન્યાનંદસ્વામીને કહ્યું જે, "શેખજીને કાંઈક પ્રશ્ન પૂછો." ત્યારે તે બોલ્યા નહીં. પછી મહારાજે બેત્રણ ફેરો 'પૂછો પૂછો' કહ્યું, પણ બોલ્યા નહીં. ત્યારે શેખજી બોલ્યા જે, "હે મહારાજ, તે હમકુ ક્યા પૂછેગા ? તમારા વચન નહિ માનતા હૈ સો હમકુ ક્યા પૂછેગા ?" પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે પૂછો." ત્યારે આત્માનંદસ્વામીએ પૂછ્યું જે, "મહારાજની પાસે બેઠા હોઈએ

ત્યાં સુધી જેવો મલાજો(મર્યાદા) રહે છે ને ઇંદ્રિયું-અંતઃકરણ સંકોચમાં રહે છે, તેમ સો ગાઉ છેટે જાઈએ તો પણ એમનું એમ કેમ રહે ?"

પછી મહારાજે શેખજીને કહ્યું જે, "ઉત્તર કરો." પછી શેખજીએ કહ્યું જે, "હે મહારાજ ! એ તો મેરે અંતરકી લેઈ કર બોલ્યા, સો ઈસકા ઉત્તર તો આપ કરો." ત્યાર પછી મહારાજે વાત તો ન કરી, પણ જકડી(જકડી રાગવાળા કીર્તનની કડી) એક બોલ્યા જે,

કોઈક હે સોહાગણ નારી રે, પ્રેમગલી દેખલારી રે...ટેક
કો પ્રેમગલી હે એસી રે, યામે શીર સાટે પગ દેશી રે,
તોશું મુખડા જોસી રે, કોઈ...૧
પ્રેમ ખેલ હે એસા રે, યામેં શોષી જાત અંદેસા રે ,
તો તેરા એ કસીર કૈસા રે, કોઈ...૨

એ જકડીમાં ભાવ દેખાડ્યો.

પછી સંતને કેટલાક દિવસ રાખીને સંતને વેર્યા અને કાઠિયુંને રાખ્યા ને વાતુ કરીને સમજાવ્યા જે, "તમે ઘેર જાઓ. તે શા માટે જે, તમારે જોગે કરીને ગરીબગરબાં સૌ પ્રભુ ભજશે." પછી મહારાજની આજ્ઞાએ કરીને ઘેર આવ્યા ને સૌ વાનપ્રસ્થનો ધર્મ રાખીને રહ્યા. ॥૪૭॥

## ૪૮. ભાઉસાહેબના ઉપદ્રવથી જેતલપુરમાં યજ્ઞ બંધ રહ્યો

પછી મહારાજે જેતલપુર બીજી વાર જગન કરવાનો સામાન કરાવ્યો ને પોતે પણ ત્યાં પધાર્યા. તે સાંજે પોતે જમ્યા ને સર્વે સાધુને જમાડ્યા. પછી મહારાજે વાત કરી જે, "(સાબરમતી નદીમાં) અમે સપ્તઋષિને આરે કોઈ દિવસ નાહ્યા નથી. માટે કાલ અગિયારસ છે, તે અમે ના'વા જાશું. માટે કાલ હથિયારબંધ આ સામાનની ખબર રાખજો ને કોઈને ઢુકડા આવવા દેશો મા."

પછી મહારાજ સાબદા થયા, ત્યારે સર્વે બોલ્યા જે, "મહારાજ, અમે આવીએ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ચાલ્યાની પોંચ હોય તો

આવો, તેની ના નથી પાડતા." પછી સર્વે સાધુ ને સંઘ સહિત મહારાજ રાતે પધાર્યા ને સવારમાં થાણું જેતલપુર આવ્યું. શા માટે જે બ્રાહ્મણે એવું ભરાવ્યું હતું જે, પ્રથમ જગન કર્યો ત્યારે બાબોજી મુઆ ને હવે જગન કરશે તો તમારે માથે ઘાત છે, તેવું અવળુ સમજાવ્યું. તે સારુ મહારાજ ઉપર દગો કરીને થાણું આવ્યું. પછી પાળા હતા, તે બંદૂકુ લઈને સામા ઊભા રહ્યા, ને કહ્યું જે, "જો ઢુંકડા આવશો તો ગોળીએ મારશું."

પછી થાણાવાળે કહ્યું જે, "કોળીઓના ઘોડા ફર્યા(કોળી લોકો લૂંટ કરવા આવ્યા) સાંભળીને ચડ્યા'તા, પણ ગોકીરો(શોરબકોર) ખોટો થયો. ત્યારે જાણ્યું જે, સ્વામિનારાયણનાં દર્શન કરતા જઈએ." પછી પાળે કહ્યું જે, "સ્વામિનારાયણ આંહી નથી, ઢુકડા આવશો નહીં." ત્યારે થાણાવાળા કહે, "સ્વામિનારાયણ ક્યાં ગયા છે ?" ત્યારે પાળાએ કહ્યું જે, "કાલની સાંજે મહારાજ ઘોડે ચડ્યા, તે ક્યાં ગયા તેની ખબર નથી." પછી થાણું પાછું ગયું ને મહારાજ સાંજે પાછા પધાર્યા. ને પછી થાણું આવ્યું હતું, તેની સર્વે વાત મહારાજને સંભળાવી.

પછી સવારમાં મહારાજ ખેડે પધાર્યા, ને સાહેબ પાસે જઈને કહ્યું જે, "અમારે બ્રાહ્મણ જમાડવા છે, પણ ભાઉસાહેબ ના પાડે છે, માટે તમારો હુકમ હોય તો જમાડીએ." ત્યારે સાહેબે કહ્યું જે, "તાંહાં અમારો અમલ નથી ને આંઈ લાવીને જમાડો." પછી મહારાજે કહ્યું જે, "આટલો ભાર શી રીતે આંઈ લવાય ?" ત્યારે સાહેબે કહ્યું જે, "ગાડાં ભરી લાવો ને નાકું નઈ લેગા." પછી મહારાજે કહ્યું જે, "નાકું નઈ લેગા એ તો ઠીક, પણ એવડાં ગાડાં-બળદ ક્યાંથી લાવીએ ? ત્યાં તો અમારા સેવક ગામમાંથી સામાન પહોંચાડી ગયા છે." ત્યારે સાહેબે કહ્યું જે, "તાહાં હમારા હુકમ નહીં."

ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે બળે કરીએ." ત્યારે સાહેબે કહ્યું જે, "તમારે બળે કિસ તરહ કરો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે હુકમ કરીએ તો એક રાતમાં લાખ કામઠીયો ભેગી થાય." પછી સાહેબે કહ્યું જે, "ઐસા તો નૈ કરના." પછી મહારાજે જેતલપુર કાગળ લખ્યો જે, "વૈરાગી, અતીત, બ્રાહ્મણ, મારવાડના મઉ(ભૂખે મરતાં કંગાળ લોકો) જે હોય તેને ખવરાવી દેજો." એમ કહીને મહારાજ **ડભાણ** પધાર્યા. ||૪૮||

## ૪૯. માંડવીમાં ખૈયા ખત્રીને શ્રીહરિનો નિશ્ચય થયો

ડભાણ એક દિવસ રહીને મહારાજ ગઢડે આવ્યા ને હોળી રમ્યા. ને પછી કચ્છ પધાર્યા ને સર્વે સાધુને તેડાવ્યા. તે માંડવીએ મહારાજ ને સાધુ આવ્યા. ને પછી મહારાજે કહ્યું જે, "કોઈ પૂછે જે, તમારામાં મોટેરા કોણ છે ? ત્યારે બ્રહ્માનંદસ્વામીને કહેજો જે આ મોટેરા છે." પછી ખૈયો આવ્યો. તે કહે જે, "તમારામાં કોણ મોટેરા છે ?" પછી સાધુ (બ્રહ્માનંદસ્વામીને બતાવતાં) બોલ્યા જે, "આ અમારા મહંત છે." પછી ખૈયે પ્રશ્ન પૂછ્યો જે, "ઈંગલા, પીંગલા, સુષુમ્ણા એ ત્રણેય નાડિયું આ દેહમાં છે, તેમાંથી કઈ નાડીમાં જીવ રહે છે ?"

પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "એનો અમે શો ઉત્તર કરીએ ? એનો ઉત્તર તો આ બેઠા એ કરશે." એમ કહીને મહારાજને બતાવ્યા. પછી મહારાજે એનો ઉત્તર કર્યો. પછી ખૈયે એમ જાણ્યું જે, સર્વેના કારણ આ છે. પછી મહારાજને એમ વિચાર થયો જે, 'આ સાધુ સર્વેને વેદાંત ભણાવીએ તો ઠીક. ને ભણ્યા પછી છ-છ મહિના માંડવીમાં રાખવા. તે ધર્મમાં કુશળ રહે ને પ્રશ્ન-ઉત્તરમાં સૌને જીતે એવા થાય. પછી દેશ-પરદેશમાં ફરે, તે ક્યાંય બંધાય નહીં; ત્યારે અમારે નિરાંત થાય.' ||૪૯||

## ૫૦. કાળાતળાવમાં શ્રીહરિએ સંતોને ધર્માદિની દૃઢતા કરાવી

### ❋ કાળાતળાવમાં કથામાં ઊંઘતા સંતોને બહાર બેસાડ્યા :

પછી મહારાજ સાધુ સહિત ગામ **કાળેતળાવ** પધાર્યા. તે ગામ નાનું ને ઠામની બહુ ખોટ, ને સાધુ તો ઝાઝા હતા, તે સારુ પાણી પીવાને અર્થે ફળિયામાં એક કુંડ કર્યો હતો. તેને રાખે કરીને લીંપ્યો હતો. તે ગામમાં હરભમ સુતાર રહેતા ને બીજા ભાવર રહેતા હતા. તેણે સૌને બંધી કરી જે, "(કૂવામાંથી) સાધુને અર્થે પાણી ભરી લે ત્યાર પછી આપણે પાણી ભરવું." પછી સાધુ સારુ સવારમાં (કુંડમાં) પાણી ભરી રાખતા.

મહારાજ નિત્ય કથા કરાવતા. તે એક દિવસ મહારાજે કહ્યું, "મુક્તાનંદસ્વામીને વિશે અમારે ગુરુભાવ છે, પણ હું તો ગુરુને પણ કહું ખરો." પછી કથા બેઠી તેમાં મુક્તાનંદસ્વામીને ઝોલુ આવ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "કથામાં જે ઊંઘે તેનું કામ નહીં, માટે બારા જાઓ." પછી મુક્તાનંદસ્વામી બાર ગયા. ત્યાં તો શ્રીપાત માધવાનંદસ્વામીને ઝોલું આવ્યું, ત્યારે મહારાજ બોલ્યા જે, "ઊઠો સ્વામી !" પછી શ્રીપાત માધવાનંદસ્વામી ઊઠ્યા, તે ભાગોળે ગયા. પછી આત્માનંદસ્વામીની આંખ્યુમાં ઊંઘ આવવા માંડી, ત્યારે મહારાજે કહ્યું જે, "ઊઠો મહારાજ !" ત્યારે મેં કહ્યું જે, "ઊઠ્યા મહારાજ." પછી મહારાજ બહુ હસ્યા ને એમ બોલ્યા જે, "ઊંઘ તો ન હતી, પણ કહ્યું એટલે ઊઠ્યા." પછી અમે ત્રણે ભાગોળમાં જઈને બેઠા. પછી મુક્તાનંદસ્વામી તો ગોદડી ઓઢીને ભાગોળે સૂઈ રહ્યા અને અમે બે જણે તો બહુ શોચ કર્યો.

પછી બપોર નમતે રસોઈ થઈ તે મહારાજે અમને જમવા સારુ તેડાવ્યા. પછી મહારાજે પૂછ્યું જે, "સ્વામી, કેમ થયું ?" પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! હું તો જઈને સૂઈ ગયો." પછી માધવાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એવી ઊંઘ ન હોય, એ તો તમારી માયા છે."

પછી મહારાજ બહુ હસવા લાગ્યા અને પછી હસીને બોલ્યા જે, "આગળ મોટા થયા તેઓ ગ્રંથોમાં વાતુ તો બહુ કહી ગયા છે, પણ પાળ્યું તો કોઈએ નથી. માટે આજ તો સર્વે શાસ્ત્રમાં કહ્યું છે, તે પ્રમાણે અમારે પાળવું છે ને સર્વેને પળાવવું છે." એવી રીતનાં મહારાજનાં વચન સાંભળીને સર્વે સાધુ બોલ્યા જે, "હે મહારાજ ! જેમ તમે કહેશો તેમ અમારે સર્વેને કરવું છે."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારે એક એક સંતને દસદસ હજાર જીવનું કલ્યાણ કરવું, એવી રીતનો સર્વે નિયમ લ્યો." ત્યારે સૌએ નિયમ લીધો. ત્યારે નિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "આ દેહે કરીને એટલા પૂરા ન થાય તો તેનું કેમ કરવું ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "બીજો દેહ ધરીને પૂરા કરવા." એમ કહીને વળી શ્રીજીમહારાજ બહુ હસ્યા. અને વળી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારે તો આ દેહે કરીને અસંખ્ય જીવનું કલ્યાણ કરવું છે." પછી સાધુ જમવા બેઠા.

ને જમી રહ્યા પછી કથા બેઠી. પછી મહારાજે કહ્યું જે,

*क उत्तमश्लोकगुणानुवादात्पुमान् विरज्येत विना पशुघ्नात्।* (ભા.૧૦/૧/૪)

**(ઉત્તમકીર્તિવાળા પરમાત્માના ગુણો ગાવામાં પશુહત્યારા સિવાય કયો પુરુષ ઉદાસ થાય !)**

એ શ્લોકનો ઉત્તર(અર્થ) કરો. પછી કોઈ કાંઈ બોલ્યા નહીં. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "કથામાં ઊંઘવું નહીં." એ દિશની ઘણી વાત કરી.

### ✵ ઘૂમટાનું પ્રકરણ બંધ કરાવ્યું :

પછી શ્વેતધર્મવાળા(લાલ લૂગડું દેખાય તો ઉપવાસ કરવાના વર્તમાનવાળા) હતા, તેમને શ્રીજીમહારાજે પૂછ્યું જે, "આ તમને દોરે છે, તે દેહ પરજંત નભાવશે ?" ત્યારે સૌ બોલ્યા જે, "નભાવશે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમને તો એ દોરશે, પણ એને જોયાનું

વર્તમાન રહે નહીં. માટે એમ કરો જે સ્વપ્નમાં સ્ત્રી દેખાય તો એક ઉપવાસ કરવો, ને ઘૂમટાનું વર્તમાન રહેવા દ્યો."

**✵ શ્રીહરિ અને મુક્તમુનિની આજ્ઞામાં રહેવાની સંતોની તૈયારી :**

પછી મહારાજ બોલ્યા જે, "અમે ન હોઈએ તો તમે કેમ કરો ? તે કહો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "તમારે તો એમ બોલવું ઘટતું નથી. તમારે તો સૌને ભેળા લઈને જાવું. પછી તો તમારી મરજી ને અમારે તો એમ છે જે, તમે મર્યાદા બાંધી છે, તે પ્રમાણે રહેવું છે. અને મારું જે માનશે તેને ધર્મમર્યાદામાં રખાવવા છે."

પછી સર્વે સાધુ એમ બોલ્યા જે, "મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં વર્તવું છે." પછી નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે જે દિવસ ન હો તે દિવસ દેહ રહે નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "કેમ થાય ?" ત્યારે નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "ઝાડ ઉપર ચઢીને અથવા કૂવે પડીને દેહ મૂકી દઈએ." એવી રીતની ઘણીક વાત થઈ.

**✵ શ્રીહરિએ મંગાવવાનો વિવેક શીખવ્યો :**

અને વળી મહારાજ નિત્ય ગામની ભાગોળે આવીને બેસતા ને તાળી દઈને કીર્તન બોલવાને શીખવતા હતા. અને જ્યારે બેસવા બહાર આવતા ત્યારે એમ બોલતા જે, "બાર ભાયા[૧] આવો." ત્યારે સર્વે આવીને મહારાજની પાસે બેઠા. ત્યારે મહારાજે તેમની આગળ વાત કરી જે, "કોઈ માંદો હોય કે ભૂખ્યો હોય તેણે જેટલું જોઈતું હોય તેટલું કહેવું; ને પાંચનું કહ્યું હોય ને જો દસ જણા બેસિયે ત્યારે પૂરું થાય નહીં, ત્યારે તેની લાજ જાય. માટે જોઈએ એટલું મગાવીએ." એવી રીતે કેટલીક વાર્તા કરી. ॥૫૦॥

૧.સદ્.રામાનંદસ્વામીના દીક્ષિત સંતોમાં જે મુખ્ય બાર સંતો હતા, તેમને શ્રીહરિ ભાઈ તરીકે માનતા.

## ૫૧. તેરામાં સાધુ ઝોળી માંગીને ગોળા વાળીને જમ્યા

અને બીજે દિવસ તેરે ગયા. પછી ધનજી સુતારનું નોખું ઘર હતું, ત્યાં જઈને ઊતર્યા. પછી સર્વે હરિભક્ત મહારાજને દર્શને આવ્યા ને મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. પછી મહારાજે વાત કરી જે, "અમારા સાધુ કાલ માગવા જાશે. તે જેને ઘેરથી ખાલી પાછા આવશે તો તેની લાજ જાશે." ત્યારે બાઈયું બોલ્યાં જે, "શું લાજ જાશે ? કહો તો એક ઘેરથી બધાય સાધુનું પૂરું કરીએ." ત્યારે મહારાજ બોલ્યા જે, "સાધુ તો ઝોળી માગવા જાશે, શા માટે જે સાધુ તો ઘણા છે. તે માગવા જાશે. તે જેને ઘેરથી ખાલી જાશે તેની લાજ જાશે." એવી રીતે ઘણીક વાર હાસ્યવિનોદ કરીને ઘણિક વાતુ કરી.

પછી સવારમાં મહારાજે બોલાવ્યા જે, "સાધુ બાર ભાયા આવો." ત્યારે સાધુ સર્વે આવ્યા. ત્યારે મહારાજે બારે ભાયાને કહ્યું જે, "તમે એક એક શિષ્ય લઈને ઝોળી માગવા જાઓ." પછી માગવા ગયા, તે હરિભક્તને ગમ નહીં જે ઝાઝા આવશે, માટે પહેલા આવ્યા તેની ઝોળી ભરી આપી અને વાંસે આવ્યા, તે ખાલી ગયા. એવી રીતે સૌ ઝોળી માગીને આવ્યા. તે ઝોળીનું અન્ન ભેળું કરીને ગોળા વાળ્યા.

પછી મહારાજ બાઈયું સામું જોઈને બોલ્યા જે, "જોવો સાધુ ખાલી આવ્યા." એમ કહીને મહારાજ હસતા હવા ને બોલ્યા જે, "કહેતા'તા જે એક ઘેરથી પૂરુ કરીએ ને આ તો સાધુ ખાલી આવ્યા." પછી સાધુ ગોળા લઈ જમવા બેઠા ને પછી મહારાજ પોતે એક હાથમાં ગોળો લઈને જમવા બેઠા. તે એક ને એક હાથે જમતા હતા. ને સાધુ પ્રત્યે એમ બોલ્યા જે, "પરમહંસને બે હાથ શું એંઠા કરવા ?" એવી રીતે પોતે જમતા થકા બોલતા હતા.

પછી એમ બોલ્યા જે, "આત્માનંદસ્વામી હજી કેમ ના આવ્યા ?" એમ વાત કરતા હતા, ત્યાં હું આવ્યો. પછી મહારાજે મુને કહ્યું જે,

"ઝોળી ખીંટીએ ભરવી દ્યો, ને જમવા બેસો." પછી હું તો જમવા બેઠો. પછી મહારાજ કહે, "ઝોળી ખાલી કેમ ?" ત્યારે મેં કહ્યું જે, "બધાય ગામમાં ફર્યો, પણ કાંઈ ન મળ્યું." પછી મહારાજ બોલ્યા જે, "તમે કહેતાં હતાં જે, ઝાઝા છે તે શી ફિકર છે ? પણ જુવો, આ સાધુ ખાલી આવ્યા." ।।૫૧।।

## ૫૨. શ્રીહરિના વચનરૂપી પુલ ઉપર ચાલ્યા જવું

પછી મહારાજ બોલ્યા જે, "પગબળણું કેવું છે ?" ત્યારે મેં કહ્યું જે, "મહારાજ, ઝાઝું નથી જણાતું." પછી મહારાજ બોલ્યા જે, "તુંબડાં ભરી લ્યો. શા સારુ, જે હરિજન સર્વે ખોટી થાય છે." પછી સૌએ પાણી ભરી લીધું. પછી સૌ જમીને ચાલી નીસર્યા. પછી આત્માનંદસ્વામી વાંસે રહ્યા, તે જમીને કેડે ગયા. ને મહારાજ તો ગામથી બહાર ગયા, તે ગામથી છેટે જઈને ઊભા રહ્યા. તે તડકો હતો, તે સાધુએ પગ હેઠે ગોદડી નાંખી આપી. તે ઉપર શ્રીજીમહારાજ ઊભા રહ્યા ને માથા ઉપર ઊંચી ગોદડી ઝાલી રાખી. પછી આત્માનંદસ્વામી વાંસે હતા, તે આવ્યા. તે આવતાવેંત જ બથમાં ઘાલીને મળ્યા. પછી સાધુ સર્વેને મળ્યા.

પછી મહારાજે સાધુઓને કહ્યું જે, "(અમદાવાદ જાઓ ને ત્યાં) બાપુભાઈ નાગર પાસે કાગળ ખડિયો જે જોઈએ તે લેજો. ને પુસ્તક મહંત રાખે ને બીજાને સવારમાં ભણવા આપવું. ને સાંજે પાછું લે." એમ કહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારું વચન અમદાવાદ સુધી ડંડાકાર થયું છે, તે વચનરૂપી પાજ ઉપર ચાલ્યા જાઓ. ને ત્યાં જઈને ષડ્‌ભાષા ભણજો તેમાં પ્રશ્નઉત્તર સારા છે." એમ કહ્યું એટલે સાધુ ચાલી નીસર્યા. ને મહારાજ પાછા **કાળેતળાવ** પધાર્યા. ।।૫૨।।

## ૫૩. કારિયાણીમાં સંતોને અરસપરસ સ્વભાવોની વાતો કરાવી

પછી કેટલાક દિવસે **ગઢડે** આવ્યા. પછી ત્યાં રહીને **કારિયાણી** આવ્યા. તે કારિયાણીથી કંકોતરી ફેરવી, તે સાધુ આવ્યા તથા

સત્સંગી આવ્યા. તે મહારાજ ઉત્તરાદે બાર ઓરડાની ભીંત ઉપર(પાસે) ગોદડું નંખાવીને ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. ને ચોફેર સાધુ-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજની ચંદન-પુષ્પાદિકે કરીને પૂજા કરી અને આગળ સાકર આવી, તે સર્વેને વહેંચી આપી. પછી રસોઈ થઈ, તે મહારાજ ને સાધુ જમ્યા.

બીજે દિવસે ફળિયામાં સભા થઈ ને મહારાજ ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. પછી મહારાજ બોલ્યા જે, "માંહોમાંહી એકબીજાના સ્વભાવની વાત કરો."

પછી સદાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! સ્વભાવની ક્યાં વાત કરે ! આ આત્માનંદસ્વામી છે, તે ગરીબને ટોકે છે ને આનંદસ્વામીએ ચિયા ખાયા સો ન કહ્યા." પછી મહારાજ બહુ હસ્યા ને બોલ્યા જે, "અલૈયા ખાચર, કાંઈ સમજાય છે ?" પછી અલૈયો ખાચર બોલ્યા જે, "અમારા દેશમાં તો ચિયા દેડકાને કહે છે; એમ સમજાય છે." પછી મહારાજ બોલ્યા જે, "ચિયા તો આંબલિયાને કહે છે."

પછી આત્માનંદસ્વામી બોલ્યા જે, "મેં તો આનંદસ્વામીને પણ કહ્યું જે, "સ્વામી, રોટલા મળ્યા છે કે નહીં ? લાકડાં કેમ ચાવો છો ?" પછી મહારાજ બોલ્યા જે, "અંતર્જામીપણે જે વરતે તે ઉપર કેણ નહીં, શા માટે જે એને અંતર્જામી કહેશે અને બીજાનો એક નોર(એક રીત) કરીએ." પછી મહારાજ બોલ્યા જે, "અંતર્જામીપણે વર્તો તે ઊભા થાઓ." પછી કોઈ ન ઊઠ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "કેમ ઊઠતા નથી ? અમે હાથે ઝાલીને ઉઠાડશું ત્યારે કેમ ઊઠશો ? માટે ઊઠો."

પછી સુખાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! કહા ઊઠે ? અંતર્જામીકા તો કોઈ ઠેકાણા નહિ હૈ, ઘડીકમાં કીમી કેતા હૈ, ઘડીકમાં કીમી કેતા હૈ.(ઘડીકમાં કાંઈક કહે છે, ને ઘડીકમાં કાંઈક કહે છે.)

પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! અમારે સાધુમાં બે રીત જોઈએ નહીં." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "લ્યો એક પ્રકરણ કરીએ જે બે જણસ ભેળી હોય ત્યારે મેળાવીને જમવું, એક જણસનું કાંઈ નહીં." એવી રીતે સૌનું એક પ્રકરણ કર્યું. ॥૫૩॥

## ૫૪. સાધુએ બાઇયુંને સાંભળતાં વાતો ન કરવી

પછી વળી એક દિવસ સાધુને નોખા નોખા વાતુ કરવા બેસાડ્યા. પછી હરિભક્ત સાંભળવા બેઠા. ત્યારે મહારાજે બાઈયુંને કહ્યું, "તમે બેબે ચારચાર બેસો." પછી બાઈયું આવીને વાતું સાંભળવા બેઠી. પછી સાધુ ઊઠી નીસર્યા. પછી મહારાજ બહુ હસ્યા ને એમ બોલ્યા જે, "કેમ ઊઠ્યા ?" પછી સાધુ બોલ્યા જે, "બાઈયુંને સાંભળતાં વાતુ ન કરવી." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ઠીક સમજો છો. આજથી બાઈયું સાંભળતાં વાતું ન કરવી." ॥૫૪॥

## ૫૫. શ્રીહરિએ સંતોના પ્રશ્નોના ઉત્તર કર્યા

પછી સાધુ બોલ્યા જે, "વેદાંતમાં એમ કહ્યું છે જે '**ચેતનકે એક દેશમાં માયા, સા માયા ગુણસમતા.**' ત્યારે ચેતન તો સર્વત્ર વ્યાપક છે, તે કયો દેશ ખાલી છે ? તેમાં માયા રહી છે ? એ સમજાતું નથી." ત્યારે શ્રીજીમહારાજે એનો ઉત્તર કર્યો જે, "ગોડિયો સિંદરીનો સાપ કરે છે, ને પીંછાનું પારેવું કરે છે, ને ધુડ્યના ચોખા કરે છે; એ આદિક ગોડિયાની કેટલીક કળા એના અંગમાં રહી છે, તે કાંઈ કળાય છે, જે એના હાથમાં છે કે એના પગમાં છે ? તેમ ચેતનને વિશે માયા રહી છે, પણ એમ ન કલ્પાય જે ઇયાં(ચેતનમાં કોઈ નિશ્ચિત સ્થાને) રહી છે."

અને (વળી સાધુએ કહ્યું,) "બીજું એક આ નથી સમજાતું જે, **ઘટકું ઘટ કહે મૃત્તિકા તું હે, સબ ઘટ દેખ મૃત્તિકા હે.**" ત્યારે શ્રીજીમહારાજ

બોલ્યા જે, "એ તો એમ કે છે જે, ઘડો ઘડાને કે છે જે તું મૃત્તિકાનો છો; પણ એમ ન જાણે જે, સર્વે ઘડા મૃત્તિકાના છે, હું પણ મૃત્તિકાનો છું." પછી મહારાજે સર્વને આજ્ઞા કરી તે સૌ સૌને ઘેર ગયા ને સાધુ ફરવા ગયા. ાાપપાા

## ૫૬. શ્રીહરિએ પાસે આવેલ રૂપિયા વેરી દીધા

અને મહારાજની પાસે રૂપિયા આવ્યા હતા અને કાંઈક ભોજો ચારણ લાવ્યો હતો. તે મહારાજે વસ્તા ખાચરને કહ્યું જે, "રૂપિયા રાખો." ત્યારે વસ્તા ખાચર બોલ્યા જે, "અમારે વવરાઈ જાય ને તમે તો ક્યારેક માગો ને મારે હાથ ન હોય; માટે ન રખાય." પછી મહારાજે રાઘવ પટેલને કહ્યું, ત્યારે તેણે ના પાડી. પછી મહારાજ ઉગમણે મુખાવિંદે વિરાજમાન હતા. પછી રૂપિયાની મૂઠી ભરી-ભરીને ફગાવી દીધા અને એમ કહ્યું જે, "હવે કાંઈ ચિંતા છે ?" ાાપ૬ાા

## ૫૭. તેરામાં શ્રીહરિએ કરેલી વિવિધ લીલાઓ

**✵ સ્વામી ઉદેપુરથી તેરા આવી શ્રીહરિને મળ્યા :**

પછી કેટલાક દિવસે **ખોખરામેમદાવાદ** ગયા ને મહારાજને બ્રાહ્મણોને રસરોટલી જમાડવી હતી, પણ તેમાં તો ટંટો થયો, તે મહારાજે સાધુને કહ્યું જે, "સુરત જાઓ." પછી મહારાજ, મુક્તાનંદસ્વામી, આનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિર્વિકલ્પાનંદસ્વામી એ ચાર સાધુ ને પાળા અને આધોઈના ગરાસિયા એ સર્વે મળીને કચ્છમાં ગયા. તે સમે આત્માનંદસ્વામી તો ઉદેપુર ગયા હતા, તે મારગમાં આવતાં એમ વાત સાંભળી જે, સ્વામિનારાયણ ને વૈરાગીઓને ટંટો થયો. પછી હું તો કચ્છમાં ગયો, તે મહારાજ ગામ **તેરામાં** વિરાજમાન હતા, તે સાધુની ઓરડીએ આથમણે મુખારવિંદે આસન ઉપર વસ્ત્રે કરીને ઢીંચણને બાંધીને બેઠા હતા. પછી હું તો આવીને પગે લાગ્યો.

પછી મહારાજ બોલ્યા જે, “આવો આત્માનંદસ્વામી, બીજો કોઈ ભેળો છે ?” પછી મેં કહ્યું જે, “બીજા તો તમે છો.” પછી મહારાજે કહ્યું જે, “તમારે કેમ થયું ?” ત્યારે મેં કહ્યું જે, “દરવાજે બંધી છે, તે ભેખધારીને જાવા દેતા નથી, એટલે મેળાપ ન થયો.” ત્યારે મહારાજે કહ્યું જે, “અમને પૂછ્યા વિના ગયા, નૈ તો કાગળ કરી આપત. તે અમારો ઓળખીતો બ્રાહ્મણ હતો, તે તમને દરબારમાં તેડી જાત.” પછી મેં કહ્યું જે, “મુને તો સાધુએ બારોબાર કહ્યું જે, તમને ઉદેપુર જાવાની મહારાજની આજ્ઞા છે. પછી હું તો ચાલી નીસર્યો.”

પછી મહારાજે કહ્યું જે, “નિર્વિકલ્પાનંદસ્વામીની પાસે તમારે સુવાણ હોય ત્યાં સુધી રહેજો, નહીંતો ફરવા જાજો. ને મુક્તાનંદસ્વામી સોરઠમાં ગયા ને આનંદસ્વામી સુરત ગયા, ને બ્રહ્માનંદસ્વામી આધોઈ ગયા; માટે તમારે રહેવું હોય એટલા દિવસ રહેજો.” પછી ધનજી સુતારને ઘેર ઉતારો હતો, ત્યાં મહારાજ પધાર્યા. અને ડુંગરજી ને સામંત ચારણ એ બે પાળા હતા, તે કમાડે ચોકી રાખતા.

**❋ શ્રીહરિએ ભાગવતકથામાં આવેલ વાત સમજાવી :**

અને મહારાજની આગળ પ્રાગજી કથા કરતા હતા. તે કથામાં એમ વાત આવી જે, નંદજીને ઘેર નિત્ય જજ્ઞ થાતા અને બ્રાહ્મણને શણગારીને ગાયું દેતા ને દક્ષિણા દેતા. પછી મહારાજે કહ્યું જે, “જુઓને, જગતમાં કોઈ બ્રાહ્મણને જમાડતા હોય, (તે બ્રાહ્મણ) તેના(જમાડનારાના) છોકરાને રાજી કરે (જ). અને શ્રીકૃષ્ણે ગોવાળિયાને બ્રાહ્મણો પાસે અન્ન લેવા મેલ્યા, તે ન આપ્યું. માટે એ (નિત્ય યજ્ઞ થાતા વગેરે) તો મહિમા સમજવો. (અને) નંદજીને ઘેર તો દસ-પંદર ગાયો હતી (અને ક્યાંક બહુ લખી છે તે તો મહિમા જણાવવા સારુ.) અને **શ્રીકૃષ્ણ તો ગોપિયું સંગે રાસ રમ્યા, તે ધાતુ જાવા દેતા નહોતા. એવી કળા તો ગોપાળાનંદસ્વામીમાં છે.**” એમ શ્રીજીમહારાજ બોલ્યા.

### ✻ શ્રીહરિએ સ્વામીની પ્રશંસા કરી :

અને વળી દિવસમાં એક વાર મહારાજ દર્શન દેવા સારુ સાધુની ઓરડીએ આવતા અને જ્યારે બારે નીસરે ત્યારે એક ચાદર થીંગડાની ઓટ્યા વિનાની કરી હતી. તે ચાદરની ગોદડીને ઓટ્યા વિનાની બારલી કોરે રાખીને ઓઢતા. અને એક દિવસ પ્રાગજી ભેળે દરબારે કહેવરાવ્યું જે, "અમે દર્શને આવીએ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આવે."

પછી મહારાજ સાધુની જગ્યામાં આવ્યા. પછી મોદ્યું પથરાવી. પછી મહારાજ આવીને આથમણે મુખારવિંદે વિરાજમાન હતા. અને હું તો મહારાજના મુખારવિંદની આગળ બેઠો હતો. પછી દરબાર આવ્યા, તે આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી હું તો મહારાજની વાંસે આવીને બેઠો. ત્યારે મહારાજે મારો હાથ ઝાલીને આગળ બેસાડ્યો ને મહારાજે કહ્યું જે, "આ સાધુ કાલે ઉદેપુરથી આવ્યા છે, ઉદેપુરમાં બહુ સત્સંગ થયો ને આ બહુ વાતુના કરતલ છે, કેમ પ્રાગજી ?" ત્યારે તે કહે, "હા મહારાજ ! બહુ વાતુના કરતલ છે." પછી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી, તમે વાતુ કરો." ત્યારે મેં વાત કરી જે, છપય-

એક ક્રોડ ગજરાજ અરબ દશ તુરીતુરંગ,
છત્રીસ ક્રોડ પચાસ પાયદલ લક્ષ અઢાર;
ધરણ છત્રકી છાંહ સુણે ઈંદ્રાસન વાજાં,
તે રાવણ સંગ ચલે, પાંચ ક્રોડ પંદર હજાર રાજા;
ચલત સુર અંધેર અતિ, અંતકાલ એસો ભયો,
રેહો રોહો જીવ, ન કર ગર્વ, કહો રાવણ કે દિશે ગયો ?

એ છપ્પો બોલીને એ દિશની ઘણીક વાત કરી. પછી રાજા બોલ્યા જે, "હે મહારાજ ! લંકા સોનાની કહે છે ને સોનાનો ગઢ છે ને વિભીષણ રાજ કરે છે, એમ કહે છે." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,

"એ વાત તો ખોટી છે ને અમારા સાધુ જોઈ આવ્યા છે, તે ધૂળનો ગઢ છે ને ભીલ રહે છે. પછી ફિરંગીનાં વહાણ આવ્યાં, તે ભીલ ભાગી ગયા. પછી બધે જોયું તે કાંઈ ન દીઠું. ને એક ખાણ છે, તેમાંથી સોનું થાય છે, તે ઉપર ચોકી છે."

ત્યારે તે રાજા બોલ્યા જે, "યાં તો પાણી ભમરી ખાય છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ભમરી ખાય છે, તે તો આ કોરથી રઘુનાથજી જે દિ લંકા ગયા, તે દિ પાજ બાંધી ત્યાં પાણા છે, તે પાણી અથડાઈને ભમરી ખાય છે. અને એક ફિરંગી તો ધરુની તળેટીમાં છે. તેનાં વહાણ તો આથમણી કોરથી આવ્યાં છે." તે દિશની ઘણીક વાત કરી.

**✵ સ્વામીને મનમુખી નિર્વિકલ્પાનંદ સાથે સુવાણ ન થઈ :**

પછી મહારાજ ઉતારે ગયા અને નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હવે ઠીક થયું. હવે આપણે ભેળા રહીશું." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મારે સુવાણ હશે, ત્યાં સુધી રહીશું." પછી તેણે કહ્યું જે, "મહારાજે કહ્યું છે જે, રહેજો." ત્યારે મેં કહ્યું જે, "મહારાજે કહ્યું એમ જ કરવું છે."

ત્યાર પછી મેં એને કહ્યું જે, "તારે ભણવાની વાસના છે. શા માટે જે મુક્તાનંદસ્વામી સોરઠમાં ગયા તે સત્સંગરૂપી ગંગામાં ઝીલવા અને આનંદસ્વામી સુરત ગયા સંતમંડળમાં, અને બ્રહ્માનંદસ્વામી આધોઈ ગયા; માટે તમે અહીંયાં વિદ્યા ભણવા રહ્યા, ત્યારે તે વિદ્યા નથી, એ જ અવિદ્યા છે. શા માટે જે સંતથી નોખા પડ્યા."

પછી મહારાજ સાંજે આવ્યા, ત્યારે નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારે તો વાસના નથી, ને આત્માનંદસ્વામી કહે છે, તમને ભણવાની વાસના છે." ત્યારે મહારાજે કહ્યું જે, "મૂર્ખ છે. જુઓને, મુક્તાનંદસ્વામીને વાસના હોય ને એને વાસના નથી !" એવી રીતની ઘણીક વાર્તા કરી.

પછી મને કહ્યું જે, "એને વ્યાકરણ આવડે ?" ત્યારે એ કહે જે, "આવડે છે." ત્યારે મેં કહ્યું જે, "શું આવડે ? મૂળગો કક્કો આવડતો નથી." ત્યારે મહારાજે મને કહ્યું જે, "કક્કો ભણાવો." ત્યારે મેં કહ્યું જે, "હવે મારે કક્કો ભણાવવો."

**❋ શ્રીહરિએ ગુજરાતના ભક્તોની સેવાને વખાણી :**

પછી મહારાજને અર્થે ગુજરાતથી હરિભક્ત ચોખા, દાળ, મુરબ્બો, એ આદિક લાવ્યા હતા. તે જોઈને મહારાજ બહુ રાજી થયા. ને હાથમાં ચોખા લઈને બોલ્યા જે, "એમ ને એમ જમી જાય એવા છે. જુઓને, કોઈ અણી ખંડિત છે ? કેમ જે, એ તો નખે વીણેલ છે; ને દાળ પણ જોવોને, કોઈ દાણો ખંડિત છે ? કેમ જે, દાળ પણ વિણેલ છે. શા માટે જે એમને રેંટિયાની રીત[1] નથી. માટે નવરાં હોય તે અમારે અર્થે વીણી મૂક્યા છે." પછી મહારાજે એક મોરિયામાંથી(માટીના નાના ઘડામાંથી) મુરબ્બો પ્રાગજીને આપ્યો, તે પ્રાગજી લઈને જમી ગયા ને બહુ વખાણ્યો. ત્યારે બીજો આપ્યો, તે પણ જમ્યા.

પછી મહારાજે કહ્યું જે, "ચોખા, દાળ, મુરબ્બો તે દરબારમાં થોડોક મોકલશું." પછી એક મારવાડી ચારણ બેઠો હતો, તેણે કહ્યું જે, "દરબારમાં આપવા જાય તે પોતે બે દાણા દરબારના દેખતાં મોઢામાં નાંખે. શા માટે જે છેટેની વસ્તુ આવે તેમાં ભ્રમ પડે નહીં, તે સારુ." ત્યારે મહારાજે કહ્યું જે, "સારા સારુ આપિયે ને ભ્રમ પડે, ત્યારે શીદ આપિયે ?" પછી ચારણે કહ્યું જે, "હે મહારાજ ! રાજા ક્યાં રહ્યા છે ?" એમ કહીને દોહરો બોલ્યો જે,

કળિયુગ આવ્યો ઠાકુરે બાજંતે ઢોલે,
ઠાકોર ભૂલ્યા ગોલિયે ઠકરાણી ગોલે.

---

૧.રેંટિયો એટલે રૂ કાંતીને દોરા બનાવવાનું એક ઘરગથ્થું યંત્ર. એ સમયે ઘણા લોકો ઘેરઆવો રેંટિયો ચલાવતાં. એટલે મહારાજ કહે છે કે, એમને રેંટિયો ચલાવવાનો ગૃહ ઉદ્યોગ નથી.

પછી વચમાં કેટલીક વાત થઈ, પછી પ્રાગજી શ્લોક બોલ્યા જે,

*नृपत्यन्नं न भोक्तव्यं कण्ठप्राणगतैरपि।*
*गौमांससमं तदन्नं सुरापानसमं जलम्।।*[1]

પછી મહારાજે મારા સામું જોઈને એમ કહ્યું જે, "એ દિશની વાત કરજો, પણ રહેશે નહીં."

**❋ પ્રાગજી દવે સમાધિમાં જઈ શક્યા નહીં :**

પછી પ્રાગજીએ એક વાત કરી જે, "મહારાજ મારે ઘેર ઘોડિયામાં છોકરું રુએ ને સ્ત્રી તો સમાધિમાં ગઈ. તે સ્ત્રીને મેં ઉઠાડી ત્યારે તે સ્ત્રી બોલી જે, "છોકરો મુવો ને તમે પણ મરો. મને આવા સુખમાંથી ઉઠાડી, હું તો મહારાજનાં દર્શન કરતી હતી." તે સુખના વખાણ બહુ કર્યાં. પછી પ્રાગજી કહે, "મુને સમાધિ કરાવો." પછી મહારાજ બોલ્યા જે, "તમને થાશે." ત્યારે કહ્યું જે, "ના, ના, મહારાજ ! મુને સમાધિ કરાવો."

પછી મહારાજ બોલ્યા જે, "મારી સામું જોઈ રહો." પછી મહારાજ સામું જોયું ત્યારે નાડી તણાવા માંડી, ત્યારે આંખ મીંચી ગયા. પછી મહારાજે કહ્યું જે, "કેમ થયું ?" ત્યારે એ કહે, "એમ તો નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "આંખ મીંચીને અંતર સામું જોવો." પછી આંખ મીંચી, ત્યારે નાડી તણાવા માંડી. ત્યારે તરત ઉઘાડી. ત્યારે મહારાજ કહે, "કેમ થયું ?" ત્યારે કહ્યું જે, "એમ તો નહીં, મહારાજ મુને તો ઊંઘમાં સૂતો હોઉં ને એમ ને એમ બ્રહ્મમહોલમાં જાઉં." ત્યારે મહારાજ કહે, "ઠીક, એમ ને એમ ભજન કરતા રહો, સમાધિ થાશે."

**❋ શ્રીહરિએ પોતાના દ્વેષી વૈરાગીને પણ સીધું અપાવ્યું :**

પછી એક દિવસ મહારાજ કથા કરાવતા હતા, ત્યાં એક બ્રાહ્મણ

૧.કદાચ કંઠે પ્રાણ આવી ગયા હોય તોપણ રાજાનું અન્ન ન લેવું; કેમ જે, તેનું અન્ન ગાયના માંસ બરોબર છે અને તેનું જળ દારૂ સમાન છે.

આવ્યો. ત્યારે મહારાજે કહ્યું, "ક્યાં રહો છો ?" ત્યારે તે કહે જે, "અમદાવાદ રહીએ છીએ." ત્યારે મહારાજ કહે, "કઈ પોળમાં રહો છો ?" પછી તેણે પોળનું નામ દીધું. ત્યારે મહારાજ કહે, "આ તો ઠેકાણાના(પરિચિત સ્થળવાળા) બ્રાહ્મણ છે." ત્યારે તે બોલ્યો જે, "લાકડાં નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે ઉતારે જાઓ, હું સુતારને મોકલું છું, તે પહોંચાડશે. તમે ક્યાં ઉપાડશો ?" પછી બ્રાહ્મણ ગયો.

પછી મહારાજે ધનજીને કહ્યું જે, "એ તો વૈરાગી છે, ને બ્રાહ્મણનો વેશ લીધો છે. તું લાકડા લઈને જા ને કહેજે જે, 'આજનું સીધું લેખે આવ્યું છે. શા માટે જે મારે સ્ત્રી છે, તેને સ્વામિનારાયણે કાંઈક કર્યું છે, તે કોઈને લોટની ચપટી આપે નહીં, પણ આજ તો સ્વામિનારાયણે કહ્યું, ત્યારે આપ્યું છે. માટે મારું રૂડું થાનાર, તે તમ જેવાને અર્થે કામ આવ્યું; પણ મહારાજ આ પાપ ક્યારે જાશે ?"

(પછી ધનજી સુતારે વૈરાગી પાસે જઈને આ પ્રમાણે કહ્યું) ત્યારે વૈરાગી બોલ્યો જે, "કુછ ફકર રખના નહીં. હમ પચાસ જણ વેશ લેકર ફરતે હૈ, પણ ક્યા કરે ? ખૂણામાં ઘુસ જાતા હૈ, તે ક્યાંઈ લાગ નહિ આવતા." પછી ધનજી સુતારે આવીને બધી વાત કરી, ત્યારે ડુંગરજી બોલ્યા જે, "હે મહારાજ ! એને થોડીક શિખામણ દેશું ?" ત્યારે મહારાજે ના પાડી; તોપણ પરોઢિયે ડુંગરજીએ મારગ રોક્યો, પણ વૈરાગી બીજે માર્ગે થઈને ગયો, તે ભેળો ન થયો.

**✵ શ્રીહરિએ ગુંસાઈજીના મંદિરમાં કથા સાંભળી :**

ને વળી એક દિવસ ગુસાંઈજીના મંદિરમાં કથા વંચાતી હતી, ત્યાં ગયા. પછી મહારાજને ચંદન ચર્ચવાને અર્થે કટોરો લીધો, ત્યારે પ્રાગજીએ લઈ લીધો. પછી ઓરસિયો ધોઈને ચંદન ઉતારીને મહારાજને ભાલે અર્ચા કરી. પછી આત્માનંદસ્વામીને અર્ચા કરી. પછી પોતે કરી.

અને નાગદમનની(શ્રીકૃષ્ણ દ્વારા કાલીય નાગના દમનની) વાત આવી હતી. પછી અધ્યાય પૂરો થયો. પછી મહારાજે ઊઠ્યાનું કર્યું. ત્યારે પુરાણી બોલ્યા જે, "અમારે માંહોમાંહી વાદ થયો છે જે, '*न ह्यम्मयानि तीर्थानि...*'[1] એ શ્લોકનો એમ વાદ છે જે, એક એમ કહે છે જે उरुकालेन *फले* અને એક કહે છે જે, *उरुकाले न फले.*" ત્યારે મહારાજ બોલ્યા જે, "અમે તો ભણ્યા નથી અને આ પ્રાગજીને પૂછો." ત્યારે પ્રાગજીએ કહ્યું જે, "એનો ઉત્તર તો એમેય થાય ને એમેય થાય." પછી મહારાજ ચાલી નીસર્યા. ॥૫૭॥

## ૫૮. શ્રીહરિનાં દર્શન, સેવાદિમાં સ્વામીની શ્રદ્ધા

પછી પ્રાગજીએ મહારાજને કહ્યું જે, "આજ તો દરબાર પૂછતા હતા જે, સ્વામિનારાયણને પૂછજો જે, વરસાદ તે આવશે કે ગયો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આંયાંથી જાઈએ તો આવે." પછી મહારાજ તો ઉતારે ગયા અને મુને નિર્વિકલ્પાનંદસ્વામીએ કહ્યું જે, "પાટીમાં (ટીપણામાં-પંચાંગમાં) જો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "પાટી તો કપાળમાં લખી છે, પણ આજ તો તમારે બોલવું નહીં. મહારાજનાં દર્શન કરવા દ્યો."

પછી મહારાજ સાંજે સાધુની ઓરડીએ આવ્યા, ત્યાં ઉદેપુરથી એક સાધુ નોખો પડ્યો હતો, તે આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "આવો મહાપુરુષ, કેમ છે ?" પછી તે ધ્યાનાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારે તો આજથી નવો સત્સંગ કરવો છે." પછી મહારાજે કહ્યું જે, "આ નિર્વિકલ્પાનંદસ્વામી ભેળા રહો."

પછી બીજે દાડે દિવસ ઊગતામાં મહારાજ આવ્યા ને ચાખડીમાં ઘૂઘરિયું ખણખણ કરતા સતા આવ્યા. અને અમે ત્રણ જણા ઓરડામાં

૧.न ह्यम्मयानि तीर्थानि न देवाश्चेतनोज्झिताः। ते पुनन्त्युरुकालेन यूयं दर्शनमात्रतः।। મહાદેવજી માર્કંડેય મુનિને કહે છે કે, જળમય તીર્થો અને દેવતાની પ્રતિમાઓ લાંબા સમયે પવિત્ર કરે છે, અને તમારા જેવા ભગવદીય સંતો તો દર્શનમાત્રથી પવિત્ર કરે છે. (ભાગ.૧૨/૧૦/૨૩)

બેઠા હતા. ને નિર્વિકલ્પાનંદસ્વામી વાતુ કરતા હતા. પછી મહારાજે નિર્વિકલ્પાનંદસ્વામીને કહ્યું જે, "કાલ આવ્યા તે સાધુ તમારી પાસે રહેશે અને આત્માનંદસ્વામી તો અમારા ભેળા આવે." પછી મહારાજે મને કહ્યું જે, "તમે જમી લ્યો."

**પછી હું ગયો તે મહારાજ જમીને ઊઠ્યા હતા, તે અર્ધો રોટલો ને દાળ પડી હતી, ત્યાં હું જમવા બેઠો ને મહારાજ તો વેલ જોડાવીને ચાલી નીકળ્યા. પછી હું પણ ઉતાવળ કરી ને વાંસે દોડ્યો. પછી દરવાજે નીસરતા છેટેથી દીઠા તે ધોળા બળદ વેલે જોડ્યા છે ને ધોળે વસ્ત્રે સહિત વેલમાં બેઠા ભાળ્યા. પછી મહારાજે પાળાને કીધું જે, "ઊભા રહો, એ દોડી મરશે. તે તમે બે જણા ધીરે ધીરે આવજો, શા માટે જે, બાઈયું બેઠી છે, તે તમારે ઠીક નહિ પડે."**

પછી **કાળેતળાવ** મહારાજની ભેળા થયા. પછી છોટીસી છાપરી, તેમાં એક ઢોલિયો સમાય એટલી હતી, તેમાં ઢોલિયા ઉપર ગોદડું પથરાવીને સૂઈ રહ્યા. અને હું તો પાસે બેઠો વા નાંખુ. ને મહારાજ તો વારંવાર મારી સામું જોવે અને વળી આકાશ સામું વારંવાર જોવે. એમ ચંચળ હતા. ત્યાં આકાશમાં ખાટલાક જેટલી એક વાદળી થાતીકને મોટે મોટે ફોરે વરસાદ વરસવા માંડ્યો. પછી મહારાજ બેઠા થયા અને આકાશમાં વાદળાં તે ફેલી(છવાઈ) ગયાં અને વરસાદ બહુ વરસવા લાગ્યો.

પછી મહારાજ બહુ રાજી થયા ને જે આવે તેને પૂછે જે, "વરસાદ થયો ?" ત્યારે તે કહે જે, "થયો." ત્યારે મહારાજ કહે, "સાંતી ચાલે એવો થયો ?" ત્યારે તે કહે, "હા મહારાજ !" પછી મહારાજે કહ્યું જે, "અમે કહ્યું'તું જે, અમે જાઈએ તો વરસાદ આવે, માટે આવ્યો ખરો !" ॥૫૮॥

## ૫૯. કાળાતળાવના રવજી સુતારને ઐશ્વર્ય ન પચ્યું

અને રવજી સુતાર તો રામાનંદસ્વામી છતાંના સત્સંગી હતા, ને સમાધિનિષ્ઠ હતા, ને બાળબ્રહ્મચારી હતા, પણ સમાધિએ કરીને સ્વતંત્ર થઈ ગયા. પછી હરિભક્ત બાઈભાઈને જેને બ્રહ્મમહોલમાં જાવું હોય, તેને તેડી જાય. પછી સુંદરજીએ ભુજથી મહારાજ ઉપર કાગળ લખ્યો જે, 'રવજી તો પોતે પ્રભુ થયો છે.' ને કાગળ કુંડળમાં મહારાજ પાસે વાલજી લાવ્યો.[૧] ત્યાં મહારાજ ઉગમણે મુખારવિંદે મામૈયા પટગરની ઓસરી ઉપર ઢોલિયા ઉપર બિરાજમાન હતા. અને મૂળજી બ્રહ્મચારી, આત્માનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામી ત્યાં બેઠા હતા. ત્યાં વાલજી સુતારે કાગળ આપ્યો. ત્યારે તે કાગળ મહારાજે વાંચવા માંડ્યો. ત્યારે વાલજીએ કહ્યું જે, "એક કોરે બેસીને વાંચો તો ઠીક."

પછી મહારાજે ઢોલિયેથી ઊતરીને એકાંતે વાંચ્યો. તે વાંચીને ફાડી નાંખ્યો ને આવીને હસતાં હસતાં ઢોલિયે બેઠા. પછી મારા સામું જોઈને કહ્યું જે, "તમે રવજીને ઓળખો છો ?" ત્યારે મેં કહ્યું જે, "ના, મેં સાંભળ્યા છે, પણ ભેળા થયા નથી." પછી મહારાજે કહ્યું જે, "એ તો પ્રભુ થયો છે. જુઓ છો ને જીવનો સ્વભાવ, જેને પ્રતાપે એ ધામ પમાય છે, તેને તો વિસારી મેલે છે, ને પોતે ધામી થઈને બેસે છે." એમ કહીને હોઠ ભીંસીને થોટ ઉપાડીને મુને કહ્યું જે, "તમે ભુજ જાઓ ને એને બે થોટ મેલજો ને એમ કહેજો જે, 'તું કોઈકની નાડી તાણ, કાં હું કોઈકની નાડી તાણું; ને કાં તું બ્રહ્મમહોલમાં તેડી જા, નહીં તો હું તેડી જાઉં."

પછી મહારાજે દૃષ્ટાંત દઈને વાત કરી જે, "એક લીમડો ઘૂંટીને એક તાંસળી ભરી હોય ને એક સાકરને ઘોળીને તાંસળી ભરી હોય,

૧.રવજી સુતારનો આ પ્રસંગ બન્યો, ત્યારે મહારાજ કુંડળ હતા, તેથી સ્વામી તે પ્રમાણે લખે છે, પરંતુ તે પ્રસંગ પૂરો થયા પછી સ્વામી કાળાતળાવ જ વાત ચાલુ રાખવાના છે, અને આ વાતના અંતે સ્વામીએ તેની નોંધ પણ કરેલ છે.

એમાં કયું ગળ્યું ?" એની એ વાત સમજાવવા સારુ દસ વાર કરી. ત્યારે સૌએ કહ્યું જે, "સાકર ગળી." પછી **મહારાજે કહ્યું જે, "રોગીને લીમડો ગુણ કરે, ને રોગ ગયા કેડે સાકર ગુણ કરે; તેમ અમારાં વચન લીમડા જેવાં કડવાં લાગે છે, પણ મન, કર્મ, વચને કરીને જે દિવસ માનશે તે દિ સુખિયા થાશે."**

અને વળી બીજું દૃષ્ટાંત દીધું જે, "જેમ પાદશાહ ઓરડામાં બેઠા હોય, ને તેની પછીત કાચની હોય; ત્યારે તેમાં જેવા ઘરેણે વસ્ત્રે સહિત બેઠા હોય, તેવું ને તેવું પછીતમાં તેનું પ્રતિબિંબ દેખાય. ત્યારે પાદશાહને જે સલામ કરવા આવે, તે પ્રતિબિંબને સલામ કરે, ત્યારે પાદશાહને કેવો સારો લાગે ?" ત્યારે સૌએ કહ્યું જે, "કાંઈ સારો ન લાગે." પછી મહારાજ બોલ્યા જે, "સારો શું લાગે ? તેને તો તત્કાળ તોપને મોઢે બાંધે. કાં જે (બાદશાહને અપમાન લાગે જે,) 'હું સાક્ષાત્કાર બેઠો છું ને મારા ઓછાયાને પગે લાગે છે ?' તેમ જીવને સમાધિમાં કાંઈક ચમત્કાર જેવુ દેખાય છે, ત્યારે ત્યાં મોહ પામી જાય છે; પણ એમ નથી જાણતો જે, મુને સમાધિ કરાવે છે, તેના હાથમાં અનંત ચમત્કાર રહ્યા છે." એ દિશની ઘણીક વાર્તા કરી. પછી આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ભુજ જાઓ અને રવજીને આંઈ મોકલજો; અને આંઈ ન આવે તો તે સત્સંગમાં નહીં."

અને મહારાજે **કુંડળ**માં થોટ ઉપાડી ત્યાંથી રવજીને સમાધિ તો ટળી ગઈ ને મોર હતો, તેવોય ન રહ્યો. પછી બહુ મઉ(રાંક; ઓશિયાળો) થયો, ત્યારે ગોંડળમાં મહારાજ પાસે આવ્યો, ને કહ્યું જે, "મહારાજ, ભૂલ આવી !" પછી મહારાજે કાળાતળાવે હરભમ સુતાર ઉપર કાગળ લખ્યો જે, "એને બળદ લઈ દેજો, ને રહેવા સારુ ખોરડું કરી આપજો." તે રવજી કાળેતળાવ રહેતો ને મહારાજ પણ કાળેતળાવ આવતા. તે આ પ્રથમની વાત પ્રસંગને અર્થે અહીં કહી છે. ॥૫૯॥

## ૬૦. વચનલોપથી રવજી સુતારને દુઃખ ઘેરી વળ્યું

અને મહારાજ તો ત્યાં કાળાતળાવ જ હતા અને એક દિવસ રવજી મહારાજને જમવા સારુ રસોઈ કરવાને સારુ પોતાના ભાઈને ઘેર સીધું દેવાને જાતો હતો. ત્યારે મહારાજ તેની સામું જોતા હતા અને પાછો આવ્યો ત્યારે જોઈ રહ્યા. પછી મહારાજે કહ્યું જે, "એને તો પ્રભુ નથી સાંભરતા." એમ કહીને પછી મહારાજ બોલ્યા જે, "રવજી !" ત્યારે તેણે કહ્યું જે, "શું કહો છો મહારાજ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ઓરા આવો."

ત્યારે તે મોઢા આગળ આવીને બેઠો. ત્યારે મહારાજે કહ્યું જે, "તમને પ્રભુ સાંભરે છે કે નથી સાંભરતા ?" ત્યારે રવજી બોલ્યો જે, "કોઈક દિવસ સાંભરે છે." પછી મહારાજે કહ્યું જે, "જુઓ છોને, **પોતે બ્રહ્મમહોલમાં જાતા ને બીજાને તેડી જાતા એવા હતા, પણ જો વચન ઉલ્લંઘન કર્યું તો પ્રભુ વિસરી ગયા.**" તે દિશની ઘણીક વાર્તા કરી.

પછી મહારાજે કહ્યું જે, "રોટલાનું કેમ કરો છો ?" પછી રવજી કહે, "વેલો ઊઠું તો રોટલા કરી ખાઉં, નહીંતો સાંતી હાંકવા જાઉં ત્યારે ટાઢો રોટલો બાંધી જાઉં ને કોઈ દિવસ આળસ થાય તો અમથો જાઉં; તે સાંજે આવીને ખાઉં."

પછી મહારાજે કહ્યું જે, "રોટલા કરવાવાળી આવી છે કે નહીં ?" ત્યારે રવજીએ કહ્યું જે, "એ તો એના બાપને ઘેર ગઈ છે. અને હોય તોપણ હું કહું જે રોટલા કરો, ત્યારે ખીચડી કરે અને ખીચડી કર, એમ કહું તો રોટલો કરે; અને હું કહું જે કાંઈ દાળ-શાક કરીએ નૈ ? ત્યારે તે એમ કહે જે, નિઃસ્વાદી વર્તમાન શાનું પાળો છો ?"

પછી શ્રીજીમહારાજ બહુ હસ્યા અને એમ કહ્યું જે, "એ તો તુને ગુરુ મળી. ને હવે અમે કોઈક દિવસ તારી સ્ત્રી ભેળા થશું તો તેને

કહેશું જે, 'હવે અમે રવજીને પરમહંસ કરી મેલશું, તેથી તે તમને કોઈ દિવસ નહીં સંભારે."

પછી મહારાજ બોલ્યા જે, "મોરે તમે સત્સંગમાં ફરતા ત્યારે જમ્યાનું કેમ કરતા ?" ત્યારે કહ્યું જે, "સવારમાં તો મોતૈયા, જલેબી, દૂધપેંડા તેનું ટીમણ કરતા. ને પછી મધ્યાહ્ને હરિભક્તને ઘેર જમવા જાતા, ત્યાં પાકી રસોઈયું થાય તે પાક, શાક, અથાણા એ રીતે જમતા. અને સાંજે દૂધ, સાકર ને ચોખા એ રીતે જમતા."

પછી મહારાજે કહ્યું, "જુઓને, ખાવાનું આવું સુખ હતું, તે પણ ન રહ્યું." અને એ દિશની ઘણીક વાત કરી. પછી મહારાજ જમવા પધાર્યા અને જમીને પછી શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર પોઢી ગયા. ॥૬૦॥

## ૬૧. વૃક્ષ નીચે પડેલ ફળ લેવામાં પણ શ્રીહરિનો વિવેક

પછી બીજે દિવસ ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, અને સભા ભરાઈને બેઠી હતી. પછી સાધુની મંડળી આવી તથા મૂળજી બ્રહ્મચારી આવ્યા. તે સાધુએ મહારાજની આગળ કેરી મેલી. ત્યારે મહારાજે કહ્યું જે, "આ કેરી છોલી લાવો." ત્યારે મૂળજી બ્રહ્મચારી કેરી લઈને ચાલ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "પાછા આવો." એમ કહીને સાધુને કહ્યું જે, "આ કેરી તમે ક્યાંથી લાવ્યા ?" ત્યારે સાધુ બોલ્યા જે, "અમે મોથારે રાત હતા, તે આંબા તળે સુતા હતા, તે સવારમાં પડી ભાળી તે લીધી."

પછી મહારાજે હરિભક્તને પૂછ્યું જે, "યાં કેરીની છત ખરી ?" ત્યારે સર્વે હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! યાં તો કોઈક ગામમાં ક્યાંઈક આંબો હોય." ત્યારે મહારાજે કહ્યું જે, "યાં કેરી લેતા ભાળ્યા હોય તો ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "એ તો મારે." ત્યારે મહારાજે કહ્યું જે, "આ તો ચોરીની કેરી, તે ન ખપે." પછી મહારાજ બોલ્યા જે, "છોલી લાવો, આ તો પ્રથમ ચોરી કરવા શીખે છે, માટે પ્રથમની

ચોરીનું થોડું પાપ હોય." પછી મહારાજ કેરી જમ્યા અને પછી એમ વાત કરી જે, "કેરીની જ્યાં છત હોય અને સૂઝે તે લે પણ કોઈની બંધી ન હોય; ને જેમ કોઠાનું રખોપું નથી, તેમ કેરીનું જ્યાં રખોપું ન હોય; ત્યાં કેરી લેવી." ॥૬૧॥

## ૬૨. હડમતિયાના બાઈનો શ્રીહરિમાં દૃઢ પ્રેમ

પછી મૂળજી બ્રહ્મચારી કાગળ લાવ્યા હતા, તે કાગળ મહારાજે વાંચ્યો. તે મહારાજ ઉપર કાગળમાં બાઈએ એમ લખ્યું હતું જે, "તમે પરણીને જાઓ, ત્યાં હું એક વાર આવીશ; એવો તમે કોલ દીધો હતો, તે આવ્યા નહીં. હવે મારો વાંક કાઢતા નહીં." પછી મહારાજ બોલ્યા જે, "દેહ નહિ રાખે, માટે દેહ રાખે એવો લાવો કાગળ લખીએ." એમ કહીને મહારાજે કાગળ લખ્યો જે, "અમે કોલ દીધો ને ન આવ્યા એ અમારી ભૂલ, પણ હમણાં તો રાજકોટ મૂળજી બંધિયાવાળા તેની બોન લખુબા તે કર્મજોગીનાં વર્તમાન પાળે છે, તેમ તમે પણ કર્મજોગીનાં વર્તમાન પાળશો, ને તે વાતને સાંભળશું ત્યારે અમે આવશું."

પછી સાધુ બોલ્યા જે, "દેહ નહિ રાખે." ત્યારે મહારાજે એમ કહ્યું જે, "અમારા હરિભક્ત હોય તે એકલા ન ચાલે, દિવસ આથમ્યા કેડ્યે ઘર બાર ન નીસરે ને આત્મઘાત ન કરે." એવી રીતની ઘણીક વાત કરીને કાગળ લખીને હડમતિયે મોકલ્યો. બીજો એક કાગળ વિસનગર મોકલ્યો જે, "કાગળમાં કહ્યું તેમ ભજનમાં બેસજો." ॥૬૨॥

## ૬૩. રવજી સુતારને શ્રીહરિએ નિયમ આપ્યું

અને પછી રવજીને એમ કહ્યું જે, "વગડામાં જે દિવસ રાત રહો તે દિવસ રાતે તમારે ધ્યાનમાં બેસવું અને જે દિવસ ઘેર રહો તે દિવસ રાતે કથા કરવી અને સર્વે બાઈભાઈ સાંભળે એવી રીતનો અભ્યાસ રાખજો."

પછી મહારાજ ગાડા હેઠે બેસવાનું કરતા હતા. ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હેઠે ગરમી બહુ છે, માટે ગાડા ઉપર આવો તો વાયરો સારો આવે." પછી મહારાજ ગાડા ઉપર ગાદલું નંખાવીને બેઠા અને આત્માનંદસ્વામીને બીજા ગાડા ઉપર સાદડી નાંખી દીધી, તે ઉપર બેઠા. અને મહારાજે કહ્યું જે, "પ્રગટની વાતુ કરો." પછી મેં વાતુ કરી. ।।૬૩।।

## ૬૪. તેરામાં શ્રીહરિની લીલા તથા સંતોને જ્ઞાનોપદેશ

### ❋ ભક્તોના આગ્રહથી શ્રીહરિ ગામ તેરા પધાર્યા :

અને બીજે દિવસ પરોઢિયે મહારાજ પોઢ્યા હતા અને તેરાના હરિભક્ત કીર્તન ગાતા આવતા હતા. તે સાંભળીને મહારાજ બેઠા થયા ને એમ બોલ્યા જે, "કોણ કીર્તન ગાય છે ?" ત્યારે પ્રાગજીએ કહ્યું જે, "તેરાના હરિભક્ત આવવાના હતા, તે આવ્યા હશે."

પછી હરિભક્ત આવ્યા, તે મહારાજને પગે લાગીને બેઠા. પછી કહ્યું જે, "અમારે ગામ ચાલો." પછી મહારાજ બોલ્યા જે, "તમારે ગામ તો તો ચાલીએ જે અમારી ગાંઠનું ખાવા દ્યો તો આવીએ, શા માટે જે અમારી પાસે માણસ બહુ આવે તથા સાધુ આવે, તે ખરચ બહુ થાય, માટે ગાંઠનુ સીધું લઈએ તો ઠીક પડે." ત્યારે હરિભક્તો બોલ્યા જે, "સૂઝે એટલા હરિભક્ત તથા સાધુ તે ભલે આવે, પણ કઠણ નહિ પડે." પછી બહુ તાણ કરી ત્યારે મહારાજે કહ્યું જે, "એક ટંક તમારે ત્યાં જમશું અને એક ટંક અમારી ગાંઠનુ કરાવશું." પછી સૌએ હા પાડી. પછી રસોઈ થઈ તે મહારાજ જમીને **તેરે** પધાર્યા.

### ❋ તેરામાં શ્રીહરિના દર્શને એક મુક્ત આવ્યા :

પછી મહારાજ ધનજી સુતારને ઘેર ઊતર્યા અને સાધુ સાધુની ઓરડીએ ઊતર્યા. પછી બીજે દિવસ સાધુ ઝોળી માગીને જમ્યા. ત્યાં એક મુક્ત અતીતને વેશે આવ્યો. તે હાથમાં રામપાતર છે, એવો થકો

આવીને ઊભો રહ્યો. પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અમે જમી રહ્યા ને જરાક વહેલા આવ્યા હોત તો વેંચી ખાત." પછી ડુંગરજી બોલ્યો જે, "લંગોટા, આંઈ શું ધર્યું છે ?" એમ કહ્યું તોપણ એ તો ખસ્યો નહીં. ત્યાં મહારાજ આવ્યા. તે મહારાજ સામું એણે જોયું. અને મહારાજે પણ એની સામું જોયું. પછી દર્શન કરીને ચાલી નીસર્યો.

પછી મહારાજે કહ્યું જે, "કેમ વઢતા હતા ?" પછી મેં કહ્યું જે, "હું તો કાંઈ વઢતો ન હતો. મેં તો એમ કહ્યું જે, 'અમે જમી ઊઠ્યા' અને ડુંગરજી કાંઈક બોલ્યો." પછી મહારાજે કહ્યું જે, "તમને કોઈ ઓળખે ?" ત્યારે મેં કહ્યું જે, "ના, અમને કોણ ઓળખે ?" પછી મહારાજે કહ્યું જે, "તમને કોઈ ન ઓળખે, તેમ તમે એને ઓળખો નહીં." પછી મહારાજ ઉતારે પધાર્યા.

### ❋ નિર્વાસનિક થવા મહેનત કરનાર પર શ્રીહરિનો રાજીપો :

પછી બ્રહ્માનંદસ્વામી આવ્યા અને સાધુ તો ઘણા ભેળા થયા. અને મહારાજ ધનજીને ઘેર પ્રાગજી પાસે કથા કરાવતા. અને મહારાજ એક સોપારી રાખતા, ને જે ઊંઘે તેને તે સોપારી મારતા. અને વિશલનગરનો કાગળ આવ્યો. તેમાં એમ લખ્યું હતું જે, 'મહારાજ તમે કાગળ મોકલ્યો હતો, તે કાગળ વાંચીને સૌ હરિભક્ત ભજનમાં બેઠા. તે બાઈ-ભાઈને બહુ સમાધિ થઈ.' તે વાત સાંભળીને એક સાધુના મનમાં સંકલ્પ થયો જે, 'છોકરા ખોળામાં ઝાડે ફરે છે અને મૂતરે છે, તેને સમાધિ થાય છે. અને અમે પિંડ-બ્રહ્માંડનો નિર્ણય કરીએ છીએ, તેને નથી થાતી.'

ત્યારે મહારાજ બોલ્યા જે, "જુઓને, બેઠા બેઠા મનમાં સંકલ્પ કેવા કરે છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "ખરું જ તો." ત્યારે મહારાજ બોલ્યા જે, "એણે મોરે પુરુષપ્રયત્ન કર્યો, તેમાં કાંઈક કસર રહી છે, તે માટે દેહ ધર્યો છે અને થોડીક મહેનત કરી એટલે સમાધિ થઈ છે. કાંતો, એ ગૃહસ્થ છે, તે એ નવરાં નથી, માટે એને ભગવાનની કૃપાથી

સમાધિ થઈ. અને તમે તો નવરાં છો તે તમારી પાસે મહેનત કરાવવી છે અને મહેનત કરીને નિર્વાસનિક થાશો તે દિવસ સમાધિ થાશે. કાં જે કોઈ ધણીનો ધણી છે ? (ને સંકલ્પ કરો છો) જે, એને સમાધિ થઈ ને આને ન થઈ, તે શું કોઈના અંતર્જામી છો ? ને એ પૂર્વેના સંસ્કારી હશે તો તમે કોઈ ઓળખો છો ? અને **અમને રામચંદ્ર જેવા જાણતા હો તો હનુમાનના જેવું વચન માનવું જોશે; અને જો શ્રીકૃષ્ણ જેવા જાણતા હો તો ગોપિયુંના જેવું વચન માનવું જોશે; અને જો એમ ન જાણતા હો, તો તેને અમે કહેતા નથી.**"

### ✵ વિશ્વચૈતન્યાનંદસ્વામી મરજી વિન દર્શને આવ્યા :

પછી વિશ્વચૈતન્યાનંદસ્વામીને કહ્યું જે, "દેહપર્યંત સુરતમાં રહેવું, એમ અમે કહ્યું હતું, તે તમે કેમ આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, "અમને તો સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, દર્શને જાઓ." ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું કે તમે કહ્યું જે, 'હમકુ દર્શને મોકલો ?' તે તો વચન માન્યું ન કહેવાય, એ તો મનાવ્યું કહેવાય." એ દિશની વાત કરી.

### ✵ આત્માનું અભિમાન તો રાખવું :

પછી ગોવિંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, ઉપવાસ કઠણ પડે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે સ્ત્રી અડી જાય તોય ઉપવાસ ન કરવો." ત્યારે ગોવિંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારે તો કાંઈ નહીં, એ તો નૃસિંહાનંદસ્વામી કહેતા હતા." ત્યારે મહારાજે કહ્યું જે, "એમનેય મોકળ ને તમનેય મોકળ છે. અડી જાય, બોલી જવાય તોપણ મોકળ છે."

એમ કહીને બોલ્યા જે, "ઢુંઢિયા બેબે માસના ઉપવાસ કરે છે અને તમને એક દિવસ ઉપવાસ કરવો કઠણ પડે છે ?" ત્યારે સાધુ બોલ્યા જે, "એ તો દેહાભિમાની છે, તે કરે છે." ત્યારે મહારાજે કહ્યું જે,

"તમારે નારદ-સનકાદિકનું અભિમાન નથી ? તથા આત્માનું અભિમાન નથી ?" એ દિશની ઘણી વાત કરી.

**✵ ભજન કરનારે પ્રથમ આસન જીતવું :**

પછી વળી એક દિવસ મહારાજે કહ્યું જે, "કેમ ભજન કરો છો ?" ત્યારે સૌએ કહ્યું જે, "હે મહારાજ ! 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ' કરીએ છીએ." ત્યારે મહારાજ કહે, "અમને કરી દેખાડો." પછી સૌને મોઢા આગળ બેસાડ્યા અને મહારાજ બાજોઠ ઉપર બેઠા. અને મોરના પીંછાની એક ચમરી હાથમાં લઈને બેઠા, ને કહ્યું જે, "અમારી સામું જોઈ રહો ને મટકું મારશો મા." ત્યારે સાધુ એક નજરે જોઈ રહ્યા. તે આંખમાં ને નાકમાં પાણી ચાલ્યાં, ત્યારે મહારાજે હાકલ કરી જે, "મર ફૂટી જાય." એવી રીતે કેટલીક વાર બેસાડ્યા.

પછી મહારાજ કહે, "ઊઠો, શું ભજન કરશો ? કેમ જે હજી તો આસન સ્થિર નથી, માટે આસન જીતો. અને જ્યારે આસન સ્થિર થાશે ત્યારે ભજન એની મેળે થાશે. માટે ભજનમાં બેસવું ત્યારે સિદ્ધ આસને બેસવું, તથા જમવા બેસવું તથા કથા કરવા બેસવું તથા વાત કરવા બેસવું ત્યારે સિદ્ધ આસને બેસવું." તે દિશની ઘણીક વાર્તા કરી.

**✵ જેઠા બ્રહ્મચારીની થાળ બનાવવામાં બેદરકારી :**

અને વળી એક દિવસ જેઠા બ્રહ્મચારીએ મહારાજ સારુ રસોઈ કરી. તે ઘઉંની રોટલી કરી ને તાંદળજો સવારમાં સુધારીને મૂક્યો હતો, તે તેમાં કીડિયું ઘણી ભરાઈ રહી હતી, તે પાધરો વઘાર્યો. તે પછી મહારાજ આરતી કેડે જમવા પધાર્યા. પછી આસન નાંખ્યું, તે ઉપર બેઠા અને થાળીમાં રોટલી મેલી અને તાંસળીમાં ભાજી મેલી. પછી મહારાજે કહ્યું જે, "દીવો ઢૂંકડો લાવો." ત્યારે દીવો ઢૂંકડો લાવ્યા. પછી મહારાજે તાંસળીમાં જોયું ને બોલ્યા જે, "આ શાક તો બ્રહ્મચારી જમે તેવું છે." પછી મહારાજને સારુ હરિભક્ત શાક લાવ્યા, તે મહારાજ જમ્યા.

### ✵ શ્રીહરિ અને બ્રહ્મમુનિ વચ્ચે રમૂજ :

પછી એક દિવસ એક બાઈએ મહારાજને અર્થે મીઠાઈ મોકલી. તે બ્રહ્માનંદસ્વામીને કહેવરાવ્યું જે, "મહારાજને જમાડે." પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "આ મીઠાઈ જમો." ત્યારે મહારાજે કહ્યું જે, "જમાડો, ક્યાં જમવાવાળો નથી ? જ્યાં જમાડશો ત્યાં જમશે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "ઠોર ઠોર આવો જમવાવાળો હોય ? અને કાંઈ ઠોર ઠોર એવો સમાસ કરવાવાળો હોય ?"

ત્યારે મહારાજ કહે, "કેમ ન હોય ? આ થાંભલી સમાસ કરે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, "થાંભલીભાઈ ! કાંઈક જીવનું કલ્યાણ થાય એવું કહો." પછી મહારાજ સામું જોઈને બોલ્યા જે, "લ્યો, થાંભલી કાંઈ બોલે છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો બોલે છે, પણ તમે સમજતા નથી." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "બોલ્યા વિના કેમ સમજાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, **"આ થાંભલી એમ કહે છે, 'જે તમારે કલ્યાણનો ખપ હોય તો મારી સ્થિતિનું ગ્રહણ કરો."** એવી રીતની વાત કરી.

પછી મીઠાઈ હતી, તે જમ્યા. પછી સાધુને વેર્યા. અને આત્માનંદસ્વામીને કહ્યું, "તમે ચાર પરમહંસ મોરબી જાઓ." ત્યારે મૂળુલંઘે કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામી જાય તો ઠીક." ત્યારે મહારાજ કહે, "બ્રહ્માનંદસ્વામી શું કરશે ? વાત તો વર્તમાન કરશે. માટે તમે જાઓ." ॥૬૪॥

## ૬૫. આધોઈમાં કરણીબાએ શ્રીહરિ અને સંતોને ખૂબ જમાડ્યા

અને વળી એક સમે આધોઈમાં રાયધણજીની ભોજાઈ કરણીબાએ મહારાજને કહ્યું જે, "આજ સાધુને ઝોળીએ જાવા દેશો મા, અમારે જમાડવા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુને ઝોળીએ જાવા દ્યો, એ ઠીક છે. નૈ તો સાધુ ભૂખ્યા રહેશે તો બજારમાં જઈને પેટ કૂટશે

ને એમ કહેશે જે રાયધણજીને ઘેર નોતરું દઈને ભૂખે માર્યા." ત્યારે બોલ્યા જે, "ભૂખ્યા રહે ત્યારે કહેજો."

પછી રસોઈ કરી, તે તૈયાર થઈ ને સાત કે આઠ સાધુ અને મહારાજ જમવા બેઠા. અને સાધુને મહારાજે કહ્યુંજે, "તમારે ના પાડવી નહીં, જે આલે તે લેવું." પછી બાઈ પીરસે છે અને મહારાજ ને સાધુ જમે છે. તે જમતે જમતે રસોઈ તો આવી રહી(ખૂટવા આવી). ત્યારે તે બાઈ કહે જે, "મારા પીટ્યા કોઈ ના પાડતા નથી." ત્યારે મહારાજ કહે, "હવે બજારે જઈને પેટ કૂટશે અને કહેશે જે રાયધણજીને ઘેર નોતરું દઈને ભૂખે માર્યા." ત્યારે તે બાઈ કહે જે, "નો હોય ત્યારે કહે ને ?" ત્યારે મહારાજ કહે, "(હોય તો) લાવોને." ત્યારે રાયધણજીએ કહ્યું જે, "કહોને અમે હાર્યા." પછી બાઈ પાડોશણને ઘેરથી ઘીનું ભર્યું ઠામ ઉછીનું લાવ્યા. પછી મહારાજ હસ્યા જે, "અમે પારકા ઘરનું માગેલું નથી જમતા." એમ કહીને બહુ હાસ્ય-વિનોદ કર્યો, તે કેટલો લખીએ. ॥૬૫॥

## ૬૬. માંડવી ગામમાં શ્રીહરિએ કરેલી વિવિધ લીલા

### ❋ યોગીરૂપે આવેલ મુક્તનું શ્રીહરિએ પૂજન કર્યું :

અને વળી એક સમે મહારાજ **માંડવીએ ચાંપસી સુતાર**ને ઘેર રે'તા અને બીજું એક ઘર હતું, તેમાં સાધુ ઊતરતા. અને પછી આત્માનંદસ્વામી આવ્યા. તે મહારાજ સાધુ રહેતા હતા, ત્યાં બાજોઠ ઉપર બેઠા હતા, ત્યાં જઈને પગે લાગ્યા. પછી મહારાજ કહે, "ભૂખ્યા છો ?" ત્યારે મેં કહ્યું જે, "હા મહારાજ !" ત્યારે મહારાજે રોટલા મગાવ્યા, તે અમે જમ્યા. પછી મહારાજ કહે, "અમે વેદાંત સાંભળવા જાઈએ છીએ, તે સાંજના આપણે જાશું." ત્યાં તો એક બાઈ મહારાજને અર્થે પૂજા લાવી. તે એક મીઠાઈની માટલી તથા ચંદનનો કટોરો તથા હાર તથા ગુલાલ લાવી. પછી મહારાજ કહે, "હમણા મૂકો. ઘડી એક કેડે પૂજા કરાવશું." પછી બાઈ તો પૂજાનો સામાન મૂકીને ગઈ.

ત્યાર પછી એક મુક્ત જોગીને વેશે આવ્યો. તે આવીને બોલ્યો જે, "ભેજના અલ્લાહકે નામ હાજર હોય તો." પછી મહારાજ કહે, "આવો." ત્યારે તે મહારાજના મોઢા આગળ આવીને બેઠો. પછી મહારાજે કહ્યું જે, "અમારે અર્થે પૂજાનો સામાન આવ્યો છે, તે લાવો."

પછી સાધુએ લાવીને સોંપ્યો. પછી મહારાજે મીઠાઈની માટલી હતી, તે ઝોળીમાં ઠાલવી દીધી. પછી તે જમવા માંડ્યો. પછી મહારાજે બે હાર પહેરાવ્યા. પછી ચંદનનો કટોરો હતો, તે માથા ઉપર ઊંધો વાળ્યો. પછી ગુલાલનો ભરેલો લોટકો(માટીનો નાનો ઘડો) તે પણ માથા ઉપર ઊંધો વાળ્યો. તે બધે શરીરે અને ઝોળીમાં બધે ગુલાલ ગુલાલ થઈ ગયો. પછી મહારાજ કહે, "જાઓ, ફરી આવશો મા. અમે રમતા રામ છીએ."

### ✵ શ્રીહરિએ વેદાંતી ખૈચા ખત્રીને જીત્યો :

પછી સાંજના મહારાજ સાધુએ સહિત ચાલ્યા જતા હતા. પછી મારગમાં ગોસાંઈજીનું મંદિર આવ્યું. અને ત્યાં સંધ્યા આરતી થતી હતી, ત્યાં મહારાજ ગયા. અને આરતી થઈ ત્યાં સુધી ઠાકોર સામા ઊભા રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે વેદાંતની કથા થતી હતી ત્યાં ગયા. પછી મહારાજને જોઈને કથા વાંચતા રહી ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "વાંચો." ત્યારે તે બોલ્યા જે, "પ્રશ્ન-ઉત્તર કરો." ત્યારે મહારાજે કહ્યું જે, "સર્ગ પૂરો કરો, પછી પ્રશ્ન-ઉત્તર કરશું."

પછી વશિષ્ટસારનો સર્ગ પૂરો થયો. પછી વેદાંતીએ પ્રશ્ન કર્યો. તે પ્રશ્નમાં મહારાજે દોષ દેખાડ્યો. પછી વેદાંતીએ એક બીજાને વાર્યા જે, આપણને તો પૂછતા ન આવડ્યું. પછી મહારાજે જાણ્યું જે, "એ તો દબાઈ ગયા, તે હવે નહીં બોલે." એમ જાણીને રાણસુર ભક્તને કહ્યું જે, "કીર્તન બોલો." પછી ભક્ત બોલ્યા જે,

એક વાર આવો રે હરિ મારા નેહડે રે,
નહિ આવો તો નંદબાવાની આણ.

એ કીર્તન બોલ્યા. પછી ખૈયે પૂછ્યું જે, "કોણ કહે છે જે, આવો મારે નેહડે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ગોવાળ ને ગોપિયું શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે જે, અમારે નેહડે આવો." ત્યારે ખૈયો બોલ્યો જે, "એ તો મોરની વાત છે, પણ હમણા કોણ કહે છે કે, અમારે નેહડે આવો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "આજે ભગવાનનો અવતાર હશે, તેના જે ભક્ત હશે, તે જે ગામમાં રહેતા હશે, તેને નેહડો કહે છે અને તે ભગવાનને એમ કહેતા હશે જે, અમારે ગામ આવો."

ત્યારે ખૈયો ખત્રી બોલ્યો જે, "તે તો નંદજીના દીકરા હતા, પણ આજ ભગવાન કેના દીકરા છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આજ ધર્મના દીકરા છે." ત્યારે ખૈયો બોલ્યો જે, "શ્રીકૃષ્ણે ગોવર્ધન તોળ્યો હતો, તે આજ ગોવર્ધન તે શું ? તથા ઈન્દ્ર તે શું ? તથા ઈન્દ્ર કોપ્યો જે બહુ વરસાદ કર્યો, તે વરસાદ તે શું ? અને વરસાદના પાણીને સૂકવી નાંખ્યું, તે ચક્ર તે શું[૧] ?"

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ગોવર્ધન તે કામ; તે જે ભગવાનને આશરે આવ્યા, તેને ભગવાન સહાય છે, તેથી તેને કામરૂપ ગોવર્ધન નથી પીડતો. અને ઈન્દ્ર તે મતપંથરૂપે છે. અને જેમ ઈન્દ્ર કોપ્યો તે પાણી વરસ્યું, ત્યારે ચક્રે તે પાણીને સૂકવી નાંખ્યું; તેમ મતપંથી હજારો વચન કહે છે, ત્યારે ભગવાનનો ભક્ત એક વચન બોલે, એ ચક્ર છે. તેનાથી એનાં બધાં વચન ખોટાં થઈ જાય."

ત્યારે ખૈયો બોલ્યો જે, "તે દિ તો કૃષ્ણનું ભજન કરતા અને આજ શું નામ લઈને ભજન કરતા હશે ?" ત્યારે મહારાજ બોલ્યા જે,

૧.ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત તોળ્યો ત્યારે બધા ગોકુળવાસી તેની નીચે આવી ગયા, પણ પર્વત ઊંચો કરવાથી તેની નીચે થયેલ નીચાણવાળા ભાગમાં બહુ પાણી ભરાયું, ને બધા ડૂબવા લાગ્યા, ત્યારે ભગવાને સુદર્શન ચક્ર દ્વારા તે પાણી સૂકવી નાખ્યું.

"નારાયણ નારાયણ' ભજન કરતા હશે કે સ્વામિનારાયણનું ભજન કરતા હશે."

ત્યારે ખૈયે કહ્યું જે, "સ્વામિનારાયણ વાર્તા કરે છે, તે કાંઈ સમજ્યા ?" ત્યારે બીજા બેઠા હતા, તે બોલ્યા જે, "સ્વામિનારાયણ બ્રહ્મની જ વાત કરે છે. તે આપણને મળતી આવે તેને માનવી." ત્યારે ખૈયે કહ્યું જે, "મુને તમે કેવો જાણો છો ?" ત્યારે તે કહે, "તું તો પર્વત જેવો ! કોઈનો ડગાવ્યો ડગે નહીં." ત્યારે ખૈયે કહ્યું જે, "પર્વત તો ડગ્યો, જે આજથી મારે તો હેકડો 'સહજાનંદ સહજાનંદ' કર્યા કરવો છે."

ત્યારે એક હેમો વાંઝો બોલ્યો જે, "મુને પણ જણાય છે જે, કોઈ મોટા તો ખરા." ત્યારે ખૈયો બોલ્યો જે, "આ એક બીજો પાણો ડગ્યો." પછી મહારાજ તો ત્યાંથી ઊઠ્યા ને ઊભી શેરીએ હસતાં હસતાં ચાલ્યા. પછી એમ બોલ્યા જે, "ભારે રાક્ષસને પાડ્યો." ને હસતાં હસતાં ઉતારે ગયા. તે આવીને ઢોલિયા ઉપર આડે પડખે થયા.

અને ભગવાનજી સુતાર આગળ વાત કરી જે, "ભગવાનજી, આજ તો ભારે રાક્ષસને પાડ્યો ને બહુ થયું અને હજુ બહુ તો કાલ થાશે." ત્યારે ભગવાનજીએ કહ્યું જે, "એમાં તમારે શું આશ્ચર્ય છે ? તમે તો એવા અનંત રાક્ષસને પાડો." પછી મહારાજ હસતાં હસતાં પોતાને ઉતારે પધાર્યા અને પછી ઢોલિયા ઉપર પોઢી ગયા.

**❋ માંડવીમાં ઘાંચી પર શ્રીહરિની કૃપા :**

અને વળી સવારમાં દિવસ ઊગતાં મોર સાધુને ઉતારે મહારાજ આવ્યા. તે સાધુએ ઓસરીએ આસન નાંખી દીધું. ત્યાં દાતણ કરવા બેઠા. ત્યાં ઓસરી હેઠે ઊંટ ઘાણીએ ફરતો હતો. ત્યારે મહારાજે ઘાંચીને કહ્યું જે, "તારો ઊંટ તો ભૂખ્યો દેખાય છે." ત્યારે ઘાંચી બોલ્યો જે, "હા મહારાજ ! આજ હું ચાર નીરવી ભૂલી ગયો. દાડી નીરતો પણ આજ ભૂલી ગયો." પછી મહારાજે કહ્યું જે, "એ રોટલો

ખાય કે નહીં ?" ત્યારે ઘાંચીએ કહ્યું જે, "રોટલો તો અમે નથી ખવરાવ્યો, અને ખોળ તો ખાય છે."

પછી મહારાજે રોટલા મગાવ્યા અને બેવડ-ચોવડ કરીને દીધો, તે ઝટ ખાઈ ગયો. ત્યારે મહારાજે કહ્યું જે, "લે, આ તો રોટલા ખાય છે." પછી એક ઝોળી રોટલાની હતી, તે ઘાંચીને આપ્યા, તે ઘાંચીએ ખવરાવ્યા. પછી મહારાજે કહ્યું , "એને પાણી પા." ત્યારે તેણે પાણી પાયું. પછી મહારાજે કહ્યું જે, "એને મધ્યાહ્ન સુધી નિરાંત થઈ."

પછી મહારાજે ઘાંચીને કહ્યું જે, "તમે નિત્ય સાંજના ક્યાં જાઓ છો ?" ત્યારે તેણે કહ્યું જે, "કાજી(ઇસ્લામી વિદ્વાન) પાસે જઈએ છીએ." પછી મહારાજે કહ્યું જે, "કાજી તમને શું કહે છે ?" ત્યારે તેણે કહ્યું જે, "અમને કલમા(કુરાનના મંત્ર) સંભળાવે છે." ત્યારે મહારાજ સાધુ સામું જોઈને બોલ્યા જે, "કોઈને કલમા આવડે છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "મુને આવડે છે."

ત્યારે મહારાજે ઘાંચીને કહ્યું જે, "આવો અમે તમને કલમા સંભળાવીએ." ત્યારે ઘાંચી ને એની સ્ત્રી ને દીકરી એ ત્રણેય આવીને મહારાજના મોઢા આગળ બેઠાં. પછી મહારાજે મને કહ્યું જે, "હવે તમે બોલો." પછી હું પંચ કલમા બોલ્યો, ત્યારે તે ઘાંચી બોલ્યો જે, "તમારા ફકીરકુ પંચ કલમા આતે હૈં !" પછી તો તે કલમાની મહારાજે બહુ વાત કરી. પછી એની દીકરીને તો સમાધિ થઈ ગઈ.

**❋ શ્રીહરિએ શિવલિંગ પર અભિષેક કર્યો :**

પછી મહારાજ ને સાધુ ના'વા ગયા. પછી કૂવે નાયા અને ત્યાં એક શિવ છે. પછી ત્યાં એક બાળક હતો, તેણે કહ્યું જે, "તમે સૌ નાહ્યા પણ શિવને કોઈએ ન નવરાવ્યા." ત્યારે મહારાજે કહ્યું જે, "લે તારા શિવને નવરાવીએ." પછી મહારાજે શિવને નવરાવ્યા.

**✵ શ્રીહરિ ગરીબ મેઘજી ભગતને ઘેર થાળ જમ્યા :**

પછી મહારાજ ને સાધુ નાહીને આવતાં હતા, ત્યાં દરવાજે સિપાઈએ રોક્યા જે, "શહેરમાં નહિ જવાય." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારા સાધુ ધન-સ્ત્રીને અડે નહીં અને અગ્નિને અડે નહીં. લાકડાં રાખે નહીં ને લીલું દાતણ તોડે નહીં." ત્યારે સિપાઈએ કહ્યું જે, "તમે કહ્યા સો ઠીક હૈ, પણ યાં નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારી પોથી, ઝોળી એ આદિક સામાન પડ્યો છે." ત્યારે તે કહે જે, "તે તો મર પડ્યો, પણ શેઠકી(ગામના શાહુકારની) આજ્ઞા નહીં." પછી મહારાજે કહ્યું જે, "અમારે સારુ ગૃહસ્થને ઘેર રસોઈ કરી છે, તે બગડશે." ત્યારે સિપાઈ કહે, "મર બગડે, પણ યાં નહીં."

પછી મહારાજ ને સાધુ બીજે દરવાજે ગયા, ત્યાં પણ સિપાઈ આડો ફર્યો, ત્યારે મહારાજે એનીએ વર્તમાનની(સામાન ગામમાં પડ્યો છે, વગેરે વર્તમાન પરિસ્થિતિની) વાત કરી. ત્યારે તે કહે જે, "તમારા એક જણને મેલો તે સામાન લઈ આવે, પણ સબ નહીં." પછી મહારાજે રાણસુર ભક્તને મોકલ્યા જે, "સામાન લઈને ડોણને દરવાજે આવજો."

પછી મહારાજ ને સાધુ ફરતાં ફરતાં ડોણને દરવાજે આવ્યા. પછી દરવાજાથી મોકળા(છેટા) બેઠા. પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે જાઓ, જુઓ કોઈ બોલે છે ?" પછી હું તો થોડેક દૂર જઈને પાછો આવ્યો અને કહ્યું જે, "મુને તો કોઈ બોલ્યો નહીં." ત્યારે મહારાજ કે, "ચાલો." ત્યારે સૌ ચાલ્યા, તે હાથ બે-ત્રણ ચાલ્યા, ત્યાં રાણસુર ભક્ત સામાન લઈ સામા આવ્યા.

પછી મહારાજે કહ્યું જે, "ચાર જણનું અમે નોતરું માન્યું છે, માટે આત્માનંદસ્વામી, ચિદ્રૂપાનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી એ ત્રણ અમારી સાથે રહે અને બીજા સર્વે ડોણને મારગે ચાલો. અને અમે

જમીને આવશું; શા માટે જે, એને ઘેર અમે કોઈ દિવસ જમ્યા નથી, માટે એની રસોઈ બગડી જાય."

પછી બીજા સાધુ તો ડોણને મારગે ચાલ્યા. અને મહારાજ ખૈયાને ઘેર આવ્યા, ને ખૈયાની માને કહ્યું જે, "ખૈયો ક્યાં ગયો છે ?" ત્યારે તેણે કહ્યું જે, "શેઠ બજારે ગયા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "આવે ત્યારે મેઘજીને ઘેર મેલજો." એમ કહીને પછી મહારાજ મેઘજીને ઘેર પધાર્યા. ત્યાં મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા, ત્યાં ખૈયો આવ્યો.

પછી મહારાજે કહ્યું જે, "શેઠે ના પાડી તે સિપાઈએ શહેરમાં ના ઘરવા દીધા, પણ આ ગરીબની રસોઈ બગડી જાય, તે સારુ અમે આવ્યા." ત્યારે ખૈયે કહ્યું જે, "મોરે તમે કૃષ્ણાવતારમાં દહીં-દૂધ લૂંટી ખાતા. તેના ધણી (તમે) નોતરું દીધું મેલો !" પછી મહારાજ બહુ હસ્યા અને પછી મહારાજ બોલ્યા જે, "મહા હરામજાદો છે."

પછી ખૈયે કહ્યું જે, "હું શેઠને કહીશ, તે નહિ રોકે." પછી મહારાજે કહ્યું જે, "તારે ન કહેવું." ને એક વાણિયાનું નામ લઈને કહ્યું જે, "એ આવે તો અમે કેશું." પછી તે વાણિયો આવ્યો. તેના આગળ મહારાજે સાધુના ધર્મની વાત કરી. પછી વાણિયે કહ્યું જે, "તમારી ઈચ્છા હોય ત્યાં સુધી રહો, હું શેઠને જઈને કહું, તે તમને કોઈ ના પાડે નહીં." પછી મહારાજે કહ્યું જે, "હમણાં ન કેશો. અમે ફરીને આવીએ ત્યારે રોકે તે દિ વાત." પછી મહારાજ ને સાધુ જમવા ગયા, તે મોતિયા લાડુ ને દાળ-ભાત કર્યાં'તાં, તે પીરસ્યાં, તે જમ્યા. અને મહારાજે જમીને થાળ સાધુને આપ્યો, તે જમ્યા.

**✵ આત્માનંદસ્વામીએ મહારાજના પગમાંથી કાંટો કાઢ્યો :**

પછી ડોણને મારગે ચાલ્યા. તે ગામથી ખેતરવા ચાલ્યા. પછી મહારાજે કહ્યું જે, "અમારે બહિર્ભૂમિ જાવું છે." પછી સાધુ ઝાડતળે બેઠા. પછી મહારાજ બહિર્ભૂમિ જઈને આવ્યા, ને કહ્યું જે, "મને તો

કાંટો વાગ્યો છે, તે કોઈને કાઢતાં આવડે છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "મુને આવડે છે." પછી લીંબડાને ફરતો ઓટો હતો, તે ઉપર પડખાભર થયા. પછી મેં કાંટો ખોતર્યો, તે કાંટો ઊંડો હતો, તે લોહી આવી ગયું. પછી મહારાજે કહ્યું જે, "ખોતરો." પછી મેં કહ્યું જે, "લોહી આવી ગયું." પછી એક પુરુષ બાગમાં હતો તેને મેં કહ્યું જે, "હે બાગવાન! તારી પાસે ચીપિયો છે ?" ત્યારે તે કહે, "છે." ત્યારે મેં કહ્યું, "લાવ્ય." પછી તે ચીપિયો લાવ્યો. પછી મેં કાંટો કાઢ્યો.

પછી ડોણને મારગે ચાલ્યા, તે ધોળો ખેસ પહેર્યો હતો. અને ચાદર કેડ સુધી લટકતી હતી, તેમ માથે બાંધી હતી. અને બે હાથ છૂટા મેલીને ચાલ્યા, તે છેટો કરી ગયા(સ્વામીથી આગળ જતા રહ્યા). પછી આગળ જઈને ઊભા રહ્યા. પછી અમે ભેળા થયા, ત્યારે મહારાજ બોલ્યા જે, "અમારી તો આવી ઉતાવળી ચાલ છે, પણ તમારા સારુ ધીરા ચાલીએ છીએ."

પછી ડોણ ગયા ને ત્યાં રાત રહીને અમને ચારને આત્માનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી અને ધર્માનંદસ્વામીને માંડવીએ મોકલ્યા અને કહ્યું જે, "તમે માંડવીએ રહેજો." અને મહારાજે કહ્યું જે, "અમે તેરે જાશું અને કાં તો તમને તેડાવશું અને કાં તો અમે આવશું." પછી બે સંતો તો મહારાજ પાસે ગયા અને બે અમે રહ્યા તે ખૈયાની શાળામાં ત્રણ મહિના રહ્યા.

પછી મહારાજને ભુજ આવ્યા સાંભળ્યા. પછી અમે નારાયણ કહી મોકલ્યા. પછી અર્ધરાત્રે વાણિયે મહારાજને કહ્યું જે, "તમને આત્માનંદસ્વામીએ નારાયણ કહ્યા છે." તે સાંભળીને મહારાજ બોલ્યા જે, "અમે માંડવીએ જાશું." ત્યારે હરિભક્તે કહ્યું જે, "દરવાજા વસાઈ ગયા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "દરવાજો ઉઘડાવો." પછી દરવાજા ઉઘડાવ્યા. અને માનકૂવાના કેશવજી બ્રાહ્મણ તેનો ઊંટ હતો, તે ઉપર

બેઠા. પછી ગાઉ બે એક જઈને કહ્યું જે, "આ લે તારો ઊંટ, અમને ઊંઘ આવે છે, તે સૂઈ જાશું." પછી સવારે ચાલ્યા, તે **રોહા** ગામમાં દરબારમાં રાત રહ્યા ને બહુ વાત કરી.

### ❋ કુબેરસંગને શ્રીહરિનો કેફ :

પછી મહારાજ બીજે દિવસ **માંડવી**એ આવ્યા, તે મેઘજી સુતારને ઘેર આવ્યા. પછી અમને ખબર થઈ તે અમે ગયા. તે મહારાજ ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને થોડોક વરસાદ વરસ્યો હતો, તે પૃથ્વી લીલી હતી. તે હું તો હેઠે બેસવા માંડ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "ઉપર બેસો." ત્યારે મેં કહ્યું જે, "ઉપર કેમ બેસાય ?" પછી મહારાજે કહ્યું જે, "બધેયરૂપે પૃથ્વી થઈ છે, તે વેદસ્તુતિની ગદ્યમાં કહેલ છે જે, *बृहदुपलब्धमेतत्...*"

પછી મહારાજ કહે જે, "આજ તો અમે તરસે મરી ગયા. અને અમારે તો આ ભેળો છે, તે કાંઈ પાણીનું ઠામ રાખતો નથી." ત્યાં કુબેરસંગ આવ્યા અને મહારાજની આગળ નારિયેર મેલીને પગે લાગીને બેઠા. પછી મહારાજે કહ્યું, "યાં ક્યાં રહો છો ?" ત્યારે તેણે કહ્યું જે, "ગોસાંઈજી ભેળો રહું છું." ત્યારે મહારાજે કહ્યું જે, "કેમ સમજો છો ?" ત્યારે કુબેરસંગ બોલ્યા જે, "એની ક્રિયા જોતાં તો કોઈ દિ એનું કલ્યાણ થાય એવું નથી જણાતું, પણ નિત્ય મારું દર્શન એને થાય છે, તે કાંઈક સારું થાશે."

### ❋ વેદાંતિના પ્રશ્નોના શ્રીહરિએ આપેલા ચોટદાર જવાબો :

પછી વળી વેદાંતી ભેળા થયા. પછી મહારાજે કહ્યું જે, "કાંઈ પ્રશ્ન પૂછો." ત્યારે સંઘનો વેદાંતી હતો, તેણે કહ્યું જે, "માયાનું રૂપ કરો અને બ્રહ્મનું રૂપ કરો; તેમાં પ્રથમ બ્રહ્મનું રૂપ કરો." ત્યારે મહારાજે પોતાની છાતીએ હાથ લગાવીને કહ્યું જે, "આ બ્રહ્મનું રૂપ છે."

ત્યારે તેણે કહ્યું જે, "તમે બ્રહ્મ ?" ત્યારે મહારાજે કહ્યું જે, "હા, અમે." ત્યારે તે કહે, "અમને બ્રહ્મ દેખાડો." ત્યારે મહારાજે કહ્યું જે, "બ્રહ્મ એક કે બે ?" ત્યારે તેણે કહ્યું જે, "એક." ત્યારે મહારાજે કહ્યું જે, "એક છે, તે તો આ છે, બીજો હોય તો તમને દેખાડીએ." ત્યારે તે બોલ્યો જે, "એમ કેમ મનાય ? કાંઈ દેખીએ તો મનાય." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે કાંઈ દેખવું હોય તો અમારા સાધુ સુરતમાં છે, તે ભેળા રહો. તમારે જે કાંઈ દેખવું હશે, તે દેખાઈ આવશે." ત્યારે તે બોલ્યો જે, "મોરથી કેમ રહેવાય, કાંઈ દેખ્યા વિના ?"

પછી મહારાજે એક દૃષ્ટાંત દીધું જે, વાણિયાની દીકરીનો વિવાહ હતો, તેની જાન આવી. ત્યારે તે દીકરીએ કહ્યું જે, "આ શું છે ?" ત્યારે તેને બાપે કહ્યું જે, "તુંને પરણાવવી છે." ત્યારે કહે, "પરણીને શું કરે ?" ત્યારે તે કહે, "લઈ જાય." ત્યારે તે કહે જે, "હું તો નહિ જાઉં." ત્યારે કહે જે, "શા સારુ નહિ જાય ?" ત્યારે તે દીકરી બોલી જે, "મુને એક દીકરો મોરથી આપે તો જાઉં." ત્યારે મહારાજે કહ્યું જે, "એ તે ડાહી કે મૂરખી ?" પછી સૌએ કહ્યું જે, "મૂરખી જ તો, કેમ જે ભાયડાને ઘેર ગયા વિના દીકરો માગે છે, માટે મૂરખી જ તો !" પછી મહારાજે કહ્યું જે, "અમારું વચન માનતા નથી અને અમે કહીએ એમ કરવું નથી અને બ્રહ્મને જોવાને ઇચ્છે છે !"

**❋ વેદાંતિઓ શ્રીહરિ સાથે પ્રશ્નોત્તર કરવા તૈયાર ન થયા :**

અને પછી મહારાજે કહ્યું જે, "અમે કાલે ચાલશું." ત્યારે સૌએ કહ્યું જે, "આજ આવ્યા છો ને કાલ સવારમાં ચાલ્યાનું કેમ કહો છો ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારી નજરમાં આવે તે ગ્રંથ વાંચો અને અમે પ્રશ્ન પૂછીએ તેનો ઉત્તર કરીને સોંસરા નીસરો તો અમે સર્વે તમારા થાઈએ અને જો અમારા પ્રશ્નનો ઉત્તર ન થાય તો તમે અમારા થાઓ; અને કાંતો અમે તમે કહો તે ગ્રંથ વાંચિયે ને તમે પ્રશ્ન કરો તેનો ઉત્તર

કરીને અમે સોંસરા નીસરીએ તો તમે અમારા થાઓ, ને જો તમારા પ્રશ્નનો ઉત્તર ન થાય તો અમે તમારા થઈએ."

પછી વેદાંતી બોલ્યા જે, "અમારો તો એક ખૈયો હતો, તે તો તમારો થયો, હવે પ્રશ્ન-ઉત્તર કોણ કરે ?" પછી મહારાજ બોલ્યા જે, "જ્યાં સુધી પ્રશ્ન-ઉત્તર થાય ત્યાં સુધી ખૈયો તમારો." પછી કોઈ બોલ્યું નહીં અને સૌ સૌને ઘેર ગયા. પછી મહારાજને સારુ રસોઈ તૈયાર થઈ, તે જમ્યા અને જમીને પોઢી ગયા. પછી સવારમાં વહેલા ઊઠીને ગામ **ડોણ** ગયા. પછી અમને ખબર થઈ. ॥૬૬॥

## ૬૭. સ્વામી શ્રીહરિની મરજીમાં જ રહેતા

તે મહારાજ ચાલ્યા, પછી અમે (ત્યાં જવાનો) મનસૂબો કરતા હતા, ત્યાં રોહાના વહોરા આવ્યા. તેમણે પૂછ્યું જે, "મહારાજ ક્યાં ?" ત્યારે અમે કહ્યું જે, "મહારાજ તો ડોણ ગયા." પછી એ વહોરા પણ ડોણ ગયા. પછી અમારે પણ સુવાણ થઈ નહીં. તે પછી મોડેથી અમે પણ ચાલ્યા, પણ સંશય હતો જે, "રખે કાંઈ કહે નહીં !" ત્યાં તો ગાઉ બે ચાલ્યા, ત્યાં વહોરા સામા આવ્યા. તેમણે કહ્યું જે, "તમને મહારાજે તેડાવ્યા છે." પછી અમારે આનંદ થયો અને મહારાજ પાસે ગયા. પછી બ્રહ્માનંદસ્વામી આવ્યા, તે માણસ ઝાઝાં થયાં.

પછી બીજે દિવસ મહારાજે વાત કરી જે, "અમારે એક વાત કઠણ પડે છે જે, સાધુને મેલીને એકલા જમવા જાઈએ તોપણ ઠીક નહીં, ને સાધુએ સહિત જાઈએ તો ગૃહસ્થને કઠણ પડે; માટે સાધુ માગી ખાય અને ગૃહસ્થ આવે તે ગાંઠનું ખાય તો અમારે ઠીક પડે. શા માટે જે દર્શને આવે, તેને ના ન કહેવાય. માટે સૌ સૌનું ખાય ને દર્શન કરે, તેની અમારે ચિંતા નહીં."

પછી વળી એમ વાત કરી જે, **"મનની ભૂખે ન જમવું, તનની ભૂખે જમવું."** પછી હું તો છાનોમાનો ઝોળી લઈને ગામમાં માગવા ગયો.

અને વાંસે પંગત બેઠી ત્યારે મહારાજ કહે, "આત્માનંદસ્વામી ક્યાં ગયા?" ત્યારે સાધુ બોલ્યા જે, "તળાવ ઉપર ગયા હશે." પછી ગામમાં માગીને હું આવ્યો, ત્યાં એક સાધુ જમી ઊઠ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "આ ભાણા ઉપર બેસો." પછી હું બેઠો. અને ગામમાંથી લોટ માગી લાવ્યો હતો, તે થાળીમાં નાંખ્યો. ત્યાં હરિભક્ત પીરસવા આવ્યા, તેણે કહ્યું જે, "લોટ ક્યાંથી લાવ્યા ?" તે મહારાજે સાંભળ્યું. પછી મહારાજ કહે, "લોટ ક્યાંથી ?"

ત્યારે મેં કહ્યું જે, "ગામમાં માગવા ગયો હતો." ત્યારે મહારાજે કહ્યું જે, "નોતરાની ખબર નહોતી ?" ત્યારે મેં કહ્યું જે, "ખબર તો હતી." પછી મહારાજે કહ્યું, "આપો." પછી ભૈયે શીરો પીરસ્યો, તે લોટ ભેળો કરીને જમ્યો. પછી યોગાનંદસ્વામીના મનમાં સંકલ્પ થયો જે, 'મન માગે છે.' ત્યારે મહારાજે કહ્યું જે, "એ માગે એને આપ." પછી પંગત જમી ઊઠી. ॥૬૭॥

## ૬૮. મૂળુ લંઘા ને ભોજા ચારણ વચ્ચે ચર્ચા કરાવી

પછી મહારાજ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા અને સાધુ-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી ભોજો ચારણ બગસરાનું કાળા છેડાનું ધોળું ધોતિયું લાવ્યો, તે મહારાજના ખોળામાં મેલ્યું. પછી મહારાજે કહ્યું જે, "મૂળુ લંઘો ને ભોજો ચારણ તે પરસ્પર ચર્ચા કરે." અને સાધુ કહે જે, "આ જીત્યો, એને ધોતિયું બંધાવીએ." પછી ચારણની જે ચર્ચા ! જે એક બીજાને મહેણાં માર્યાં ! ત્યારે મહારાજે સાધુને કહ્યું જે, "એમાં કોણ સરસ ?" ત્યારે સાધુએ કહ્યું જે, "ભોજો ચારણ તો સાધુનું માને અને મૂળુ લંઘો તો વાદી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ભોજો ચારણ જીત્યો." પછી મહારાજે ભોજા ચારણને ધોતિયું બંધાવ્યું. ॥૬૮॥

## ૬૯. સ્વામીને શ્રીહરિનાં અલૌકિક દર્શન

પછી સાંજને ટાણે મહારાજ ઓસરી ઉપર ઉગમણે મુખે ચાદર ઓઢીને ઊભા હતા. પછી સાધુ આરતી-ધૂન બોલ્યા. અને પછી વેદસ્તુતિ બોલવા માંડી. ત્યારે મહારાજનાં નેત્રકમળ ફૂલવાં માંડ્યાં ને જેમ સૂર્ય ઊગે ને કમળ ફૂલે તેમ નેત્રકમળ પહોળાં થયાં. જાણે બ્રહ્માંડ સમાઈ જાશે કે શું ? એવાં મહારાજનાં અલૌકિક દર્શન થયાં. ॥૬૯॥

## ૭૦. મૂળુ લંઘાએ શ્રીહરિને હસાવ્યા

પછી બીજે દિવસ જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો અને પ્રશ્ન-ઉત્તર કર્યા. પછી મહારાજ વાડામાં લઘુશંકા કરવા ગયા. પછી બ્રહ્માનંદસ્વામીએ મૂળુ લંઘાને કહ્યું જે, "આ મીઠાઈ તું મહારાજને જમાડ અને જો તારું વર્તમાન ચોખ્ખું હશે તો જમશે અને જો તારું વર્તમાન ગોબરું હશે તો નહીં જમે." અને ત્યાં તો મહારાજ હસતાં હસતાં આવ્યા અને મહારાજ બોલ્યા જે, "શું કહે છે ?" પછી મૂળુ લંઘો બોલ્યા જે, "બાપ કરુ; આટલી મીઠાઈ કટોરામાં છે, તે જમો." પછી મહારાજ કહે, "અમારે નથી જમવું." ત્યારે મૂળુ લંઘો ફરીને બોલ્યા જે, "અ..ધુ..ધુ..ધુ.. બાપ કરું, ત્યારે તો માર્યો ગયો." એવી રીતે ઘણીક દેશી લાવ્યો. પછી મહારાજ બહુ હસ્યા ને જમ્યા. ॥૭૦॥

## ૭૧. ડભાણ સમૈયાની ખબર કરવા બ્રહ્મમુનિને હાલાર મોકલ્યા

પછી સાંજની વખતે એક બાઈએ મહારાજની પૂજા કરી અને પછી આરતી ઉતારી. પછી સવારમાં પારણા કરવા સારુ વહેલી રસોઈ થઈ, તે મહારાજ પ્રથમ જમ્યા અને પછી સાધુને જમાડ્યા. પછી મહારાજે બ્રહ્માનંદસ્વામી ને ભોજો ચારણ ને બીજા સાધુ કેટલાકને આજ્ઞા કરી જે, "તમે હાલારમાં જાઓ, આપણે ડભાણમાં સમૈયો કરવો છે, તે ઉપર સૌને ખબર કરજો જે સામાન ભેગો કરે." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "આટલો સામાન ભેળો કરાવો છો તે જગનમાં વિઘ્ન થાશે

કે નિર્વિઘ્ન થાશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "જગન તો નિર્વિઘ્ન થાશે, પણ પાઘડી તો ઘણાની ઊડી જાશે(ફજેતી તો ઘણાની થાશે.)" પછી બ્રહ્માનંદસ્વામી માંડવી ગયા. ॥૭૧॥

## ૭૨. ત્યાગ ને ભગવત્કર્તૃત્વ સંબંધી વાત

પછી મહારાજ ભેળા સાધુ છ-સાત હતા, તે સાધુ ને મહારાજ ડોણથી ભુજને મારગે ચાલ્યા. પછી મહારાજે મારગમાં વાર્તા કરી જે, "આપણે આત્માનંદસ્વામીની[૧] રીત પ્રવર્તાવવી છે. તેમાં ગોદડી તો આપણે થઈ અને આત્માનંદસ્વામી એક તુંબડું રાખતા તેમાં પાણી પીતા ને તેમાં માગીને ચોળી ખાતા; તેમ આપણે પણ પત્તર રખાવવાં છે." એવી રીતે ત્યાગ સંબંધી વાત બહુ કરી.

પછી વગડામાં એક ઈંટને ઊભી કરીને તેને સિંદૂર ચોપડ્યો હતો ને આગળ નાળિયેરની કાચલિયું પડી હતી. તેને જોઈને મહારાજે કહ્યું જે, "જુઓને, આ ઈંટ છે ને સિંદૂર ચોપડ્યો છે. એમાં દેવની બુદ્ધિ લાવીને માનશુંક(માનતા) કરે ને જ્યારે ધાર્યું થાય, ત્યારે તે એમ કહે જે, 'મારું એ દેવે સારું કર્યું, પણ દેવ શું કરશે ? એ તો જીવ-ચૈતન્ય છે." ॥૭૨॥

## ૭૩. શ્રીહરિએ એક લુવાણા ભગતને રાજી કર્યા

એમ વાત કરતાં કરતાં ગામ આવ્યું અને દિવસ તો થોડોક રહ્યો. પછી મહારાજે ડુંગરજીને કહ્યું જે, "ગામમાં જાઓ." એમ આજ્ઞા કરીને પોતે ભાગોળે બેઠા. અને કહ્યું જે, "એક લુવાણાનો દીકરો સત્સંગી છે, તે ઘેર હોય તો આપણે ગામમાં રહીએ." પછી ડુંગરજી ગામમાં ગયા. તે એનો બાપ ઘેર હતો, તે આવ્યો. પછી તેણે કહ્યું જે, "મહારાજ ! ગામમાં ચાલો." ત્યારે મહારાજે કહ્યું જે, "તારો દીકરો નથી, માટે નહીં રહીએ." ત્યારે લુવાણે કહ્યું જે, "મહારાજ, તમે ના રહો તો મુને દીકરો વઢે."

૧.મોટા આત્માનંદસ્વામી કે જે રામાનંદસ્વામીના ગુરુ હતા.

પછી મહારાજ ગામમાં પધાર્યા, તે એક હાટમાં(ઘરની બહારની અલાયદી રૂમમાં) ઊતર્યા. પછી લુવાણે કહ્યું જે, "મહારાજ રસોઈ કરાવું." પછી મહારાજે કહ્યું જે, "સૌ જમ્યા છે, તે નહિ કરીએ." પછી તે ખજૂર ને દાળિયા લાવ્યો. પછી મહારાજ કહે, "ખજૂર પાછો આપો અને દાળિયા રાખો." ॥૭૩॥

## ૭૪. જેનામાં શ્રીહરિનો નિવાસ હોય તેનાં લક્ષણ

પછી ત્યાં એક બ્રાહ્મણ આવ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી, તમે વાત કરો." પછી વાત કરી;

**વિઠ્ઠલનાથ વસે જીય જાકે, વાકી રીત પ્રીત છબી ન્યારી;**
**ઉગ્ર સ્વભાવ પરમ પરમાર્થ, સ્વાર્થ લેશ નહીં સંસારી.**

એ સૂરદાસના કીર્તનની વાત કરી. પછી બ્રાહ્મણ કહે, "મારે તો સંધ્યાનો વખત થયો છે, માટે હું તો જાઈશ." પછી એ કીર્તનની વાત મહારાજે મારી આગળ વિસ્તારીને કરી જે, "વિઠ્ઠલનાથ ભગવાને જેના રુદામાં વાસ કર્યો હોય, તેની રીત, પ્રીત, અને છબી ન્યારી હોય." એ દિશની ઘણીક વાત કરી. ॥૭૪॥

## ૭૫. અગ્નિના દૃષ્ટાંતે આત્માઓમાં ભેદની વાત

પછી મહારાજે કહ્યું જે, "હમણે ઊંઘશો તો પ્રભાત ક્યારે થાશે ? માટે કોઈ પ્રશ્ન કરો તો વાત કરીએ." ત્યારે પરમચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, "ક્યા પ્રશ્ન કરના હૈ ? આત્મા હૈ સો સત્ય હૈ." ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો તમે ઠીક કહો છો, પણ દીવો એ અગ્નિ છે અને મશાલ એ અગ્નિ છે અને વિજળી એ અગ્નિ છે અને વડવાનળ એ અગ્નિ છે; પણ એ દીવાને લગારેક વાયુ લાગે તો ઓલવાઈ જાય અને વડવાનળ અગ્નિ પાણીને બાળે છે, પણ ઓલાતો નથી. એમ આત્મા આત્મામાં ભેદ છે." તે દિશની ઘણીક વાત કરી. ॥૭૫॥

## ૭૬. લુવાણાભક્તનું જમીને તેને નિયમ આપ્યું

પછી મહારાજ મોદ પાથરી હતી, તે ઉપર પોઢી ગયા. તે છોકરાને ભણ્યાની શાળા હતી, ત્યાં સૌ સુઈ રહ્યા. પછી સવારમાં ઊઠ્યા, ત્યાં લુવાણો આવ્યો. તેણે કહ્યું જે, "મહારાજ, રસોઈ કરાવું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લુવાણાનું અમે જમતા નથી."

પછી કહ્યું જે, "એક બ્રાહ્મણ પાસે કરાવીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ સારું કરાવો." એમ કહીને મહારાજ અને સાધુ ના'વા ગયા. પછી નાહીને આવ્યા. પછી રસોઈ તૈયાર થઈ. પછી પંગત થઈ, તે મહારાજ ને સાધુ જમવા બેઠા. પછી મહારાજ જમીને ઊઠીને ઓસરીએ ખાટ ઉપર બેઠા. પછી કળશ્યો હાથમાં લીધો ને લુવાણાનો હાથ ઝાલીને નિયમ ધરાવ્યું અને કહ્યું જે, "અમે તો તમારા સારુ રહ્યા છીએ, માટે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરજો." પછી મહારાજ ચાલી નીસર્યા. ॥૭૬॥

## ૭૭. શ્રીહરિએ સંતોને સાધુતા શીખવાડી

પછી ગામ બહાર નીકળ્યા અને મધ્યાહ્નનો તડકો તેમાં ચાલવું અને મહારાજે કહ્યું જે, "સાધુને આવે વખતે ચાલવું. શા માટે જુઓને, કોઈ જીવ જણાય છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મોટા જીવ બળી મરે છે તો બીજા જીવની શી વાત ?" અને મહારાજ હસતાં હસતાં ચાલતા હતા. અને કેડ સુધી ચાદર વાંસે લટકતી મૂકીને માથે બાંધી હતી અને ધોતિયું પહેર્યું હતું. અને બે હસ્ત છૂટા મેલીને હસ્તને હલાવતા થકા ચાલતા હતા.

અને સાધુને પૂછવા માંડ્યું જે, "તમે કેટલી વાર રોટલી લીધી, ને કેટલી વાર શીરો લીધો, ને કેટલી વાર દૂધપાક લીધો, ને કેટલી વાર શાક લીધું, ને કેટલી વાર દાળ લીધી, ને કેટલી વાર ભાત લીધો ?" અને પછી મહારાજે સાધુને કહ્યું જે, "તમે પંદર શેર ખાધું. ને કોઈને કહે,

તમે દસ શેર ખાધું. ને કોઈને કહે, તમે સાત શેર ખાધું. ને કોઈને કહે, તમે પાંચ શેર ખાધુ." એવી રીતે સર્વે સાધુને મહારાજે કહ્યું જે, "તમે શું સાધુ છો ? તમે તો પેટભરા છો." એમ કહીને બોલ્યા જે, "એ તો બ્રાહ્મણે સૌ સારુ (રસોઈ) કરી હતી, પણ અમે ઊઠ્યા ન હોત તો બ્રાહ્મણને પણ વાંસે રહેત નહીં." એમ વાતુ બહુ કરી.

પછી તુલસીદાસનું આગમ પદ છે, તે બોલ્યા જે, "*હે મન, ધીરજકુ ન ધરે; એક હજાર નવસે કે ભીતર એસો જોગ પરે હે.*" પછી મારગમાં ચાલતાં એક કૂવો આવ્યો, તેની પાસે બાવળ હતો, તેની હેઠે કાંટા ને લાકડાં તે એક થર જૂનો ગેર(ગળેલો ઝીણો ભૂકો) પડ્યો હતો. તે ઉપર મહારાજ એમ ને એમ સૂઈ ગયા અને સર્વે સાધુને કહ્યું જે, "જેને બહારે જાવું(ઝાડો-પેશાબ કરવા જવું) હોય, તે બહાર જાઓ અને પાણી પીવું હોય તે પાણી પીઓ." પછી સાધુ ક્રિયા કરી રહ્યા ત્યારે મહારાજ ઊઠ્યા. પછી આત્માનંદસ્વામીએ મહારાજને બરડે હાથ ફેરવ્યો અને કહ્યું જે, "લાકડાના સળ બરડામાં ઊઠ્યા છે." પછી મહારાજ બોલ્યા જે, "એનું કાંઈ નહીં." ॥૭૭॥

## ૭૮. ગામ ધ્યાનડીમાં સંતોને દૂધ-ચોખા જમાડ્યાં

પછી ગામ **ધ્યાનડી**(ધુણઈ) આવ્યા અને સાધુને તો સુતારની કોડ્યે ઉતારો આપ્યો અને મહારાજ (કાનજી) સુતારને ઘેર ઊતર્યા. અને પછી સુતારને ઘેર ગળ્યા ચોખા કરાવ્યા અને સાધુને કહ્યું જે, "વાળુ કરવા ચાલો." પછી સાધુ આવ્યા અને બાઈએ કહ્યું જે, "ઠામ મગાવો." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠામ અમારે પાસે છે." પછી બે ઝોળી પાથરી. પછી તે ઝોળિયુંમાં ચોખા પીરસ્યા. પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "આટલું કોણ ખાશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે બોલવું નહીં."

પછી સાધુ ઝોળિયુંને ફરતે જમવા બેઠા. પછી સૌએ જમવા માંડ્યું. પછી આત્માનંદસ્વામી તો થોડુંક જમીને રહી ગયા. પછી મહારાજે

સાધુઓને કહ્યું જે, "રાખો." અને કહ્યું જે, "તાંસળિયું લાવો." પછી હરિભક્ત તાંસળિયું લાવ્યા. પછી દરેક સાધુને એક દોથો ચોખા ભરીને તાંસળીમાં પીરસીને દૂધે ભરીને દીધી ને કહ્યું, "એટલું જમીને ઊઠો."

પછી સાધુ જમીને કોડે જઈને સૂઈ રહ્યા. અને મહારાજ તો સુતારને ઘેર પોઢી રહ્યા. અને પછી સવારમાં ડુંગરજી આવ્યો ને મહારાજે કહ્યું જે, "ચાલવા માંડો, અમે આવીએ છીએ." પછી સાધુ ગામ બહાર કૂવા ઉપર નાતા હતા. અને પછી મહારાજ આવ્યા, તે હસતાં હસતાં આવ્યા અને કહ્યું જે, "કેમ આત્માનંદસ્વામી ! ક્યા જોગ સાધ્યા ? બકરીજોગ સાધ્યો કે ઊંટજોગ સાધ્યો કે ભેંસજોગ સાધ્યો ?" એમ મહારાજ હાસ્યવિનોદ કરતા ગામ **પુનડીએ** આવ્યા. ॥૭૮॥

## ૭૯. ગામ પુનડીમાં શ્રીહરિએ કરેલ લીલા

### ❋ શ્રીહરિ ને સંતો રોટલા ને દાળ જમ્યા :

પછી સાધુને કહ્યું જે, "તમે હાટમાં(ઘરની બહારની અલાયદી રૂમમાં) બેસો, અમે આગળ જગ્યા સમી કરાવીએ." પછી મહારાજ સુતારને ઘેર ગયા અને આડી મોદ બંધાવી અને ઢોલિયો ઢળાવીને તે ઉપર મહારાજ બેઠા. અને પછી સાધુને તેડાવ્યા અને મેં ચિદ્રૂપાનંદસ્વામીને કહ્યું જે, "ભાગવતમાં કહ્યું જે, જીવ ગર્ભમાં પાંચ મહિને આવે છે, તે કેમ સમજવું ?" પછી અમે મહારાજ પાસે આવ્યા અને મોદ પાથરી હતી, તે ઉપર આસન કરીને બેઠા. પછી બાઈયું આવી ને મહારાજને કહ્યું જે, "રસોઈની આજ્ઞા કરો, તે રસોઈ કરીએ."

પછી મહારાજે કહ્યું જે, "રાતે મોડા જમ્યા છીએ, તે કોઈને ભૂખ નથી." ત્યારે બાઈયું બોલ્યા જે, "રાતે જમ્યા છો ને કહો છો જે ભૂખ નથી, એમ કેમ હોય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "અમે ગળ્યું ચીકણું તો નથી જમતા અને બાજરાના રોટલા કરો અને મગની દાળ કરો તો જમીએ."

પછી કહ્યું જે, "સારું મહારાજ." પછી રોટલા ને દાળ કર્યાં. પછી મહારાજ ને સાધુ જમવા પધાર્યા. અને આત્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે વાતુ કરો." પછી મહારાજ જમીને આવ્યા. પછી મુને કહ્યું જે, "તમે જમી આવો." પછી હું ગયો, તે મહારાજ જમીને ઊઠ્યા હતા, તે ડબામાં દાળ ને થાળીમાં અર્ધો રોટલો હતો, તે હું જમ્યો. પછી જમીને સૌ આવીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી, કેમ આ રોટલા કાઠિયાવાડી કે નહીં ?" ત્યારે મેં કહ્યું જે, "હા મહારાજ !"

**❋ મનની ભૂખે નહીં, પણ પ્રાણની ભૂખે જમવું :**

પછી મહારાજે સાધુને કહ્યું જે, "સાધુ દીઠ એવા બે રોટલા જોઈએ અને દાળ તથા ચોખા ચાપૂ(હથેળીમાં સમાય તેટલું) હોય તે ગણવાં નહીં. અને એક વખત જમવું અને સવારમાં મારગે ચાલ્યા હોઈએ અથવા થોડું મળ્યું હોય ત્યારે બીજી વખત જમવું; પણ **મનની ભૂખે ન જમવું અને પ્રાણની ભૂખે જમવું.**" એવી રીતે વાત કરી ને પછી મહારાજ બહિર્ભૂમિ ગયા. અને આત્માનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, કાળો વાળંદ અને મહારાજ, અમે ચાર પણ બહારે ગયા. તે મહારાજ તો ઓરા રહ્યા ને અમે આઘા ગયા.

**❋ શ્રીહરિએ સ્વામીની શંકાનો અંતર્યામીપણે ઉત્તર કર્યો :**

પછી મહારાજ બહારે જઈને આવ્યા ને હાથ ધોઈને વડ હેઠે બેઠા. પછી અમે આવ્યા, ત્યારે મહારાજ ને અમે ભેળા થઈને ગામમાં આવ્યા અને મહારાજ ઢોલિયા ઉપર બેઠા. અને પછી મહારાજે વાત કરી જે, "આજ તો અમે વડ તળે બેઠા હતા ને આકાશ સામું અમે જોયું જે, આકાશમાં એકલો જીવ ભર્યો છે, જેમ તળાવમાં ગારો હોય તેમાં ડોબા બેસે ત્યારે માગ થાય અને ઊઠે ત્યારે ગારો ભેળો થઈ જાય,

(એમ ગારાની જેમ આકાશમાં ખીચોખીચ જીવ ભર્યો છે) માટે કોઈ કહે છે જે, જીવ પાંચમે મહિને ઉદરમાં આવે છે, તે વાત ખોટી છે. એ તો બીજ ભેળો જીવનો પ્રવેશ છે, એમ સમજવું." એવી રીતે મહારાજે વાત કરી. પછી આત્માનંદસ્વામીને પૂછ્યાનો સંકલ્પ હતો, તે મહારાજે અંતર્જામીપણે ઉત્તર કરી દેખાડ્યો.

**❋ જે જે ક્રિયા કરવી, તે સંકલ્પ જોઈને કરવી :**

પછી બાઈયો વાળુનું પૂછવા આવી, ત્યારે મહારાજે પૂછ્યું જે, "તમારે જમવું છે ?" ત્યારે કોઈ બોલ્યા નહીં. ત્યારે મહારાજે કહ્યું જે, "થોડીક ખીચડી કરો." પછી ખીચડી કરી. પછી કહ્યું જે, "વાળુ કરવા ચાલો." પછી મહારાજ કહે, "ઊઠો મહાપુરુષો." ત્યારે સર્વે ઊઠ્યા અને અમે બે જણ ન ઊઠ્યા અને બીજા સૌ જમવા બેઠા. પછી મહારાજ બોલ્યા જે, "આવો મહાપુરુષો, થોડાક જમના." ત્યારે પરમચૈતન્યાનંદસ્વામી ગયા અને આત્માનંદસ્વામી રહ્યા.

પછી જમીને આવ્યા અને ઢોલિયા ઉપર બેઠા. પછી બાઈએ વાંસેથી આવીને કહ્યું જે, "એક સાધુ જમ્યા વિના રહ્યા." ત્યારે મહારાજે કહ્યું જે, "જમાડો." ત્યારે બાઈ કહે, "મારા જમાડ્યા કેમ જમે ? તમે જમાડો તો જમે." પછી મહારાજ કહે, "ઘઉંનો લોટ છે ?" ત્યારે મારા મનમાં એમ થયું જે, 'લોટ ફકાવનારા થયા છે !' પછી મારા મનમાં એમ સંકલ્પ થયો જે, 'વચન મનાવવું હશે તો લોટ પીશું, પણ કાંઈ ભૂખ તો નથી.'

પછી મહારાજ બોલ્યા જે, "લોટ રહેવા દ્યો." પછી એમ કહીને વળી **મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી, મનનો વિશ્વાસ ન કરવો. કેમ જે મન તો મહા હરામજાદુ છે** અને ક્યારેક તો એ **મન વનમાં ગયાનું તાકે** અને ક્યારેક તો એ **મન ઘરમાં ગયાનું તાકે;** માટે મનનો વિશ્વાસ ન કરવો. અને સૂવું હોય ત્યારે શરીર લાંબું કરવું, પણ **ઊંઘનો**

**સંકલ્પ લઈને ન સૂવું. એમ જે જે ક્રિયા કરવી, તે સંકલ્પ જોઈને કરવી." પછી એવી રીતે સંકલ્પ ઉપર નજર રાખી, એટલે અવસ્થા બદલાઈ ગઈ અને જીવ દેહથી નોખો જણાણો.**

### ❋ પુનડીની બાઈનો શ્રીહરિ ને સંતોમાં પ્રેમ :

પછી મહારાજે કહ્યું જે, "અમે કાલે ચાલશું, તે સવારમાં મારગ દેખાડવા કોઈક માણસને ભેળો મેલજો." પછી મહારાજ સવારમાં ચાલ્યા અને ગાઉ બે ગયા ત્યારે દિવસ ઉગવાનો સમો થયો. ત્યારે એક તેતર બોલ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, "આ તેતર એમ બોલે છે જે, આજ મુક્તાનંદસ્વામી ભુજ આવ્યા હોય એમ બોલે છે."

પછી મહારાજ બોલ્યા જે, "હવે તો મારગ દેખાય છે, માટે હવે તમે પાછા વળો." ત્યારે તે માણસે કહ્યું જે, "બાયે ટીમણ બંધાવ્યું છે, તે સાધુ જમે ત્યારે પાછો વળજે, એમ બાયે કહ્યું છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બેસો મહાપુરુષો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! પાણી આવે ત્યારે દાતણ કર્યા પછી જમીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "પરમહંસને દાતણ શું કરવું ? અને દાતણ ચાવવું અને એ ટીમણ પણ ચાવવું." પછી સાધુ તો જમવા બેઠા ને મહારાજને કહ્યું જે, "તમે જમો." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે નહિ જમીએ." અને સાધુ તો જમ્યા. પછી એ માણસ પાછો વળ્યો. ॥૭૯॥

## ૮૦. માનકુવામાં 'વચન મનાયું કોને કહેવાય ?' તેની ચર્ચા

અને સાધુ ને મહારાજ ચાલ્યા તે ગામ **માનકુવાને** ઢૂકડા આવ્યા, ત્યારે મહારાજ લઘુશંકા કરવાને બેઠા. તે લગારેક છેટું થયું, ત્યારે આત્માનંદસ્વામીએ ડુંગરજીને કહ્યું જે, "મહારાજને અર્થે દાતણ લેને." પછી મહારાજ છેટેથી બોલ્યા જે, "અમારે વાસ્તે દાતણ તોડશો મા." પછી અમે ઊભા રહ્યા અને કેરડાનું એક કઠણ દાતણ લઈને આવ્યા.

પછી કોગળો કરીને કેરડાનું દાતણ કરવા બેઠા. અને મોઢામાં ઘાલ્યું અને ચાવવા માંડ્યું, ત્યાં લોહી આવી ગયું. પછી કોગળા કરી નાંખ્યા.

પછી મહારાજ ને સાધુ ગામમાં ગયા. અને સાધુ ઓરડીએ ઊતર્યા અને મહારાજ સુતારને ઘેર ઊતર્યા. અને ત્યાં જમીને આવ્યા. તે સાધુની ઓરડી પાસે ઢોલિયો નંખાવીને બિરાજમાન થયા. અને વેદાંતના અંગની વાત કરતા હતા. અને પછી આત્માનંદસ્વામી તથા પરમચૈતન્યાનંદસ્વામીને મહારાજે આજ્ઞા કરી જે, "તમે વેદાંતના પ્રશ્ન શીખો."

તે અમે ઓરડીમાં બેઠા પ્રશ્ન શીખતા હતા અને મહારાજની પાસે બાઈયું આવીને બેઠી. પછી મહારાજે કહ્યું જે, "અમારું વચન કોણ માને છે ? અને અમે તો સૌનું માનીએ છીએ જે, હમણા કોઈ કહે જે, હે મહારાજ ! અમારે ઘેર જમવા પધારો, ત્યારે જાવું પડે છે. અને જો ન જઈએ તો વિમુખ થાય."

પછી આત્માનંદસ્વામી બોલ્યા જે, "કોણ નથી માનતું ? સૌ માને છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે માનો છો ?" ત્યારે મેં કહ્યું જે, "માનિયે છીએ અને કહો તેમ કરીએ." પછી મહારાજ વાતુ કરતાં ધોતિયાને વળ દેતા હતા. તે ધોતિયું ઊંચુ કરીને કહ્યું જે, "આ તરવાર છે, તે મનાય છે ?" ત્યારે મેં કહ્યું જે, "હા મહારાજ, તરવાર છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો ઉપરથી કહો છો." ત્યારે કહે, "હા મહારાજ ! ઉપરથી જ તો."

પછી મહારાજે એમ વાત કરી જે, "રામચંદ્રજી જ્યારે લંકા ગયા, તે લક્ષ્મણને બાણ વાગ્યાં ત્યારે મૂર્છા આવી, ત્યારે વૈદે કહ્યું જે, "દ્રોણાચળ પર્વતમાં સંજીવની જડી છે, તે દિવસ ઊગ્યા મોર આવે તો જીવે." ત્યારે રામચંદ્રજીએ સૌને કહ્યું, તે કોઈએ હા પાડી નહીં. અને હનુમાનજી કહેતાવેંત ચાલી નીસર્યા. તેમ અમે કહીએ જે ગિરનાર

પર્વત ઉપાડી લાવો, ત્યારે ચાલી નીસરે પણ ત્યાં જાય ત્યાં સુધી સંકલ્પ ન થાય જે, કેમ થાશે ? એમ ને એમ નિ:સંકલ્પ થકો શેરનો પાણો ઉપાડે તો અમે ગિરનાર ઉપાડ્યો એમ માનિયે." પછી મુક્તાનંદસ્વામી ભુજથી આવ્યા. પછી મહારાજ મળ્યા અને સાધુ પણ પરસ્પર મળ્યા.

પછી મહારાજે વાત કરી જે, **"વચન માન્યું કેને કહીએ તો અમે દિવસ હોય ને કહીએ જે રાત્રી છે, ત્યારે રાત્રી જ દેખાય અને રાત્રી હોય ને કહીએ જે દિવસ છે, ત્યારે દિવસ દેખાય, ત્યારે માન્યું કહેવાય.** એવી રીતે માને તે રહે અને ન માને તે અમારી પાસે નહીં."

પછી એ વાતની બહુ મૂંઝવણ થઈ, પછી મહારાજ કહે, "શીદ મૂંઝાઓ છો ? (વિચારવા માટે) રાતની રાત તમને મોકળ છે." પછી અમને કેશવજીની ઓરડીએ ગયાની આજ્ઞા કરી. અને કહ્યું જે, "અમે કહ્યું, તેમ મનાય તો આવજો, નહીંતો પરબારા જાજો."

પછી તો આખી રાત વિચાર કર્યો ને તેનો એમ નિર્ધાર કર્યો જે, "દિવસ હોય ને મહારાજ કહે જે રાત છે, ત્યારે અંતરમાં તો હા પડે છે જે રાત છે, પણ બારે તો દિવસ દેખાય છે. અને રાત હોય ને મહારાજ કહે જે આ તો દિવસ છે, ત્યારે અંતરમાં તો હા પડે છે જે દિવસ છે, પણ બાર તો રાત દેખાય છે."

એમ વિચારીને મહારાજ પાસે આવ્યા અને મહારાજ દાતણ કરતા હતા. તે સાધુને આવતા દેખીને હસ્યા. અને પછી બોલ્યા જે, "શું સમજીને આવ્યા ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ જેમ તમે કહો છો તેમ અંતરમાં તો હા પડે છે, પણ બહાર દેખાય છે, તે તો ટળતું નથી." ત્યારે મહારાજે કહ્યું જે, **"અંતરમાં મનાય તે જ ખરું છે, પણ બહાર દેખાય તે તો ખોટું છે."** તે પછી સાધુ રાજી થયા અને મહારાજ હસ્યા. ॥૮૦॥

## ૮૧. ભુજ નગરમાં શ્રીહરિએ કરેલ વિવિધ લીલા

### ✵ સાધુની સેવા કરનાર ગૃહસ્થનું પણ સાધુ જેવું કલ્યાણ :

મહારાજ ને સાધુ જમીને **ભુજનગર**માં આવ્યા. પછી મહારાજ સાધુની જાયગામાં પાટ ઉપર બિરાજમાન થયા હતા અને હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી સુંદરજીએ પ્રશ્ન પૂછયો જે, "અમારું સંતની બરોબર કલ્યાણ થાય એમ જણાતું નથી. શા માટે જે, એ તો નિવૃત્તિપરાયણ છે, માટે એના કલ્યાણમાં તો સંશય નથી. અને અમે તો પ્રવૃત્તિમાર્ગમાં છઈએ, તે હજારો જાતના વિક્ષેપ થાય છે. માટે સાધુની બરાબર કલ્યાણ કેમ થાય ?"

પછી મહારાજે કહ્યું જે, "તમારું અને સાધુનું બરોબર કલ્યાણ છે. કેમ જે, આ ભુજનગર ઉપર લશ્કર આવ્યું હોય ત્યારે સરકારના ચાકર લડવાને સામા જાય. ત્યારે શાહુકાર શહેરમાં હોય તે અન્નપાણી ને દારૂગોળીથી તેનું પોષણ કરે છે, ને તેને બળે કરીને લડે છે; તેમ સાધુ ત્યાગી છે, તેની તમે અન્નપાણીએ સેવા કરો છો તથા પુસ્તક-પાનાદિકની તમે ખબર રાખો છો. માટે તમારે બળે નિરાંતે ભજન કરે છે. માટે તમારું ને સાધુનું બરોબર કલ્યાણ છે. શા માટે જે, તમે સંતની સેવા કરો છો અને સંત સુખે ભજન કરે છે." એ વાત સાંભળીને (હરિભક્તો) બહુ રાજી થયા.

### ✵ સુંદરજીભાઈ ને હીરજીભાઈએ શ્રીહરિને ખૂબ જલેબી જમાડી :

પછી રાત્રે મહારાજ પાટ ઉપર આડે પડખે થયા હતા અને પછી પેટ ઉપર હાથ ફેરવ્યો. ત્યારે સુંદરજીએ કહ્યું જે, "હે મહારાજ ! કાંઈ ભૂખ લાગી છે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ભૂખ તો લાગી છે, પણ રાત બહુ ગઈ માટે માણસ સૌ સૂઈ રહ્યા છે. તે જમ્યાનું ક્યાંથી મળે ?"

ત્યારે સુંદરજીએ બ્રાહ્મણને કહ્યું જે, "કંદોઈની હાટેથી મીઠાઈની માટલી લાવો." ત્યારે તે બ્રાહ્મણ જલેબીની માટલી લાવ્યો, ત્યારે

સુંદરજીએ લઈને હિરજીને આપી અને કહ્યું જે, "તમે મહારાજને જમાડો અને તમે જમાડતાં થાકો છો કે હું મગાવતાં થાકું છું ?"

પછી હિરજીએ મહારાજના હાથમાં ડબો આપ્યો, તેમાં જલેબી આપતા જાય અને મહારાજ જમતા જાય. અને મહારાજ પૂછે જે, "કેટલી છે ?" ત્યારે હિરજી કહે, "મહારાજ, જમ્યા ક્યાં છો ? એ તો બધી પડી છે. અને સુંદરજીને કહે જે એ તો જમી રહ્યા છે." ત્યારે બીજી માટલી મગાવી અને મહારાજ હસતા જાય અને પાટ ઉપર લાંબા થાય અને બેઠા થાય અને હસે. અને વળી માટલી સામું જુએ, ત્યારે હિરજી કહે જે, "જુઓને, પડી રહેશે તો મારી લાજ જાશે અને મુને નહિ રહેવા દે."

પછી મહારાજ એમ હસતા જાય અને વળી જમતા જાય અને હિરજી સુંદરજીને કહે જે, "આ તો આવી રહ્યું, તમથી એમનું પૂરું નહિ થાય." ત્યારે સુંદરજીએ ત્રીજી માટલી મગાવી. ત્યારે મહારાજે ના પાડી, તોપણ મગાવી. પછી હિરજી પીરસતા જાય અને મહારાજ જમતા જાય અને ત્રીજી માટલીમાંથી અર્ધી જમ્યા. પછી વાંસે પડી રહી તે પ્રસાદી સાધુ ને હરિભક્તને વહેંચી આપી. પછી મહારાજ હાથ ધોઈને કોગળા કરીને એલચી-તજ જમ્યા, પછી પોઢી ગયા.

### ❋ મુસલમાન જમાદારે શ્રીહરિને ખુદા જાણ્યા :

અને બીજે દિવસ સવારમાં હું ના'વા ગયો. ત્યાં એક મુસલમાન આગળ મેં (મહારાજ સંબંધી) વાત કરી. પછી તે જમાદાર મધ્યાહ્ને ઉતારે આવ્યો. અને સાધુની તો રસોઈ થઈ તે સાધુને તેડવા આવ્યા, તે સાધુ જમવા ગયા. પછી મહારાજને તેણે પૂછ્યું જે, "ઊંડાથી ઊંડા ક્યા હે અને ઊંચાથી ઊંચા ક્યા હે ?" પછી મહારાજ કહે, "ચૌદ તબક(લોક) હે, સો સાત ઊંચા હે અને સાત હેઠા હે." પછી મહારાજે ચૌદ તબકની રચનાની વાત કરી અને હેઠે પાતાળ સુધી ઊંડા હે અને

ઊંચા સત્યલોક હે તિસકે ઉપર અરસ(ચિદાકાશ) હે, ત્યાં એકલા નૂર હે, તિસકી બીચ કુરસી ઉપર સાહેબ બેઠા હે, એ ઊંચેથી ઊંચા હે." એ દિશની મહારાજે ઘણીક વાત કરી.

પછી મિયાં બોલ્યા જે, "અહો ! અમારી સમજણ ક્યાં ? ને તમારી સમજણ ક્યાં ? અમે તો ઊંડાથી ઊંડા પેટ સમજતે થે ને ઊંચાસે ઊંચા દિલ સમજતે થે." પછી તે જમાદાર બોલ્યો જે, "જન્મથી ભરતે હે પણ નહિ ભરાતા હે. અને ઊંચેથી ઊંચા દિલ સો રાત-દિન દોડતા હે, સો પાર નહિ આતા.[1]" એમ કહીને તે મિયાં બોલ્યો જે, "તુમ તો આપોઆપ ખુદા હો !" પછી એ મિયાં ગયા અને સાધુ જમીને આવ્યા.

ત્યારે મહારાજ બોલ્યા જે, "મુસલમાન આગળ કેણે વાત કરી હતી ?" પછી હું તો બીનો એટલે બોલ્યો નહીં. ત્યારે હરિયાનંદસ્વામીએ કહ્યું જે, "આત્માનંદસ્વામી વાત કરતે થે." પછી મહારાજે બહુ હેતે જોઈને બોલ્યા જે, "મુસલમાન આગળ વાત કરશો મા. શા સારુ જે, મુસલમાન તો કોઈક સારો હોય. અને મુસલમાન આગળ કહીએ જે ખુદાય અવતાર લે છે, એમ કહીએ તો માથું કાપી નાંખે. માટે એની આગળ વાત ન કરવી." એ દિશની ઘણીક વાત કરી.

**❋ સાધુ તો જીવનું સામે ચાલીને કલ્યાણ કરે :**

પછી બીજે દિવસ મહારાજની પાસે એક વાણિયો આવ્યો. તે નાળિયેર મેલીને મહારાજને પગે લાગીને બેઠો. પછી મહારાજે કહ્યું જે, "નાળિયેર ભાંગો." ત્યારે નાળિયેર ભાંગ્યું. તે ખોરું નીકળ્યું. પછી વાણિયે પોતાના માણસને કહ્યું જે, "બીજું નાળિયેર લાવ." ત્યારે મહારાજે કહ્યું જે, "આ તો બહુ સારું છે, જે એનો તો અમે ધૂપ કરાવશું, તે ઠાકોરજીને ઝાઝા દિવસ ચાલશે અને સારું હોત તો કટકો-કટકો વહેંચી ખાત."

૧.દિલની ભાવના-ઈચ્છાઓનો તો અંત નથી આવતો.

પછી વાણિયે કહ્યું જે, "તમે તો સાધુ છો, તે તમારે તો એમ જ જોઈએ. કેમ જે, એક ગામમાં મોટા સાધુ રહેતા. તે ગામમાં એક વાણિયો રહેતો. તે સાધુને ચપટી (લોટ) આપે નહીં. ત્યારે સંતે કહ્યું જે, 'એનું કલ્યાણ નહિ થાય, માટે એના ઘરની જણસ સંતના ઉપયોગમાં આવે તો કલ્યાણ થાય.'

પછી એક દિવસ એ વાણિયો હાટે કેરાં વીણતો હતો. તેને સાધુએ જોયું જે, એ ડીંટાં એને કામ નહિ આવે. એમ જાણીને વાણિયો માંહ્યલી કોરે ગયો ત્યારે વાંસેથી સાધુએ ડીંટાં લીધાં. પછી એણે હાકલ કરી જે, 'કોણ છે ?' એમ કહ્યું તોય સાધુએ પાછું વાળીને ન જોયું. પછી ગુરુ આગળ આવીને કહ્યું જે, 'વાણિયે આપ્યાં નથી. હું તો હાટમાંથી ઉપાડી આવ્યો છું.' પછી ગુરુએ કહ્યું જે, 'ઠીક, મીઠું, મરચા ને આદુ નાંખીને ચટણી કરીને સંતને ફેરવો.'

પછી બીજે દિવસ તે વાણિયે કહ્યું જે, 'હે સાધુ ! ડીંટાં તમારે કામ આવ્યાં ?' ત્યારે કહ્યું જે, 'એ તો ચટણીમાં નાંખ્યા, તે સંત રાજી થયા.' પછી વાણિયે કહ્યું જે, 'તાંદળજાનાં ડાખળાં કામમાં આવશે ?' ત્યારે હા પાડી. પછી ડાખળાં સુધારીને દાળમાં નાંખીને જમ્યા.

પછી ત્રીજે દિવસે વાણિયે કહ્યું જે, 'એ ડાખળાં તમારે કામમાં આવ્યા ?' પછી સાધુએ હા પાડી. ત્યારે તે કહે, 'લ્યો, તાંદળજો લઈ જાઓ.' પછી કહ્યું જે, 'આજ તો સીધું લ્યો.' પછી કહ્યું જે, 'યાંથી નિત્ય સીધું લેતા જજો.' એમ વાણિયાનું કલ્યાણ કર્યું."

ત્યારે મહારાજે ડાબે હાથે કરીને વાણિયાનો હાથ ઝાલ્યો અને જમણા હાથમાં કળશ્યો લીધો અને કહ્યું જે, "તે સાધુએ કેરાનાં ડીંટાં ખાઈને કલ્યાણ કર્યું અને તમે તો નાળિયેર લાવ્યા છો ! માટે લ્યો તમારું કલ્યાણ કરીએ." પછી મહારાજે કળશ્યો ઊંચો કરીને કહ્યું જે, "લ્યો

નિયમ, અમે તમારું કલ્યાણ કરીએ.” ત્યારે વાણિયો હાથ પાછો તાણે ને મહારાજ ઓરો તાણે. એવી રીતે બહુ હસ્યા અને બહુ રમૂજ કરી.

**✵ વાણિયાએ શ્રીહરિ અને સંતોને જમાડ્યા :**

પછી બીજે દિવસ વાણિયે એની સ્ત્રીને કહ્યું જે, “સ્વામિનારાયણ મોટા પુરુષ છે, તે તું દર્શને જા.” પછી બાઈયું પાંચસાત ભેળી થઈને આવી. ત્યારે મહારાજે કહ્યું જે, “અમારા સાધુ તો સ્ત્રીને જુએ, અડે કે બોલે નહીં; આ તો અમે છીએ માટે બેઠા છે. અને તમારે વાત સાંભળવી હોય તો ગંગારામ મલને ઘેર બાઈયું કથા કરે છે, ત્યાં જાજો.” પછી વાણિયાની સ્ત્રીએ કહ્યું જે, “સારું મહારાજ, પણ કાલે મારે ઘેર જમવા આવજો.”

પછી બીજે દિવસ તે વાણિયા શાહુકારને ઘેર બ્રાહ્મણે રસોઈ કરી, તે મહારાજ ને સાધુ જમવા પધાર્યા. પછી ત્યાં જમ્યા. તે વાંસેથી ભાત પીરસીને મહારાજની આગળ મેલ્યો. ત્યારે મહારાજે કળશ્યો લઈને ભાતમાં પાણી નાંખ્યું. ત્યારે બાઈએ ખરખરો કર્યો જે, “મહારાજ, દૂધ લાવે છે.” ત્યારે મહારાજ કહે, “અમારે તો દૂધ ને પાણી બરોબર છે.” પછી મહારાજે જમીને થાળ અમારી આગળ ખેસવીને કહ્યું જે, “ધીરે ધીરે જમજો.” એમ કહીને મહારાજ એક સવૈયો બોલ્યા જે,

*“છાંડ ભયે નર ભાંડકે દોના, આગે કછુ નહીં હાથ પર્યો, પુની પીછે બિગાર ગયો નિજ ભોના.”*[1]

પછી એની બહુ વાત કરી. “અને આ તો અમે છીએ, તે સારુ સાધુ જમવા આવ્યા. અને એકલા દોકલા કોઈને ઘેર જમવા ન જાય.” એ રીતની ઘણીક વાત કરી. અને પછી મહારાજ ને સાધુ પાછા ઉતારા ઉપર આવ્યા.

૧.કોઈ ભાંડ ઘર છોડીને ત્યાગી થયો ને ત્યાગીમાં એને આગળ જાતા કાંઈ હાથ આવ્યું નહીં. અને પછવાડે પોતાનું ઘર ધૂડધાણી થઈ ગયું. આમ તેણે બંને આશ્રમ બગાડી નાંખ્યા.

**❋ મોટા આગળ સ્વામીની નમ્રતા :**

પછી રાતે મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે મુક્તાનંદસ્વામીને પ્રશ્ન પૂછો." ત્યારે મેં કહ્યું જે, "મુને તો નથી આવડતું." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે કહ્યું'તું જે, વેદાંતના પ્રશ્ન શીખો. ત્યારે તમે કહ્યું જે, 'એ તો મુને આવડે છે. ને આજ કેમ ના પાડો છો ?" ત્યારે મેં કહ્યું જે, "મુક્તાનંદસ્વામીને કેમ પૂછાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "એ પ્રશ્ન શીખ્યા સારુ પૂછાય." પછી મહારાજ તો પોઢી ગયા.

**❋ સુંદરજી સુતારના ગામે પોંક જમ્યા :**

પછી સવારમાં જમીને આજ્ઞા કરી જે, "તમે તુણે થઈને જાઓ." પછી હું તો ચાલી નીસર્યો. પછી બીજે-ત્રીજે દિવસ તુણા પાસે ગામ છે, તે સુંદરજી સુતારનું છે. ત્યાં કને મહારાજને પોંક જમવા સારુ તેડી લાવ્યા. પછી મારી ખબર થઈ જે, તુણે એક સાધુ છે. પછી મહારાજે માણસ મૂકીને મુને તેડાવ્યો. પછી મહારાજે કહ્યું જે, "કેમ થયું ?" ત્યારે મેં કહ્યું જે, "વહાણવાળો પૈસા માગે તે ક્યાંથી લાવું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "કાંઈક લૂગડું દઈને ઊતરી જાઈએ નૈ ?"

તે દિવસ એકાદશી હતી, તે સુતારની કોડ્યે જુવા બહુ હતા. પછી સૌને અર્થે ખાટલા લાવ્યા. પછી રાતે સૌ ખાટલા ઉપર સૂતા. પછી રાત બહુ ગઈ ત્યારે ગામનાં માણસ વાતુ સાંભળવા આવ્યાં. ત્યારે હું બેઠો થયો અને બહુ વાત કરી. પછી રાત બહુ ગઈ ત્યારે ઊઠ્યા. પછી મહારાજે કહ્યું જે, "વાત સારી કરતાં આવડે છે !" ॥૮૧॥

## ૮૨. અંજારમાં અંધ વૈરાગીને શ્રીહરિમાં દિવ્યભાવ

પછી અંજારનો બ્રાહ્મણ પાંચો તે સવારમાં રસોઈ કરીને તેડવા આવ્યો. તે મહારાજ ને સાધુ **અંજાર** પધાર્યા. ને તે બ્રાહ્મણને ઘેર

જમવા ગયા અને જમીને બેઠા. ત્યારે એક સાધુ નરહરિયાનંદસ્વામી સામું જોઈને કહ્યું જે,

*"કહા ગઈ વે અકલ તેરી, કહા ગઈ વે અકલ તેરી; સાંઈ નહિ સંભારતા હૈ, ગાફલ મૂઢ ગમાર ફૂલા ક્યું ફરતા હૈ."*

એ કીર્તન બોલ્યા. પછી મહારાજને કહ્યું જે, "આ ગામમાં વૈરાગી સુરદાસ વેદાંતી છે." પછી મહારાજ વૈરાગીની જાયગામાં ગયા. પછી વૈરાગીને કહ્યું જે, "સ્વામિનારાયણ આવ્યા છે." પછી તે વૈરાગી આવીને મહારાજની પાસે બેઠો અને પરસ્પર ચર્ચા કરવા માંડી. તેમાં વૈરાગી જે જે વચન બોલ્યો, તે તે વચનને મહારાજે ખોટું કરી નાંખ્યું. પછી મહારાજના શરીર પર હાથ ફેરવીને કહ્યું જે, "આ તે મનુષ્ય નથી."

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે પાછા સુંદરજી સુતારને **તુણા** ગામ આવ્યા. પછી રાત રહીને રસોઈ વહેલી કરાવી, ને સાધુને જમાડીને શીખ દીધી જે, "વહાણ મળે તો બેસી જાજો. અમે આવશું, પણ અમારી વાટ જોશો મા." પછી સાધુ તો ચાલી નીસર્યા. પછી મહારાજને તો હરિભક્ત તેડીને **ભુજનગર** ગયા. અને મહારાજને તો (આ બાજુ) આવ્યાની તાણ તો બહુ, પણ હરિભક્તે ચાલવા ન દીધા. ॥૮૨॥

## ૮૩. ગંગારામ મલ્લ અને અદાભાઈની ભગવન્નિષ્ઠા

એક દિવસ જગજીવન મહેતો આવ્યો અને વળી મહારાજ આગળ એમ બોલ્યો જે, "તમારા સેવક એમ કહે છે જે, અમારા સ્વામી સીતાના પતિ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "હું સીતાપતિ છું, રાધાપતિ છું." પછી મહેતો મરડમાં ઊઠીને ગયો. પછી હિરજીએ કહ્યું જે, "મહારાજ, એ તો મહાભૂંડો છે અને એના ઘરમાં સ્ત્રીનું નામ 'સહજાનંદ' પાડે છે. અને જમવા આવે ત્યારે એમ કહે જે, 'સહજાનંદ, રોટલા થયા છે ?' એમ બોલે અને સાધુની પાસે પાણા ઉપડાવ્યા હતા, એવો કુપાત્ર છે. માટે તમે ગંગારામ મલ્લને ઘેર જાઓ તો ઠીક."

પછી મહારાજે કહ્યું જે, "મારે પગે ગૂમડું છે, તે ચલાતું નથી, પણ લાકડી લાવો તો ટેકે ટેકે જઈએ." પછી મહારાજ ગંગારામ મલ્લને ઘેર ગયા. પછી મહારાજે માનકુવે માણસ મોકલ્યો જે, અદાભાઈને કહેજો જે, "રોટલા ખાતા હો તો, યાં આવીને હાથ ધોજો."

પછી અદોભાઈ આવ્યા અને વાળુ વખત વીતી ગઈ, ત્યાં જગજીવન મહેતો આરબ લઈને આવ્યો. ત્યારે મલ્લની ખડકીએ એક કોરે ગંગારામ ઢાલ-તલવાર લઈને ઊભા રહ્યા અને એક કોરે અદાભાઈ ઢાલ-તલવાર લઈને ઊભા રહ્યા અને કહ્યું જે, "એમ ના એમ ચાલ્યા આવો." પછી કોઈથી ન અવાણું. પછી ભોંઠા પડીને પાછા ગયા.

પછી સવારમાં ગંગારામ રાય પાસે ગયા અને કહ્યું જે, "અમે યાંથી બીજે જાશું. શા માટે જે, જગજીવન મહેતો હલ્લા લઈને અમારા ઘર ઉપર આવ્યો. પછી રાયે મહેતાને ઠપકો દીધો. ॥૮૩॥

## ૮૪. હાથરોલીમાં સંતોને ઘી પીરસવામાં શ્રીહરિની યુક્તિ

પછી મહારાજ કેટલાક દિવસ રહીને ઝાલાવાડ સોંસરા થઈને ગુજરાતમાં આવ્યા. તે પછી મહારાજ **ડભાણ** ગામમાં આવ્યા. તે ડભાણના હરિભક્તે કહ્યું જે, "વૈરાગીની જમાત આવે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ખેડે ખબર કરજો." પછી મહારાજ ઘોડાસર ગયા. અને ખેડે હરિભક્તે ખબર કરી. તે ખેડેથી બે હમેલિયા મેલ્યા. પછી સ્વરૂપાનંદસ્વામી વાંસેથી ગયા, તે **હાથરોલી** મહારાજની ભેગા થયા.

પછી સાધુએ રસોઈ કરી, તે ખીચડી ને રોટલા કર્યા. પછી પંગત થઈ અને સાધુએ ખીચડી ને રોટલા ફેરવ્યા અને મહારાજ વાંસેથી વાઢી(ઘી પીરસવાનું ટૂંકા નાળચાવાળું વાસણ) લઈને ઘી ફેરવવા માંડ્યા. તે એક ટીપું વા બે ટીપાં પાડે, ત્યારે સાધુ કહે, "હાં.. હાં..." એવી રીતે મહારાજ પંગતમાં ફર્યા. ત્યારે પટેલે કહ્યું જે, "આ કુડલું ઘીનું કોણ ખાશે ? આ તો સાધુને અર્થે લાવ્યા છીએ." ત્યારે મહારાજ ફરીને પંગતમાં ફર્યા અને કહ્યું જે, "જુઓને, કોઈ લે છે ?" ॥૮૪॥

## ૮૫. હાથરોલીમાં કાઠિયાવાડથી બાઈઓનો પત્ર આવ્યો

પછી જમીને આંબલિયું હેઠે ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન હતા અને હરિભક્ત ને સાધુની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજ બોલ્યા જે, "કાઠિયાવાડથી કાગળ આવ્યો છે. તેમાં બાઈયુંએ એમ લખ્યું છે જે, સાક્ષી તો સર્વજ્ઞ હોય, ત્યારે બારલ્યા સાખ્ય કેમ નથી પૂરતા ? માટે પરમહંસને કહેવું જે, બ્રહ્મ હો તો ઉત્તર કરો અને કાં તો કહો જે, અમે જીવ છીએ."

પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "એનો ઉત્તર કરો." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! આવડા ઉતાવળા કેમ થાઓ છો ? હે મહારાજ, એ તો મોટાઉની વાત છે, તે અમારે છ મહિના તો મનસૂબો કરતા થાશે." પછી મહારાજ બહુ હસ્યા. ॥૮૫॥

## ૮૬. ગામ બારમુવાડાની લીલા

પછી ત્યાંથી ઊઠ્યા ને ઘોડી મગાવી અને મહારાજ ઘોડીએ બેઠા અને કહ્યું જે, "આજ આવ્યા હોય તે અમારી ભેળા આવો અને બીજા પાધરા ડભાણ જાઓ." પછી સ્વરૂપાનંદસ્વામી તથા આત્માનંદસ્વામી એ સાત-આઠ જણા મહારાજની ભેળા ચાલ્યા. અને મહારાજે શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો અને મીઠાઈની માટલી ભેળી લેવરાવી હતી.

પછી મહારાજ **બારમુવાડે** ગયા. ત્યાં હરિભક્તના ફળિયામાં ઢોલિયા ઉપર દક્ષણાદે મુખારવિંદે બિરાજમાન હતા અને માથે પીળી પામરી(પછેડી) બાંધી હતી, તે એક કાન ઉપર છોગું મેલ્યું હતું અને એક માથા ઉપર છોગું મેલ્યું હતું. એવી રીતે મહારાજ બેઠા હતા અને સાધુ મહારાજ સામું જોઈ રહ્યા હતા.

પછી થોડો દિવસ રહ્યો ત્યારે મહારાજે કહ્યું જે, "વગડેથી માણસ(બાઈઓ) આવશે, તે તમને અડી જાશે, માટે નદીને સામે

કાંઠે જાઓ." પછી એક હરિભક્ત હતો, તેણે કહ્યું જે, "નદીને ઓલે કાંઠે તો ઝાડે ઝાડે સાવજ રહે છે. માટે ચાલો, હું સારી જાયગા બતાવું, ત્યાં વડ તળે તમે રહો તેવી છે." પછી સાધુ એની વાંસે ચાલ્યા, ત્યારે મહારાજ વાંસેથી મીઠાઈની માટલી ઉપડાવીને આવ્યા. પછી સાધુ ઊભા રહ્યા અને મહારાજ આગળ થયા. તે નદીમાં હેઠા ઊતર્યા. ત્યાં એક સરકટનો(એક પ્રકારના ઘાસનો) થૂમડો હતો, તે ઉપર બેઠા. અને મીઠાઈની માટલી છોડી અને મહારાજે સૌને જલેબી ફેરવી અને પોતે એક જલેબી લઈને જમ્યા અને કહ્યું જે, "જલેબી બગાડી દીધી. કેમ જે, ઘી બહુ નાંખ્યુ." પછી સૌ જમી રહ્યા.

પછી મહારાજે કહ્યું જે, "નદીને સામે કાંઠે જાઓ." ત્યાં ઓલ્યો હરિભક્ત બોલ્યો જે, "ત્યાં તો બહુ સાવજ રહે છે." પછી મહારાજ બોલ્યા જે, "સાવજમાંઈ નારાયણ રહ્યા છે." પછી પરમાનંદસ્વામી બોલ્યા જે, "એમાં નારાયણ રહ્યા છે, પણ એના નારાયણ બિવરાવે એવા છે." પછી મહારાજે કહ્યું જે, "એટલી બીક તો બધેય રહી છે. પછી તમારા અંતર્જામી કહે ત્યાં રહો." એમ કહીને મહારાજ ચાલી નીસર્યા, તે ગામમાં આવ્યા.

પછી સાધુએ વિચાર કર્યો જે, **"આ પ્રગટ અંતર્જામી કહે છે ને હવે બીજા કયા અંતર્જામી જોવા જાશું ?"** પછી સૌ સામે કાંઠે ઊતર્યા. પછી હરિભક્તે રહેવાની જાયગા દેખાડી અને કહ્યું જે, "વિચારીને ઊઠજો, નહિ તો કોતરમાં ચાલ્યા જાશો." પછી રાત ત્યાં રહ્યા અને સાધુ બહુ કીર્તન બોલ્યા. તે સાંભળીને મહારાજે કહ્યું જે, "સાધુ બહુ કીર્તન બોલ્યા." પછી મહારાજે કહ્યું જે, "ચાલો, સાધુ પાસે જાઈએ." એમ કહીને પછી મહારાજ નદીએ આવ્યા. ત્યાં સાધુ કીર્તન બોલતા રહી ગયા. પછી મહારાજ નદીમાં બેઠા અને કહ્યું જે, "રાત ઘણી ગઈ છે અને સાધુ થાક્યા છે, તે ભર સૂઈ રહે." ॥૮૬॥

## ૮૭. શ્રીહરિએ ડભાણમાં યજ્ઞ કર્યો

પછી મહારાજ પધાર્યા, તે બારોબાર **ઘોડાસર** ગયા. પછી સાધુ સવારમાં ઊઠીને ગયા. ત્યારે હરિભક્તે કહ્યું જે, "મહારાજ તો ઘોડાસર ગયા." પછી સાધુ પણ પરબારા ગયા. તે મારગમાં ગામ આવ્યું, ત્યાં ઝોળી માગીને નદીને કાંઠે આવીને કાચો લોટ ચોળી ખાઈને ઘોડાસર ગયા. ત્યાં મેડી ઉપર દક્ષણાદિ દિશે બારીમાં મહારાજ બેઠા હતા અને અમે મેડીને હેઠે રહીને દર્શન કર્યાં. અને મહારાજે કહ્યું જે, "તમે ગામ સોંસરા ડભાણને માર્ગે ચાલો. અમે વાંસે આવીએ છીએ."

પછી સાધુ ચાલ્યા, તે આગળ ગામ આવ્યું. ત્યાં સાધુ હતા, તે ભેળા થયા. અને ત્યાં વાંસેથી મહારાજ અને ઘોડાસરનો રાજા આવ્યા અને ત્યાં ડભાણથી કાઠીનાં ઘોડાં આવ્યાં, તે મહારાજને મળ્યા. પછી સૌ ભેળા ચાલ્યા અને નદી આવી ત્યાં નાહ્યા. ત્યાં સાંજની વખત થઈ, તે **ડભાણ**થી હરિભક્ત મશાલ લઈને આવ્યા. પછી મહારાજ તો પડખે થઈને ગામમાં ગયા.

પછી સવારમાં મહારાજ આવ્યા. તે સર્વે જરિયાની વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી સૌને ઉતારા કરાવ્યા, તે ફરતી થોરની વાડ હતી અને જ્યાં માણસ આવે-જાય ત્યાં ચોકી રાખી હતી. પછી સાધુને કહ્યું જે, "તમે સર્વે સામાનની ખબર રાખો અને સીધું દેવું તેની ખબર રાખો." ત્યારે સાધુ બોલ્યા જે, "અમને વાણિયાઅક્ષર ન આવડે." ત્યારે મહારાજ બોલ્યા જે, "વાણિયાઅક્ષરનું શું કામ છે ? પાકે અક્ષરે લખો." પછી સાધુને તો સીધું દેવા-લેવાને ઉપર રાખ્યા. અને મહારાજ આંબાવાડિયામાં મંચ ઉપર બેઠા. અને સભા થઈ.

**❋ ઘોડાસરના કોળીઓને રોટલો ને કંસાર જમાડીને વળાવ્યા :**

અને ત્યાં વેપારીઓના હાટ માંડ્યા હતાં. પછી હાટમાં કોળીએ તલવાર કાઢી ને હોબાળો કર્યો. તે ખબર મહારાજ પાસે આવી.

પછી મહારાજ ઘોડે ચડીને આવ્યા અને સાધુને તેડાવ્યા, તે વચ્ચે ભેળા થયા. પછી મહારાજે કહ્યું જે, "મહાપુરુષો, કોળી બહુ આવ્યા, તે રસોઈ તમે કરો." ત્યારે સાધુએ કહ્યું જે, "અગ્નિ ને તાંબા-પિત્તળનાં ઠામને અડવાની તમે ના પાડી છે. તે રસોઈ કેમ થાય ?" પછી મહારાજે કહ્યું જે, "એનું પાપ લાગે તે મારે માથે. તમે રસોઈ કરો."

પછી આંબાવાડિયામાં રસોઈ કરી. તે કંસાર કર્યો. પછી મહારાજે સંઘમાં રોટલા કરાવ્યા. તે આંબાવાડિયામાં લઈને હરિભક્ત આવ્યા. પછી કોળિયુંને કહ્યું જે, "આવો." પછી અર્ધો રોટલો ને ઉપર કંસાર મેલીને આપ્યો. એ રીતે સૌને જમાડ્યા.

પછી મહારાજ ઘોડાસરના રાજા પાસે ગયા અને એમ કહ્યું જે, "તમારા કોળીને જમાડ્યા અને અમે કોઈને ઓળખતા નથી, તમને ઓળખીએ છૈયે, માટે તે સૌના નામ લખાવો અને કોઈનું કંઈ જાશે-આવશે તેની કોરનું તમને પૂછશું." પછી જાલમસંઘે સારા-સારા કોળીને બોલાવીને કહ્યું જે, "બાપે સૌને જમાડ્યા અને દર્શન દીધાં, માટે સૌ સૌને ઘેર જાઓ. શા માટે જે કાંઈ જણસ જાય તો આપણે માથે આવે, માટે જાઓ."

પછી બીજે દિવસ સવારમાં ખેડેથી પલટણ આવી, તે ઝાંપે ચોકી કરનારા રોકવા માંડ્યા, પણ ન રહ્યા અને મહારાજને આવીને સલામ કરી. પછી મહારાજે કહ્યું જે, "ઉતારા કરો અને સીધાં દેવરાવીએ, તે રસોઈ કરો." પછી તેમણે ના પાડી જે, "અમારે રસોઈ નથી કરવી. અમે તો મહારાજને દર્શને આવ્યા છીએ." પછી મહારાજને પગે લાગીને ગયા.

### ❋ ટંટાખોર બ્રાહ્મણોને બીક દેખાડીને પણ જમાડ્યા :

પછી બ્રાહ્મણોની પંગત બેઠી અને માંડવા ઉપર મહારાજ ઊભા હતા અને પતરાવળાવાળા પતરાવળાં ફેરવવા ચાલ્યા, ત્યાં બ્રાહ્મણોના

મનમાં છળ હતો, તે લાકડિયું પાસે રાખીને બેઠા હતા. અને મહારાજે કહ્યું જે, "પતરાવળા સામી કોરથી ફેરવો, તે કચરાય નહીં." પછી મોવડ(મોખરે) જે બ્રાહ્મણ બેઠા હતા, તેમણે પતરાવળાવાળાને કીધું જે, "અમને દેતો જા." એમ કહીને બાઝ્યા ને પતરાવળા ઝડપીને ભાંગી નાંખ્યા અને બે ત્રણ દડિયાના સુંડલા ભાંગી નાંખ્યા.

પછી શ્રીજીમહારાજે હાકલ કરીને પતરાવળાં ફેરવવા બંધ કર્યાં ને હથિયારબંધને હાકલ કરી. તે હથિયારબંધ સર્વે પંગત ફરતા આવીને ઊભા રહ્યા. અને પછી સાધુને કીધું જે, "લ્યો, ધોકા અને પતરાવળાનો થોકડો લઈને બ્રાહ્મણ ચાલે તે ભેગા જાવું. જો બ્રાહ્મણ ઊંચો હાથ કરે, તો ધોકો હાથ ઉપર મેલવો. અને કોઈક એમ કહેશે જે બ્રાહ્મણને મારે પાપ થાય, પણ અમારે તો જમાડ્યે પુણ્ય થાય એટલું જ મારે પુણ્ય થાય." પછી બંધૂકોનો શંભો માર્યો(બંધૂકો ફોડી), ત્યારે કેટલીક દાળની કોઠિયું ફાટી ગઈ. એમ બીક દેખાડી એટલે ટંટો ન થયો. પછી બ્રાહ્મણ જમ્યા અને એમ નિરંતર બ્રાહ્મણ જમતા હતા.

**❋ મંચ પર પોઢેલ શ્રીહરિ પાસે ચોર આવ્યો :**

અને એક દિવસ રાત્રિને સમે મહારાજ મંચ ઉપર પોઢ્યા હતા ને ચાર થાંભલિએ ચાર પાળા હથિયાર લઈને ઊભા હતા. અને રાત્રી અર્ધ ગઈ હતી. ત્યાં એક ચોરે મહારાજના ઢોલિયા ઉપર જમણે પડખે સૂઈને મહારાજની છાતી ઉપર હાથ નાંખ્યો, તે ભેળા મહારાજ હાથ ઝાલીને બેઠા થયા, ને કહ્યું જે, "કોણ છે ?" એમ બોલ્યા.

પછી સૌ જાગ્રત થયા અને ચોરને હેઠે ઉતાર્યો. અને મહારાજે હાકલ કરી જે, "એને કોઈ બોલાવશો મા." પછી મહારાજે પૂછ્યું જે, "તું કોણ છો ?" ત્યારે તે કહે જે, "હું કણબી છું." ત્યારે મહારાજ કહે, "તું કેના ભેળો આવ્યો છો ?" ત્યારે તે કહે જે, "હું સુરતના સંઘ ભેળો આવ્યો છું." ત્યારે મહારાજ કહે, "તું સત્સંગી છો ?" ત્યારે તે

કહે જે, "હા." ત્યારે કહે, "તુંને કેણે વર્તમાન ધરાવ્યાં છે ?" ત્યારે તે કહે જે, "મુને તો આત્માનંદસ્વામીએ ધરાવ્યાં છે."

પછી મહારાજે કીધું જે, "ક્યાં છે આત્માનંદસ્વામી ?" ત્યારે મેં કહ્યું જે, "આ રહ્યો મહારાજ." પછી મહારાજે કહ્યું જે, "આ એમ કહે છે જે, મુને આત્માનંદસ્વામીએ વર્તમાન ધરાવ્યાં છે." પછી મેં કહ્યું જે, "હા મહારાજ, એની બોનને ઘેર પરોણો આવ્યો હતો અને મારી પાસે બેસવા આવ્યો અને વાત સાંભળીને વર્તમાન ધાર્યાં છે. પછી એને ગામ અમને તેડી ગયો. પછી એને અમે ભજન-સ્મરણની રીત કહી. ત્યારે ભજન-સ્મરણ કરતા એને લક્ષ થયો. પછી એને માણસ ગાંડો ગાંડો કહેતા."

પછી મહારાજે સુરતના હરિભક્તને કીધું જે, "આ હરિભક્તને લઈ જાઓ." પછી મહારાજ બોલ્યા જે, "આ બધાયનાં માથાં કાપીને(બધાયને છેતરીને) આવ્યો." પછી મૂળજી બંધિયાવાળા બોલ્યા જે, "માથા કાપ્યા જેવું જ તો." ત્યારે મહારાજે કહ્યું જે, "કાપ્યા જેવું કે ના કાપ્યા જેવું ?" પછી ફરીને એમ ને એમ બોલ્યા જે, "કાપ્યા જેવું જ તો." પછી મહારાજ બોલ્યા જે, "તમે દેખતા હો તો ચડવા દ્યો ?" તો કહે, "દેખતાં તો ના ચડવા દઈએ." ત્યારે મહારાજે કહ્યું જે, "ત્યારે માથાં કાપીને આવ્યો કે ના ?" ત્યારે સર્વેએ હા પાડી જે, "અમારાં માથાં કાપીને આવ્યો."

### ❋ સેવકોની બેકાળજીથી શ્રીહરિ રિસાયા :

પછી મહારાજે મસ્તક ઉપરથી જરકસી પાઘ હેઠી નાંખી દીધી. ને જામો, ઓઢવાનાં વસ્ત્ર, સુરવાળ, એવી રીતે સર્વે બીજાં વસ્ત્ર નાંખી દઈને ધોતિયાભર બેઠા. અને હેમનાં અલંકાર ઊતરી, કડાં, વેઢ, વીંટિયું એ આદિક સર્વે આભૂષણ નાંખી દીધાં. અને એમ કહ્યું જે, "એનો(વસ્ત્ર-અલંકારાદિકનો) ભય છે." પછી પગભર બેઠા ને ટાઢ

બહુ પડતી હતી. પછી અલૈયા ખાચર ઉપર ચઢીને ધડકી ઓઢાડવા ગયા. તે મહારાજે હાથે કરીને છેટે ફગાવી દીધી.

### ✵ રિસાયેલા શ્રીહરિને ભાઈરામદાસજીએ મનાવ્યા :

પછી ભાઈરામદાસજીએ ઉપર ચઢીને ધડકી ઓઢાડી, તે ધડકી મહારાજે પાછી છેટે ફગાવવા માંડી. ત્યારે ભાઈરામદાસજીએ બે હાથે દાબીને હાકલ કરી જે, "આ શું લઈને બેઠા છો ? અને આવું કરવું હતું, ત્યારે દેશદેશનાં માણસ શીદને ભેળાં કર્યાં ? હવે એ ક્યાં જાય બાપડા ?" પછી મહારાજ પોઢી ગયા. પછી બીજી ધડકી ઓઢાડી.

પછી સવાર થયું, પણ ઊઠ્યા નહીં. ત્યારે ભાઈરામદાસજીએ કહ્યું જે, "આજ હરિ કેમ રિસાણા ? એ કીર્તન કોઈ સાધુને આવડે છે ?" ત્યારે સાધુએ ના પાડી. પછી બાઈયુંમાં ખબર કઢાવી અને કહ્યું જે, "આ કીર્તન નરસિંહ મહેતાનું આવડતું હોય તો બોલો." ત્યારે બાઈયું કીર્તન બોલ્યા જે,

*કોઈ પૂછો રે અબોલડા શે ધરિયા,*
*કઈ કામણગારીએ રે; હરિના કાન જ ભરિયા, હરિને પૂછો.*

એ કીર્તન બાઈયું બોલ્યા ત્યારે મહારાજ બેઠા થયા. ત્યાર પછી શ્રીજીમહારાજે સર્વે અલંકાર-આભૂષણ ધાર્યાં. અને સંઘમાં બાઈ-ભાઈ સર્વેને આનંદ-ઓચ્છવ થયો. ને જયજયકાર થયો.

### ✵ દેશદેશના હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી :

પછી દેશદેશના હરિભક્ત ને સાધુ તેમની મહારાજ આગળ સભા થઈ. પછી દેશદેશના હરિભક્ત તેમણે વિવિધ પ્રકારનાં આભૂષણ ને વસ્ત્રે કરીને મહારાજની પૂજા કરી. તેમાં કુંડળ કાનમાં આવે નહીં, ત્યારે પોતાને હાથે કરીને કાનમાં કુંડળ ધારણ કર્યાં. પછી મહારાજની આગળ આવીને મલ્લ રમતા હતા. પછી મહારાજ બહુ રાજી થયા અને પોતાના કુંડળ મલ્લોને આપ્યાં. પછી હરિભક્ત સૌને ઉતારે ગયા ને

બ્રાહ્મણની પંગત થઈ ને સાધુ માધુકરી કરવા(ભિક્ષા માંગવા) ગયા. એવી રીતે આઠ દિવસ સુધી બ્રાહ્મણ જમ્યા.

**❋ યજ્ઞની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ :**

પછી સાંજની સભા થઈ ત્યારે મહારાજે વર્ણાશ્રમના ધર્મ સંબંધી ઘણીક વાર્તા કરી. પછી મહારાજ લઘુશંકા કરવા ઊઠ્યા. ત્યાં એકાંતે સુરવાળની નાડી છોડવા ગયા પણ ન છૂટી. પછી મહારાજ આકળા થયા અને કહ્યું કે, "નાડીની ગાંઠ બહુ બેસી ગઈ, તે હવે કેમ થાશે ?" પછી કૈવલ્યાનંદસ્વામીએ દાંતે કરીને કાપી નાંખી. પછી મહારાજે લઘુશંકા કરી અને સુખે કરીને મંચ ઉપર બેઠા. અને ભાઈરામદાસજીને કહ્યું જે, "અમારે કાલ સવારમાં ચાલવું છે. માટે ઠામ, મોઘું જે જે જણસ લાવ્યા હોય, તે સૌ સૌની સંભાળીને આપજો." પછી મહારાજ પોઢી રહ્યા અને પરોઢિયે ઊઠીને મહારાજે સર્વેને સૌ સૌને ઘેર ગયાની આજ્ઞા આપી. પછી મહારાજ **દુર્ગપત્તન** પ્રત્યે ગયા.

પછી સવારમાં ભાઈરામદાસજીએ સર્વે જણસની ખબર કઢાવી તેમાં મોઘું ન જડી. પછી ભાઈરામદાસજીએ કીધું જે, "કળશિયામાં ઘી લઈ જાતાં છતાં થયા, તો મોઘું ક્યાં જાય ? માટે એટલામાં ખોળો દાટી હશે." પછી ખડમાં ને જાળામાં ખોળતાં ન જડી. પછી કહ્યું જે, "તળાવમાં જુઓ." પછી તળાવમાંથી ઘણીક મોઘું નીકળિયું.

પછી બ્રાહ્મણ માંહોમાંહે બોલ્યા જે, "જજ્ઞમાં કાંઈ વિઘ્ન ન થયું." ત્યારે બીજો કહે જે, "શું વિઘ્ન થાય ? જે, જ્યારે પાણી માગીએ ત્યારે ઘી આપે અને ગોળ માગીએ ત્યારે ખાંડ આપે, ને ખાંડ માગીએ ત્યારે સાકર આપે; ત્યારે કહો કેમ વિઘ્ન થાય ?" પછી કહે જે, "તે ચોઘડિયે હું હોત તો જજ્ઞમાં પડીને જ વિઘ્ન કરત." એવી રીતે ખલેશ્વર વાણીને ઉચ્ચારતા હતા અને એ દીનાનાથ ભટ્ટની આરતી જે, 'જયદેવ જયદેવ' એમાં ડભાણની લીલાનો ભાવ છે. ॥૮૭॥

## ૮૮. દાદા ખાચરના વિવાહ થયા

પછી કેટલાક દિવસ પછી દાદા ખાચરનો વિવાહ આવ્યો. ત્યારે દાદા ખાચરે મહારાજને કીધું જે, “મારે તો જાનૈયા ને માંડવિયા સાધુ છે. માટે સર્વે સંતને કંકોતરી લખીને તેડાવો.”

**દોહા :** સદા દિવાળી સંતને, ઓછ્વ બારે માસ;
પ્રગટ દરશ ભગવાનનાં, જક્તશું રહે ઉદાસ.

થાય રસોયું નિત્ય નવી, વિધ વિધના પકવાન;
પંગત્યુ બેસે સંતની, પંડે પીરસે ભગવાન.

બરફી પેંડા સાબુડી, સુતરફેણી કંસાર;
મહારાજ પીરસે પંગત્યુમાં, જમે સંત અપાર.

લાડુ જલેબી મોતિયા, બિરંજ અરુ દુધપાક;
માલપુવા ઝીણી રોટલી, અરુ વૈતાંકુના શાક.

દૂધ ઘૃત દહિં ફેરવે, તાંબડિયે ઘનશ્યામ;
જોવા આવે દેવતા, બેસી બેસી વિમાન.

એવી રીતે બે મહિના સંતને રાખ્યા. ॥૮૮॥

## ૮૯. ગઢપુરમાં વસંતપંચમીએ રંગોત્સવ

પછી કેટલાક દિવસ કેડે વસંતપંચમીના સમૈયાનો આરંભ કર્યો અને સર્વે દેશના હરિભક્ત ને સાધુને કંકોતરી મેલીને મહારાજે તેડાવ્યા.પછી રંગ-ગુલાલે કરીને સારી પેઠે રમ્યા અને લીંબડે હિંડોળાખાટ બાંધી હતી. તે ઉપર મહારાજ બેઠા હતા અને સાધુ ઉપર ગુલાલ નાંખતા હતા. પછી પિચકારિયુંની બહુ ઝડી થઈ. ત્યારે મહારાજ હિંડોળાખાટની દોરી ઝાલીને લીંબડે ચડી ગયા. પછી પાળાએ ગુલાલની ફાંટો ઉપર પુગાડી. પછી મહારાજ ઉપરથી ગુલાલ નાંખે અને હેઠેથી સાધુ પિચકારી મહારાજ ઉપર ચલાવે, એવી રીતે વસંત બહુ રમ્યા. ॥૮૯॥

## ૯૦. વિસામણનો વેશ કાઢીને શ્રીહરિને હસાવ્યા

પછી બીજે દિવસ હિંડોળાખાટ ઉપર સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કરીને દક્ષણાદે મુખારવિંદે બિરાજમાન હતા. પછી હરિભક્ત વેશ લાવ્યા. તે વઢવાણનો દેવરામ વૈરાગી બન્યો અને એક વૈરાગણ બની અને એક વેલાલનો બ્રાહ્મણ ગોવિંદરામ વિસામણ બન્યો. અને એક ઊંચો હાથ રાખીને તપસ્વી બન્યો અને એક મુનિ બન્યો.

પછી સભા બેઠી હતી, તેમાં એક કોર બાયું અને એક કોર ભાઈ બેઠા હતા. તેની વચમાં આવ્યા. તે આગળ વૈરાગી માગ કરાવતો જાય અને એમ બોલ્યો જે, "મહાપુરુષ મહારાજકે દર્શન કરનેકુ આવતે હૈ." પછી એને વાંસે વૈરાગણ આવતી'તી. તેની વાંસે વિસામણ ભક્ત આવતા હતા. તેણે વૈરાગણનું લૂગડું ઝાલીને કહ્યું, "ક્યું ઇસકે વાંસે ફરતી હૈ ? આવોને, ઠાકોરના દરબારમાં કોઈ વાતની બંધી ન મળે. બધી વાતે મોકળ છે." ત્યાં વૈરાગીએ પાછા વળીને થોટ મારી.

પછી મહારાજે કહ્યું જે, "બાપડીને શીદ મારો છો ?" ત્યારે વૈરાગીએ કીધું જે, "રામકી ક્યું તેરી હે ?" પછી મહારાજ બહુ હસ્યા. પછી સર્વે સભા હસી, ને વૈરાગણની કાખમાં છોકરો હતો, તે રોવા માંડ્યો. ત્યારે બાઇયું બોલી જે, "મહારાજ, આ છોકરો ધાવણ વિનાનો રોવે છે, તે લાવોને કોઈક બાઈને આપીએ, તે ધવરાવે."

પછી મહારાજ વળી બહુ હસ્યા અને કહ્યું જે, "બાઇયું તો એમ જાણે છે જે, આ છોકરો સાચો છે." પછી મહારાજે કીધું જે, "આ તો ચીંથરાનો છોકરો છે." પછી મહારાજના કંઠમાં ખાંડનો હારડો હતો અને ફૂલનો એક હાર હતો. પછી મહારાજ ત્યાંથી ઊઠ્યા અને કૃષ્ણાનંદસ્વામીને હારડો ગળામાં નાંખ્યો અને ફૂલનો હાર હતો, તે આત્માનંદસ્વામીના ગળામાં પહેરાવ્યો. પછી મહારાજ 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા.

પછી બીજે દિવસે સવારમાં રસોઈ કરાવીને સંતને જમાડ્યા અને મહારાજે કીધું જે, "તમે ફરવા જાઓ." અને હરિભક્તને કીધું જે, "તમો સર્વે તમારે ઘેર જાઓ." ॥૯૦॥

## ૯૧. ગઢપુરમાં દિવાળીનો સમૈયો

### ❋ કુંડળના મામૈયા પટગીરને સમાધિ :

પછી કેટલાક દિવસ કેડે ગઢડે દિવાળીનો સમૈયો ઠેરાવ્યો અને બધે સંત-હરિભક્તને કહાવી મેલ્યું જે, "દિવાળીના સમૈયા ઉપર ગઢડે આવજો." પછી દિવાળીના દિવસે મહારાજ ઉગમણે બાર ઓસરીએ ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા. અને શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં. અને ચારે કોરે દીપમાળ પૂરી હતી અને સાધુ ને હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમામાં ગામ કુંડળનો મામૈયો પટગીર આવ્યો. તે દરવાજે ઘરતાં જ મહારાજનાં દર્શન થયાં, તે સમાધિ થઈ. તે "ઓ.. હો..હો..હો..!" એમ બોલ્યો. પછી મહારાજે કહ્યું જે, "ઘોડી ઝાલો."

પછી ઘોડી જાલીને હેઠે ઉતાર્યા. ત્યારે 'ઓ..હો..હો..' એમ કહીને, નળીએ નળીએ વિમાન છે અને નળીએ નળીએ મુક્ત છે ને વિમાને આકાશ ભરાઈ રહ્યું છે, એવી રીતે મામૈયો દેખતો હતો. પછી શ્રીજીમહારાજે પોતાની આગળ બેસાડ્યો. પછી રસોઈ થઈ ને સર્વે સંતને મહારાજે પોતે પીરસ્યું ને સંત અતિ પ્રસન્ન થકા જમતા હતા.

### ❋ ઉન્મત્તગંગામાં સ્નાનલીલા :

અને મહારાજ સાંજને સમે સાધુ ને સત્સંગીએ સહિત ઘેલે ના'વા પધાર્યા. પછી મહારાજે ઘોડા ઉપરથી ઊતરીને ઉન્મત્તગંગાને વિશે ના'વા પ્રવેશ કર્યો. અને ખળખળિયામાં ના'વા બેઠા અને હેઠવાસે સાધુ ને હરિભક્ત નહાય છે ને ભગવાનના ચરણોદકનું પાન કરે છે અને કીર્તન ગાય છે. અને જળમાં તાળી વગાડીને મહારાજ ભેળા ગાય છે. એવી રીતે જળને વિશે લીલા બહુ કરી. પછી મહારાજે જળને વિશેથી

બાર નીસરીને કોરાં વસ્ત્ર ધારણ કર્યાં. પછી ઘોડે અસવાર થઈને સંત હરિજને વીંટ્યા થકા દાદા ખાચરના દરબારમાં પધાર્યા. પછી રાતે કીર્તન-ઉત્સવ થયો.

**✵ ગઢપુરમાં અન્નકૂટોત્સવ :**

સવારમાં રસોઈ તૈયાર થઈ અને ઠાકોરજીની આગળ ઓતરાદે બાર ઓરડાની ઓસરીએ અન્નકૂટ પૂરવા માંડ્યો. અન્નકૂટ પૂરી રહ્યા પછી મહારાજ કહે, "અન્નકૂટનાં દર્શન કરો." પછી ચારેકોરથી બહુ માણસ દર્શન સારુ હલકીને(હરખમાં ઉતાવળે) આવ્યાં. તે ભીડ બહુ થઈ. અને જે આવે તેને મહારાજ કહે જે, "દર્શન કરો." એવી રીતે દર્શન કરી રહ્યા પછી અન્નકૂટ ઉપાડ્યો.

પછી મહારાજ એ મંદિરના બારણાથી નીસરતાં જમણે હાથે ચાકળા ઉપર બેઠા. ત્યાં નાના પ્રકારનાં પકવાન પીરસીને મોઢા આગળ મેલ્યાં અને નાના પ્રકારના શાકના કટોરા અને અથાણાંના કટોરા અને વિવિધ પ્રકારની ચટણી ને હવેજ, એવી રીતે મહારાજની આગળ થાળ ધર્યો. અને નિત્યાનંદસ્વામી મોઢા આગળ બેઠા અને એમ કહેતા જાય જે, "મહારાજ, આ જમો. અને મહારાજ, આ જમવાનું રહી ગયું." એમ કહીને જમ્યા હોય તે થાળ તાણી લે અને જમ્યા ન હોય તે મોઢા આગળ મૂકે. એવી રીતે મહારાજ જમ્યા.

પછી મહારાજે કહ્યું જે, "પંગત બેસારો." પછી સંતોની પંગત બેઠી અને મહારાજ પીરસવા માંડ્યા. તે પીરસીને મહારાજ એમ બોલ્યા જે, "વાસુદેવ હરે... હવે જમો." અને પછી મહારાજ જલેબી, મોતૈયા, દૂધપાક, બિરંજ, સકરપારા, માલપુવા, સુતરફેણી, ગણગણ ને ગાંઠિયા, સાબુડી એવી રીતે નામ લઈ લઈને અનંત પ્રકારનાં પકવાન અને વ્યંજન પંગતમાં ફેરવતા હતા. એવી રીતે સંતને જમાડ્યા. અને પછી જે આવ્યા હતા, તેમને જમાડ્યા.

પછી માણસ બહુ થયાં તે દર્શન થાય નહીં. તે સારુ ઘોડા ઉપર ચડીને બહાર બોટાદને ઝાંપે નીસર્યા અને ઉગામેડીને માર્ગે ચાલ્યા અને માણસમાત્ર બહાર દર્શન કરવા સારુ નીકળ્યા. પછી ગામથી ખેતરવા એક ચાલીને ઘેલા સામું ચાલ્યા અને ઘેલા સોંસરા નીકળ્યા, તે દેરીએ ફરીને આથમણે કાંઠે આવીને ગામમાં પધાર્યા.

એવી રીતે લીલા ઘણી કરી, તે લખતાં લખતાં શેષ લજાય. પછી બીજે દિવસે સૌ હરિભક્તને આજ્ઞા કરી જે, "સૌ સૌને ઘેર જાઓ." અને પછી સાધુની પંગત કરાવીને જમાડ્યા. અને મહારાજે સર્વે સંતને આજ્ઞા કરી જે, "સર્વે સંત ફરવા જાઓ." ॥૯૧॥

## ૯૨. હુતાશણીએ જીવા ખાચર શ્રીહરિને કુંડળથી ગઢડે લઈ ગયા

પછી કેટલેક દિવસે કુંડળ હુતાશણીનો ઉત્સવ કરવાનો મનસૂબો ધાર્યો અને દેશદેશથી સાધુ-હરિભક્ત આવ્યા. અને ગઢડેથી જીવા ખાચર આવ્યા. અને મહારાજ વારંવાર કહે, "મુક્તાનંદસ્વામી !, આ અમે પાંખાળી ઘોડી લીધી." અને જીવા ખાચરને કહ્યું જે, "અમે આ પાંખાળી ઘોડી ચાલિસ રૂપિયે લીધી." પછી જીવા ખાચરે કહ્યું જે, "એ તો ઠીક, પણ હું તો તેડવા આવ્યો છું. શા માટે જે, હું જીવું ત્યાં સુધી ગઢડા વિના બીજે ઉત્સવ કરવો નહીં." પછી એવી બોલ્યાની લાવણ્યતા ! તે મહારાજને હા પડાવી.

પછી મહારાજ અર્ધરાતે ચાલ્યા, તે દિવસ ઊગ્યે **નીંગાળા**ની નદી ઊતર્યા. ત્યાં મહારાજે કહ્યું જે, "જીવા ખાચર, ઘોડાં દોડાવશું ?" ત્યારે જીવા ખાચર બોલ્યા જે, "મહારાજ ! અમણી ઘોડી છે તેનાં ભાવનગર આટલામાં વખાણ થાય છે. અને તમે તો લાકડાની ઘોડીનેય ઉડાડી મેલો, માટે તમણી ઘોડીની બરોબર અમણી ઘોડી હાંકીએ, તો અમણી ઘોડીની આબરૂ જાય. માટે અમણે થોડોક માગ દો તો ભણે દોડાવીએ."

પછી મહારાજ કહે જે, "માગ દીધો." પછી જીવા ખાચરે ઘોડી હાંકી ને થોડોક માગ દઈને બોલ્યા જે, "જાતાશું." પછી મહારાજે ઘોડી ઉપાડી ને ભેગા બધાએ ઘોડાં ઉપાડ્યાં. તે થોડે દૂર ગયા ત્યાં સુધી નજરે આવ્યા. પછી ખેપટ(ધૂળ) ઊડી, તે કાંઈ નજરે આવ્યા નહીં. ॥૯૨॥

## ૯૩. ગઢપુરમાં શ્રીહરિ ને સંતો-ભક્તો રંગે રમ્યા

પછી અમે તો ગઢડે ભેળા થયા. અને મહારાજ જીવા ખાચરના દરબારમાં મંચ બાંધ્યો હતો, તે ઉપર ઢોલિયો ઢળાવીને બિરાજમાન થયા અને રસોઈ થઈ તે પોતે જમ્યા અને સાધુને જમાડ્યા. પછી બીજે દિવસે સવારમાં જીવા ખાચરના દરબારમાં ઓસરી ઉપર મહારાજ, પાળા ને હરિભક્ત હતા અને નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિક સાધુ સર્વે હેઠા હતા, અને સામસામા બહુ રંગે રમ્યા. પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "તમે હાર્યા..હાર્યા.."

પછી અદ્વૈતાનંદસ્વામીએ કહ્યું જે, "કડાં સંભાળો અને જે પાસે કડાં હશે તે જીત્યા કહેવાશે." પછી રસોઈ થઈ, પછી મહારાજ જમ્યા ને પછી સંત સૌને જમાડ્યા. પછી બીજે દહાડે રસોઈ જમ્યા. પછી સંત ને હરિભક્ત સૌને શીખ દીધી. ॥૯૩॥

## ૯૪. કરમડમાં શ્રીહરિની ઇચ્છાથી વરસાદ થયો

એક સમે દિવાળીને દિવસ મહારાજ **કરમડ** પધાર્યા ને ગામ બહાર ઉતારા કર્યા. પછી સાધુ બોલ્યા જે, "હે મહારાજ ! ગામમાં પાણીની બહુ કઠણાઈ છે. શા માટે જે, ગામ મધ્યે એક વાવ છે. તેમાં મોરે લશ્કર આવેલ, તેણે ગંધરપ(ગંધક -એક ખનિજ પદાર્થ) માંઈ નાંખ્યો, તે પાણી કોઈને કામ આવતું નથી." પછી મહારાજ બોલ્યા જે, "શીદ ચિંતા કરો છો ? ભગવાન અન્ન દે છે, તો તેનો તે ધણી પાણી પણ દેશે." એમ મહારાજે કહ્યું, ત્યાં તો વરસાદ આવ્યો. તે સંઘનુ માણસ

ગામમાં જાતું રહ્યું ને મહારાજ તો એમને એમ બેસી રહ્યા. પછી હરિભક્તે મસ્તક ઉપર છાયા કરી. પછી મહારાજ આરતી-ધૂન કરીને ગામમાં પધાર્યા.

પછી કંથારિયાના મઘોભાઈએ તરવાર ગાડાના ભંડારિયામાં(ઊંધ નીચે કાવડ અને ગુડિયા વચ્ચેના ખાનામાં) મૂકી હતી, તે ભૂલી ગયા. તે ગામ બહાર ગાડું પડ્યું રહ્યું ને ગામમાં આવ્યા પછી તરવાર સાંભરી. પછી ખોળવા માંડી, ત્યારે મહારાજે કહ્યું જે, "શું ખોળો છો ?" ત્યારે બીજા હરિભક્તે કહ્યું જે, "મઘાભાઈની તલવાર ખોવાણી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ક્યાં જાય ? ખોળોને આટલામાં હશે. તમે ક્યાં મેલી હતી ?" ત્યારે કહ્યું જે, "ક્યાં મેલી તેની તો કાંઈ ખબર નથી, પણ ગાડે હતો, ત્યારે તો હતી."

ત્યારે મહારાજે કહ્યું જે, "ગાડા ઉપર જુઓ." ત્યારે કહ્યું જે, "મહારાજ, ગાડુ તો ચાર ઘડીથી ત્યાં સુનું પડ્યું છે, તે ગાડે ક્યાંથી હશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "ક્યાં જાય, જુઓ તો ખરા, હશે." પછી ગાડા ઉપર જોયું, તે ન મળે ને ભંડારિયામાંથી નીકળી. પછી તે રાતે પોઢ્યા. ॥૯૪॥

## ૯૫. શ્રીહરિ પાસે ચાસકાના નારસંગજીનું કાવતરું નિષ્ફળ

પછી સવારમાં (કરમડ) ગામની ભાગોળે સભા કરીને મહારાજ બેઠા અને કીર્તન-વાર્તા થાય છે. ત્યાં ગામ ચાસકાનો ગરાસિયો નારસંગજી આવ્યો. તેમણે ઘણી તાણ કરીને કહ્યું જે, "હે મહારાજ ! તમે અમારે ગામ પધારો." ત્યારે મહારાજે ના પાડી. ને પછી થાળ થયો તે મહારાજ અગરસંગજીના ઘેર જમવા પધાર્યા. ને તેમના ફળિયામાં સાધુની પંગત થઈ. ને મહારાજે ઘણીક પ્રકારનાં પકવાન સાધુને પીરસ્યાં ને જમાડ્યા.

પછી નારસંગજીએ તાણ મૂકી નહીં. ત્યારે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "તમે જાઓ અમે કાલ આવશું." પછી મુક્તાનંદસ્વામી ચાસકે

ગયા અને મહારાજ બીજને દિવસે ચાલ્યા, તે ચાસકાનો મારગ મૂકીને ભડકવાને માર્ગે ચાલ્યા. ત્યારે સૌ માણસે કહ્યું જે, "ચાસકાનો મારગ તો આણી કોર રહ્યો." પણ મહારાજે ઘોડી હાંકી મૂકી, તે કોઈનું સાંભળ્યું નહીં. શા માટે જે, ગરાસિયાને છળ હતો જે, સ્વામિનારાયણ આવે તો ઓરડામાં પૂરીને દસ હજાર રૂપિયા લેવા છે. એમ ગરાસિયાનું કપટ જાણીને અંતર્જામી છે, માટે ન આવ્યા.

પછી મુક્તાનંદસ્વામીને ચાસકે ખબર થઈ જે, મહારાજ લીંબડીએ પધાર્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ સાધુને કહ્યું જે, "સાબદા થાઓ." ત્યારે ગરાસિયે કહ્યું જે, "લાડવા તૈયાર થયા છે, તે મહારાજ જમીને જાઓ." પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "અમારે લાડવાનું કામ નથી." એમ કહીને ચાલી નીકળ્યા. ।।૯૫।।

## ૯૬. દર્શનની બંધીમાં પણ શ્રીહરિએ સ્વામીને દર્શન દીધાં

એક સમે મહારાજે રામનવમીનો ઉત્સવ વડતાલે ધાર્યો, તેની કંકોતરી દેશોદેશમાં મોકલી. તે ભાઈ આત્માનંદસ્વામી તથા તદ્રૂપાનંદસ્વામી વાળાંક દેશમાં હતા, તે ખબર મોડી થઈ. તે પીઠવડીના ચાલ્યા ને ગઢડે દિવસ આથમ્યા પછી આવ્યા. પછી કોસિયા(કોસ ચલાવનારા) ગામમાં જાતા હતા, તેને પૂછ્યું જે, "મહારાજ આંઈ છે ?" ત્યારે મોટા રામજીએ કહ્યું જે, "છે તો ખરા, પણ દર્શન દેતા નથી." ત્યારે ભાઈ આત્માનંદસ્વામીએ કહ્યું જે, "તમારે દર્શનનું કેમ છે ?" ત્યારે રામજીએ કહ્યું જે, "અમારે ખેડુને તો વાળુ કર્યા પછી દર્શનની મોકળ છે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજને અમારા 'જય સ્વામિનારાયણ' કહેજો."

પછી રામજીએ મહારાજ પાસે જઈને કહ્યું જે, "ભાઈસ્વામીએ 'નારાયણ' કહ્યા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ક્યાં છે ?" ત્યારે રામજીએ કહ્યું જે, "પીપળાવાડીએ છે." પછી મહારાજે કહ્યું જે,

"થાક્યા છે, તે સૂઈ રહેવા દ્યો." ને કહ્યું જે, "પ્રભાતે ઝોળીએ આવે." પછી ગામમાંથી શ્રીપાત શ્રીધરાનંદસ્વામી આવ્યા. તેણે કહ્યું જે, "ત્રણ દિવસ થયા ગામમાં સૌને પૂછ્યું પણ કોઈએ ન કહ્યું જે, મહારાજ આંઈ છે. માટે અમે તો સવારમાં ચાલશું." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અમે ચાલત, પણ થાક્યા છીએ, માટે કાલે રહીને ચાલશું." પછી રાત્રે ત્યાં રહી સૂઈ રહ્યા.

સવારમાં શ્રીધરાનંદસ્વામી તો ઉગામેડીને માર્ગે ચાલ્યા. ને આત્માનંદસ્વામી તો નાહીને ઝોળીની વખત થઈ એટલે માગવા ગયા. તે દરબારમાં બે ઓરડા વચ્ચે એક ખડકી હતી, ત્યાં જઈને અમે ઊંચે સ્વરે 'નારાયણ હરે..! સચ્ચિદાનંદ પ્રભો..!' એવો શબ્દ કર્યો. પછી મહારાજે કોઠારી નાનને(એ નામની વ્યક્તિને) કહ્યું જે, "ખડકી ખોલો, સાધુ આવે છે."

પછી ખડકી ખોલી એટલે આત્માનંદસ્વામી ને તદ્રૂપાનંદસ્વામી માંહ્યલી કોરે ગયા. ત્યારે મહારાજ ઉતરાદા બારના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને અમે મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે સાન કરી જે, "જાઓ જમીને આવો." પછી કોઠારી નાનને કહ્યું જે, "સાધુને જમાડો ને કાંઈ જોઈતું હોય તે આપજો." પછી ઘી, ગોળ, દૂધ, દહીં લાવ્યા. પછી જમીને મહારાજ પાસે પગે લાગીને બેઠા. ॥૯૬॥

## ૯૭. શ્રીહરિની આજ્ઞામાં રહેનારને માયા નડતી નથી

પછી મહારાજે કહ્યું, "તમે ક્યાં ક્યાં ફર્યા ? તેની વાત કરો." પછી તેની વાત કરી. પછી મહારાજે કહ્યું જે, "તમે કોણ છો ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અમે વચન(વચનરૂપ) છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે સત્સંગમાં આવીને તો વચનરૂપ થયા,

પણ સત્સંગમાં આવ્યા મોરે કોણ હતા ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "માયાના જીવ હતા." ત્યારે મહારાજે કહ્યું જે, "હમણાં માયાનો જીવ ટળી ગયો ?" પછી આત્માનંદસ્વામી બોલ્યા નહીં. પછી મહારાજે કહ્યું જે, "માયા છે, તે પણ ભગવાનનો ભક્ત છે. માટે તેને ભગવાને આજ્ઞા કરી છે જે, અમારી આજ્ઞા પ્રમાણે વર્તે તેને બોલાવીશ મા અને બીજે તુને મોકળ છે. માટે **આજ્ઞા પ્રમાણે વરતવું એ સિદ્ધાંત વાર્તા છે.**" ॥૯૭॥

## ૯૮. ભગવાન ને ભગવદીયનું માનવું, મનનું નહીં

પછી મહારાજે બાઈયુંને કહ્યું જે, "ઘોડો સારો કે ઘોડી સારી ?" પછી બાઈયુંએ કહ્યું જે, "ઘોડો શું સારો, ઘોડી સારી. કેમ જે, બાર મહિને વછેરું આવે." પછી મહારાજે કહ્યું જે, "ના ના, ઘોડી નહીં ઘોડાની અસવારી સારી." એમ ઘડી એક રમૂજો કરી બોલ્યા જે, "એક-એક કીર્તન સૌ બોલો." પછી કોઈ બોલ્યા નહીં. ત્યારે મહારાજે કહ્યું જે, "બે-બે મળીને બોલો." તોપણ ન બોલ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, "એક જણ ચોપડી લઈને બોલો, પછી બીજા વાંસે બોલે."

પછી એમ બોલવા માંડ્યા, તે એમ બોલતાં બોલતાં દિવસ ચડ્યો. એટલે તડકો થયો ત્યારે એક બાઈને તડકો આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "છાંયામાં ખસીને બેસો." એમ બે ત્રણ વખત કહ્યું, પણ ખસ્યા નહીં. પછી વધુ તડકો થયો ત્યારે એની મેળે ખસીને છાંયે બેઠાં. પછી બીજી બાઈયુંને મહારાજે કહ્યું જે, "હવે એ બાઈને પ્રશ્ન પૂછો જે, મન અધિક કે વચન અધિક ?" પછી મહારાજે કહ્યું જે, "કેમ પૂછતાં નથી ?" પછી બાઈયુંએ કહ્યું જે, "પૂછીએ છીએ, પણ બોલતાં નથી." પછી મહારાજે કહ્યું જે, "બોલે તો શું ? તમને પૂછતાં આવડતું નથી, ને આવડતું હોય તો હમણાં બોલે."

એમ કહીને મહારાજ કહે જે, "એક સમે અમે વડનગર ગયા હતા. ત્યાં અમે ના'વા નીસર્યા. ત્યાં વડ તળે ઝાઝાં માણસ ભેળાં થયાં. ત્યારે અમે કહ્યું જે, 'આટલાં માણસ કેમ ભેળાં થયાં છે ?' ત્યારે માણસે કહ્યું જે, 'મહારાજ, આંયાં એક મુનિ રહે છે, તે બોલતા નથી, તેને દર્શને આવ્યાં છે.' ત્યારે અમે કહ્યું જે, 'ચાલો આપણે ત્યાં જઈએ.' પછી અમે ત્યાં ગયા ત્યારે માણસે માગ દીધો. પછી અમે કહ્યું જે, 'બાવા, કેમ બોલતા નથી ?' ને હાથનો અંગૂઠો દેખાડીને કહ્યું જે, 'કાંઈ જોઈએ છે ?' ત્યાં બાવો ભભક્યો. તેમ કાંઈક મર્મનું વેણ મારો, તો હમણાં જેવું હોય તેવું માંઈથી નીકળે." એમ મહારાજે કહીને કહ્યું જે, "જુઓ તો ખરા, એમાં(છાંયડે બેસવામાં) કાંઈ કઠણ ન પડે એવું હતું, પણ હવે (બોલવું) કઠણ થઈ પડ્યું." ॥૯૮॥

## ૯૯. સ્વામી બોટાદ, કારિયાણી થઈ કુંડળ શ્રીહરિ ભેગા થયા

પછી ગરમી બહુ હતી તે નાજે જોગિયે મહારાજને નવરાવ્યા. પછી વસ્ત્ર પાટલીને(બદલીને) આવીને ઢોલિયે બેઠા. ને બાઈયુંને કહ્યું જે, "કાંઈક પ્રસાદી હોય તો લાવો." પછી તાંસળીમાં લગારેક લાવ્યા. પછી મહારાજે કહ્યું જે, "આટલી શું લાવ્યા ? વધારે લાવો." ત્યારે બીજી વાર નવટાંક(અધ પાશેર) લાવ્યા. પછી વળી મહારાજે કહ્યું જે, "આટલી શું લાવ્યા ? વધારે લાવો." પછી સારી પેઠે લાવ્યા. પછી ભાઈઆત્માનંદસ્વામી તથા તદ્રૂપાનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "લ્યો જમો ને બોટાદ જાઓ." પછી થોડુંક જમીને ગાંઠે બાંધ્યું.

પછી મહારાજે કહ્યું જે, "આનંદસ્વામી બોટાદ છે, તેને તેડીને કાલ કારિયાણી આવજો. અમે કાલ કારિયાણીએ આવશું." પછી આત્માનંદસ્વામી તથા તદ્રૂપાનંદસ્વામી ચાલી નીકળ્યા, તે રાત વાટમાં રહ્યા ને સવારમાં બોટાદ જઈને આનંદસ્વામીને કહ્યું જે, "આજ સાંજે મહારાજ કારિયાણીએ આવશે, માટે આપણે ચાલો."

પછી આનંદસ્વામીએ કહ્યું જે, "આપણને કાઢી મેલે છે ને પોતે નથી નીસરતા." પછી આત્માનંદસ્વામીનું ન માન્યું.

પછી બપોરે જમી રહ્યા. પછી થોડોક દિવસ રહ્યો ત્યારે બ્રાહ્મણ આવ્યો. તેણે કહ્યું જે, "મહારાજ ગઢડેથી નીસર્યા, તે વાવ સુધી તો હું ભેળો ચાલ્યો. પછી મહારાજ કારિયાણી ઉપર ગયા ને હું તો આંઈ આવ્યો." પછી આનંદસ્વામી આકળા થયા. પછી ચાલ્યા, તે સમઢિયાળે દિવસ આથમ્યો. ને પછી કાંટે તથા કાંકરે મૌ(દુઃખી-હેરાન) થાતાં લાઠીદડ આવ્યા. ત્યાં હોળી પ્રગટી ને ગામના માણસ ગયા. ત્યાં કારિયાણી હોળી પ્રગટી ને (મહારાજ) ગામમાં આવ્યા. અને સાધુ સર્વે કારિયાણીએ આવ્યા ને માણસને પૂછ્યું (કે, મહારાજ અહીં છે ?) ત્યારે કહે જે, "હોળી પ્રગટી ત્યારે મહારાજ આંઈ હતા. પછી કુંડળ ગયા." ॥૯૯॥

## ૧૦૦. શ્રીહરિ ને સંતો કુંડળ જમ્યા ને રાત રહ્યા

પછી અમે કુંડળ ગયા. તે પટગર મામૈયાના ઝાંપામાં ગરતાં ડાબે હાથ ઓરડામાં આથમણે ઓશિકે ઉગમણાં ચરણારવિંદ રાખીને મહારાજ પોઢ્યા હતા. પછી સાધુ જઈને ઢોલિયાની પાંગતે બેસી રહ્યા. પછી મહારાજે મુખારવિંદ ઉપરથી વસ્ત્ર કોરે કર્યું ત્યારે સૌને દર્શન થયાં. પછી આત્માનંદસ્વામીએ મુખારવિંદ ઉપર વસ્ત્ર ઓઢાડ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "કોણ છે ?" ત્યારે કૃષ્ણાનંદસ્વામીએ કહ્યું જે, "આનંદસ્વામી તથા આત્માનંદસ્વામી આવ્યા છે." પછી મહારાજે બેઠા થઈને કહ્યું જે, "તમે ક્યારે આવ્યા ? અમે ગઢડાના ચાલ્યા આવ્યા તે થાકી રહ્યા, તે સૌ સૂઈ રહ્યા તે ખબર રહી નહીં." એમ કહીને મહારાજે કહ્યું જે, "કેટલીક રાત છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "કાંઈએ રાત્રી નથી, હવે તો સવાર થઈ છે."

પછી મહારાજ ઊઠીને બહિર્ભૂમીએ ગયા. ને સાધુએ તાપ કર્યો ને માંચી ઢાળી ને તે ઉપર મહારાજ બિરાજમાન થયા. પછી મૃતિકાએ કરીને હાથ ધોયા, તે સાધુ પાણી નાંખતા જાય ને મહારાજ હાથ ધોતા જાય. એવી રીતે હાથ ધોયા ને કોગળા કર્યા. તે પછી દાતણ કરીને કોગળા કર્યા ને મુખારવિંદ ધોઈને રૂમાલે લોહ્યું.

પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "અમે એક પ્રકરણ ફેરવ્યું છે જે, અમારી ભેળો ચાલે, તે ગાંઠનું ખરચ ખાય. તે ઘોડે ચડો અથવા પાળા, જે ગાંઠ્યનું ખરચ ખાય તે અમારા ભેગો આવે." પછી આનંદસ્વામીએ કહ્યું જે, "સારું કર્યું મહારાજ." એમ કહીને આનંદસ્વામીએ કહ્યું જે, "બે સાધુ થાકી રહ્યા, એક આત્માનંદસ્વામી ને બીજા પરમચૈતન્યાનંદસ્વામી." પછી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી તો જેમ ખડેલ ઘોડો નભે તેમ નભે એવા છે, ને પરમચૈતન્યાનંદસ્વામી સારુ ઘોડું કરી આવીએ."

**✵ રાઈબાનો શ્રીહરિ ને સંતોમાં પ્રેમ :**

એમ કહીને મહારાજ ઊઠ્યા ને અમરા પટગરના દરબારમાં ગયા. ને રાઈબાઈને કહ્યું જે, "અમારે એક સાધુ થાક્યા છે, તેને અર્થે એક ઘોડું ને એક માણસ પછમ સુધી જોઈશે." ત્યારે રાઈબાઈએ કહ્યું જે, "અમારે ઘેર સાધુ જમવા આવે તો ઘોડું ને માણસ મોકલું." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠીક રસોઈ કરો."

એટલું કહીને મહારાજ હસતાં હસતાં આવ્યા ને કહ્યું જે, "અમે તમારે માટે ઘોડાનું કરી આવ્યા ને રોટલાનું પણ કરી આવ્યા." પછી માણસ આવ્યું તે કહે, "ચાલો જમવા." પછી ગયા. તે દૂધ, દહીં, ઘી, ગોળ ને રોટલા, જેને જે જોયે તે જમ્યા. પછી જમીને આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, "ચાલવા માંડો." પછી આનંદસ્વામી કહે, "અમે ભેળા ચાલશું." ત્યારે મહારાજે કહ્યું જે, "ઘોડા ભેળા નૈ નભો, માટે ચાલવા માંડો, હમણાં અમે ભેળા થાશું." ||૧૦૦||

## ૧૦૧. કુંડળથી વડતાલ જતાં માર્ગમાં શ્રીહરિની લીલા

પછી ચૈતન્યાનંદસ્વામી ઘોડે બેઠા ને સૌ સાધુ ભેળા ચાલ્યા, તે મહારાજ વાંસેથી આવીને **રોજીદ**ની ભાગોળે ભેગા થયા. પછી અહીં પાળિયાદના દૈવેત હાલીકાની ઘોડીએ આનંદસ્વામીને બેસાર્યા અને રામપટગરની ઘોડીએ આત્માનંદસ્વામીને બેસાર્યા અને એક ઘોડીએ કૃષ્ણાનંદસ્વામીને કહ્યું જે, "બેસો." પછી કૃષ્ણાનંદસ્વામીએ કહ્યું જે, "હું તો બેસું તો ફેર ચડે." તે ન બેઠા.

પછી ચાલ્યા, તે રોજીદ ને ચોકડીની વચમાં જાતાં મહારાજે કહ્યું જે, "કાંઈ જમવાનું છે ?" ત્યારે પાળા કહે જે, "મહારાજ, અહીં શું જમવાનું હોય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લીલવાં(ચણાના લીલા પોપટા) શેકેલ હતા તે ક્યાં ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા, મહારાજ ! એ છે તો ખરા." ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો." પછી લાવ્યા, તે મહારાજ હાથમાં લઈને ઘોડીએ બેઠા જમતા જાય છે. પછી જમી રહ્યા ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "બીજા લાવું ?" પછી મહારાજે ના પાડી. પછી પોટલિયો(ચપટા ઘાટની ચામડાની મશક) લઈને કોગળા કરીને પાણી પીધું.

પછી માર્ગે ચાલ્યા જતા હતા. તે આત્માનંદસ્વામીની ઘોડી મહારાજની ઘોડીને વાંસેથી સુંઘવા ગઈ, ત્યારે મહારાજની ઘોડીએ તરંગ કાઢી(છલાંગ મારી). ત્યારે મહારાજે બેવડી સરક કરીને મારી. ત્યારે સોમલો ખાચર બોલ્યા જે, "બાપડીને કાણુંસેં મારતા છો, વાંસલી કનડતી હશે." પછી ચોકડી સુંસરા નીકળ્યા, તે આત્માનંદસ્વામી ઘોડીએથી ઊતર્યા અને રામપટગીરને કહ્યું જે, "તારી ઘોડી લે." પછી ઘોડી લીધી નહીં. પછી મૂકીને ચાલી નીકળ્યા.

પછી રામે ઘોડીએ ચડીને મહારાજ ભેગા થઈને મહારાજને કહ્યું જે, "આ મારી ઘોડીને આત્માનંદસ્વામીએ મૂકી દીધી, તે ભાગી ગઈ હોત

તો કાણું કરત ?" પછી **આકરું**ની ભાગોળે ઘોડીથી ઊતરીને મહારાજ લીંબડા તળે મૂળ ઉપર બેઠા, ને સાધુને કહ્યું જે, "સર્વે ચાલવા માંડો, અમે આવીએ છીએ." ॥૧૦૧॥

## ૧૦૨. પીપળીમાં રમનારા રાવળોને શ્રીહરિએ વસ્ત્ર આપ્યાં

પછી સાધુ ખરડ તથા રોજકે થઈને પછમે આવ્યા. ને અમે ઈહાં દેવતા કરીને બાટીયું શેકતા હતા, ત્યાં ખબર આવી જે, મહારાજ તો **ગાંફ** થઈને **પીપળી**એ ગયા. પછી સાધુ તો પછમે રહ્યા, ને પાળા બે ત્રણ હતા, તે કાચી-પાકી બાટિયું લઈને ચાલ્યા, તે મહારાજ પાસે પીપળીએ ગયા. પછી મહારાજ પાસે રાવળ રમવા આવ્યા, તે મહારાજ રાજી થયા, તે ચોફાળ તથા પાઘ આલી. પછી ફરીથી છોકરો વેશ લઈને આવ્યો. ત્યારે કાઠીએ જાણ્યું જે, મહારાજ લૂગડાં બધાં દઈ દેશે. પછી કાઠીએ ઘોડો છોડી મેલ્યો. પછી 'ઘોડો છૂટ્યો... ઘોડો છૂટ્યો...' એમ કહીને સૌ ઊઠ્યા, ને રમત આળસી ગઈ.

પછી સવારમાં સાધુ ભોળાદ આવ્યા ને મહારાજ પણ **ભોળાદ** આવીને ભેળા થયા. પછી ત્યાંથી ચાલ્યા, તે **નાનીબોરુ**એ આવ્યા. ત્યાં તળાવની પાળ ઉપર ઊભા રહ્યા, ને મહારાજે કહ્યું જે, "સાધુ સર્વે ચાલવા માંડો. અમારી વાટ જોશો મા." પછી સાધુ સર્વે ચાલ્યા ને આનંદસ્વામી મહારાજની પાસે રહ્યા. પછી મહારાજે કહ્યું જે, "કોઈને કહેશો મા." ॥૧૦૨॥

## ૧૦૩. વડતાલમાં રામનવમીનો સમૈયો

પછી સાધુ વરતાલે આવ્યા. તે ભાઈરામદાસજી ને સર્વે સાધુ ભેળા થઈને વાટ જોતા હતા. પછી એ સાધુ આવ્યા, તે સર્વે ભેળા થયા ને ખબર પૂછતા હતા જે, "મહારાજ ક્યાં છે ?" પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ કહેતા તો હતા જે, અમે આવશું." પછી ભાઈરામદાસજીએ કહ્યું જે, "કીર્તન બોલો એટલે મહારાજ આવશે."

પછી સાધુ કીર્તન બોલવા માંડ્યા. તે મહારાજ સાતમને દિવસે આવ્યા, ને ચારે કોરેથી હરિભક્ત પણ આવ્યા. ને અમદાવાદના હરિભક્ત ત્રાંસાં લઈને આવ્યા. અને આંબલીના વૃક્ષ તળે મહારાજ ઊતર્યા ને ચારે કોર હરિભક્ત ઊતર્યા.

**❋ સંતો-ભક્તો દ્વારા શ્રીહરિનું પૂજન તથા આનંદ-ઉત્સવ :**

પછી રામનવમીનો ઉપવાસ કર્યો, ને સર્વે સાધુને આજ્ઞા કરી જે, “પૂજા કરો.” પછી સાધુએ ચંદન ઉતારીને ચંદન તથા પુષ્પે મહારાજની પૂજા કરવા માંડી. ને નૃસિંહાનંદસ્વામી તથા આત્માનંદસ્વામી ચંદન લઈને આવ્યા, તે સાધુની ભીડ ઘણી હતી, તે નૃસિંહાનંદસ્વામી તો ગયા અને આત્માનંદસ્વામી તો જઈ શક્યા નહીં, તે હાથમાં ચંદન રાખીને ઊભા રહ્યા.

પછી મહારાજ હસતા જાય ને સામું જોઈ રહ્યા. ને આત્માનંદસ્વામી ઘણીક વાર ઊભા રહ્યા પણ માગ થયો નહીં. પછી ચંદનનો કટોરો આત્માનંદસ્વામીના હાથમાંથી પોતાના ડાબા હાથમાં લઈને જમણે હાથે પોતાને શરીરે ચંદન ચરચ્યું. એવી રીતે સાધુ સર્વેએ પૂજા કરી. પછી મહારાજે સાધુને છાતીમાં ચરણારવિંદ આલ્યાં. પછી આરતી-ધૂન થઈ.

તે કેડે કોળી વર્ણની બાઈયું મહારાજના મુખારવિંદની આગળ રમીયું, તે એક રાવળિયો ઢોલ વગાડે ને બાઈયો હાથમાં ઘડા ઉલાળીને રમ્યાં. પછી રાતે સાધુએ કીર્તન ઉત્સવ કર્યો. પછી બીજે દિવસ રસોઈ કરીને સાધુને જમાડ્યા. પછી હરિભક્ત સર્વેએ મહારાજની નાના પ્રકારનાં ઘરેણાં તથા વસ્ત્ર તથા ચંદન તથા પુષ્પ ઈત્યાદિક ઘણા ઉપચારે કરીને પૂજા કરી.

પછી સાંજે મહારાજે હરિભક્તોને વાર્તા કરી જે, “આ સાધુ છે તે આખો દિવસ રસોઈ કરે છે, તે દર્શન થાતાં નથી. માટે તમારી શક્તિ પ્રમાણે દશ-દશ, વીસ-વીસ, એક-બે, અર્ધો સૌ જમવાને તેડી જાઓ,

તો પછી સાધુને નિવૃત્તિએ દર્શન થાય." ત્યારે સૌ હરિભક્તે કહ્યું જે, "અર્ધો કેમ ?" પછી મહારાજ હસ્યા. પછી કહ્યું જે, "માંદો હોય, ઘરડો હોય, બાળક હોય તે જાણીએ જે થોડુંક જમશે, તે અર્ધો કહેવાય." એવી રીતે નિત્ય આનંદ-ઉત્સવ થાય.

**❋ સુરતી ભક્તો દ્વારા શ્રીહરિનું પૂજન :**

એક દિવસ સુરતના હરિભક્ત પોતાને ઉતારે મહારાજને જમવા તેડી ગયા. તે જમાડીને મહારાજને સુરતી પાઘ બંધાવી. તે પાઘમાં જરકશી તોરો ખોસ્યો, ને જરિયાનનો જામો પહેરાવ્યો, ને ખભે જરિયાની શેલું ધરાવ્યું ને નાના પ્રકારનાં ઘરેણાં પહેરાવ્યાં. પછી મહારાજ ઘોડીએ બેસીને સંઘ સોંસરા નીકળ્યા, તે ઉતારે આવ્યા. તે સંઘનાં માણસ રાજી થયાં.

**❋ શ્રીહરિએ બ્રહ્મમુનિને પકવાનોથી માર્યા :**

એક સમે મહારાજ આગળ મોતૈયા લાડુ તથા દૂધપેંડા તથા પતાસાંનો થાળ આવ્યો. તે બ્રહ્માનંદસ્વામીને મહારાજે લાડુ બે તથા દૂધપેંડા ઉછાળીને નાખ્યા. તે હસતા જાય ને લાડવા-પેંડા નાખતા જાય. એવી રીતે પકવાનથી રમ્યા. તે બ્રહ્માનંદસ્વામીને લાડવા તથા બીજા પકવાન વાગે, તે ઝીણો જેર જેર થઈ જાય.

**❋ સૌ સંતોને સ્વામી જેવું વર્તન કેળવવાની શ્રીહરિની પ્રેરણા :**

એક સમે જેતલપુરથી સાધુ હજારી ફૂલના હાર કરીને લાવ્યા. તે મહારાજની પૂજા કરી. તેમાં વૈજંતીમાળા(પાંચ પ્રકારના ફૂલોની લાંબી માળા) હતી, તે મહારાજને સંતે ધરાવી. તે માળા લઈને મહારાજે આત્માનંદસ્વામીને પહેરાવી. ને મહારાજ આગળ ત્રાંસાં વગાડે, તે ભેળો ઢોલ વાજે. તે ઢોલીને ઉપર મહારાજ રાજી થયા, તે પોતાનો સોનેરી છેડાનો ભારે કસુંબલ રેંટો આપ્યો.

**અને ત્યાર પછી મહારાજે આત્માનંદસ્વામીને નેત્રની સાને તથા અંગુઠા પાસેની આંગળીની સાને કરીને તેડીને પાટ ઉપર બેસારીને પોતે ઊભા થયા. અને સર્વે સાધુ પ્રત્યે એમ બોલ્યા જે, "આ રહે છે, એમ રહેતા હોય તે બોલો." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ સર્વે રહે છે, કુણ નથી રહેતા ?" પછી મહારાજે કહ્યું જે, "તમારે બોલવું નહીં."** પછી સાધુ પ્રત્યે મહારાજે કેટલીક વાતું કરી.

**❋ શ્રીહરિએ સંતોનો દેહભાવ તપાસ્યો :**

પછી એક દિવસ મહારાજે કહ્યું જે, "શરીરમાં દાદર થાય તથા ખસ થાય તેને હાથે કરીને ખંજોળે નહીં, તેમ વર્તે તે ઊભા થાઓ; તથા શિશ્ન ઇન્દ્રિયમાં ચળ થાય તોપણ હાથે કરીને અડે નહીં, વીંછી ચડે તથા સર્પ ચડે તોપણ હાથે ન અડે અને તણખલે કરીને ઉતારે તથા લાકડીએ કરીને ઉતારે પણ હાથે કરીને ન અડે; એવા હોય તે ઊભા થાઓ." પછી આનંદસ્વામી ઊભા થયા. પછી મહારાજે ઘણીક વાત કરી. ને સાધુ પ્રત્યે એમ કહ્યું જે, "તમે કળા જુક્તિયું કરો છો, તે અમે જાણીએ છીએ."

**❋ શ્રીહરિએ ત્યાગી-ગૃહીને સંકલ્પ વિશે પૂછ્યું :**

પછી એક દીવસ (વડતાલમાં) મહારાજે સાધુ પ્રત્યે પૂછ્યું જે, "કોઈક મનમાં સારો નરસો-સંકલ્પ થાય કે ન થાય ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "સંકલ્પ તો થઈ જાય." ત્યારે મહારાજે કહ્યું જે, "એક કોર બેસો." પછી બ્રહ્માનંદસ્વામીને પૂછ્યું. ત્યારે કહ્યું જે, "અમારે તો સંકલ્પ થાય નહીં." ત્યારે મહારાજે કહ્યું જે, "એક કોર બેસો." પછી આત્માનંદસ્વામીને પૂછ્યું, ત્યારે આત્માનંદસ્વામીએ તો સંકલ્પની હા પાડી. પછી મહારાજે કહ્યું જે, "તમે મુક્તાનંદસ્વામી પાસે બેસો." અને બ્રહ્માનંદસ્વામીને કરડી દષ્ટિ કરીને કહ્યું જે, "તમારે સંકલ્પ ન થાય ! માટે વિચારીને બોલજો ને ખોટું બોલશો તો ગધેડા થાશો." પછી બ્રહ્માનંદસ્વામી હાથ જોડીને પગે પડ્યા અને કહ્યું જે, "હે મહારાજ

સંકલ્પ તો થઈ જાય." પછી મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામી પાસે બેસો." એવી રીતે સૌ સાધુને સંકલ્પ વિશે પૂછ્યું.

પછી ગૃહસ્થને પૂછ્યું જે, "તમારે સંકલ્પ થાય ?" પછી હરિભક્તે કહ્યું જે, "અમારે તો સંકલ્પ ન થાય." પછી મહારાજે તે ઉપર વાત કરી જે, **"અણસમજું હોય તેને સાધુનો અવગુણ આવે જે, ત્યાગી થયા છે, તોપણ ઘાટ-સંકલ્પ થાય છે; પણ એમ નથી જાણતો જે, એની વૃત્તિ છે, તે અંતઃકરણ સામી રહે છે. તે યોગ્ય-અયોગ્ય સંકલ્પ થાય છે, તેને ઓળખે છે; માટે કહે છે જે, સંકલ્પ થાય છે. અને ગૃહસ્થ તો સંકલ્પરૂપે જ વર્તે છે, માટે શું કહે જે, સંકલ્પ આવો છે કે આવો નથી. તે પોતાનો સંકલ્પ ઓળખે નહીં તે શું કહે ? માટે સાધુનો અવગુણ લે છે."** એવી રીતની ઘણીક વાત કરી. પછી સૌ સંઘને શીખ દીધી. અને મુક્તાનંદસ્વામી આદિક ભણવાવાળા સાધુ સૌ ગામ સરસવણી ગયા. ॥૧૦૩॥

## ૧૦૪. દક્ષિણમાં જનારા સંતોને વર્તમાન-નિયમમાં છૂટછાટ

પછી જોબન પગીના મેડા આગળ પાટ ઉપર મહારાજ વિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને ઉતરાદે મુખારવિંદે બેઠા થકા એમ વાર્તા કરતા હવા જે, "દક્ષિણ દેશમાં સાધુ ફરવા જાઓ તેની રીત જે, વર્તમાન ને નિયમ નહીં જે, બે જણ ભેળા રે'વાય કે ચાર જણ રે'વાય કે એકલા રે'વાય, કે અન્ન મેળવાય કે ન મેળવાય, તેનો બાધ નહીં. અને તુંબડી ફૂટી ગઈ હોય અને બહિર્ભૂમિ જાવું પડે તો જઈ આવે. શા માટે જે, બે હાથનું છેટું છે, માટે જ્યાં પાણી મળે ત્યાં લેવું; એવી રીતે મોકળ છે." પછી સાધુનાં નામ લઈ લઈને કહ્યું જે, "તમે દક્ષિણ દેશમાં જાઓ." અને આત્માનંદસ્વામીને તો દક્ષિણ દેશમાં જાવાનો સંકલ્પ નહીં, તે બીજા સાધુનો ઓથો કરી ગયા. પછી નજરે ન થયા, તોપણ મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી, તમે દક્ષિણમાં જાઓ." ॥૧૦૪॥

## ૧૦૫. બાળક, ઘરડા, માંદા વગેરે સંતોનું મંડળ કર્યું

પછી મહારાજે કહ્યું જે, "હવે જે ઘરડા હોય તથા માંદા હોય તથા બાલક હોય, વાતું કરતાં ન આવડતી હોય, પરદેશમાં મૂંઝાતા હોય, તેનું લ્યો એક મંડળ કરીએ. અને વ્રજાનંદસ્વામી અને લંગડા પરમાનંદસ્વામી એ બેને મહંત કરીએ, તે વડોદરામાં પડી રહે અને ઝોળી માંગી ખાય." એમ વાત કરી. ॥૧૦૫॥

## ૧૦૬. સ્વામીએ સત્સંગની પ્રથામાં રહેવાનું પસંદ કર્યું

પછી તો રસોઈ થઈ, તે સાધુ જમી રહ્યા. પછી મહારાજે કહ્યું જે, "ઘોડી લાવો, સાધુને વળાવવા જઈએ." પછી મહારાજ ઘોડીએ બેસીને પધાર્યા. તે તળાવની પાળે ઊભા રહીને કહ્યું જે, "બંધીમાં(સત્સંગની પ્રથામાં-મર્યાદામાં) રહેવું હોય, તે આ તળાવની કોરે આવો અને મોકળ્યમાં રહેવું હોય, તે ઝોળને મારગે ચાલો." ત્યારે આત્માનંદસ્વામીએ હાથ ઝોડીને કહ્યું જે, "મારે બંધીમાં રહેવું છે." ત્યારે મહારાજે સામું જોયું, પણ બોલ્યા નહીં અને ફરીને મહારાજે કહ્યું જે, "બંધીમાં ન રહેવું હોય તે ઝોળને મારગે ચાલો ને બંધીમાં રહેવું હોય તે તળાવની કોરે આવો." ત્યારે ફરીને આત્માનંદસ્વામી એ કહ્યું જે, "મારે બંધીમાં રહેવું છે." મહારાજે કહ્યું જે, "તમે દક્ષિણ દેશમાં નહીં જાઓ ?" પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ હું નહીં જાઉં." ॥૧૦૬॥

## ૧૦૭. સૌ સંતોને સ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું

પછી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામીની આજ્ઞામાં દેહપર્યંત રહેવું હોય, તે આ કોરે આવો અને જેને ન રેહવું હોય, તે ઝોળને મારગે જાઓ." પછી મહંત કર્યા હતા, તેણે પણ જોળ્યનો મારગ લીધો. પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે વડોદરાની ભાગોળમાં

પડ્યા રહેજો અને એક પુરાણી મોકલશું, તે કથા કરશે તે સર્વે સાંભળજો. અને શહેરમાં ઝોળી માગી આવજો, ને જમીને આનંદમાં રહેજો." એમ કહીને પછી સર્વે સાધુને કહ્યું જે, "એની આજ્ઞામાં દેહપર્યંત નહિ રહે, તે સત્સંગ બહાર છે." ॥૧૦૭॥

## ૧૦૮. શ્રીહરિ ને સંતો મુશ્કેલીથી મહી નદી ઊતર્યા

પછી સાધુ મહારાજને પગે લાગીને ચાલ્યા, તે મારગમાં રાત રહીને બામણગામ ગયા. અને મહારાજ **વડતાલથી બુધેજ** ગયા. ત્યાં રાત રહ્યા અને પછી **બોચાસણ** આવીને રાત રહ્યા. અને તે બોચાસણથી જમીને મહારાજ **બામણગામ** આવ્યા. તે સાધુ જમી રહ્યા ત્યાર પછી આવ્યા. પછી મહારાજ આવીને **બેચર પંડ્યા**ની મેડી ઉપર આથમણે બાર બારી હતી, તેમાં આવીને બિરાજ્યા. અને સાધુ હેઠે બેઠા દરશન કરતા હતા.

પછી મહારાજને હરિભક્તે રસોઈનું પૂછ્યું. ત્યારે મહારાજે કહ્યું, "અમે તો જમ્યા છીએ, ને આ પાળાને કાજે રસોઈ કરો." એમ કહીને હરિભક્તને કહ્યું જે, "અમારે મહી ઊતરવી છે, તે એકલબારાનો આરો સારો છે ?" પછી સૌએ કહ્યું જે, "હે મહારાજ ! ઉતરાય એવું છે." પછી પાળા જમીને આવ્યા એટલે મહારાજ ચાલ્યા, ને અમે સાધુ પણ ચાલ્યા, પણ મનમાં શંકા રહે જે, 'મહારાજને ગમતું હશે કે નહીં ?'

પછી મહારાજે સામું જોઈને કહ્યું જે, "આવો." પછી સાધુ રાજી થઈને ભેળા ચાલ્યા. ને મહી નદી ઊતરવા ગયા ત્યારે ખૂતણું આવ્યું. તેમાં મહારાજની ઘોડી ખૂતી, તેણે કરીને પગની મોજડી ડટાઈ ગઈ. પછી બીજા પગની મોજડી નાખી દીધી. પછી એક પાળો લેવા ગયો. પછી મહારાજે ના પાડી. પછી નદી ઊતર્યા. પછી સામે કાંઠે જઈને હાથ-પગ ધોઈને કહ્યું જે, "આ આરો તો બહુ ભૂંડો છે. આ તો ભગવાનની ઈચ્છાએ ઊતરાણું." ॥૧૦૮॥

## ૧૦૯. એકલબારાના કોળી ઠાકોર બાઈઓનો શ્રીહરિ પ્રત્યે ભાવ

પછી ચાલ્યા તે (એકલબારા ગામે બાપુભાઈ) કોળી ઠાકોરના દરબારમાંથી બે બાઈયું આવી. તે નાળ્યમાં(સાંકડા રસ્તામાં) ઊભી રહી ને કહ્યું જે, "આજ અહીંયાં રાત રહો." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે સુરતના સંઘ ભેળું થાવું છે, માટે ન રહેવાય." પછી તે બાઈએ બહુ તાણ કરી. પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમારી મંડળીમાં બહુ ચાલે એવા સાધુ હોય તેને કહો જે, તે રાતોરાત ચાલે ને સુરતના સંઘ ભેળા થઈને એમ કહે જે, મહારાજ આગેપાછે(વહેલા-મોડા) આવશે, માટે વાટ જોશો મા." પછી મેં તે સાધુને કહ્યું જે, "(ગામ) દોરે સંઘ છે, તે રાતોરાત ત્યાં ચાલ્યા જાજો." પછી મહારાજ ગામમાં જઈને તેના દરબારમાં રાત રહ્યા. અને સાધુનું મંડળ તો ગામ ડભાસા જઈને રાત રહ્યું. ॥૧૦૯॥

## ૧૧૦. શ્રીહરિ ડભાસા, સેજકૂવે થઈ સરસવણી પધાર્યા

અને **ડભાસામાં** સવારમાં સાધુ પ્રભાતી બોલતા હતા, ત્યાં મહારાજ આવ્યા અને એમ બોલ્યા જે, "આવો મહાપુરુષો !" ત્યારે આત્માનંદસ્વામીએ તે સાધુઓને કહ્યું જે, "સાંભળો." ત્યાં મહારાજ ફરીને બોલ્યા જે, "આવો મહાપુરુષો!" પછી તે સાધુ રાજી થઈને એમ બોલ્યા જે, "મહારાજ આવ્યા, મહારાજ આવ્યા." એમ કહીને સૌ સાધુ ઊઠ્યા.

તે પછી સાધુ મહારાજ ભેળા ચાલ્યા, તે ગામ **સેજકૂવે** આવ્યા. પછી મહારાજ ઘોડીએથી ઊતરીને બહિર્ભૂમી ગયા. પછી આવીને મૃતિકાએ કરીને હાથ ધોઈને પછી કોગળા કર્યા. પછી દંતધાવન કરતાં કરતાં એમ બોલ્યા જે, **"જુઓને જોગ(ભેખ) તો કઠણ જ હોય. તે કોઈ દિવસે અન્ન મળે, ને કોઈ દિવસે ન મળે, તોપણ આનંદમાં રહેવું.**

**અને તે ન મળે તો એમ જાણવું જે, દેહનું પ્રારબ્ધ એવું હશે, તેણે ન મળ્યું."** પછી મહારાજ દાતણ કરી રહ્યા, પછી કોગળા કર્યા. પછી ઘોડીએ અસવાર થઈને ગામ **સરસવણી** ગયા. ॥૧૧૦॥

## ૧૧૧. પાટીદારોનો સંકલ્પ પૂરો કરી નિશ્ચય કરાવ્યો

તે વાણિયાને ઘેર ઉતર્યા. અને પછી તે વાણિયાના ઘરમાં બેસીને મહારાજે વતું કરાવ્યું. પછી સ્નાન કરીને વસ્ત્ર બદલીને તે વાણિયાને ઘેર થાળ થયો, તે જમવા પધાર્યા. તે મહારાજ જમીને આવ્યા, ત્યાં સાધુની રસોઈ તૈયાર થઈ. પછી તે સાધુને જમાડ્યા. પછી સાધુ જમી રહ્યા, તે પછી મહારાજે કહ્યું જે, "આંઈ બહુ સાંકડ છે, તે માટે માણસને દર્શન નથી થાતાં. તે સારુ બાર ચાલો, ત્યાં બેસીએ."

પછી મહારાજ બહાર પધાર્યા, તે ગામની ભાગોળે એક આંબલી હતી, તેનો મૂળ ઊંચો હતો, તે ઉપર ગાદલું નંખાવ્યું, તે ઉપર શ્રીજીમહારાજ ઉગમણે મુખારવિંદે વિરાજમાન થયા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા. અને મુક્તાનંદસ્વામી આદિક સાધુ તથા કોરેમોરે(આસપાસના) ગામના માણસ બહુ આવ્યા, ને સભા થઈ.

પછી એક ગામના પાટીદારો મારગમાં મનસૂબો કરીને આવ્યા જે, 'સ્વામિનારાયણના પગમાં ઊર્ધ્વરેખા છે, તે આપણને દેખાડે તો તે ભગવાન ખરા.' તેવી રીતે વિચારીને સભાથી દક્ષણાદિ કોરે આવીને ઊભા રહ્યા. તે અજાણ્યા હતા, તે પાસે તો આવી શક્યા નહીં.

પછી મહારાજે કહ્યું જે, "ઓરા આવો." ત્યારે તેઓ પાસે આવ્યા. અને મહારાજે ચરણારવિંદ લાંબાં કરીને કહ્યું જે, "તમે જુવો." ત્યારે તે પાટીદારોએ મહારાજના પગમાં ઊર્ધ્વરેખા જોઈ અને ચરણસ્પર્શ કરીને બહુ રાજી થયા. ને તે પાટીદારો બોલ્યા જે, "હે મહારાજ ! અમારા મનના ઘાટ હતા, તે તમે પૂરા કર્યા. માટે તમે તો અંતર્જામી છો." એમ કહીને ઘણાક માણસે વર્તમાન ધાર્યા. ॥૧૧૧॥

## ૧૧૨. શ્રીહરિ પાસેથી રૂપિયા પડાવવા પાદરાના રાજાનું કાવતરું

### ❋ પાદરાના કાનોબાએ શ્રીહરિને તેડવા છડીદાર મોકલ્યો :

પછી મહારાજ પાછા ગામમાં તે વાણિયાને ઘેર પધાર્યા. તે આથમણે મુખારવિંદે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. પછી સાધુ આરતી કરીને ધૂન બોલતા હતા. ત્યાં એક છડીદાર આવ્યો. ત્યારે મહારાજે હાથની સાન કરીને સાધુને છાના રાખીને કહ્યું જે, “આ કોણ છે ?” ત્યારે તે એમ બોલ્યો જે, “હું તો પાદરાના કાનોબાનો છડીદાર છું. તે મુને કાનોબાએ મૂક્યો છે. તે એમ કહ્યું છે જે, સ્વામિનારાયણ કૃપા કરીને આંહી પધારે તો ઠીક, અને કાં તો અમને હુકમ કરે તો અમે દર્શન કરવા આવીએ.” પછી છડીદારને મહારાજે કહ્યું જે, “જાઓ, કહો જે આવે.”

### ❋ પાદરા જવા વિશે શ્રીહરિ અને સંતોની ચર્ચા :

પછી ચોપદાર તો ગામમાં ગયો. પછી મહારાજે મુક્તાનંદસ્વામી આદિક મોટેરા સાધુને એકાંતે તેડીને પૂછ્યું જે, “આ કેવું માણસ છે ?” પછી સર્વે સાધુએ કહ્યું જે, “એ માણસ સારું નથી. પછી તો મહારાજની મરજી.” પછી મહારાજે કહ્યું જે, “આડા-અવળા ખસી જાઈએ તો માણસને અવગુણ આવશે જે, સ્વામિનારાયણ ભાગી ગયા. અને એ જો આંહી આવે તો એ રાજા માણસ છે. તે ભેળા હાથી, ઘોડા હોય, ગાડી હોય, તેણે કરીને વગડામાં મોલ હોય તેને ભેળાવે(ખવડાવે ને બગાડે) તેણે કરીને કોઈકને ઘણો અવગુણ આવે, પણ ભૂત-પ્રાણીમાત્રના પ્રેરક એક ભગવાન છે, માટે ભગવાન પ્રેરશે તેમ થાશે. માટે ચાલો આપણે સૌ જાઈએ.”

### ❋ શ્રીહરિ ને સંતો પાદરા કાનોબાને ત્યાં પધાર્યા :

પછી મહારાજે વાણિયાને કહ્યું જે, “આ ઘોડી તમને આલી.” ત્યારે વાણિયે કહ્યું જે, “હે મહારાજ ! આ વેલ જોડીએ ?” તે મહારાજે સાંભળ્યું નહીં અને મહારાજ સાધુએ સહિત ચાલી નીકળ્યા,

તે ગામ બહાર કૂવો હતો, તે કૂવાના કાંઠા ઉપર બેઠા અને ફરીને મુક્તાનંદસ્વામી તથા આનંદસ્વામી આદિકને કહ્યું જે, "હવે કેમ કરશું ?" ત્યારે તે સાધુએ કહ્યું જે, "માણસ તો મહામેલો છે. પછી તો મહારાજની મરજી."

પછી મહારાજે પાળાને કહ્યું જે, "અમારા ભેળા કોઈ પાળા નહીં, તે સર્વે શેલડીએ જાઓ. કાલે આપણે શેલડીએ ભેળા થાશું, અને અમારા ભેળો કાળો વાળંદ તથા લક્ષ્મીચંદ ભટ્ટ એ બે ધોળા લૂગડાવાળા આવે, પણ બીજો કોઈ ન આવે." ત્યાં તો વાણિયો વેલ જોડીને આવ્યો. તે વેલમાં મહારાજ બેઠા, તે સાધુએ સહિત **પાદરે** આવ્યા.

પછી તે કાનોબાની જાયગાની આગળ હાટ હતું, તેમાં મહારાજ બેઠા. ને ચોપદારને કહ્યું જે, "ખબર કરો જે, મહારાજ આવ્યા છે." પછી કાનોબા આવ્યા અને એક રૂપિયો તથા એક નાળિયેર મૂકીને મહારાજને પગે લાગીને કહ્યું જે, "અમારી કચેરીમાં પધારો." પછી મહારાજ પધાર્યા ને તેણે દરવાજે બંધી કરાવી જે, મુંડિયા વિના બીજા કોઈને પેસવા દેશો નહીં. ત્યારે મહારાજે કહ્યું જે, "આ લક્ષ્મીચંદ અમારા પુરાણી છે. તેને આવવા દેજો." પછી સાધુ માંહ્યલી કોર ગયા. તેની વાંસે કેટલાક હરિભક્ત પણ માથાનું લૂગડું કાખમાં લઈને ગરી ગયા.

**❋ શ્રીહરિના અને કાનોબાના શાસ્ત્રી વચ્ચે ચર્ચા :**

પછી કાનોબાના શાસ્ત્રી તથા મહારાજના શાસ્ત્રી તેને પરસ્પર ચર્ચા થઈ. તેમાં એક દાદુપંથી વૈરાગી હતો. તે ભણેલ ને મહાખલેશ્વર હતો. તે ઘેડ્ય બેસવા દે નહીં, તે જ્યારે સગુણનું પ્રતિપાદન કરે ત્યારે નિર્ગુણનો પક્ષ લે, ને જ્યારે નિર્ગુણનું પ્રતિપાદન કરે ત્યારે સગુણનો પક્ષ લે; એવી રીતે હડચડ(રકઝક) કરતાં અર્ધ રાત ગઈ.

પછી મહારાજે વૈરાગી પ્રત્યે કહ્યું જે, "જોઈએ તમારી માળા શાની છે ?" એમ કહીને મહારાજે હાથમાં લઈને લગારેક તાણી, તે

માળા તૂટી ગઈ. પછી તે વૈરાગી એમ કહેવા લાગ્યો જે, "મારી માળા તૂટી.., મારી માળા તૂટી.." એમાં ચર્ચાની ખબર રહી નહીં. પછી તે વૈરાગી તો તે માળાના મણિકા ભેળા કરવામાં રહ્યો.

પછી તે પુરાણીને મહારાજે પૂછ્યું જે, "તમે ક્યાં રહો છો ?" ત્યારે તે પુરાણીએ કીધું જે, "અયોધ્યા પાસે ગામ છે." ને તેનું નામ લીધું. ત્યારે મહારાજે કહ્યું જે, "તે ગામમાં અમારા મામા વશરામ રહે છે." પછી પુરાણી એમ બોલ્યો જે, "ઓહો ! વશરામ તમારા મામા હૈ !" એમ કહીને તે પુરાણી આશ્ચર્ય પામ્યો. પછી તે પુરાણીએ એમ કહ્યું જે, "અહો ! તમારા તો ઘર મોટા ! તે માટે તમારે વિદ્યા હોય તેમાં શું કહેવું !"

પછી કાનોબાયે જાણ્યું જે, ચર્ચા આળસી. એમ જાણીને તે કાનોબાએ તે પુરાણીને કહ્યું જે, "તમે એમ કહેતા હતા જે, અમદાવાદમાં સ્વામિનારાયણ ઢીકો મારીને સમાધિ કરાવે છે. તે આમાં ઢીકો મારવાવાળા કોણ છે ?" પછી તે પુરાણીએ કહ્યું જે, "બહુ દિવસની વાત છે. તેની કાંઈ ઓળખાણ રહી નહીં." પછી તે કાનોબાએ તે પુરાણીને ગાળ્ય દીધી જે, "લુચ્ચા ગુજરાતી ! કાલની વાત છે, ને કહે છે, તેને ઓળખતો નથી; માટે ખોટાબોલા છો ! કેમ જે, માણસ તો ઘોડિયામાંથી દેખ્યો હોય તેને પણ ભૂલતા નથી."

પછી મહારાજે કહ્યું જે, "એને શીદ વઢો છો ? એ તો અમે, તે અમને તો કોઈક જાદુગરા કહે છે. કોઈક તો એમ કહે છે જે, એ તો પ્રસાદી દે છે, તે ગાંડા થઈ જાય છે. ને કોઈક કહે છે જે, એ તો માથું ફેરવી નાંખે છે. એવી રીતે જગત કહે છે. તે કોને મોઢે હાથ દઈએ ?" ત્યારે કાનોબાયે કહ્યું જે, "તમે કહ્યું એ વાત સર્વે મારી પાસે આવી છે."

**✵ શ્રીહરિ પાસે રૂપિયા લેવાની કાનોબાની યુક્તિ :**

પછી મહારાજે કહ્યું જે, "તમારે પૂછવું હોય તે પૂછો." પછી તેણે કહ્યું જે, "એકાંતે આવો, પૂછીએ." પછી મુક્તાનંદસ્વામી તથા મહારાજ તથા કાનોબા એ ત્રણે ઓરડીમાં ગયા. પછી ત્યાં જઈને કાનોબાએ કહ્યું જે, "આ અંગ્રેજ આવ્યા છે, તે ગાયુને મારે છે. માટે તે જોવાતું નથી. તે માટે એક લાખ રૂપિયા આપો તો એને મારીને કાઢી મેલીએ." પછી મહારાજે કહ્યું જે, "લાખ રૂપિયાનો શો ભાર છે ? એ તો અમારા હાથમાં છે. એકુકો રૂપિયો મેલે તો લાખ થાય, જે એક સમૈયો કરીએ તો લાખ રૂપિયા થાય, પણ બીજું પૂછવું હોય તે પૂછો."

પછી તે કાનોબાએ કહ્યું જે, "અમારે બીજું કાંઈ પૂછવું નથી, પણ કાલ રોટલા જમીને ચાલજો." પછી મહારાજે કહ્યું જે, "સૌના ભગવાન પ્રેરક છે. માટે કાલ કોણે ભાળ્યું છે ? માટે હમણાં હાજર હોય તે લાવો." પછી તેણે કહ્યું જે, "આ ટાણે તો સૌ લોક સૂઈ રહ્યા છે. માટે સવારમાં રસોઈ કરાવશું."

પછી સજ્યા પાથરી, તે ઉપર ઓશિકા તથા ઢિચણિયાં તથા ગાલમશુરિયાં હતાં. એવી ઓછાડે સહિત જે સજ્યા, તે ઉપર મહારાજ ચોફાળ ઓઢીને પોઢ્યા. અને પછી કાનોબા બીજો ચોફાળ લાવ્યા. તેને મહારાજે કહ્યું જે, "અમારે તો છે." તોપણ તે કાનોબાએ કહ્યું જે, "નવો ચોફાળ છે." એમ કહીને મહારાજને ઓઢાડ્યો. પછી વાળંદને કહ્યું જે, "મહારાજની પગચંપી કર." તેને મહારાજે ના પાડી. તોય કહ્યું જે, "ના ના, મહારાજ ! પગચંપી કરવા દ્યો." પછી કાનોબા ગયા. પછી વાળંદને ઉઠાડી મેલ્યો, પછી મહારાજ પોઢ્યા. તે સમે આત્માનંદસ્વામી તો ઢોલિયાની પાંગતે બેઠા હતા.

**✵ શ્રીહરિ કાનોબાને છેતરી ચાલી નીકળ્યા :**

પછી લગારેક પોઢીને મહારાજે બેઠા થઈને પૂછ્યું જે, "કેટલીક

રાત છે ?" પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "કૂકડો બોલ્યો ને ઘંટીયું પણ ફરે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "સૌને ઉઠાડો." પછી સૌ ઊઠ્યા ને પછી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "સ્વામી, રાતોરાતમાં વડોદરે ખબર ગઈ છે, તે સવારમાં માણસ બહુ આવશે. તે માટે બારે નહિ નીસરવા દે. તે સારુ અમે બહિર્ભૂમિ જઈ આવીએ ને તમે બેસી રહેજો."

પછી મહારાજ ઊઠ્યા. તે મહારાજની સાથે નૃસિંહાનંદસ્વામી તથા આત્માનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામી ને કાળો વાળંદ એ ચાર જણા ગયા. પછી મહારાજ બહિર્ભૂમિ જઈ આવીને હાથ મટીયાવતાં, ત્યાં ગામમાંથી એક માણસને નીકળતો દેખીને એમ બોલ્યા જે, "ચાલો ચાલો, કોઈક વાંસે આવશે."

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા ને આઘે જઈને એક લીંબડાને થડે બેઠા ને હાથ મટિયાવ્યા. ત્યાં મહારાજે વાત કરી જે, "એને તો રૂપિયા જોઈએ છે, બીજું કામ નથી." એમ કહીને આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે જઈને મુક્તાનંદસ્વામી આદિક ભણવાવાળા સાધુ સૌને કહો જે, સરસવણી જાઓ ને તમે આંહીથી જમીને ચાલજો."

એમ કહીને મહારાજ ચાલી નીસર્યા. તે મહી ઊતરીને **બામણગામની** ભાગોળે જઈને ખોડા પંડ્યાને ખબર મોકલી જે, "મહારાજ ભૂખ્યા ભાગોળે છે. તે જે હાજર હોય તે લાવો." પછી મઠનો રોટલો ને દહીંની દોણી લાવ્યા, તે મહારાજ જમ્યા ને જમીને મહારાજ **શેલડી** ગયા. ત્યાં પાળા હતા તે ભેળા થયા.

પછી તે પાદરામાં સાધુ હતા, તેની પાસે કાનોબાએ માણસ મોકલ્યું ને કહ્યું જે, "મહારાજ ક્યાં છે ?" પછી તે સાધુએ કહ્યું જે, "આંહીંથી સવારમાં ના'વા ગયા છે. પછી ત્યાંથી ગમે ત્યાં ગયા તેમની અમને ખબર નથી." તે પછી મધ્યાહ્ને સાધુની રસોઈ થઈ, તે સાધુ જમીને ચાલી નીસર્યા. ॥૧૧૨॥

## ૧૧૩. વડતાલમાં હુતાશણીનો સમૈયો

### ❋ સંતો બે પક્ષ કરીને રંગે રમ્યા :

પછી કેટલાક દિવસ કેડે હુતાશણીનો સમૈયો કરવા મહારાજ **વડતાલ** પધાર્યા ને દેશદેશના હરિજન બહુ ભેળા થયા. પછી મહારાજે બે હોજ કરાવીને રંગે ભરાવ્યા અને (રંગે રમવાની જગ્યા) ફરતી બાવળના ઝાંખરાની વાડ કરાવી. ને તેથી ઉપરવાસ કૂવો છે, ત્યાં કોશ જોડાવીને હોજ ભરાવ્યા. પછી એક ઊંચો બાવળ હતો, તે ઉપર નગારું ચડાવીને એક જણ વગાડે. અને સાધુ સર્વેના બે પક્ષ થયા, તે પરસ્પર રમવા માંડ્યા ને ધોળા લૂગડાવાળો કોઈ ન પેસે. એવી રીતે સાધુ રમવા માંડ્યા. પછી મહારાજ ત્યાં પધાર્યા, તે ઘોડાની ઘૂમરીએ(ઘોડેસ્વારોના સમૂહ) સહિત મહારાજ વાડની બાર ઊભા રહ્યા. અને ચારે કોરે માણસ સમાય નહીં એટલા આવીને ઊભા રહ્યાં હતાં.

ત્યાં અલૈયા ખાચરે તે વાડ સોંસરી ઘોડી નાંખવાને હાંકી, તે આગળ બાવળના કાંટા અને સાધુએ પિચકારીની શેડ્યું મારી, તે ઘોડી અકળાઈ ગઈ. અને મહારાજ સર્વે જરિયાની વસ્ત્ર તથા અંગઅંગને વિશે ઘરેણાં સહિત ઘોડીએ બેઠા હતા, તે હસતા હતા તથા બીજા મનુષ્ય પણ હસતા હતા, એટલે તે અલૈયા ખાચર માની હતો, તે ઘોડીને પાછી હઠાવવા(ફરી વખત હાંકવા) માંડી. તે પછી ઘોડીને એક તો બાવળના કાંટા વાગે ને તે સાધુએ પિચકારીએ કરીને મારવા માંડી, એટલે ઘોડી ન ઘરી શકી. અને મહારાજ મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતાં રહે નહીં. એવી રીતે કેટલીક વાર રમ્યા ને પછી રમત આળસી. અને કોળી બહુ આવેલ, તેના ઢગના ઢગ ઊભા હોય, ત્યાં મહારાજ જઈને ઘોડી સોંસરી નાંખે, એટલે ઢગ વિખાઈ જાય. એવી રીતે સંઘમાં હરિજન સૌને દર્શન દેતા ચારે કોરે ફર્યા. પછી રસોઈ થઈ ને મહારાજ ગામમાં પધાર્યા. પછી મહારાજ જમ્યા ને સૌ સંતને જમાડ્યા.

**✵ હિંડોળે વિરાજમાન શ્રીહરિનું સંતો-ભક્તો દ્વારા પૂજન :**

અને બે આંબા ઉપર મોભ નાંખીને ભારે હિંડોળો બાંધ્યો, તે ઉપર મહારાજ બિરાજમાન થયા. અને મહારાજે માથે મુગટ ધારણ કર્યો હતો ને કાનમાં કુંડળ ધારણ કર્યાં હતાં. તે સમે હરિભક્તે ચંદન, પુષ્પ, ભારે વસ્ત્ર તથા ભારે ઘરેણાંએ કરીને મહારાજની પૂજા કરી. પછી સાંજને સમે સાધુએ ચંદન તથા પુષ્પના હાર તેણે કરીને મહારાજની પૂજા કરી ને આરતી ઉતારી. તે સમે આકાશમાંથી ચંદનની વૃષ્ટિ થઈ. તે કેડે મહારાજને જમાડવા સારુ બાઈયું થાળ લઈને આવિયું, ત્યારે સાધુ તથા હરિભક્તે માગ કરીને હિંડોળાની આગળ ગાદલું પાથર્યું.

પછી મહારાજ મુગટ સોતા ઊતરીને ગાદલા ઉપર બિરાજમાન થયા. ને તે મુગટ ઉતારીને હેઠે મૂક્યો ને કહ્યું જે, “ભારે મરી ગયા..!” એમ કહીને મહારાજ જમવા બેઠા. તે નાના પ્રકારનાં વ્યંજન-ભોજન પોતાની રુચિ પ્રમાણે જમ્યા. અને જમીને ચળુ કર્યું ને કોગળા કરીને એમ ને એમ તે ગાદલા ઉપર પોઢી રહ્યા. પછી તે બાયુંએ એમ જાણ્યું જે, મહારાજ પોઢ્યા, એટલે બાઈયું ગઈ. ને બીજા માણસ પણ મહારાજ પોઢ્યા એટલે વેરાઈ ગયાં.

પછી મહારાજ ઊઠ્યા, તે બુધેજવાળા ખોડાભાઈના ગાડામાં જઈને સૂઈ રહ્યા. તેની કોઈને ખબર નહીં. પછી પરોઢિયે ગાડું હાંક્યું, તે **બુધેજ** ગયા. પછી સવારમાં કાઠીએ મહારાજને ખોળવા માંડ્યા ને કહે જે, “મહારાજ ક્યાં છે ?” તે જડ્યા નહીં ત્યારે લક્ષણા કરી જે, ખોડાભાઈનું ગાડું નથી, માટે બુધેજ ગયા. પછી વડતાલથી ઘોડે ચડીને સર્વે કાઠી ચાલ્યા, તે બુધેજ જઈને મહારાજ ભેગા થયા. પછી મહારાજ હસ્યા ને રાજી થઈને તે કાઠીને જમાડ્યા. પછી ત્યાંથી મહારાજ **ગઢડે** પધાર્યા. ||૧૧૩||

## ૧૧૪. બોટાદમાં હુતાશણીનો સમૈયો

અને એક સમે મહારાજે **બોટાદ**માં હુતાશણીનો સમૈયો કર્યો. તે ગામથી આથમણી કોરે તળાવની પાળ ઉપર લિંબડો હતો, તેને હેઠે ગાડું લાવીને તે લિંબડાના થડની સાથે તે ગાડાનો ઊંટડો બાંધ્યો. અને તે ગાડા ઉપર ઢોલિયો બિછાવ્યો. તે ઉપર મહારાજ બિરાજ્યા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને ઉત્તરાદે મુખારવિંદે બિરાજતા હતા. અને પોતાના મુખારવિંદ આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ને મુક્તાનંદસ્વામી આદિક સાધુ વાજિંત્ર લઈને ગાતા હતા.

પછી સુંદરિયાણાના **વનો શેઠ** આવ્યા. ત્યારે મહારાજે સાદ કરીને મુક્તાનંદસ્વામી પાસે બેસાડ્યા. પછી મુક્તાનંદસ્વામીએ વાત કરી જે, "આ અવસર છે, જો ગુલાલ લાવો તો." પછી તે વનોશા ગુલાલ મણ એકની ગાંઠડી બંધાવીને લાવ્યા. તે મહારાજના મોઢા આગળ મેલી. પછી તે ગાંઠડી મહારાજે છોડી ને તે ગુલાલની મુઠ્ઠીઓ ભરી ભરીને સાધુ તથા દેશદેશના હરિભક્ત ઉપર નાંખતા હવા.

પછી રસોઈ થઈ તે પોતે જમ્યા ને સાધુને જમાડ્યા. પછી પોતે ઘોડીએ અસવાર થયા તે ભેળા પોતાના સખાના ઘોડાની ઘૂમરીએ સોતા તે ગામને ફરતો આંટો દઈને ઉતારે આવ્યા. ॥૧૧૪॥

## ૧૧૫. રાણપરના સૈનિકો સંતોનું ગાન સાંભળી આશ્ચર્ય પામ્યા

અને પછી ગોડી, આરતી ને ધૂન થઈ. તે કેડે સાધુ કીર્તન ઝાઝી વાર બોલ્યા. તે કેડે સૌએ પથારિયું કરી, ને મહારાજ તો ગાડા ઉપર ઢોલિયો હતો, તે ઉપર બેસી રહ્યા. પછી મહારાજે રાણપરના સિપાઈને આવતા ભાળ્યા. તે મહારાજે પાળાને કહ્યું જે, "કોઈક માણસ આવે છે, તેને ટપારો(તેના નામઠામ પૂછો)." ત્યારે તે પાળાએ હાકલ કરીને

કહ્યું જે, "કોણ છે ?" ત્યારે તેણે કહ્યું જે, "અમે રાણપરના સિપાઈ છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "આવો."

પછી તે આવીને મહારાજના મોઢા આગળ બેઠા. પછી મહારાજે કહ્યું જે, "તમારે આવડું મોડું કેમ આવવું પડ્યું ?" પછી એમણે કહ્યું જે, "અમારા ભેળો દૂકડનો વજૈયો(વગાડનારો) છે. તેણે કહ્યું જે, સ્વામિનારાયણના ભેળા દુકડના વજૈયા છે, તેને ચાલો જોવા જાઈએ; એટલે જોવા આવ્યા છઈએ."

પછી મહારાજે પાળાને કહ્યું જે, "દેવાનંદસ્વામીને બોલાવો ને સારંગી, સતાર, મૃદંગ લઈને ગવૈયા હોય તે આવો." પછી આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, "આ રાણપુરનો દૂકડનો વજૈયો છે, તેને દુકડ આપો." ને દેવાનંદસ્વામીને કહ્યું જે, "તમે સરોદો લ્યો ને ચોતાલો પદ બોલો." પછી દેવાનંદસ્વામી સરોદો લઈને ચોતાલો બોલવા મંડ્યા, તે દુકડવાળો ભેળો ન થયો. પછી તે જોઈને સિપાઈ આશ્ચર્ય પામ્યા ને કહ્યું જે, "આ તો ભારે ગાનારા છે !" ત્યાર પછી રાત ઘણી ગઈ. પછી તે સિપાઈ હતા, તે ગામમાં ગયા ને મહારાજ તથા સાધુ તે સર્વે સૂઈ રહ્યા.

તે પછી બીજે દિવસ દાહા ખાચરના દરબારમાં રસોઈ થઈ. ને પછી મહારાજ જમવા પધાર્યા, તે મહારાજ જમ્યા ને સાધુને જમાડ્યા. અને પછી એના ફળિયામાં એક ઓટો છે, તે ઉપર મહારાજ ઊભા રહીને સાધુ દીઠ એકુકો સુખડીનો લાડવો આપીને સાધુને કહ્યું જે, "ફરવા જાઓ." એમ આજ્ઞા કરી. પછી તે સંઘ હતો, તે વેરાઈ ગયો. ॥૧૧૫॥

## ૧૧૬. નિષ્કામભાવે ગાનારા રાવળ પર શ્રીહરિનો રાજીપો

ત્યાર પછી કેટલાક દિવસ કેડે **ગઢડે** મહારાજે સમૈયો કર્યો. તે બોટાદને માર્ગે મંચ કરાવ્યો, ને તે મંચ ઉપર ઢોલિયો બિછાવ્યો. તે ઉપર મહારાજ બિરાજ્યા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા

સત્સંગીની સભા ભરાઈને બેઠી હતી. ને તે સભામાં ગાવણું થાય છે ને વાતુ પણ થાય છે ને પ્રશ્ન-ઉત્તર પણ થાય છે. ત્યાં એક રાવળ હતો, તે મહારાજ આગળ ગાતો હતો. ત્યારે મહારાજે કહ્યું જે, "કેમ ગાઓ છો ?" ત્યારે તેણે કહ્યું જે, "મહારાજને રાજી કરવા સારુ ગાઉં છું, પણ મારે લીધાની આશાએ નથી ગાતો." પછી તેને મહારાજે સોનાનો બાજુ હાથે બાંધ્યો હતો, તે છોડીને આલ્યો. ॥૧૧૬॥

## ૧૧૭. મુક્તમુનિએ વિસામણનો વેશ કાઢી સર્વને હસાવ્યા

અને તે સમે મુક્તાનંદસ્વામીએ વિસામણનો વેશ કાઢ્યો હતો. ને તેમણે કેડિયું ડગલા જેવું ખલતું(ખૂલતું-પહોળું) પહેર્યું હતું, ને માથે મોટો ચોફાળ બાંધ્યો હતો અને બે હાથમાં કરતાલો લીધી હતી; અને તે એમ બોલવા માંડ્યા જે, "એક કબીરભક્ત આદા(આવ્યા) અને દાનોભક્ત આદા અને જાદરોભક્ત આદા અને નરસિંમે'તો આદા અને મિરાંબાઈ આદા અને શબરીબાઈ આદા. એમ ઘણાક ભક્ત ભેળા થયા ને એમ એ ભક્તની સભા થઈ કેના ત્યાં ઘોડા ઉપાડ્યા, ત્યાં બરછી નાંખી કેના ત્યાં સોંસરી ફરડ નીસરી." એમ કહીને પછી બે હાથમાં કરતાલો વગાડવા મંડ્યા. તેણે કરીને મહારાજ અત્યંત હસ્યા અને સર્વે સભા હસી, એમ હસતા હતા. ॥૧૧૭॥

## ૧૧૮. ગઢડે ચર્ચા માટે આવેલ વડોદરાના દીવાન ભાગી ગયા

ત્યાં એ સમે બોટાદથી એક માણસ આવ્યું. તેણે કહ્યું જે, "રાતે દીવાનજીનું લશ્કર બોટાદ હતું, તે અહીં આવે છે." પછી મહારાજે કહ્યું જે, "મર આવે." અને દાદા ખાચરને કહ્યું જે, "તમે દરવાજે ખબર રખાવજો." પછી લશ્કર આવ્યું, તે ગામથી આથમણી કોરે ઘેલાને કાંઠે ધાર ઉપર ઊતર્યું. પછી ત્યાંથી મહારાજ ગામમાં પધાર્યા. ને પછી રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સાધુને જમાડ્યા. પછી મહારાજે સૌને કહ્યું જે, "આજ તો સવારમાં ના'વા સૌ ખીજડિયાને આરે જાઓ.

તે લશ્કરના થડમાં(બાજુમાં) થઈને એક એક નોરે(લાઈનમાં) ચાલજો ને ભેળા ન ચાલવું. ને પછી દીવાનજી પાસે માણસ મોકલ્યો જે, “તમારે ચર્ચા કરવી હોય તો અમારા પુરાણી આવે, તે પુરાણી સંગાથે ન કરો તો અમારા બ્રહ્મચારી આવે, અને તે બ્રહ્મચારી સંગાથે તમારે ઠેપ(અનુકૂળ) ન આવે તો અમારા શ્રીપાત(સંન્યાસી) આવે, ને તે શ્રીપાત સંગાથે તમારે ચર્ચા ન કરવી હોય તો અમારા પરમહંસ આવે, અને પરમહંસની સંગાથે ચર્ચા ન કરવી હોય તો અમારા પાળા આવે.”

પછી તો તે દીવાનજીએ કહ્યું જે, “અમારે તો ચર્ચા નથી કરવી.” પછી બીજે દિવસ સવારમાં ના’વાને સારુ સંત-હરિભક્તનો નોર થયો, તે મધ્યાહ્ન સુધી આળસ્યો નહીં. અને ફેર પાછા જમીને ના’વાને અર્થે ચાલ્યા, તે દિવસ આથમ્યા સુધી નોર રહ્યો. પછી તો દીવાનજીએ કહ્યું જે, “આ સ્વામિનારાયણ પાસે કેટલાક માણસ છે !” એમ બોલ્યો ને તે તો ગયો. પછી મહારાજે સૌને શીખ દીધી. ॥૧૧૮॥

## ૧૧૯. શ્રીહરિ અને સંતો ડભાણથી ધરમપુર પધાર્યા

### ✵ ઉધના મહાદેવે દર્શનાર્થીઓ દ્વારા શ્રીહરિનું પૂજન :

અને વળી એક સમે મહારાજ ગામ **ડભાણ**માં હતા. તે સાધુ પ્રત્યે એમ કહ્યું જે, “અમારે ધર્મપુર જાવું છે. તે ગુરુ ગુરુ હોય તે આવજો.” પછી તો મહારાજ ચાલી નીસર્યા ને સાધુ ચાલ્યા, તે **અંકલેશ્વર** રાત રહ્યા. પછી ત્યાંથી સાધુ સુરત ગયા. તે **ઉધના** મહાદેવે મહારાજ ઊતર્યા હતા અને ઉત્તરાદે મુખારવિંદે ખુરશી ઉપર મહારાજ બેઠા હતા ને ડાબા હાથ ઉપર એક બીજી ખુરશી હતી.

ને પછી તે શહેરના માણસ મહારાજના દર્શને આવ્યા. તે મહારાજને માટે ભેટ લાવે, ને પુષ્પના હાર મહારાજને ચઢાવે. તે હારને મહારાજ લઈને ખુરશીને ઠેબે વળગાડે ને દૂધપેંડા તથા બરફીની જે માટલિયું આવી, તેની ઉપરાઉપર દેરીયું ચડાવી. તેવા સમામાં

સાધુ આવ્યા ને મહારાજે કહ્યું જે, "આવો આત્માનંદસ્વામી !" પછી સાધુ સૌ પગે લાગીને મહારાજ પાસે બેઠા. પછી મહારાજે કહ્યું જે, "આનંદસ્વામી ! સૌ સાધુને હાર પહેરાવો." ત્યારે આનંદસ્વામીએ હાર પહેરાવ્યા.

પછી મહારાજે આત્માનંદસ્વામી સામું જોઈને કહ્યું જે, "સાધુ સૌ ભૂખ્યા છે ?" ત્યારે મેં કહ્યું જે, "હા મહારાજ ! ભૂખ્યા તો છે." પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "સાધુની પંગત કરો." પછી આનંદસ્વામીએ કહ્યું જે, "(આટલાથી) પૂરું નહિ થાય." ત્યારે મહારાજે કહ્યું જે, "પૂરું નહિ થાય ?" ત્યારે તે કહે, "હા મહારાજ ! નહિ થાય." પછી થોડી વારે રસોઈ થઈ તે સાધુ જમ્યા, ને જમીને મહારાજ પાસે આવીને બેઠા.

અને એક બોરડીએ હિંડોળો બાંધ્યો હતો, તે ઉપર મહારાજ બિરાજ્યા. તે સમે શહેરના સત્સંગી સૌ આવીને બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે શહેરના સૂંવાળા માણસ ને આંહીં ઝાડીનો મલક છે, તે સારુ તમારે અહીં રહેવું નહીં." પછી તે હરિભક્તે કહ્યું જે, "સારું મહારાજ, નહિ રહીએ." એમ કહીને આડાઅવળા વેરાઈ ગયા.

ત્યાર પછી સાધુ ગોડી બોલવા મંડ્યા, ત્યારે એક એક આવીને ભેળા થયા. પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "આ માટલિયું મીઠાઈની ભરેલી છે, તે સંભાળી લ્યો." પછી આત્માનંદસ્વામીએ સાધુને કહ્યું જે, "જાઓ, લઈ લ્યો." ત્યારે સાધુ ગયા તે મોર પાળાએ તે માટલિયું લઈને ગાંઠડી બાંધીને ગાડામાં મેલી દીધી. અને કાંઈક રહ્યું હશે, તે સાધુ ગયા. તેને કોઈને હાથ આવી ને કોઈને ન આવી.

**✵ કોઈ એક સારા સાથે તો જીવ બાંધવો જ :**

પછી મહારાજ સાબદા થયા. ત્યારે ગોવિંદભાઈએ કહ્યું જે, "મહારાજ, સાધુ સવારે જમીને ચાલે." ત્યારે આત્માનંદસ્વામીએ

કહ્યું જે, “દિવસ ઊગ્યા મોર રસોઈ થાય તો જમીશું, નહિ તો પડ્યું રહેશે.” પછી મહારાજે કહ્યું જે, “ઝાડીનો મલક છે, માટે કાંટા-કાંકરા વાગે, તે સારુ દિવસ ઊગ્યા પછી ચાલજો.”

એમ કહીને કહ્યું જે, **“પરસ્પર હેત રાખજો, પણ એક સંગાથે તો જીવને મેળવી દેવો;** જેમ કાઠી ફેરે(યુદ્ધે) ચડે તે બધાયે એકો(એક એક) કરીને ચડે, પણ એક સંગાથે જો જીવ મળી રહ્યો હોય તો જ્યારે વાર આવે, ત્યારે એક જીવવાળા હોય, તે એક બીજાને મેલીને જાય નહીં. અને બીજા હોય તે કહે જે, તું કાણા સારુ મરતો સે ? એ તો થૈ રહ્યો. તેમ આપણે પણ એક સંગાથે તો જીવને મેળવી દેવો. તે શા માટે જે, વગડામાં કાંટો જ વાગ્યો, તાવ જ આવ્યો, ત્યારે બીજા ઊભા ન રહે, ને એમ કહે જે, ‘સ્વામી, ધીરે ધીરે આવજો.’ ને જે સંગાથે જીવ મળ્યો હોય તે કહે જે, ‘સ્વામી, કાંઈ ચિંતા કરશો નહીં, તમારે સુવાણ થાશે ત્યારે ચાલશું.’ માટે સૌ ભેળા થઈને ચાલજો, પરદેશનું કામ છે.”

એમ કહીને મહારાજ ચાલ્યા ને સાધુ રહ્યા. પછી સવારમાં ઢેબરાં ને રીંગણાનું શાક કર્યું, તે સાધુ દીઠ બે રોટલા ને રીંગણાનું શાક આપ્યું. તે કોઈક તો જમીને ચાલ્યા ને કોઈક તો લઈને ચાલ્યા. ॥૧૧૯॥

## ૧૨૦. ધરમપુરમાં શ્રીહરિએ કરેલ વિવિધ લીલા

### ❋ કુશળકુંવરબા સંતો માટે દેખરેખ રાખી રસોઈ કરાવતાં :

પછી સાધુ બીજે દિવસ **ધર્મપુર** મહારાજ ભેળા થયા. અને મૂળજી બ્રહ્મચારીએ લોઢીએ રોટલા કર્યા, તે કાચા રહ્યા ને તે સાધુ જમ્યા, તેણે કરીને કેટલાક સાધુ માંદા થયા. તે પછી બીજે દહાડે કુશળકુંવરબાએ કહ્યું જે, “બ્રહ્મચારી રસોઈમાં નહીં, તે બ્રહ્મચારીએ તો કાલ બધાય સાધુને માંદા પાડ્યા, માટે અમારા બ્રાહ્મણ રસોઈ કરશે.”

એમ કહીને ચાર બ્રાહ્મણ મહિનાદાર(માસિક પગારવાળા) રસોઈ કરવા રાખ્યા, ને પોતે પાસે રહીને તે રસોઈયાને એમ કહે જે, "આમ શાક કરો ને આમ રોટલા કરો ને આમ પકવાન કરો." એમ પોતે પાસે રહીને રસોઈ કરાવતાં. અને સવારમાં શેરડીના ભારા તથા રસના ઘડા તથા ગોળની ભેલીઓ તે આણીને સાધુ પાસે મેલ્યાં. તે જેને જે રુચિ હોય તે જમે. ને મધ્યાહ્ને રસોઈ થાય, તે સાધુને મહારાજ નિત્ય પીરસતા.

### ❋ સર્વ સંતો મધ્યે ગીતા કંઠસ્થ કરવા વહેંચી :

એક દિવસ તો દરબારમાં રસોઈ કરાવી, ને સાધુ જમવા ગયા ને ત્યાં મહારાજે સાધુને લાડુ પીરસ્યા. પછી સૌ જમી રહ્યા. પછી સભા થઈ ને ગણદેવીનો એક પરમહંસ હતો, તે મહાભણેલો. તે તો જે બોલે તેના ઉપર શ્લોક લાવે, શ્રુતિ લાવે, પણ એ તો મહારાજ હતા એટલે સમાધાન થયું, પણ બીજાને તો ન બોલવા દે, એવો હતો.

પછી ત્યાંથી મહારાજ મેડી ઉપર સાધુ ઊતર્યા હતા, ત્યાં આવ્યા. પછી આવીને તે સાધુઓને કહ્યું જે, "જુઓને, જે વાત પૂછીએ ત્યાં શ્લોક બોલે ને તમારે તો એકેય શ્લોક કંઠે ન મળે, માટે (તમે બધા) ગીતાનો શ્લોક એક એક કંઠે કરો તો બધી ગીતા કંઠે થઈ જાય." પછી કાગળના કટકા ઉપર ભજનાનંદસ્વામીએ એકુકો શ્લોક લખીને તે દરેક સાધુને દીધો. ત્યારે મહારાજે સાધુને (તેમના શ્લોક જોતાં જોતાં) કહ્યું જે, "આ તમે શીખો, આ તમે શીખો." એમ મહારાજે કહ્યું.

પછી '*सर्वधर्मान् परित्यज्य...*'[1] એ શ્લોક લખીને ભજનાનંદસ્વામીએ કહ્યું જે, "આ શ્લોક કેને આપશું ?" ત્યારે મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામીને આપો." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે,

૧.सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।।
મને જ સર્વ પાપરૂપ દોષો તથા વિઘ્નોથી રક્ષણ કરનાર જાણીને, બીજા તમામ દેવોની ઉપાસનાનો ત્યાગ કરી મારા એકનો જ આશરો સ્વીકાર. જો તું મેં કહેલા આ માર્ગે ચાલીશ તો તને સર્વેશ્વર એવો હું બધાં જ પાપોથી છોડાવી દઈશ. તું તેની ચિંતા ન કર. (ગીતા : ૧૮/૬૬)

"એ તો મારે કંઠે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એ શ્લોક એકલો નહીં, એની ટીકા સહિત કંઠે કરો." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "ટીકા બહુ છે, તે કંઠે કેમ થાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "પૂર્ણાનંદસ્વામી, પ્રભુતાનંદસ્વામી ને તમે, ત્રણેય મળીને કંઠે કરો." એમ અમને રામાનુજભાષ્ય સહિત શ્લોક શીખવાની આજ્ઞા કરી.

**❋ શ્રીહરિએ દેશદેશના ભક્તોને ધરમપુર તેડાવ્યા :**

તે પછી મેડી ઉપર મહારાજ પાસે બાઈ આવ્યાં ને તેણે કહ્યું જે, "મહારાજ, દેશદેશથી સત્સંગી સૌને તેડાવો ને આંહીં આવીને છ મહિના રહે ને ખરચ અમારો ખાય." પછી મહારાજે કહ્યું જે, "કાઠિયાવાડનો સંઘ આવે તેમાં ભારેભારે ઘોડાં હોય, તે ભરૂચે દાણ બેસે." ત્યારે બાઈએ કહ્યું જે, "અંગ્રેજને કહીને બંધી કરાવું જે, કાંઈ ન લે." ત્યારે મહારાજે કહ્યું જે, "ઠીક છે, પણ ઝાડીનો મલક છે, તે માર્ગમાં કોઈનું લૂગડું-લતું તાણે ત્યારે લાજ જાય." ત્યારે બાઈએ કહ્યું જે, "દસદસ ગાઉ ઉપર ચોકી બેસાડું."

પછી મહારાજે કહ્યું જે, "દેશાંતરના હરિભક્ત ઉપર કાગળ લખો." પછી તે કાગળમાં એમ લખ્યું જે, આ તિથિ ને આ વારે આવજો. એમ લખીને દેશાંતરમાં (તે કાગળ પહોંચાડવા) માણસ મોકલ્યા. પછી સાધુ રાજી થયા ને તે બાઈ રાજી થઈને દરબારમાં ગયાં. ને રાતોરાત ગામોગામ માણસ મોકલ્યા ને કહ્યું જે, "વાંસડાના ભારા લઈને આવે." પછી મહારાજ પોઢ્યા ને સૌ સંત પથારી કરીને સૂતા. પછી મોટે પરોઢિયે(સૂર્યોદય પહેલા વહેલી સવારે) મહારાજે ઊઠીને માણસ મોકલ્યો જે, "ઓલ્યા કાગળવાળા ભેળો થા, ને કહેજે જે, કોઈ આવે નહીં."

**❋ સાધુ મેળવ્યા વિના જમ્યા, તે શ્રીહરિને ન ગમ્યું :**

પછી સવારમાં મહારાજ સારુ રસોઈ થઈ તે જમીને પોઢ્યા, ને સાધુને તો રસોઈની વાર હતી. પછી તે સાધુને અર્થે રસોઈ થઈ

ને પંગત બેઠી, ને આનંદસ્વામીએ મહારાજ પાસે જઈને કહ્યું જે, "મહારાજ, પીરસવા ચાલો." એમ જઈને કહ્યું, પણ (મહારાજ કાંઈ) બોલ્યા નહીં. પછી આનંદસ્વામી આવીને પીરસવા માંડ્યા. પછી તે પીરસતા હતા, ત્યાં બાઈએ કહેવરાવ્યું જે, "ખાંડનું જમણ છે, તે કોઈ પાણી પત્તરમાં નાંખીને અન્ન મેળવશો નહીં."

એવામાં મહારાજ હસતાં હસતાં ત્યાં આવ્યા, ને એમ બોલ્યા જે, "આજ સાધુ બહુ રાજી થયા !" અને પોતે અમથા પંગતમાં ફર્યા. વળી કહ્યું જે, "આજ સાધુ રાજી થયા !" ત્યારે એ બાઈ એમ સમજ્યાં જે, 'છ મહિના આંહીં રહ્યાનું ઠેરાવ્યું છે, તેણે કરીને રાજી થયા.' અને સાધુ એમ સમજ્યા જે, 'આજ પાણી લઈને મેળાવ્યું નહીં, તે સારુ મહારાજ મર્મ કરે છે.'

**❋ આનંદાનંદસ્વામી શ્રીહરિની મરજીમાં ન ભળ્યા :**

પછી એક દિવસ બાઈએ આવીને મહારાજને કહ્યું જે, "શાક શાનું સારું થાય ?" ત્યારે મહારાજે કહ્યું જે, "રીંગણાનું શાક સારું થાય." ત્યારે આનંદસ્વામી બોલ્યા જે, "રીંગણાનું શાક સારું નહીં, ને શાક તો ફણસનું સારું." ત્યારે મહારાજ બોલ્યા જે, "ફણસનું શાક શાનું સારું ? એ તો રજોગુણી માણસે પ્રસિદ્ધ ન ખવાય, તે માટે તેમાં ઝાઝો હવેજ નાંખીને ઘીમાં તળીને મોળ્ય કાઢે." પછી આનંદસ્વામીએ તો ફણસ મગાવીને શાક કરાવ્યું, ને રસોઈ કરાવીને સાધુને જમાડ્યા.

**❋ શ્રીહરિ હાથીએ બેસી હનુમાનજીનાં દર્શને પધાર્યા :**

અને સાંજને વખત એક ઘોડો લઈને કુંવરડો આવ્યો ને મહારાજને કહ્યું જે, "આ ઘોડે બેસો, ને આપણે હનુમાનજીએ ચાલો." ત્યારે મહારાજે નાજા જોગિયાને કહ્યું જે, "તમે આ ઘોડે બેસીને લગારેક ફેરવી જુઓ." પછી એ ઘોડો ફેરવીને આવ્યા અને કહ્યું જે, "ઘોડો તો સુતર(સરળ સ્વભાવવાળો) દીસે છે, પણ કાંઈક માંદો જણાય છે."

પછી મહારાજે ના પાડી જે, “અમે એ ઘોડે નહિ બેસીએ.” પછી તે મોટો હાથી અંબાડીએ સહિત શણગારીને લાવ્યા, ને તે ઉપર બેસીને મહારાજ ચાલ્યા. ને સાધુને કહ્યું જે, “કોઈ આવશો નહીં.”

પછી સાધુ તો શેરીએ જઈને માર્ગને પડખે ઊભા રહ્યા, અને આત્માનંદસ્વામી ને પરમચૈતન્યાનંદસ્વામી તે એક સાત માળનો કોઠો હતો, તે ઉપર ચઢીને મહારાજનાં દર્શન કરતા હતા. પછી તો મહારાજે તે (માર્ગને પડખે ઊભેલા) સાધુને કહ્યું જે, “તમે પણ ચાલો.” ને કોઠા ઉપર સાધુ હતા, તેમને પણ રૂમાલ વીંઝીને બોલાવ્યા.

પછી સર્વે સાધુ સહિત મહારાજ હનુમાનજીએ ગયા, ને ત્યાં હાથીને ખડ નાંખ્યું તે ખાવા રહ્યો અને મહારાજ તે ઉપર બેઠા છે. અને કુંવરડો ઘોડો દોડવીને બંદૂકનો ભડાકો કરે અને મહારાજ પાસે આવીને સલામ કરે. તેને જોઈને મહારાજે બહુ વખાણ્યો. ને વળી તે ઘોડો મેલીને બીજે ઘોડે ચઢીને દોડીને વળી આવ્યો, ત્યારે મહારાજે વખાણ્યો. એમ કરતાં સાંજ પડી. પછી ત્યાંથી (સાધુ સહિત મહારાજ ને સર્વે) માણસ ગામ ભણી ચાલ્યા ને ગામના ઝાંપામાં ગરતાં તાયફો(નાચવાનો ધંધો કરનારી સ્ત્રીઓનો સમૂહ) આવ્યો. ત્યારે મહારાજે સાધુને સાન કરીને કહ્યું જે, “તમો જાઓ, નહીંતો તમને કોઈક સ્ત્રી અડી જાશે.” અને મહારાજ તો હાથીએ બેસીને ચાલ્યા, તે આગળ ગાયક ગાન કરે છે, એવી રીતે દરબારમાં આવ્યા.

### ❋ લાજ છે, તે મોટો ધર્મ છે :

પછી મહારાજ હાથીએથી ઊતરીને સાધુ પાસે આવ્યા. પછી આરતી-ધૂન થઈ ને પછી સભા બેઠી. પછી ધર્મ સંબંધી વાત કરી જે, **“લાજ છે, તે મોટો ધર્મ છે.** તે શા માટે જે, સત્સંગી ન હોય તોય નિષ્કામી વ્રત રાખે છે જે, આપણા કુળની લાજ જાય. માટે લાજવાળાએ હીણું કામ ન થાય.” એ દિશની ઘણીક વાત કરી. પછી ત્યાં કુંવર આવ્યો

ને તેણે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! અમારી સભામાં ગાવણું થાય છે, તે ત્યાં પધારો." પછી મહારાજે કહ્યું જે, "અમારા સાધુ તો નહીં આવે, ને અમે આવશું." પછી મહારાજ પાળાએ સહિત ગયા.

**❋ દેવાનંદસ્વામીના ગાનથી શ્રીહરિ રાજી થયા :**

પછી તે સભામાં જઈને બિરાજ્યા, ને કહ્યું જે, "અમારે એક ઘરડા સાધુ છે, તેને તેડી આવો." પછી તે સાધુ આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, "દેવાનંદસ્વામી, તમે સરોદો લ્યો." પછી તે સ્વામીએ સરોદાનો તાર લગારેક ઊંચો ચઢાવ્યો. ત્યાં બીજા ગવૈયાએ સ્વામી આગળ હાથ જોડીને કહ્યું જે, "અમારી આબરૂ રહે એમ કરજો !" પછી સ્વામી બે પદ બોલ્યા જે, "મોય તોય લાગી કેસે છૂટે,

જેસે હીરો ફોર્યો ન ફૂટે, મોય તોય લાગી..."

એવી રીતે બે પદ બોલ્યા. તેણે કરીને મહારાજ બહુ રાજી થયા. પછી સુરતના હરિભક્તે ભારે કિનખાબની ડગલી મહારાજને પહેરાવી હતી, તે ડગલી કાઢીને મહારાજે કહ્યું જે, "અમે તો આ સાધુ ઉપર ખૂબ પ્રસન્ન થયા, પણ તે સાધુને દઈએ તો વગડામાં કોઈક મારીને લઈ જાય. માટે એના ઉપર તન-મન વારીને તમને દઈએ છીએ." પછી ત્યાંથી મહારાજ હસતાં હસતાં ઉતારે આવ્યા. પછી તે કચેરીના મનુષ્ય, તે ગાન સાંભળીને આશ્ચર્ય પામતા હવા.

**❋ કુશળકુંવરબાએ શ્રીહરિને રોટલો ને દહીં જમાડ્યાં :**

અને મહારાજ ઉતારે આવીને બોલ્યા જે, "ભૂખ લાગી છે, પણ રાત બહુ ગઈ તે હવે કેમ થાય ?" પછી તો દરબારના માણસ ત્યાં ઊભા હતા, તેણે કહ્યું જે, "મહારાજ, લ્યો દરબારમાં ખબર કરીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "દરબારમાં સૌ સૂઈ રહ્યાં હશે." પછી તે માણસે દરબારમાં જઈને કહ્યું, તે કહેતાવેંત બાઈયું ઊઠ્યાં ને કહ્યું જે, "મહારાજને લગારેક ખમાડજો, હમણે અમે લાવીએ છીએ."

પછી તે માણસે જઈને મહારાજને કહ્યું જે, "લાવે છે." જ્યાં એમ વાત કરે છે, ત્યાં તો તે બાઈ બાજરાનો રોટલો ને દહીંની તાંસળી ભરીને લાવ્યાં; તે મહારાજ આગળ મુકાવ્યો. તે દહીંમાં રોટલો સાધુ ચોળવા ગયા, ત્યાં તે બાઈએ કહ્યું જે, "આઘાપાછા માગ કરો તો હું ચોળી આપું."

પછી તે સાધુએ માગ દીધો. તે પછી બાઈએ આવીને તે દહીંમાં રોટલો ચોળીને ઝીણો જેર(ભૂકો) કરી આપ્યો. પછી મહારાજ બહુ રાજી થઈને જમ્યા. અને કહ્યું જે, "એટલી વારમાં કેમ કરીને લાવ્યાં ?" ત્યારે બાઈએ કહ્યું જે, "મહારાજ, દરબારમાં સામાન તૈયાર કરી રાખીએ, એટલે બે-ચાર જણા થઈને કરીએ એટલે વાર ન લાગે." પછી તે બાઈને તાંસળી આપી, તે ગયાં ને મહારાજ પોઢ્યા.

**❋ નિર્વિકલ્પાનંદસ્વામીની અસાધુતા :**

પછી બીજે દિવસે મહારાજ ઢોલિયે બેઠા હતા અને પોતાના મોઢા આગળ સાધુ બેઠા હતા. ત્યાં નિર્વિકલ્પાનંદસ્વામીનો કાગળ આવ્યો. તેમાં મહારાજની સ્તુતિ બહુ કરી હતી જે, 'હે મહારાજ ! તમે મારી ગર્ભમાં રક્ષા કરી છે અને કાળ-કર્મ આદિક થકી મારી રક્ષા કરી છે; તે માટે મોદકાનંદ(મુક્તાનંદસ્વામી) થકી ને અનાત્માનંદ થકી મારી રક્ષા કરજો.'

ત્યારે મહારાજે કહ્યું જે, "અનાત્માનંદ કોણ ?" ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, "અનાત્માનંદ તો મને કહે છે. તે શા માટે જે, તે ગામોગામ સત્સંગમાં મહારાજનો ને સંતનો દોષ દેખાડતો હતો. પછી હું પણ ગામોગામ એના દોષ દેખાડીને સત્સંગમાં કહેતો જે, 'એ વિમુખ છે. એની કોઈ વાત સાંભળશો મા.' તેની દાઝે મને અનાત્માનંદ કહે છે."

પછી મહારાજે કહ્યું જે, "અમારી સ્તુતિ કરી છે, તે અમને લાંચ્યા છે. જોને, આત્માનંદસ્વામીને અનાત્માનંદ કહે છે ને પોતાને આત્મારૂપે માને છે !" એવી રીતે સાધુપણાની અને અસાધુપણાની ઘણીક વાત કરી.

**✻ કુશળકુંવરબાના ભાઈના ઘેર શ્રીહરિની પધરામણી ને થાળ :**

પછી તે કુશળકુંવરબાઈના ભાઈને ઘેર મહારાજની પધરામણી કરી, ને તેણે પુષ્પ, ચંદન આદિક ઘણાક ઉપચારે કરીને મહારાજની પૂજા કરી, અને મહારાજને માથે મુગટ ધરાવ્યો. ને તેણે રૂપિયાનો થાળ ભરીને મહારાજના મોઢા આગળ મેલ્યો ને પછી આરતી ઉતારી. પછી એ ઉત્સવ થઈ રહ્યો. ને પછી મહારાજનો થાળ થયો, ત્યાં મહારાજ જમવા પધાર્યા. પછી સાધુની રસોઈ થઈ ને સાધુને મહારાજે હરખીને પીરસીને જમાડ્યા.

તે દિવસ પછી મહારાજ સાધુએ સહિત નદીએ ના'વા પધાર્યા. તે ટાઢ જેવું હતું, તે સારુ તાપ કર્યો હતો. તે મહારાજે સહિત સાધુ તાપતા હતા. ત્યાં વાત નીકળી જે, આ ઝાડી બહુ સારી છે, તે ત્યાગીને રહ્યા જેવી છે. અને વળી અહીં વાંસિયા(એ જાતના) ઘઉં થાય છે, ને ફળફૂલ, કંદમૂળ આદિક જે જોઈએ તે મળે. પછી માતંગમુનિ(માતંગાનંદસ્વામી) બોલ્યા જે, "મહારાજ ! આ સાધુને રહ્યા જેવી જાયગા છે." પછી મહારાજ હસ્યા ને મહારાજે કહ્યું જે, "તમારે ફળફૂલે નહીં ચાલે, તમારે તો એક માટલી અન્ન જોઈએ."

પછી મહારાજ હસતાં હસતાં ગામમાં આવ્યા, ને મહારાજનો થાળ તૈયાર થયો, તે જમ્યા ને સંતને જમાડ્યા. ને આનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી, આત્માનંદસ્વામી ને મહારાજ પોતે એમ ચાર જણા દરબારમાં નિત્ય જતા, ને મહારાજ ત્યાં કથા કરાવતા હતા.

**✻ કુશળકુંવરબાએ ભીલોને શ્રીહરિ ને સંતોનો મહિમા કહ્યો :**

પછી એક દિવસે બાઈને સલામ કરવાને ભાઉડા(એ જાતના ભીલ)

આવ્યા. તેમાં એક જમાદાર અને તેની ભેળા ચાલીસ માણસ આવ્યા. તે બાઈને પગે સલામ કરવા બે રૂપિયા લઈને આવ્યા. ત્યારે બાઈએ કહ્યું જે, "આ મહારાજને પગે મેલો, એ આપણા પ્રભુ છે. ને આ સાધુને ઓળખી રાખજો. ને આવા સાધુ કોઈક દિવસ આવી ચઢે તો તેની ખબર રાખજો, અને મારગે બીક જેવું હોય તો પાંચ ગાઉ મેલવા જાજો." પછી સૌ રાજી થયા. પછી ત્યાંથી તે ભાઉડા ચાલી નીસર્યા.

**✵ કુશળકુંવરબાની શ્રીહરિમાં નિષ્ઠા ને પ્રીતિ :**

પછી બાઈએ કહ્યું જે, "હે મહારાજ ! અમારી ઘોડાર જોવા સારુ આવો." પછી આનંદસ્વામી, પરમ ચૈતન્યાનંદસ્વામી, આત્માનંદસ્વામી તેણે સહિત મહારાજ મેડી ઉપર ચઢ્યા. ત્યારે પાંચ-સાતેક બાઈયું તે ભેળી ચડી. પછી તે બાઈએ મહારાજને દેખાડવા માંડ્યું જે, "આ ઘોડાર જુઓ, ને આ કચેરી ભરાય છે તે જુઓ, અને ઓલ્યા સામા ડુંગર ઉપર ભારે એક જાયગા છે, તે ઉપર પાણીનું પણ બળ છે, ને તે (ડુંગર) ઉપર ચડે, તે બે માણસ મારગમાં ઊભા રહે, તો બીજા હજારો માણસથી ચડાય નહીં, એવી વાંકી જાયગા છે. અને એવી ને એવી આથમણી કોરે નદીને કાંઠે એક વાંકી જાયગા છે. માટે તમે ગાદીએ બેસો અને રાજ કરો."

ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે રાજ નથી જોઈતું, ને રાજની તો તારે વાસના છે; માટે મરીને પણ તું કૂતરી થઈશ ને તું ત્યાં રહીશ." પછી બાઈએ કહ્યું જે, **"મારે તો વાસના નથી, મેં તો આટલા દિવસ તમારે વાસ્તે (રાજ) સાચવ્યું છે. ને આજ સુધી મને કોઈ કહેતલ મળ્યો નથી. માટે કહ્યામાં કાંઈ બાકી રાખશો મા. જોજોને, તમે ગયા પછી આ મારો દેહ નહિ રહે."**

તે પછી બીજે દિવસે સવારમાં રસોઈ થઈ ને મહારાજ જમ્યા ને સાધુને જમાડ્યા. તે પછી ત્યાંથી મહારાજ સાબદા થઈને ચાલ્યા, તે

ગામની ભાગોળે મહારાજે કહ્યું જે, “આનંદસ્વામી ! સાધુનું હવે કેમ કરવું ? સાથે આવે કે ના આવે ?” ત્યારે આનંદસ્વામીએ કહ્યું જે, “ગામડાગામમાં ભિક્ષાનું ઠીક નહીં પડે.” પછી મહારાજે સાધુને કહ્યું જે, “સુરત થઈને આવજો.” પછી મહારાજ ચાલ્યા, તે ભેળા આનંદસ્વામી ને બીજા બેત્રણ સાધુ ચાલ્યા, ને મહારાજ **વાંસદે** થઈને કાઠિયાવાડમાં પધાર્યા. ને તે બાઈ હતાં, તેણે મહારાજ ચાલ્યા પછી પંદર દિવસ કેડે દેહનો ત્યાગ કર્યો. ॥૧૨૦॥

## ૧૨૧. શ્રીહરિએ વડતાલ સમૈયો કર્યો

### ❋ શ્રીહરિ ને સંતો પિચકારીથી રંગે રમ્યા :

પછી કેટલાક દિવસ કેડે **વડતાલે** મહારાજે સમૈયો કર્યો. ને દેશદેશના હરિભક્ત બહુ આવ્યા ને આંબલી તળે ઉતારા કર્યા. તે આંબલી તળે ઓટા ઉપર મહારાજ ઊભા રહ્યા, ને પિચકારી લઈને સાધુ સાથે રંગે રમ્યા. તે રંગનો ઘડો આત્માનંદસ્વામી ઝાલી રહ્યા, ને મહારાજ તે ઘડામાંથી પિચકારી ભરીને સાધુ સામી નાંખે, અને સાધુ પિચકારી સામી મહારાજ ઉપર નાંખે; એવી રીતે રમતા હતા.

### ❋ ધમડકાના કરણીબા ને શ્રીહરિ વચ્ચે રમૂજ :

ત્યાં ધમડકાના રાયધણજી, તેની ભોજાઈ કરણીબાઈએ મહારાજ સામું કહેવા માંડ્યું જે, “માણસોને ભામે ચડાવી દ્યો છો અને પછી ખબર લેતા નથી ! માટે પરાણે ઊંટ ઉપર બેસાડીને લઈ જાશું.” એવી રીતે મહારાજ સામે તોછડાં તોછડાં વેણ મુગ્ધાની પેઠે બોલવા માંડ્યાં. પછી મહારાજે કહ્યું જે, “અમે કે દિ ના પાડીએ છીએ ? અમને તો કોઈ તેડે તો હમણા આવીએ !”

એટલે તે બાઈએ પોતાના માણસને હાકલ કરીને કહ્યું જે, “ઊંટ લાવો.” પછી તેણે ઊંટ આણ્યો. પછી સાધુએ એમ જાણ્યું જે, ‘આ ઊંટ મહારાજ પાસે આવશે ને મહારાજ તે ઉપર બેસશે તો ઠીક નહીં,

માટે સૌ સાધુ પિચકારિયું મારો.' પછી તો પિચકારી મારી, તેણે કરીને ઊંટ ઝાલ્યો ન રહ્યો. પછી મહારાજે એમ કહ્યું જે, "અમે શું કરીએ ! ઊંટ લાવ્યા હોત તો અમે હમણાં બેસત." એવી રીતે આનંદ-વિનોદ કરીને બહુ રાજી થયા.

### ❋ શ્રીહરિએ સ્વામીની છાતિમાં હાર માર્યો :

પછી એક દિવસ મહારાજને એક હરિભક્તે હાર ચડાવ્યો, તે છડીએ કરીને લીધો. તે હારને તે છડી વતે ફેરવવા લાગ્યા. તે હાર લેવાને સારુ ચારે કોરે હરિભક્ત હાથ જોડી રહ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, "સૌનાં મન ફેરવવા માંડ્યા છે." પછી તે હાર છડીમાંથી ઊડીને આત્માનંદસ્વામીની છાતીમાં વાગ્યો. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "ઠીક નાંખ્યો...ઠીક નાંખ્યો..." એવી રીતે હાસ્ય-વિનોદ કર્યો. પછી રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા.

### ❋ ચોરીને ચોળાફળી લાવનાર પર શ્રીહરિનો કુરાજીપો :

તે પછી બીજે દિવસે **બામણોલી**એ રસોઈ હતી, તે મહારાજ ત્યાં પધાર્યા. તે મારગે ચાલતાં મહારાજે કહ્યું જે, "મહારાજો ! મારગે ચાલજો, કોઈના ખેતરમાં પગ દેશો મા !" ત્યારે ગામ ગાનાના હરિભક્ત ખરસાણીની(એક પ્રકારના થોરની) વાડ સોંસરા ખેતરમાં ગર્યા. તે ખેતરમાં કોઈ બાઈ હતી, તેણે ગાળ દીધી. ત્યારે મહારાજે કહ્યું જે, "એ કોઈકને પાઘડી બંધાવે છે[૧]."

પછી હરિભક્તે કહ્યું જે, "હશે મહારાજ, અમારે ગૃહસ્થને કાંઈ નહીં." પછી છેટે છેટે ચાલતાં તે હરિભક્તે ચોળાફળીનો કડલો(હાથમાં સમાય તેટલી પૂળી) ભર્યો. પછી મહારાજ બામણોલીએ જઈને રાણ્ય તળે ઊતર્યા. ત્યાં તે હરિભક્ત ચોળાફળી મહારાજ પાસે મેલવા આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "અમારી પાસે લાવીશ મા. અમારે

૧.'પાઘડી બંધાવવી' એમ કટાક્ષમાં બોલવાનો અર્થ - અપયશ અપાવવો.

નથી જોઈતી." પછી મહારાજનો થાળ તૈયાર થયો, તે મહારાજ જમ્યા ને સૌ સંતને જમાડ્યા.

પછી **વડતાલે** આવીને આંબલી તળે ઓટા ઉપર ઢોલિયો બિછાવ્યો હતો, તે ઉપર બિરાજ્યા. ત્યાં ઓલ્યો ચોળાફળી લીધી હતી, તે હરિભક્ત નજરે આવ્યો. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આ હરિભક્ત કયા ગામનો છે ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "આ તો ગાનાના સુતાર છે ને ધનજીભક્ત એનું નામ છે." ને એમ કહ્યું જે, "આ વતે તો ગાનામાં હરિભક્તને બહુ સમાસ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "એવડાં બધાં વખાણ કરો છો, પણ જેનું ચોળાફળી દેખીને ચિત્ત ચળ્યું, તો તે બીજું શું ન કરે !?" એવી રીતે ધર્મસંબંધી ઘણીક વાત કરી. પછી (સમૈયામાં આવેલ) સૌ હરિભક્તને મહારાજે આજ્ઞા કરી જે, "તમે (આવ્યા તેને) બહુ દિવસ થયા, માટે સૌ ઘેર જાઓ." ||૧૨૧||

## ૧૨૨. શ્રીહરિએ જાતે કેરી છોલીને સાધુને જમાડી

પછી બીજે દિવસ મહારાજને અર્થે **મહુડિયાપરે** થાળ કર્યો, તે જમવા પધાર્યા. પછી નૃસિંહાનંદસ્વામી ને આત્માનંદસ્વામી તે વાંસેથી ત્યાં ગયા. તે મહારાજ જમીને ગાડા ઉપર ગાદલું નંખાવીને બિરાજમાન હતા. પછી મહારાજ બોલ્યા જે, "સાધુ આવ્યા, તે કેરી લાવો જમાડીએ."

પછી હરિભક્તે કેરીઓ આપી, તે મહારાજ છોલવા બેઠા. પછી મહારાજે કહ્યું જે, "આ પાળી(છરી) તો બ્રાહ્મણની છે." પછી એક કોળીએ કહ્યું જે, "મહારાજ ! આ પાળી લ્યો." પછી તે મહારાજે લઈને કેરી છોલવા માંડી, ને કહ્યું જે, "આ તો કાંટિયા વરણની(નિમ્નજાતિની) છે." પછી બીજો હરિભક્ત બોલ્યો જે, "લાવો મહારાજ ! અમે છોલિયે, તમારે હાથે વાગશે." ત્યારે મહારાજે કહ્યું જે, "ભાઈ, તમે કરો તે

તમારે લાભ, અમારે શું ફળ થાય ? એ તો જે કરે તેને ફળ થાય." એમ કહીને મહારાજે બે કેરિયું છોલી, ને એકએક સાધુને આપી. ॥૧૨૨॥

## ૧૨૩. સ્વામીને સત્સંગનો અતિશય મહિમા

પછી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામી તમે, ને પૂર્ણાનંદસ્વામી તમે, બેને સત્સંગમાં ક્યાંય કાંઈ વિક્ષેપ થતો હોય, અને તે ચાલીસ ગાઉ છેટું હોય તોપણ ત્યાં જાવું, અને સત્સંગમાં ફરવું." પછી તે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અહો મહારાજ ! શિવજીએ તો એમ માગ્યું જે,

વાર વાર વર માગહું, હરખ દિયો શ્રીરંગ;
પદસરોજ અનપાયની, ભક્તિ સદા સત્સંગ.[1]

એવો જે સત્સંગ તે માગ્યા વિના મને (તેમાં ફરવાની) આજ્ઞા કરો છો !" પછી મહારાજે કહ્યું જે, "સત્સંગે કરીને તમને સમાસ છે અને તમારે કરીને સત્સંગને સમાસ છે." ॥૧૨૩॥

## ૧૨૪. શ્રીહરિએ બોચાસણવાળા કાશીદાસને ઠપકો દીધો

પછી ગામ બોચાસણવાળા કાશીદાસ બોલ્યા જે, "હે મહારાજ ! તમે અમારે ગામ આવતા નથી." પછી મહારાજે કહ્યું જે, "અમે આવતા નથી કે તમે આવતા નથી ?" જુઓને, એના એ તમે, ગઢડું મેલતાં નહોતા, અને અમે વઢીને ઘેર મોકલતા તોય જાતા નહીં. ને તમાકુનું ગાડું લઈને આવતા, ત્યારે અમે કહેતા જે, 'કેમ આવ્યા ?' ત્યારે તમે કહેતા જે, 'મહારાજ ! તમાકુ વેચવા આવ્યો છું.' અને તમાકુ વેચ્યા કેડે અમે કહેતા જે, 'કેમ રહ્યા છો ?' ત્યારે તમે કહેતા જે, 'ઉઘરાણી સારુ રહ્યો છું, ' એમ ગઢડુ મેલતા નહીં. અને હવે તો અમે સાઠ ગાઉથી વરતાલ આવ્યા, તે અહીં આવ્યા તેને દસ દિવસ થયા ને

૧.હે ભગવાન ! હું તમારી પાસે વારંવાર માંગું છું કે, તમે રાજી થઈને મને તમારા ચરણકમળની અવિચળ ભક્તિ ને સત્સંગ સદા આપો.

તમારું ગામ તો અહીંથી દસ ગાઉ થાય છે, તોપણ તમે આવ્યા નહીં. ત્યારે એ અમે ન આવ્યા કે તમે ન આવ્યા ?"

ત્યારે તે કાશીદાસે કહ્યું જે, "મહારાજ ! અમે જ ન આવ્યા." તે પછી મહારાજે દૃષ્ટાંત દીધું જે, "સ્ત્રી જ્યારે પ્રથમ પરણે ત્યારે પતિમાં બહુ હેત હોય, ને પછી બે-ત્રણ છોકરાં થાય, ત્યારે કહે જે, 'દીસતા રહો(આઘા રહો)' તેમ તમારે હવે ભક્તિ ઘરડી થઈ." એવી રીતની ઘણીક વાત કરીને મહારાજ મહુડિયાપરેથી **વરતાલે** આવ્યા. ॥૧૨૪॥

## ૧૨૫. પોતાના અંગની વાત ગ્રહણ કરવી

અને નારાયણગર બાવાની મેડીના ગોખે આવીને બેઠા અને હેઠે ચોકમાં સાધુ બેઠા. તે મહારાજે જ્ઞાન-ભક્તિ સંબંધી વાત કરી. પછી તે સાધુ બહુ રાજી થયા, ને બોલ્યા જે, "આજ તો બહુ ભારે વાત થઈ !" પછી મહારાજે કહ્યું જે, "અમે તો જેદીના પ્રગટ થયા છીએ, તે દિવસથી આવી ને આવી વાત કરીએ છીએ, પણ તમારે એક અંગ રહેતું નથી, તે અંગ વ્યભિચરી જાય છે. તે જેવી વાત થાય છે, તેવો સ્વભાવ થઈ જાય છે, માટે પુષ્ટિ થાતી નથી.

જેમ ઝાડવું હોય તે એક ઠેકાણે રોપીએ ને પાણી પાઈએ તો બળ કરે. ને બે દિવસ અહીં રોપે ને બે દિવસ અહીં રોપે તો તે ઝાડ સુકાઈ જાય, માટે એક ઠેકાણે રહે તો ફળ લાગે. તેમ ભગવાનના ભક્તને એક અંગ દૃઢ જોઈએ; શા માટે જે ભક્તિ તો નવધા છે, ને દસમી તો પ્રેમલક્ષણા છે, એ દસ માંહ્યલી જે ભક્તિ પોતાને પ્રિય હોય તે સંબંધી વાત થાતી હોય તે ગ્રહણ કરવી જોઈએ. અને પોતાના અંગમાં ભળતી ન આવે ત્યારે એમ જાણવું જે, આ બીજાના અંગની વાત થાય છે. તે શા માટે જે, સત્સંગમાં અનંત પ્રકારની વાતું થાતી હોય, માટે પોતાના અંગમાં ભળે તે ગ્રહણ કરીએ." તે દિશની ઘણીક વાત કરી. ॥૧૨૫॥

## ૧૨૬. પ્રશ્નો પૂછનારા નાના સંતો પર શ્રીહરિનો રાજીપો

તે પછી બીજે દિવસ ગામમાં હરિભક્તને ઘેર થાળ થયો, તે મહારાજને તેડવા આવ્યા. પછી મહારાજ નાના-નાના પરમહંસને તેડીને જમવા ગયા, ને પોતે જમીને તે પરમહંસને થાળ આપ્યો. પછી તે પરમહંસ જમી રહ્યા, ત્યારે મહારાજે તે પરમહંસને કહ્યું જે, "એક એક અમને પ્રશ્ન પૂછો." પછી જેને જેવો આવડ્યો તેવો પૂછ્યો. પછી મહારાજ હસતાં હસતાં નારાયણગર બાવાની મેડીના ગોખે આવીને બેઠા, ને સાધુ ચોકમાં બેઠા હતા.

પછી જે સાધુ મહારાજ ભેળા જમવા ગયા હતા, તે પ્રત્યે કહ્યું જે, "અમને પૂછ્યા એટલા સર્વે પ્રશ્ન આત્માનંદસ્વામીને પૂછો." પછી તે સાધુએ આવીને સૌએ ઉપરાઉપરી પૂછવા માંડ્યા. તે જોઈને મહારાજે બહુ હસીને કહ્યું જે, "આત્માનંદસ્વામી, કેમ છે ?" પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! આ તો બહુ ડાહ્યા છે, એમના પ્રશ્નનો ઉત્તર મેં(મારાથી) નહિ થાય." પછી મહારાજે કહ્યું જે, "આ બધાયને તમારી ભેળા રાખો, અને ચુરણ(શાસ્ત્રની સંક્ષિપ્ત તથા સરલ ટીકા) ભણાવજો. શા માટે જે, ચુરણ સર્વે ગ્રંથની બારાખડી છે." ॥૧૨૬॥

## ૧૨૭. ભગવાન ક્રિયાસાધ્ય છે કે કૃપાસાધ્ય ?

પછી મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામીનું મંડળ એક કોરે અને બીજા સર્વે એક કોરે, અને પરસ્પર પ્રશ્નઉત્તર કરો. તેમાં એક લ્યો ક્રિયાપક્ષ(ભગવાન ક્રિયાસાધ્ય છે, એવો પક્ષ) ને એક લ્યો કૃપાપક્ષ(ભગવાન કૃપાસાધ્ય છે, એવો પક્ષ)." ત્યારે ઓલ્યા(સામેના) સાધુએ ક્રિયાપક્ષ લીધો. પછી મહારાજ કહે, "આત્માનંદસ્વામી બોલો." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "શું બોલીએ ? અમારે તો કૃપા જ

રહી તો !" પછી પરસ્પર સંવાદ થયો. તેમાં ઓલ્યા સામે ઝાઝા છે, માટે એક બોલે, ત્યાં દસ જણ ફરી વળે.

પછી મહારાજ આકળા થઈને તે મેડીએથી હેઠા ઊતર્યા. ને આવીને તે સંતમંડળ વચ્ચે ઢોલિયો ઢળાવીને બેઠા. પછી મહારાજે કહ્યું જે, "બધાય બાઝો છો, એમ ચર્ચાની રીત નહીં. માટે તમારા મંડળમાં એકને મોટેરો કરો, તે બોલે ને બીજા પડખેથી પોષણ કરે, પણ બોલે નહીં. અને એક આત્માનંદસ્વામી મોટેરો કરે." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અમારે નૃસિંહાનંદસ્વામી મોટેરા. એની હારે હાર ને એની જીતે જીત." પછી તે (સામા પક્ષવાળા) બોલ્યા જે, "અમારે સત્યાનંદસ્વામી મોટેરા. એની હારે હાર ને એની જીતે જીત." પછી મહારાજે કહ્યું જે, "હવે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો."

ત્યારે વ્રજાનંદસ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછવા માંડ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "અમને શીદ પૂછો છો ? આત્માનંદસ્વામીને પૂછો. અમે તો બેયના સાયદી(સાક્ષી; મધ્યસ્થી) છીએ. તે જેનો જેવો (ઉત્તર) હશે, તેનો તેવો કહેશું." પછી વ્રજાનંદસ્વામીએ આત્માનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "તમારે ભગવાન કૃપાસાધ્ય ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "અમારે તો ભગવાન કૃપાસાધ્ય." ત્યારે વ્રજાનંદસ્વામીએ કહ્યું જે, "(ભગવાનની જે) કૃપા છે, તે કોઈ દિવસે અકૃપા થાય કે નહીં ?" ત્યારે તે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "ભગવાન જે કૃપા કરે, તે કોઈ દિવસ અકૃપા થાય જ નહીં."

પછી વ્રજાનંદસ્વામી બોલ્યા જે, "ગર્ભવાસમાં જીવને ભગવાને કૃપા કરીને જ્ઞાન દીધું જે, સો જન્મનું સૂઝે. પછી તે જીવે ભગવાનની પ્રાર્થના કરી જે, 'આ ગર્ભમાંથી બારો કાઢો, તો તમને કોઈ દિ વિસારું નહીં.' પછી ગર્ભમાંથી બાર આવીને ચોરાસીમાં શીદ જાય છે ? ત્યારે ક્યાં રહી કૃપા ?"

પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, “ભગવાન મોટા, તે એમ વિચાર્યું જે, અલ્પ જીવના કૃત્ય સામું શું જોઈએ ? એમ વિચારીને ભગવાન કૃપા કરીને સર્વે મુક્તમંડળ સહિત પૃથ્વીમાં દેહ ધારણ કરે છે, ને જીવ પ્રત્યે એમ કહે છે જે, ‘અભાગિયા ! તું ગર્ભવાસમાં કોલ દઈને આવ્યો, તે કેમ ભૂલી ગયો ?’ એવી રીતે ફરી કૃપા કરીને જીવને ચેતાવવા સારુ આવ્યા.” એમ આત્માનંદસ્વામીએ ઉત્તર કર્યો.

તે સાંભળીને રાજી થઈને મહારાજ બહુ હસ્યા, ને તે સભામાં હસીને તાળી દઈને કહ્યું જે, “આત્માનંદસ્વામીએ વ્રજાનંદસ્વામીના પ્રશ્નને ઉડાઈ દિયા ને આત્માનંદસ્વામી જીત્યા... આત્માનંદસ્વામી જીત્યા...” એમ કહીને, ‘*मूकं करोति वाचालं...*’ એ શ્લોકનો અર્થ વિસ્તારીને કરતા હવા જે, “ભગવાનની કૃપાએ મૂંગો હોય તેને વાચા આવે, ને ભગવાનની કૃપાથી પાંગળો હોય તે ડુંગર ઉલ્લંઘી જાય.

તે જુઓને, વીસવીસ, પચીસપચીસ વરસના પુરુષ તથા બાઈયો તે કામરૂપી ડુંગર ઉલ્લંઘી ગયાં. તેમ ભગવાનની કૃપાએ કરીને સ્ત્રી પણ પરણેલા ધણીનો ત્યાગ કરીને વર્તે છે. અને પુરુષ પણ ભગવાનની કૃપાએ કરીને પરણેલી સ્ત્રીનો ત્યાગ કરીને વર્તે છે.” એવી રીતે કૃપાનું બહુ પ્રતિપાદન કર્યું. પછી રસોઈ થઈ, તે સાધુ જમવા ગયા ને મહારાજ વાસણ સુતારને ઘેર પોઢવા ગયા. તે પછી બીજે દિવસે મહારાજે વહેલી રસોઈ કરાવી, ને પોતે જમીને સંતને જમાડ્યા. ॥૧૨૭॥

## ૧૨૮. શ્રીહરિ આનંદ-વિનોદ કરતા ઉમરેઠ પધાર્યા

પછી **ઉમરેઠ**ને માર્ગે સાધુએ સહિત મહારાજ ચાલ્યા. ત્યારે સત્યાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, “તમે ઘોડીએ કેમ બેઠા ? તમારે તો કૃપાસાધ્ય ભગવાન છે, તે એની મેળે ઉમરેઠ આવશે; અને ચાલવું એ તો ક્રિયા થઈ.” પછી મહારાજે કહ્યું જે, “અમને શા સારુ કહો છો,

આત્માનંદસ્વામીને કહો.” ત્યારે સત્યાનંદસ્વામીએ આત્માનંદસ્વામીને કહ્યું જે, “કેમ ચાલો છો ? તમારે તો ભગવાન કૃપાસાધ્ય છે, તે આંઈ બેઠા ઉમરેઠ આવશે.” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “અમને તો ભગવાને કૃપા કરીને પગ દીધા છે, તે ચાલીએ છીએ.”

તે સમે ઝીણો ઝીણો વરસાદ વરસતો હતો. તે આત્માનંદસ્વામી તો એક રાણ્ય હેઠે જઈને ઊભા રહ્યા. ત્યારે સત્યાનંદસ્વામીએ કહ્યું જે, “કેમ રાણ્યનો ઓથો લ્યો છો ? તમારે તો ભગવાન કૃપાસાધ્ય છે, તે ફોરાં નહિ અડે.” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “અમારે અર્થે ભગવાને કૃપા કરીને ઝાડ કર્યાં છે, તે ઓથ લઈએ છીએ.”

એવી રીતે પ્રશ્ન-ઉત્તર કરે અને મહારાજ હસતા જાય; એમ આનંદ-વિનોદ કરતા ઉમરેઠ પાસે ગયા. ત્યાં વરસાદ વરસ્યો, તે મહારાજે ચાદર ઓઢી હતી તે કાઢી નાંખી, ને ઉઘાડે શરીરે મેહમાં ચાલ્યા ગયા. અને તે સાધુએ ગોદડિયું સાચવી હતી જે, રાતે ઓઢવા સારુ કામ આવે, તે ગોદડિયું પલળી ગઈ. ॥૧૨૮॥

## ૧૨૯. ઉમરેઠમાં શ્રીહરિની લીલા

પછી મહારાજ ગામમાં પધાર્યા ને ત્યાં જઈને **રૂપરામ બ્રાહ્મણ**ની મેડી ઉપર જઈને ઊતર્યા ને રાત રહ્યા. ને બીજે દિવસે **નરભેરામ** બ્રાહ્મણની રસોઈ હતી. તે મહારાજ જમ્યા ને સાધુને લાડુ પીરસીને જમાડ્યા. ને તેને બીજે દિવસે રૂપરામ બ્રાહ્મણની રસોઈ હતી. તે રસ-રોટલી ને ખાંડની કરી હતી. તે મહારાજ જમ્યા ને સંતને રસ ને ખાંડ પીરસીને જમાડ્યા.

પછી પાછલે પહોર આત્માનંદસ્વામી ને નૃસિંહાનંદસ્વામી એ બે જણા મેડા ઉપર મહારાજ પાસે ગયા. ત્યાં એક ડાકોરના ઠાકોરજીનો પુજારી આવ્યો. તે ઠાકોરજીનો પ્રસાદીનો માનભોગનો પડિયો લાવ્યો,

તે મહારાજ જમી ગયા. અને પછી હાથ ધોઈને કોગળા કર્યા. પછી તે પુજારીએ મહારાજને પાનબીડી આલી. તે મહારાજે લગારેક ચાવીને નૃસિંહાનંદસ્વામીના હાથમાં આપી. તે આત્માનંદસ્વામી ને નૃસિંહાનંદસ્વામી એ બે જણ વહેંચીને જમી ગયા.

પછી મહારાજ તે ડેલીના માઢ ઉપર વિરાજમાન થયા અને હરિભક્ત બાઈભાઈ આવીને ભરાણાં. પછી આરતી ધૂન કરી રહ્યા. તે પછી કુસંગી બ્રાહ્મણ સ્ત્રીઓના વેશે ને ધોળાં લૂગડાં પહેરીને આવ્યા. તેને જોઈને મહારાજે કહ્યું જે, "તસ્કર(ચોર) આવ્યા છે. તે માટે જેને અડ્યે ઉપવાસ પડે એવી જે સાંખ્યયોગી બાયું તે એક કોરે બેસો અને જેને અડ્યે ઉપવાસ ન પડે એવી જે બાયું તે પડખે બેસો." એમ કહીને પછી મહારાજે કહ્યું જે, "હવે કીર્તન બોલો." પછી કીર્તન બોલ્યા જે,

*'અવિદ્યા છે નગટી નાર, પ્રભુથી પાછી ભાગે જો.'*

એ કીર્તન બોલ્યા. પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "અમે તો સવારમાં ચાલશું. કેમ જે, અહીંની બજાર બહુ ગંધાય છે. અને તમે સવારમાં સર્વે સાધુને વેરી દેજો. અને કોઈને કહેશો મા. જન્માષ્ટમી તો અમારે કરજીસણ કરવી છે, તે તમારું મંડળ લઈને ત્યાં આવજો." એમ કહીને મહારાજ તો સવારમાં ચાલી નીસર્યા અને સાધુ તો ફરવા ગયા. ॥૧૨૯॥

## ૧૩૦. કરજીસણ ગામની લીલા

### ❋ કરજીસણમાં રાતે કીર્તન-ઓચ્છવ :

પછી આત્માનંદસ્વામીનું મંડળ તો **કરજીસણ** ગયું, તે સાધુ ગયા મોર મહારાજ તો ત્યાં પધાર્યા હતા. તે નાનાભાઈ ત્રવાડીના ખેતરમાં કૂવા ઉપર ઓરડી હતી, તેમાં દિવસે રહેતા અને પાછલો દિવસ બે ઘડી રહે ત્યારે આવતા. તે ગામની ભાગોળે સ્વચ્છ જાયગા હતી, ત્યાં સાધુ ને હરિભક્ત ભેળા થાતા અને મહારાજ ત્યાં બેસતા.

અને મહારાજ માથે કચ્છની ટોપી ધારણ કરતા, અને તે ઉપર ફૂલના હાર ધારણ કરતા, અને ડાબે ખભે ખેસ આડસોડે નાંખીને કેડ સંગાથે તાણીને બાંધતા, અને કાખમાં એક છડી રાખીને હાથની તાળીયું લેતા, તેણે કરીને મહારાજ બહુ શોભતા. તે એવી રીતે આખી રાત ઓચ્છવ કરતા. તેમાં બે સેવાનંદસ્વામી હતા, તે આગળ કીર્તન બોલતા અને બીજા વાંસે ઝીલતા. એવી રીતે ઓચ્છવ કરતા. અને રાત પોર છ ઘડી હોય ત્યારે(અર્થાત્ આશરે ચાર વાગે) મહારાજ તે ઓરડીએ પધારતા, ને દિવસે ત્યાં છાના રહેતા ને સાંજે પાછા ગામની ભાગોળે આવતા.

**❋ ગામ વડુએ શ્રીહરિએ જમીને ઊઠવાનો વિવેક શીખવ્યો :**

તે પછી ગામ **વડુ**એ રસોઈ હતી, તે મહારાજ જમવા પધાર્યા. ત્યારે મહારાજ ઘોડીએ ચડ્યા હતા અને પોતાની આગળ સાધુ ઝાંઝ-મૃદંગ લઈને કીર્તન બોલતા હતા. અને એવી શોભાએ યુક્ત ને ગાજતે વાજતે મહારાજ ગામમાં પધાર્યા. પછી ત્યાં મહારાજ જમ્યા. તે કેડે સાધુની પંક્તિ થઈ તેમાં પ્રથમ મહારાજ બેબે લાડુ ફેરવી ગયા.

પછી સૌ જમતા હતા અને મહારાજ પીરસતા હતા. ત્યાં આત્માનંદસ્વામી બે લાડુ જમીને ઊઠ્યા. ત્યારે મહારાજે હાકલ કરી જે, “કોણ ઊઠ્યા ?” ત્યારે તે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “હે મહારાજ ! એ તો હું ઊઠ્યો.” ત્યારે મહારાજે કહ્યું જે, “કેમ ઊઠ્યા ? બેસો. શા માટે જે કોઈ ઝાઝું જમતો હોય, કોઈ ધીરે જમતો હોય, કોઈ થોડું જમતો હોય, માટે મોટેરાને તો મોરથી ન ઊઠવું. અને જુઓને, અમે કેવા ઉતાવળા જમીએ છીએ, તોપણ પાંચ માણસ ભેળા જમવા બેસીએ છીએ તો સૌ જમે ત્યાં સુધી જમીએ, પણ મોરથી નથી ઊઠતા.”

પછી મહારાજે કહ્યું જે, “લાવો ખીચડું.” ત્યારે હરિભક્તે કહ્યું જે, “મહારાજ, ઘી ઊનું કરવું છે ?” ત્યારે મહારાજે કહ્યું જે, “તમને

ઘી ઊનું કરતાં ક્યાં આવડે છે ? અહીંયાં લાવો." ત્યારે તેમણે ખીચડું ને ઘીનું તપેલું લાવીને મેલ્યું. પછી મહારાજે તે બેયને એક કડાયામાં નાંખીને હલાવીને પછી એક કટોરો ખીચડી ને એક કટોરો દહીંનો મહારાજે ફેરવ્યો; એવી રીતે સાધુને જમાડ્યા. અને એક નાના પરમહંસ હતા, તેને મહારાજે કહ્યું જે, "આ રોળાનંદ ખબરદાર દીસે છે." તે પછી મહારાજ **કરજીસણ** આવ્યા.

**✵ ડાંગરવે રસોઈમાં સ્વામી લાડવા ન જમ્યા :**

ને તેને બીજે દિવસ મહારાજ **ડાંગરવે** કણબીને ઘેર રસોઈ હતી, ત્યાં પધાર્યા. અને ત્યાં મહારાજ સારુ બાઈએ થાળ કર્યો હતો. તે મહારાજ જમ્યા. તે પછી સંતની પંક્તિ થઈ, તેમાં મહારાજે બેબે લાડુ ફેરવ્યા. પછી બીજા (તો લાડુ ને દાળ) જમે છે ને આત્માનંદસ્વામી તો લાડવાને ન અડ્યા અને દાળ જમતા હતા.

પછી મહારાજે કહ્યું જે, "એકલી દાળ કેમ જમો છો ? નિઃસ્વાદી વર્તમાનમાં ફેર પડે છે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! નિઃસ્વાદી વર્તમાનમાં ફેર પડે તો મર પડે, પણ લાડવા તો નહિ ખવાય." ત્યારે મહારાજે કહ્યું જે, "આ લાડવા ખાશો તે પછી દહીં ને ખીચડી ફેરવવી છે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "તમારે ખીચડી ફેરવવી હોય તો ફેરવો, પણ લાડવા તો નહિ ખવાય." પછી મહારાજે હસીને તે લાડવા ઉપડાવી લીધા, ને તે પછી દહીં ને ખીચડી સૌને પીરસી.

**✵ રોળાનંદને ધોળા પહેરાવવાની શ્રીહરિની આજ્ઞા :**

પછી મહારાજે કહ્યું જે, "આ રોળાનંદ ખબરદાર દીસે છે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! આ જેટલો બહાર દીસે છે, તેટલો ભૂમિમાં છે. શા માટે જે, છાનોમાનો પડખે બેઠા હોય તેને ઘૂંમે મારે, ને તેને કોઈ કહેવા જાય ત્યારે તે કહે જે, 'મને મારે છે.'

માટે એનો મારે ભય રહે છે જે, 'તે ના'વા જાય ત્યારે રખે કોઈને ધક્કો દઈને કૂવામાં નાંખી દે નહીં !' એમ તેની બીક રહે છે." પછી મહારાજે કહ્યું જે, "ધોળાં લૂગડાં પહેરાવીને કોઈક હરિભક્તને સોંપી દેજો."

પછી ત્યાંથી મહારાજ સાબદા થયા ને ચાલ્યા. ને સાધુ ત્યાંથી મહારાજની સાથે તાળી વગાડીને ધૂન બોલતા ઊભી શેરીએ ચાલ્યા જાતા હતા. ત્યાં એક હાટમાં વાણિયા બે-ત્રણ ઊભા હતા. તેમના સામું જોઈને મહારાજે કહ્યું જે, "પ્રભુ ભજો, નહીં તો જમરા મારીને હાડકાં ભાંગી નાંખશે. ને '*રામસીતા રાધેકૃષ્ણ હરે વિઠોબા રુકમાઈ*' એ ધૂન બોલતાં બોલતાં પાતાભાઈને ઘેર ગયા. ત્યાં સૌને દર્શન દઈને મહારાજ ઘોડીએ ચડીને ચાલ્યા, તે માર્ગમાં ઘોડી હાંકી. તે ઘોડી તો દોડી તે મહારાજને રાણ્ય તરફ લીધા. પછી તે રાણ્યને પાસે જાતા તે ઘોડીના મોઢા ઉપર બેવડો મારીને પાછી વાળી, ને માર્ગે લાવીને કહ્યું જે, "આ ઘોડી તો મહા ભૂંડી છે, અમને રાણ્યમાં ભરાવવા હતા, તે માંડ માંડ પાછી વાળી છે."

**✵ બથોબથની ને ગોલિટાની રમતમાં રોળાનંદને શિક્ષા :**

પછી મહારાજ **કરજીસણ** આવ્યા. ત્યાં આંબલી તળે ઢોલિયો ઢાળ્યો હતો, તે ઉપર ગાદલું ઓછાડે સહિત બિછાવ્યું હતું, તે ઉપર મહારાજ બિરાજમાન થયા અને પોતાના મુખારવિંદ આગળ સભા થઈ. પછી મહારાજે કહ્યું જે, "મોકળા મોકળા બેસો, ગરમી થાય છે." પછી માણસે માગ કર્યો, ત્યારે રોળાનંદને જોઈને મહારાજ બોલ્યા જે, "તને બથોબથ લડતાં આવડે છે ?" ત્યારે તેણે કહ્યું જે, "આવડે છે."

પછી મહારાજે એક વ્યાપકાનંદસ્વામી હતા, તેમની સાથે બથોબથ વઢાડ્યા. ત્યારે તેમણે રોળાનંદને બેત્રણ વાર પછાડ્યા. ત્યારે તેણે કહ્યું જે, "આ તો મોટો છે, તેની સાથે તો નહિ વઢું." ત્યારે બીજાને

ઉઠાડ્યો, તેણે પણ પછાડ્યો. પછી રાઠોડિયાને ઉઠાડ્યો, તેણે પણ પછાડ્યો. ત્યારે તે રોળાનંદ કહે, "હવે તો હું નહિ વઢું." ત્યારે મહારાજે કહ્યું જે, "અલ્યા ક્રોધ કર." ત્યારે તે રોળાનંદ કહે, "હવે ક્રોધ તો જાતો રહ્યો."

પછી મહારાજે કહ્યું જે, "તને ગોલીટે રમતા આવડે છે ?" ત્યારે તેણે હા પાડી. ત્યારે મહારાજ કહે જે, "લે તને ગોલીટો વાળી દઈએ." ત્યારે તેણે કહ્યું જે, "તમે મને પોચો વાળી આપો." ત્યારે મહારાજે કહ્યું જે, "તું તારી મેળે વાળી લે, ને રાઠોડિયાને અમે વાળી દઈએ."

પછી બન્ને ગોલીટો લઈને સભાની વચમાં મહારાજના મોઢા આગળ ગોલીટે આવ્યા. તે રાઠોડિયાનો ગોલીટો રોળાનંદને લમણામાં લાગ્યો. તે આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. પછી તે રોળાનંદ કહે જે, "હવે નહિ વઢું." ત્યારે મહારાજે કહ્યું જે, "અલ્યા રીસ કર." ત્યારે તે કહે જે, "હવે રીસ તો જાતી રહી." ત્યારે મહારાજે કહ્યું જે, "વાળ્ય પાછી."

પછી છડીદાર ઉમાભાઈ ઊભા હતા, તેને પડખે નીસરતા રોળાનંદ બોલ્યો જે, "ગાંજાકોથળી કરી હોત તો ખબર પડત !" ત્યારે ઉમાભાઈએ મહારાજને કહ્યું જે, "એના મનમાં એક બળ તો રહી ગયું જે, ગાંજાકોથળી કરી હોત તો ખબર પડત." ત્યારે મહારાજે કહ્યું જે, "ગાંજાકોથળી ? એ શું હોય ?" ત્યારે ઉમાભાઈએ કહ્યું જે, "ગોલીટાને આંટે આંટે બાવળના કાંટા ભરાવતા જાય, તેને ગાંજાકોથળી કહે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "લાવો બાવળની શૂળું." ત્યારે તે રોળાનંદ કહે જે, "નહિ વઢું." ત્યારે મહારાજ કહે, "કેમ નહિ વઢ ? તું તારી મેળે તારા ગોલીટામાં કાંટા ભરાવ ને અમે ગોલીટામાં ભરાવીએ." તોય તેણે ના પાડી, એટલે હાર્યો.

પછી તે આત્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમારે મંડળમાં સાધુ ઝાઝા છે, તે હરિભક્તને કઠણ પડે, તે સારુ ચાર મંડળ કરો."

પછી મહારાજે ચાર મંડળી બાંધીને કહ્યું જે, "આ રાઠોડિયો ને રોળાનંદ એ બે તમારી મંડળીમાં રાખો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "એક તો બીજા મંડળમાં ગયો." ત્યારે મહારાજે કહ્યું જે, "એ બેયને તમારા મંડળમાં રાખો, ને જ્યારે રીસ ચડે ત્યારે એ બેયને ગોલીટે વઢાડવા. તે શા માટે જે, 'ઢોલ ગમાર પશુ અરુ નારી, એ શઠ તાડનકે અધિકારી."

**❋ કરજીસણમાં જન્માષ્ટમી ઉત્સવ :**

પછી બીજે દિવસ જન્માષ્ટમી આવી. તે ગામની ભાગોળે એક ભારે વડ હતો, ત્યાં મહારાજને અર્થે હિંડોળો બાંધ્યો હતો, તે ઉપર મહારાજ શ્વેત વસ્ત્ર ધારણ કરીને બિરાજમાન હતા, ને પોતાના મુખારવિંદની આગળ મુનિની સભા બેઠી હતી, અને કીર્તનઉત્સવ થાતો હતો.

પછી નાનાભાઈ ચંદનનાં બે તપેલાં ભરીને લાવ્યા. તે સાધુ એક તપેલાનું ચંદન લઈને મહારાજને અર્ચા કરે ને શરીરે ચર્ચે, ને બીજા તપેલાનું ચંદન લઈને મહારાજને ચરણારવિંદે ચોપડીને ચરણારવિંદ છાતીમાં લઈને માથે ચડાવે. એવી રીતે કેટલાક સાધુએ પૂજા કરી.

પછી આત્માનંદસ્વામી પૂજા કરવા ગયા. ત્યારે બીજા સાધુએ મોર પૂજા કરી હતી, તે મહારાજના ભાલમાંથી ચંદનનો રગેડો ઊતરીને નાસિકા સુધી આવ્યો હતો, તેને મહારાજે આંગળી વડે લઈને આત્માનંદસ્વામી સામો છાંટ્યો. તેને જોઈને સભા સૌ હસી. ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "એ શું કર્યું ? તમે તો મોરથી પૂજા કરી !" પછી સૌએ એ રીતે પૂજા કરીને આરતી ઉતારી.

પછી સાંજ થઈ ને ધૂન-આરતી કરી રહ્યા, પછી કથા-કીર્તન થાતાં હતાં. ત્યાં ગામ લાંઘણોજના ગરાસિયા, તેમની આગળ બે નિશાન ને બેત્રણ મશાલુ બળતી હતી, તે આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તે કોણ આવે છે ?" ત્યારે હરિભક્તે કહ્યું જે, "મહારાજ, એ તો લાંઘણોજના ગરાસિયા આવે છે."

પછી મહારાજે કહ્યું જે, "અમારાં વસ્ત્ર લાવો." પછી તે વસ્ત્ર લાવ્યાં. તે એક કસુંબલ રેટો મસ્તક ઉપર ધારણ કર્યો ને એક કસુંબલ રેટો ડાબે ખભે ધારણ કર્યો. તે પછી તે ગરાસિયા આવ્યા. તેમને જોઈને મહારાજે કહ્યું જે, "આવો." પછી તે ગરાસિયા મહારાજના વસ્ત્રની બાંધણી જોઈને બહુ રાજી થયા, ને જાણ્યું જે, કોઈક ભારે ગરાસિયો છે !

પછી તો અર્ધરાતે ઠાકોરજીનો જન્મ થયો. પછી કીર્તનઉત્સવ થયો. તે પછી મહારાજે મયારામ ભટ્ટને કહ્યું જે, "સવારમાં નાહીને જમાય કે નાહ્યા વિના પણ જમાય ?" ત્યારે મયારામ ભટ્ટે કહ્યું જે, "નાહીને જમાય." પછી મહારાજે બાઈયુંને કહ્યું જે, "કીર્તન બોલો." ત્યારે બાઈયું કીર્તન બોલ્યા જે, *'કોઈ ન જાણે એવું કરજો કાનજી જો.'*

પછી મહારાજ લઘુશંકાને મિષે ઊઠ્યા, ને ત્યાંથી એક જાળાનો ઓથ કરીને મહારાજ ગામમાં ગયા. ત્યાં તો રસોઈ તૈયાર ભાળીને સાધુને તેડાવ્યા. પછી તે સાધુ આવ્યા ને (મહારાજ) જમવા બેઠા. ને તે સાધુને કહ્યું જે, "સૌને કહેજો જે, મહારાજ કાઠિયાવાડમાં પધાર્યા." એમ કહીને મહારાજ (પોતાનો ઉતારો જે નાનાભાઈ ત્રવાડીના) ખેતરમાં ઓરડી છે, ત્યાં પધાર્યા. તે પછી સાધુએ જમીને ધર્મશાળામાં જઈને સૌ હરિભક્તોને કહ્યું જે, "મહારાજ તો કાઠિયાવાડમાં પધાર્યા." પછી સંઘ વેરાઈ ગયો. ॥૧૩૦॥

## ૧૩૧. લાંઘણોજમાં શ્રીહરિ સંતોને પીરસીને પવન નાંખે છે

પછી તે સાંજને સમે આત્માનંદસ્વામી લાંઘણોજ જાતા હતા, તે ઓરડીએ પાળા હતા, તેમણે ભાળ્યા. પછી મહારાજને સંભળાવ્યું જે, "આત્માનંદસ્વામીની મંડળી જાય છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તેડાવો." પછી તે પાળાએ સાદ કર્યો, તે સાધુ આવ્યા ને મહારાજને પગે લાગ્યા. ને મહારાજે કહ્યું જે, "અત્યારે ક્યાં જાશો ? અસુર(મોડું)

થયું છે." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! લાંઘણોજ ઢૂંકડું છે, ત્યાં જાશું." ત્યારે મહારાજ કહે, "સારું જાઓ, પણ તમે પાટણ જાજો."

પછી સાધુ **લાંઘણોજ** ગયા, ને સવારમાં તળાવમાં નાહીને પૂજા કરતા હતા, ત્યાં મહારાજ ગામમાં આવ્યા ને સાધુને તેડાવ્યા, તે ગામમાં વાદી માણસ બહુ ભેળા થયા. ત્યાં તો એક હાકેમ આવ્યો ને તેનું નગારું સાંભળીને સૌ ઊઠી ગયા.

પછી મહારાજને નવરાવ્યા, ને મહારાજ કોરો શ્વેત ખેસ પહેરીને ને ચાદર ઓઢીને ઓસરીએ આવીને ઢોલિયા ઉપર બિરાજ્યા, ને કહ્યું જે, "કેમ છે રસોઈને ?" ત્યારે બાઈયુંએ કહ્યું જે, "હે મહારાજ ! તમારે તો રસોઈની થોડી વાર છે." ત્યારે મહારાજે કહ્યું જે, "સાધુને રસોઈની શી વાર છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "હજી સાધુની રસોઈ કરવા માંડી નથી." ત્યારે મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે સાધુ કેટલા છો ?" ત્યારે તેમણે કહ્યું જે, "સાધુ તો આઠ છીએ." ત્યારે પાળાને કહ્યું જે, "તમે કેટલા છો ?" ત્યારે તે બોલ્યા જે, "અમે પણ આઠ છીએ." ત્યારે મહારાજે આઠ પાળા અને આઠ સાધુની રસોઈ મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, તમે કરો.

ત્યારે બ્રહ્મચારીએ રસોઈ કરવા માંડી અને મહારાજ જમવા બેઠા. ને જમીને મહારાજ ઓસરીએ આવ્યા અને ઢોલિયા ઉપર બેસીને સૂડી લઈને સોપારીના કટકા કર્યા. તે સાધુને એકએક દીધો. ને તે સમે મહારાજે આત્માનંદસ્વામીને આઠ હાથનો એક શ્વેત ફેંટો આપ્યો, ને કહ્યું જે, "આંહીં તો ગરમી બહુ થાય છે, તે બહાર કોઈ સારી જાયગા ને ઝાડની છાયા હોય ત્યાં જાઈએ."

પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ, બહાર તળાવની પાળે એક પીપળની છાયા ને જાયગા બહુ સારી છે." ત્યારે મહારાજે

કહ્યું જે, "સૌ જમી લ્યો." ત્યારે તે સાધુ તથા પાળાની પંક્તિ થઈ ને મહારાજે શીરો પતરાવળામાં પીરસ્યો. અને મહારાજ પોતે વાહર નાંખતા હતા. પછી મહારાજે કહ્યું જે, "એકલો શીરો નહિ ખવાય." માટે કેરીની રાયતી ચીરી મગાવીને એક એક આપી. અને સાધુ જમે છે ને મહારાજ વાહર નાંખે છે.

પછી બાઈયુંને મહારાજે કહ્યું જે, "તમે ઝટપટ જમી લો, અમારે બારા ચાલવું છે." ત્યારે તે બાઈયુંએ કહ્યું જે, "અમે કેમ જમીએ ? અમારાં લૂગડાં માંઈ રહ્યાં છે." પછી મહારાજે સૌ બાઈયુંનાં લૂગડાં બહાર ફગાવી દીધાં. પછી તે ભાવસાર બાઈ હતાં, તેણે કહ્યું જે, "મહારાજ, સાધુને ઘી તમારે હાથે ફેરવો." ત્યારે મહારાજે કહ્યું જે, "મૂળજી બ્રહ્મચારી ફેરવશે." ત્યારે તેણે કહ્યું જે, "ના મહારાજ, ઘી તો તમારે ફેરવવું." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે ફેરવવું, ત્યારે ઘી ગાળીને તાંબડી ભરી લાવો."

પછી મૂળજી બ્રહ્મચારીએ ખીચડી ફેરવી ને મહારાજે ઘીની તાંબડી લીધી, ને પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "ખીચડી ઊની છે, તે સાધુ નહિ અડે, માટે ઘી વૃથા જાશે. તે સારુ તમે મેળાવી દ્યો તો ઠીક." પછી મહારાજે ખીચડીમાં ઘીની ધાર કરી અને બ્રહ્મચારીએ ચોળીને મેળાવ્યું. (ને પછી તે પીરસ્યું.) એવી રીતે સાધુ અને પાળાને જમાડ્યા.

પછી મહારાજ બહાર પધાર્યા ને હરિભક્તે ઢોલિયો ને ગાદલું લાવીને બિછાવ્યાં. તે ઉપર મહારાજ બિરાજમાન થયા. ત્યાં તો વાદી બહુ આવ્યા. ત્યાં કેટલીક વાર વાદવિવાદ થયો. પછી મહારાજે કહ્યું જે, "અમારે પરગામ જાવું છે, પછી પુગાય નહીં." એમ કહીને મહારાજ ગાડીમાં બેઠા ને ત્યાંથી ચાલી નીસર્યા. ॥૧૩૧॥

## ૧૩૨. લાંઘણોજથી નીકળતાં શ્રીહરિને દ્વેષી અતીત ભટકાયો

ત્યાં એક અતીત આવ્યો ને બોલ્યો જે, "કહાં જાતા હૈ ? કહાં જાતા હૈ ? જો ભાગતા હૈ." પછી મહારાજે એક હરિભક્ત નથુને કહ્યું જે, "તમે આંહીં ઊભા રહો." એમ કહીને વળી આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ઊભા રહો, એ તો કાંઈનું કાંઈ કરશે." પછી આત્માનંદસ્વામી ઊભા રહ્યા, ત્યાં તો એ આવીને કહે જે, "કહાં જાતે હો ? કહાં ભાગતે હો ? હમકું ઓળખતે હો ? હમ ઓ હે ઓ, જેતલપુરના મહારુદ્ર લૂંટ ખાયા થા." પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હા મહારાજ ! એના એ તમે, તમને ઓળખીએ છીએ." પછી તે બાવાને ફરતાં માણસ ઝાઝા ફરી વળ્યા. પછી આત્માનંદસ્વામી ચાલી નીસર્યા. ॥૧૩૨॥

## ૧૩૩. બાઈઓની કુસંગી કામઠીઓ થકી રક્ષા

પછી વગડામાં મારગમાં એક વડ આવ્યો. તેની છાયાએ ગાડું ઊભું રાખ્યું, ને મહારાજ ગાડામાં પોઢ્યા. અને સાધુ વાહર નાંખે છે ને એક પાળો ઊભો રહ્યો ને બીજા સૂતા. અને ગાડા વાંસે બાઈયું બેઠી હતી, ત્યાં વાંસે એક હવાલદાર ને પંદર-વીસ કામઠીઓ આવ્યા. ને તેના મનમાં એમ જે, 'ગાડું માર્ગમાંથી ખેસવવું ને બાઈયુંને અડવું.' એમ ધારીને તે ઢૂંકડા આવ્યા. ત્યાં બાઈયુંએ જાણ્યું જે અડશે. ત્યાં તો એક બળદિયે દોટ મૂકી, તે પરબારા કાઢ્યા. ત્યારે તે એમ બોલ્યા જે, "મારગમાં ગાડું છોડીને બેઠા છો, ને બળદિયો તો મારકણો છે." એવી રીતે વાંકાં વચન બોલવા માંડ્યા.

અને તે બળદિયે દોટ મેલી તેને જોઈને સૌએ હોકારો કર્યો, તેથી મહારાજ ઝબકીને જાગ્યા. ને ઓલ્યા કામઠીઓને ગોવિંદભાઈએ કહ્યું જે, "શું કરીએ ભાઈ ! એ તો પશુ છે. અને માણસ હોય તો ઠપકો દઈએ." ત્યારે મહારાજે કહ્યું જે, "શું થયું ?" ત્યારે બાઈઓ બોલ્યા જે,

"એને અમને અડીને ઉપવાસ પાડવો હતો, પણ તમે બળદિયામાં પ્રવેશ કરીને પરબારા કાઢ્યા."

ત્યારે જેહોજી બોલ્યા જે, "શું કરીએ, ભેગો ઉચાળો છે, નહિ તો..." એટલું બોલીને કહે, "પડખે નીકળાત નહીં." પછી તે બાઈયુંને મહારાજે કહ્યું જે, "જેહોજી બોલ્યા તે તમે સમજ્યા ?" ત્યારે બાઈયુંએ કહ્યું જે, "ઉચાળાની શી ચિંતા છે ? એક એક પાણો અમે મેલત ને ચાલ્યા જાત." ॥૧૩૩॥

## ૧૩૪. માનુષી લીલા કરતા શ્રીહરિ મેઉ ગામ પધાર્યા

પછી મહારાજે બે પાળાને કહ્યું જે, "આગળ મેઉ ગામ જઈને ભૂખણ ભાવસારને કહેજો જે, ઢોલ શરણાઈ લઈને સામૈયું કરશો નહીં." પછી મહારાજે કહ્યું જે, "ગાડે તો નહિ બેસીએ. કેમ જે, બળદિયો સેરે છે, તે ગંધાય છે." પછી મહારાજ બે ડગલાં ચાલે ને બેસી જાય, ને એમ કહે જે, "ચલાતું નથી." અને બ્રહ્મચારી વાંસો ચાંપે, એમ બેસતાં ઊઠતાં ખેતરવા ચાલ્યા, ત્યાં તો ઓલ્યા પાળા ગામમાં ગયા હતા, એ પાછા આવ્યા.

ત્યારે મહારાજે એને કહ્યું જે, "ભૂખણ ભાવસાર ક્યાં ?" ત્યારે તે પાળાએ કહ્યું જે, "એ તો શરણાઈવાળાને તેડવા ગયા છે." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે ના પાડવા મોકલ્યા હતા ને ?" એમ કહીને ધમકી દઈને ઊઠ્યા, ને મુઠિયું વાળીને ચાલ્યા, તે કોઈ ભેળો ચાલી શક્યો નહીં. અને મહારાજની વાંસે સાધુ, પાળા અને બાઈયું તે દોડે, તોપણ કોઈ ગામના ઝાંપા સુધી ભેળા થયા નહીં. ॥૧૩૪॥

## ૧૩૫. સ્વામીની પ્રગટ શ્રીહરિને વિષે અનન્ય નિષ્ઠા

પછી મહારાજ ગામમાં ભૂખણ ભાવસારને ઘેર ગયા, અને સાધુ તો બારોબાર ના'વા ગયા, ને નાહીને ઓરડીએ આવીને ઉતારો કર્યો. પછી રાત ઝાઝી ગઈ, તે ગામના માણસ સૌ વેરાઈ ગયા. પછી મહારાજે

કહ્યું જે, “આત્માનંદસ્વામી ક્યાં છે ?” ત્યારે કહ્યું જે, “મહારાજ, ઓરડીમાં ઊતર્યા છે.” ત્યારે મહારાજ કહે, “તેડાવો.”

પછી તે આત્માનંદસ્વામી આવ્યા. ત્યારે તેમને મહારાજે કહ્યું જે, “ત્યાં વાદી ભરાણા હતા. તેણે કહ્યું જે, *एकमेवाद्वितीयं ब्रह्म*, તેને તમે કેમ સમજો છો ?” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “અમને તો જે મળ્યા તે અદ્વિતીય બ્રહ્મ જ છે.”

પછી મહારાજે હસીને કહ્યું જે, “તમે બીજી રીતે સમજ્યા ને તેની તો સમજણ બીજી છે.” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, “અમારે એની સમજણનું શું કામ છે ! અમારે તો મળ્યા છે, તે જ અદ્વિતીય બ્રહ્મ છે, ને તે વિના તો જે કિંચિત નાસ્તિક છે.” પછી મહારાજે કહ્યું જે, “અમે પરોઢિયે ચાલશું અને તમે પીરાણ પાટણ જાજો.” પછી મહારાજ **ગઢડે** આવ્યા. ॥૧૩૫॥

## ૧૩૬. કારિયાણી ગામમાં શ્રીહરિએ કરેલ લીલા

### ❋ સ્વામીની આજ્ઞાપાલનમાં દૃઢતા :

અને કેટલાક દિવસ કેડે મહારાજે **કારિયાણી**એ સમૈયો કર્યો, ને દેશદેશમાંથી સાધુને તથા હરિભક્તને તેડાવ્યા. અને આત્માનંદસ્વામી ને વ્યાપકાનંદસ્વામી, તે બે દિવસ મોરથી આવ્યા હતા. ને મહારાજ વસ્તા ખાચરના દરબારમાં ઉગમણે બાર ઓરડાની આગળ ઢોલિયા ઉપર બેઠા હતા, અને શેરડી છોલીને માંદળિયા કરીને તાંસળી ભરી. ત્યાં આત્માનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી આવ્યા ને તેમને મળ્યા. અને વ્યાપકાનંદસ્વામીને ઢોલિયે બેસાડ્યા અને આત્માનંદસ્વામી હેઠા બેસવા ગયા ત્યાં મહારાજે હાથનું કાંડું ઝાલીને તેમને પણ ઢોલિયા ઉપર બેસાડ્યા. અને પોતે ઓશિકાની કોરે ઉત્તરમુખે બેઠા અને મહારાજે શ્વેત ધોતિયું પહેર્યું હતું, અને માથે શ્વેત ફેંટો બાંધ્યો હતો.

ને તે સમે શેરડીના માંદળિયાની તાંસળી હતી, તે સાધુની આગળ મૂકીને કહ્યું જે, "જમો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "ન જમાય, કેમ જે તમે મેઘપુરમાં બંધી કરી છે, જે ગળ્યું ન ખાવું, તેથી નથી ખાતો." પછી મહારાજે કહ્યું જે, "હવે અમે મોકળ કરી છે, તે જમો." ત્યાર પછી જમ્યા.

**✵ સમાધિવાળા હીરાચંદ શેઠનો શ્રીહરિમાં ગાઢ પ્રેમ :**

અને દરબારમાં ઉગમણે બાર ઓરડો છે, તેમાં મહારાજ પોઢ્યા હતા, ને મહારાજની પાસે સોમલા ખાચર આદિક હરિભક્ત પાંચ-છ સૂતા હતા, તથા સાધુ આત્માનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તે પણ સૂતા હતા. પછી વિસલનગરની કોરનો સંઘ તે રાત ભીમનાથ રહ્યો હતો, ત્યાંથી પરોઢિયે અમદાવાદના હિરાચંદ ને તેના ભેળા હરિભક્ત બે-ત્રણ્યે દોટ દીધી, તે દિવસ ઊગ્યા મોર કારિયાણીએ આવ્યા. ને મહારાજ ઊઠ્યા નહોતા ત્યાં ઝાંપે આવીને હોંકારો કર્યો જે, "ઝાંપો ઉઘાડો." ત્યારે મહારાજ ઝબકીને જાગ્યા, ને કહ્યું જે, "કોણ છે ? કમાડ ખોલો."

પછી કમાડ ખોલ્યું. ત્યારે તે હિરાચંદ સમાધિવાળા હતા, તેમણે દોટ દીધી, તે મહારાજને બાથ ભરી, ને મહારાજે તેમને બાથ ભરી, તે પરસ્પર યુદ્ધ થયું. તે એકબીજાના પાડ્યા પડે નહીં. ત્યારે સોમલા ખાચર આદિક હરિભક્તે જાણ્યું જે, મહારાજને વગાડશે, એમ જાણીને પાસે ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "કોઈ પાસે આવશો નહીં, જો પાસે આવશો તો તમે પિલાઈ મરશો." પછી મહારાજ તથા હિરાચંદના ઢીંચણ ધરતી ઉપર અડ્યા. પછી હિરાચંદ તો પડી ગયા ને મહારાજ તો ઊઠીને ઢોલિયે બેઠા.

પછી તે હિરાચંદ લગારેક પડી રહીને હબકીને(ઝબકીને) ઊઠ્યા ને તેમણે ઊઠતાવેંત ફરીને મહારાજ સામી દોટ દીધી. પછી મહારાજ

ઊઠ્યા ને તેમને બાથ ભરીને પછાડ્યા. ને પછી મહારાજ ઢોલિયે બેઠા. ને તે હિરાચંદ ઘડીકવાર પડ્યા રહીને ફેર હબકીને ઊઠ્યા, ને 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' કરતા મહારાજ સામા ચાલ્યા. ત્યાં મહારાજે હાકલ કરી જે, "હિરાચંદ..!" ત્યાં સમાધિમાંથી જાગ્યા ને 'હા મહારાજ' કહીને ઊભા રહ્યા. પછી પાસે જઈને બેઠા. ને મહારાજે કહ્યું જે, "ક્યાં રાત હતા ?" ત્યારે તે હિરાચંદે કહ્યું જે, "મહારાજ, રાત ભીમનાથ હતા ને નાનાભાઈ કરજીસણવાળા એ સંઘ લઈને આવે છે." ત્યાં તો તે સંઘ પણ આવી પહોંચ્યો. તેમને ગામમાં ઉતારો અપાવ્યો, ને સાધુ આવ્યા તે ધર્મશાળામાં ઊતર્યા. અને સાધુ તથા હરિભક્ત સૌ સૌને ઉતારે રસોઈ કરીને જમ્યા.

**✵ અમદાવાદના શ્રીમાળી વિપ્ર પાંચા ઓઝાની વાત :**

અને બીજે દિવસ મહારાજ વસ્તા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર બેઠા હતા. ત્યાં સર્વે હરિભક્ત ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકાર આદિક અનેક પ્રકારના ઉપચાર તેણે કરીને મહારાજની પૂજા કરતા હતા. પછી અમદાવાદનો શરમાળી પાંચો ઓઝો તેણે મહારાજ સામું જોઈને મહારાજ પાસે ખાવાનું માગ્યું. પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "આ બ્રાહ્મણને સીધું અપાવજો." પછી આનંદસ્વામીએ વાણિયાને હાટેથી એક રૂપિયાનું સીધું કબુલાવ્યું.

પછી બીજે દિવસે મહારાજ પાસે તે બ્રાહ્મણે આવીને પેટ ઠબકાર્યું. ત્યાર પછી મહારાજે આનંદસ્વામીને કહ્યું જે, "કાલ તમને કહ્યું હતું જે, આને સીધું દેવરાવજો." ત્યારે આનંદસ્વામીએ કહ્યું જે, "કાલ વાણિયાને હાટે રૂપિયા એકનું કબુલાવ્યું છે." ત્યારે તે બ્રાહ્મણ સામું જોઈને મહારાજે કહ્યું જે, "તમને સીધું દેવરાવ્યું છે ?" ત્યારે કહ્યું જે, "તે તો લઈને તળાવની પાળે જઈને રાંધીને જમ્યો." ત્યારે મહારાજે કહ્યું જે, "રૂપિયાનું બધુંય જમ્યા ?" ત્યારે તે કહે જે, "હા."

પછી મહારાજે કહ્યું જે, "તમને બેસારીને જમાડે તો કેટલુંક જમો ?" ત્યારે તેણે કહ્યું જે, "મહારાજ, હવે તો હું ઘરડો થયો, અને જે દિવસ હું જુવાન હતો, તે દિવસ કોઈ ચોરાસી થાતી હોય, ત્યારે રસોઈ કરવા જાવું પડે, તે સવારમાં પાંચશેર ઘીની કુલેર જમીને જાઉં, તે સો માણસની રસોઈ એકલો કરું." ત્યારે મહારાજે કહ્યું જે, "જુઓ ભાઈ, પાંચશેર ઘી ને પાંચશેર ગોળ ને પાંચશેર લોટ, એ પંદર શેરની કુલેર ખાઈને તો રસોઈ કરવા જાય !"

પછી મહારાજે કહ્યું જે, "પંગતમાં બેસો ત્યારે કેટલું જમો ?" ત્યારે તેણે કહ્યું જે, "હવે તો કાંઈ જમાતું નથી, કેમ જે હવે તો અઢાર-ઓગણીસ લાડવા જમાય, પણ ધરાઈને તો રામાનંદસ્વામી હતા, તે દિ જમ્યો છું; ને તે વિના ધરાઈને નથી જમ્યો." પછી મહારાજ ત્રણચાર દિવસ રહ્યા અને સાધુને જમાડ્યા, ને ઓચ્છવ થયો. પછી સૌને શીખ દીધી. અને બીજું દીપ-ઉત્સવ આદિક થયો તે તો વચનામૃતમાં લખેલો છે જે, સુરતના હરિભક્ત જાદવજી છપરપલંગ લાવ્યા, એ આદિ લઈને બધી વાત જાણજો. ॥૧૩૬॥

## ૧૩૭. સારંગપુરમાં હુતાશનીનો સમૈયો

### ✵ સારંગપુરમાં અમદાવાદના બાપુભાઈ મહેતાને સંન્યાસી કર્યા :

અને કેટલાક દિવસ કેડે મહારાજે **સારંગપુર**માં સમૈયો કર્યો. તે દેશદેશના હરિભક્ત તથા સાધુને તેડાવ્યા. તે સૌ સાધુ તથા હરિભક્ત ત્યાં આવ્યા. ત્યાં મહારાજ પાસે એક દિવસે ચર્ચા થઈ. તે બાપુ મહેતો(અમદાવાદના બાપુભાઈ નાગર) કહે, "મારે શ્રીપાત(સંન્યાસી) થાવું છે." ત્યારે મહારાજે તેના બાપને તેડાવીને કહ્યું જે, "કેમ, આ તમારો દીકરો શ્રીપાત થાય ?" ત્યારે તેના બાપે કહ્યું જે, "ના મહારાજ ! એને રહેવા દ્યો ને મને શ્રીપાત કરો." ત્યારે મહારાજે

કહ્યું જે, "તમને ઘરડાને શ્રીપાત કરીએ ત્યારે તમારી સેવામાં એક માણસ જોઈએ. માટે તમે તો નહીં."

પછી તે બાપુની સ્ત્રીને તેડાવીને મહારાજે કહ્યું જે, "આ બાપુ શ્રીપાત થાય છે. કેમ તમે રાજી છો ?" ત્યારે તે બાઈએ કહ્યું જે, "ઠીક મહારાજ, થાતા હોય તો અમે રાજી છીએ." પછી તેને શ્રીપાત કર્યો.

**✻ શ્રીહરિએ ભક્તોને વરદાનરૂપે ફગવા આપ્યા :**

પછી જીવા ખાચરના દરબારમાં રસોઈયું થાય ને મહારાજ પીરસે ને સંત જમે, એવી રીતે ઉત્સવ થાય છે. અને એક દિવસે સાધુ સંગાથે રંગે રમ્યા. ને પછી સાધુને ના પાડી જે, "તમે રમવું આળસો ને કાઠિયાવાડની તથા ગુજરાતની બાયું રમે." તે રમ્યા ને બેય ઉપર મહારાજે રાજી થઈને કહ્યું જે, "માગો."

ત્યારે કાઠિયાવાડની બાયુંએ માગ્યું જે, "સો રૂપિયા આપો." અને ગુજરાતની બાયુંએ કહ્યું જે, **"મહારાજ, તમારું ભજન કરતાં તમારી માયા વિઘ્ન ન કરે એ માગીએ છીએ."** પછી તે ઉપર મહારાજ બહુ રાજી થયા ને બોલ્યા જે, "જુઓને, કાઠિયાવાડની બાયુંએ ધૂડ માગી ને ગુજરાતની બાયું કેવી સમજે છે જે, પોતાના જીવનું રૂડું થાય તેમ માગ્યું." અને પછી બે-ચાર દિવસ રહ્યા. પછી સમૈયો વેરાણો. ॥૧૩૭॥

## ૧૩૮. જેતલપુરમાં શ્રીહરિએ કરેલ વિવિધ લીલા

**✻ બ્રહ્મા, વિષ્ણુ ને શિવજી સાધુના દર્શને આવ્યા :**

સારંગપુરના સમૈયા પછી કેટલાક દિવસે કેરી ટાણા ઉપર મહારાજ **જેતલપુર** પધાર્યા, ને ત્યાં મહોલ ઉપર ઊતર્યા. ને ફૂલવાડીમાં રાણ્ય હતી, તે હેઠે સાધુ ઊતર્યા. તે ગામમાં નિત્ય રસોઈ થાય, તે મહારાજ જમવા જાય. ત્યારે સાધુના મંડળ વચ્ચે તાળી વગાડતા ને કીર્તન ગાતા જાય. ને ત્યાં જઈને પોતે જમે ને સંતને જમાડે, એવી રીતે ઉત્સવ દાડી થાતો.

પછી એક દિવસે આકાશમાંથી તેજનો એક બિંબ હેઠો ઊતર્યો. તે હેઠે આવતાં તેમાંથી ત્રણ થયા, ને જે રાણ્ય હેઠે સાધુના ઉતારા હતા, તે રાણ્યમાં આવીને લીન થઈ ગયા, તેને આવતા સૌએ ભાળ્યા. પછી મહારાજ મહોલમાં પોઢ્યા હતા, ત્યાં જે બાઈયું હતી, તે સૌ બાઈયુંએ ભાળ્યા. ત્યારે તે બાઈયુંએ મહારાજને કહ્યું જે, “હે મહારાજ ! આકાશમાંથી તેજનો એક બિંબ ઊતર્યો ને હેઠે આવતાં તેના ત્રણ ભાગ થયા, ને તે રાણ્યમાં સમાઈ ગયા. પછી કોઈએ ન ભાળ્યું, એ તે શું હશે ?” પછી મહારાજે કહ્યું જે, “એ તો બ્રહ્મા, વિષ્ણુ ને શિવ હતા. તે સાધુને દર્શને આવ્યા હતા.”

**❋ શ્રીહરિએ રામાનંદસ્વામીનો ખલકો પહેરીને દર્શન દીધાં :**

પછી બીજે દિવસે મહારાજે રામાનંદસ્વામીની વારીનો(સમયનો) ખલકો(ડગલો) હતો, તેને પહેરીને કેડે તરવાર બાંધી, ને માથે શ્વેત ફેંટો બાંધ્યો. અને ચોફાળ ઓઢીને સાધુના ઉતારા મધ્યે ઢોલિયો ઢાળ્યો હતો, તે ઉપર બેઠા. તે હસતાં રહે નહિ. તે હસતાં હસતાં મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “સ્વામી, જુઓને આ રામાનંદસ્વામીનો ખલકો, તે અમારે બેસતો આવ્યો.” પછી ચોફાળ વેગળો(દૂર) કરીને તે ખલકો દેખાડ્યો ને તરવાર પણ દેખાડી. તેને જોઈને મહારાજ અને સૌ સભા હસતી હતી. પછી મહારાજે કહ્યું જે, “હે મહાપુરુષો ! તમારી રક્ષા સારુ આ તરવાર બાંધી છે.” આવાં દર્શન દઈને પછી મહારાજ ત્યાંથી ઉતારે પધાર્યા.

**❋ સ્વામીએ જીવનભર અયાચકવ્રત રાખ્યું :**

અને બીજે દિવસે તળાવમાં આથમણી કોરે મહારાજ વેલ ઉપર બિરાજમાન થયા. પછી મહારાજે સાધુને કહ્યું જે, “સત્સંગમાં આવીને પોતા સારુ કાંઈ જણસ ન માગી હોય તે ઊભા થાઓ.” ત્યારે આત્માનંદસ્વામીએ ઊભા થઈને કહ્યું જે, “સત્સંગમાં વસ્ત્ર પહેરીએ છીએ, ને સત્સંગમાં ખાઈએ-પીએ છીએ, પણ જીભે કરીને તો કોઈને

કહ્યું નથી જે, અમારે વાસ્તે આ જણસ લાવી દ્યો, ને સાધુને અર્થે તો કાંઈક મગાવ્યું હશે !" પછી મહારાજ કહે, "તમે બેસો." પછી બીજા કોઈ ન બોલ્યા.

### ❋ શ્રીહરિએ દેવ સરોવરમાં સ્નાન કર્યું :

પછી તળાવે(દેવ સરોવરે) ના'વા પધાર્યા ને પાણીમાં પ્રવેશ કર્યો, ને વાંસેથી એક હરિભક્ત ના'વા પડ્યો. ને તે તળાવ મોટું, તે અર્ધે જાતાં થાક્યો. તેને જોઈને મહારાજે પાછો વાળ્યો, ને તેને મહારાજે ઠપકો દીધો જે, "તર્યાની પહોંચ નહિ ને પાણીમાં પડ્યા, એ તો અમે પાછા ન વાળ્યા હોત તો બૂડી મરત."

પછી મહારાજ વેલ ઉપર ઉગમણે મુખારવિંદે બેઠા હતા. અને આરતી કરી રહ્યા અને મહારાજે માળા હાથમાં લઈને ફેરવવા માંડી. ને પછી સાધુને કહ્યું જે, "તમે ધૂન બોલો." પછી ત્રણ વાર ધૂન બોલ્યા, ત્યારે માળા પચ્ચીસ પૂરી થઈ.

### ❋ શ્રીહરિએ મહોલને માળવાનું કીધું :

પછી બીજે દિવસ શ્રીજીમહારાજ સાધુએ સહિત મહોલ ઉપર ચડ્યા, અને એમ વાત કરી જે, "આ જાયગા બહુ સારી છે જે ઉપર રહ્યે થકે પાણી ભરાય એવી છે[1]. માટે આ જાયગા ફરતી ભીંત કરાવીએ ને માંઈ મારા[2] રખાવીએ, અને ખંભાતથી સારો કસબી(કારીગર) તેડાવીએ ને આ બંગલો મળાવીએ; અને હેઠે બે પાળા ચોકી રાખે એટલે ફીકર નહીં." એ દિશની ઘણીક વાત કરી. ને પછી મહાદેવ પધરાવ્યા. અને પછી મધ્યાહ્ને સાધુએ સહિત જમવા પધાર્યા.

### ❋ બાઈમાંથી ભૂતને કાઢીને તેનું કલ્યાણ કર્યું :

અને સાંજને સમે મહોલને દક્ષણાદિ દિશે પીપળ તળે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા, અને સર્વે શ્વેત વસ્ત્ર

૧.મહોલ ઉપર રહ્યા થકા દેવસરોવરમાંથી પાણી સીંચીને ભરાય એવી છે.
૨.અંદર રહ્યા થકા જેમાં બંદૂકનું નાળચું ભરાવીને ગોળીબાર કરી શકાય તેવા બાકાં

ધારણ કર્યાં હતાં. અને દેશદેશના હરિભક્તની તથા પરમહંસની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજને સાધુએ પાકી કેરી જમાડી. અને આત્માનંદસ્વામીને તો કાચી-પાકી કેરીની ખબર નહીં, તે ઊજળી જોઈને લાવ્યા. તે શ્રીજીમહારાજે હાથમાં લઈને સૂંઘી ને પાછી આપી અને કહ્યું જે, “આ તો કાચી છે.”

અને સભામાં બાઈયુંમાં કોઈક બાઈને વળગાડ હતો. તેને મહારાજે કહ્યું જે, “એને શીદને વળગી રહ્યો છે ? અમારા સાધુમાં આવ.” પછી તે ભૂત બોલ્યું જે, “તે સાધુમાં તો બળી મરું, માટે સાધુમાં તો ન રહેવાય.” ત્યારે મહારાજે કહ્યું જે, “આ બાઈયુંમાં આવ.” ત્યારે તે ભૂત કહે જે, “એમાં પણ ન રહેવાય, ને મારે તો કાચાંપોચાં વર્તમાન પાળતો હોય તેમાં રહેવાનું ઠીક પડે છે.” પછી ભૂતને કાઢીને તેનું કલ્યાણ કર્યું.

**❋ સત્સંગીને સ્વધર્મમાં ખબડદાર રહેવાની સદૃષ્ટાંત વાત :**

પછી શ્રીજીમહારાજે એમ વાત કરી જે, “આ સાધુ કેવા છે ? તો જે દિશ ઉપર ચાલે તે દિશનું(અર્થાત્ ત્યાં રહેલા મનુષ્યોનું) અંધારુ(અજ્ઞાન) ટળી જાય એવા છે. અને વળી કેવા છે ? તો નાતજાતનો સંબંધ મેલીને સત્સંગમાં નાતજાત માને, તેવા છે.

તેને (કોઈ ગામે જતાં તે) ગામને સીમાડે કોઈ સામો આવે ને કહે જે, ‘તમે સ્વામિનારાયણના સાધુ છો ?’ ત્યારે સાધુ કહે જે, ‘હા, અમે સ્વામિનારાયણના છીએ.’ ત્યારે તે કહે જે, ‘મહારાજ જાઓ, તમારો આ ગામમાં એક સત્સંગી સારો છે ! તે મોર્યે તો એ સાંખ્યજોગીનું વર્તમાન રાખતો હતો, પણ હમણે તો એક બાયડી રાખી છે. અને એક બાઈ સાંખ્યજોગીનું વર્તમાન રાખતી હતી, તેણે નાતરું(ઘરઘરણું) કર્યું છે.’ એવી રીતે માણસે માર્ગમાં આવતાં એવા સમાચાર દીધા.”

તે ઉપર મહારાજે એક દૃષ્ટાંત દીધું જે, "એક બ્રાહ્મણ હતો, તે કાશીએ જઈને શ્રીપાત થયો, અને કેટલેક દિવસે ફરતાં ફરતાં કુટુંબજાત્રા કરવા સારુ પોતાને ગામ આવ્યો. ત્યારે ગામના માણસ ઘરોઘર નોતરું દઈને જમાડે. ત્યારે એની બાયડી હતી, તેણે નોતરું દીધું જે, 'સ્વામી, મારે ઘેર જમવા આવજો.'

પછી શ્રીપાત બપોરે જમવા ગયા. પછી યથાશક્તિ જમાડ્યા. પછી જમીને ચાલ્યા, ત્યારે બ્રાહ્મણીએ હાથ જોડીને પૂછ્યું જે, 'સ્વામી, એકાંતે આવો મારે પૂછવું છે, તમારી આગળ શું છાનું રાખવું ? આ મારો છોકરો છે, તે મુસલમાનના પેટનો છે, તે એને સુન્નત(મુસલમાની સંસ્કાર) કરાવું કે જનોઈ દેવરાવું ?'

પછી તે શ્રીપાત કહે જે, 'તારી નજરમાં આવે તો સુન્નત કરાવ અને નજરમાં આવે તો જનોઈ દેવરાવ, પણ હું બળું કે દટાઉં ?' તેમ સાધુની આગળ કોઈ સત્સંગીનો વાંક દેખાડે ત્યારે સાધુને ભોં ખોતરવી પડે, માટે સૌ ખબરદાર થઈને વર્તજો."

**✵ ત્યાગીને સ્વધર્મમાં ખબડદાર રહેવાની સદૃષ્ટાંત વાત :**

અને શ્રીજીમહારાજે બીજું દૃષ્ટાંત દીધું જે, "એક બ્રાહ્મણ કાશીએ જઈને સંન્યાસી થયો. પછી કુટુંબજાત્રા કરવા પોતાને ગામ આવ્યો. ત્યારે એની સ્ત્રી હતી, તેણે નોતરું દીધું જે, એણે મોરના સ્વભાવ મૂક્યા છે કે નથી મૂક્યા ? પછી રસોઈ કરીને જમવા તેડ્યા. પછી પતરાવળામાં દાળ ને રોટલા પીરસ્યાં. ત્યારે શ્રીપાતે કહ્યું જે, 'રોટલા કોરા છે, તે વિષ્ણુદૈવત(ઘી) નથી ?' ત્યારે તે બાઈ બોલી જે, 'સ્વામી, વિષ્ણુદૈવત તો ક્યાંથી હોય ? પણ મીઠું પણ નથી. રેંટિયો ફેરવીને શેર દાણા પેદા કરું છું. અને મીઠું લેવાય એટલા દાણા પણ વધતા નથી, તે મીઠું શેનું લેવું ?'

પછી તે શ્રીપાત બોલ્યો જે, 'અમારો ઝોળો હેઠો ઉતાર, એમાં એક કુડલી છે, તેમાં વિષ્ણુદૈવત છે. અને આ કોથળીમાં સાકર છે ને એકમાં ચટણી છે ને મીઠું છે તે લાવો. અને પડિયામાં અથાણું છે, ને એક કોથળીમાં મુખવાસ છે તે કાઢો.' ત્યારે તે બાઈ બોલી જે, 'હે સ્વામી ! આ ઝોળામાં તો એક મારો જ ખોટકો છે, ને હું વિના સર્વે બીજું તો છે. માટે એટલું બધુંય રાખી રહ્યા છો ને મને કેમ મૂકી દીધી છે ?' તેમ ત્યાગીને એવા સ્વભાવ ન રાખવા."

**✻ વહેલાલના જેસંગભાઈએ માંદા-ઘરડા સંતોની સેવા માગી :**

પછી મહારાજ બોલ્યા જે, "લ્યો, હવે મંડળી બાંધીએ. જે ગુરુ હોય તેટલા અમારી ભેળા રહે, ને બીજા બેબે ચારચાર ફરવા જાઓ." ત્યારે હરિભક્ત બોલ્યા જે, "એ સાધુ અમારે ગામ આવે." કોઈ કહે જે, "આ સાધુ અમારે ગામ આવે." ત્યારે વહેલાલના જેસંગભાઈ બોલ્યા જે, "હે મહારાજ ! અમારે ગામ માંદા હોય, ઘરડા હોય તેમને અમારે ત્યાં મેલો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "ઘરડા-માંદાને શું કરશો ?"

ત્યારે તે બોલ્યા જે, "હે મહારાજ ! સાજા હોય તે તો પાણી ભરી લાવે ને ઝોળી માગી લાવે, માટે અમારે શી સેવા થાય ? માટે માંદા હોય તો એને સારુ રસોઈ કરાવીએ, કાંઈક જોઈતું હોય તો લાવી આપીએ, પાણી ભરી આપીએ તો અમારે સેવા થાય." એમ બોલ્યા, ત્યારે શ્રીજીમહારાજ બહુ રાજી થયા.

**✻ અંતર્દષ્ટિવાળાને ભગવદ્ધામ જરાય છેટું નથી :**

પછી ગામમાં રસોઈ થઈ, તે શ્રીજીમહારાજ સાધુએ સહિત જમવા પધાર્યા. પછી સાંજની ગોડી-આરતી થઈ. પછી વાતું થઈ તે રાત ઝાઝી ગઈ. ત્યારે મહારાજે કહ્યું જે, "બહુ ગરમી થાય છે." પછી ઢોલિયો મહોલથી આથમણા ચોકમાં લીધો. ત્યાં મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને બીજા બે-ત્રણ સાધુ બેઠા હતા.

પછી મહારાજે કહ્યું જે, "ભગવાનનું ધામ ઢૂકડું છે કે છેટે છે ? કેમ સમજો છો ?" ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, "તમે કહો તેમ સમજીએ." પછી મહારાજે કહ્યું જે, "ભગવાનનું ધામ છેટે નથી. જેમ સમાધિવાળાને દૃષ્ટિ પાછી વળે છે, તે સમાધિમાં લગારેક રહીને આવે છે. પછી બ્રહ્મમહોલની વાત કરે છે, માટે છેટું નથી. દૃષ્ટિ પલટાય એટલે ધામ દેખાય છે." અને બીજે દિવસ જમ્યા, પછી સાંજને વખતે ચાલી નીસર્યા. ॥૧૩૮॥

## ૧૩૯. સારંગપુર ગામમાં શ્રીહરિએ કરેલ લીલા

### ❋ ભક્તોની પ્રાર્થનાથી વરસાદ કર્યો :

વળી એક સમે મહારાજ ગામ **સારંગપુર**માં જીવા ખાચરના દરબારમાં હતા અને વરસાદની તાણ્ય હતી. પછી સર્વે હરિભક્તે શ્રીજીમહારાજને કહ્યું જે, "એક વરસાદ વિના મોલ સુકાય છે. માટે એક વરસાદ થાય તો ઠીક." ત્યારે મહારાજે કહ્યું જે, "શું અમારા હાથમાં છે ?" ત્યારે સર્વે હરિભક્ત બોલ્યા જે, "કરો તો સર્વે તમારા હાથમાં છે, ને કરો તો કોણ ના પાડે છે ? પણ છે તો સર્વે તમારા હાથમાં."

પછી શ્રીજીમહારાજ ફળિયામાં ઊભા થઈને તાળી પાડીને 'સ્વામિનારાયણ...સ્વમિનારાયણ...' કરવા લાગ્યા; ત્યારે વરસાદ આવ્યો. ત્યારે મહારાજ ધોતિયાભર ઊભા અને માથાના જે કેશ તે પલળીને મુખારવિંદની આગળ આવે, તેને જમણે હાથે ઊંચા કરીને વળી 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' કરતા જાય. પછી વરસાદ બહુ થયો અને ઓરડાની પછીત(પાછલી દીવાલ) પડી ગઈ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "આ કરો(બાજુની દીવાલ) પણ પડશે, માટે ઘોડિયું કોરે લ્યો." પછી કરો પણ પડ્યો.

### ❋ સારંગપુર ગામમાં કે સીમાડે મરનારને જમ લેવા ન આવે :

પછી મહારાજ વસ્ત્ર પહેરીને ચોરે આવ્યા અને કહ્યું જે, "અમને તો ભૂખ લાગી છે." પછી જીવા ખાચર જમવાનું લાવ્યા તે

મહારાજ જમ્યા. પછી મહારાજ ઝોળી લઈને માગવા ગયા. તે ચાર-પાંચ ઘર માગ્યા, ત્યાં તો હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! તમે રહેવા દ્યો. અમે લાવીએ છીએ." પછી સર્વે હરિભક્તે પોતપોતાના ઘેરથી અન્ન લાવીને સાધુને જમાડ્યા. ત્યારે મહારાજ બહુ રાજી થયા અને જીવા ખાચરને મહારાજે કહ્યું જે, "તમે માગો." ત્યારે જીવા ખાચરે કહ્યું જે, "મારા ગામની માંહ્યલી કોરે જે મરે તેને જમ લેવા ન આવે." ત્યારે મહારાજે એ વર આપ્યો.

પછી વસ્તા ખાચરે કહ્યું જે, "મહારાજે શું કહ્યું ?" ત્યારે જીવા ખાચરે કહ્યું જે, "ગામની માંહ્યલી કોરે જે મરે તેને જમ લેવા ન આવે." ત્યારે વસ્તા ખાચરે કહ્યું જે, "તમને માગતા ન આવડ્યું, કેમ જે, વગડે જે મરે તેનું શું ? કેમ જે, આપણે તો વગડે ધીંગાણું થાય. માટે ગામમાં તો કોઈક મરે." પછી જીવા ખાચરે કહ્યું જે, "હે મહારાજ ! અમારા સીમાડામાં જે મરે તેને પણ જમ લેવા ન આવે, એ વર આપો." ત્યારે મહારાજે કહ્યું જે, "તમને એ વર આપ્યો." પછી મહારાજે સર્વેને નિયમ ધરાવ્યા.

**❋ શ્રીહરિ એક બાઈને પોતાના ધામમાં લઈ ગયા :**

અને એક બાઈ આવી, તેણે કહ્યું જે, "મને નિયમ ધરાવો." પછી મહારાજે કહ્યું જે, "સ્વામિનારાયણ કહેજો." ત્યારે માણસે કહ્યું જે, "એ તો સાંભળતી નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "અમારે એનું કલ્યાણ કરવું." પછી કેટલાક દિવસ કેડે તે બાઈએ પોતાના પુત્રને કહ્યું જે, "આજ મને મહારાજ તેડી જાશે, માટે વગડે ન જાવું." પણ તે વાતને ન માની અને વગડે ગયા. પછી તો બીજી બાઈ પાસે લીંપાવીને પોતે બેઠી, અને 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' કહેવા લાગી. ત્યાર પછી શ્રીજીમહારાજ વિમાન લઈને આવ્યા. તે પોતાનું ધામ જે અક્ષર તેમાં તેડી ગયા અને ગામમાં બહુ માણસને દર્શન થયાં. ॥૧૩૯॥

## ૧૪૦. ગઢાળી આંબાભક્તને ત્યાં શ્રીહરિ ને સંતો-ભક્તોની રસોઈ

પછી એક સમે **ગઢડે આંબાભક્ત** આવ્યા. તે મહારાજને રસોઈનું કહ્યું જે, “અમારે ગામ જમવા પધારો.” ત્યારે મહારાજે હા પાડી જે, “જાઓ આવશું.” પછી બીજે દિવસ સૂર્ય ઊગ્યા મોર તેડવા આવ્યા. અને (મહારાજ જ્યાં) સજ્યા રહેતી હતી, એ ઓરડામાં ધૂણીને પડખે ગાદલું પાથરીને તાપતા હતા. અને આંબાભક્તને આવતા જાણીને મહારાજ તો ગોદડું ઓઢીને પોઢી ગયા.

પછી આંબાભક્તે કહ્યું જે, “આ તે શું ? આટલો દિવસ ચઢ્યો છે ને પોઢી રહ્યા છો ! અને રસોઈ બગડે છે તે આવવું છે કે નહીં ?” એમ ભક્તે કહ્યું, ત્યારે મહારાજ તો ગોદડામાં સૂતાં સૂતાં હસીને બોલ્યા જે, “અમે ને પાળા આવશું.” ત્યારે ભક્તે કહ્યું જે, “મહારાજ, મોરથી તમે નથી આવ્યા, મોરથી તો સાધુ આવ્યા છે; માટે સાધુએ સહિત સર્વે આવો. અને દરબારમાં માણસ કોઈ રહે નહીં, બાઈ-ભાઈ સહુ આવે.”

પછી મહારાજ બેઠા થયા ને ઘોડાગાડી તૈયાર કરીને ચાલ્યા, તે **ગઢાળી**એ મહારાજ પધાર્યા. અને બ્રાહ્મણ હરિભાઈની ઓસરીએ બેસીને જમ્યા. પછી સાધુની પંગત બેઠી. પછી શ્રીજીમહારાજે સાધુને મોતૈયા લાડવા પીરસ્યા અને રૂડી રીતે સંતને જમાડ્યા. અને દરબારમાં વાંસે રહ્યા હતા તેને સારુ લાડવા મહારાજે નામ લઈ લઈને આપ્યા. પછી મહારાજ ચાલી નીકળ્યા.

તે ભાગોળે આવ્યા. ત્યારે શ્રીજીમહારાજે કૃપાનંદસ્વામી સામું જોઈને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “સ્વામી, આ તો માંદા બહુ છે, માટે ગઢડે પડ્યા રહે તો ઠીક.” ત્યારે મુક્તાનંદસ્વામી કહે, “સારું મહારાજ.” પછી મહારાજે કહ્યું જે, “કૃપાનંદસ્વામી, તમે ગાડે બેસો.” ત્યારે કૃપાનંદસ્વામી ગાડે બેઠા.

ત્યારે આંબાભક્તે કહ્યું જે, "અમારે ગામ કોણ રહેશે ?" ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે ગામ આત્માનંદસ્વામી રહેશે." ત્યારે તે ભક્ત બોલ્યા જે, "એ તો માંદા છે તે રહેશે, પણ અમારે તો પાંચ-સાત સાધુ જોઈએ." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "એ તો સો જેવા છે." પછી મહારાજ **ગઢડે** પધાર્યા. ॥૧૪૦॥

## ૧૪૧. સારંગપુરમાં એક માસ સંતો-ભક્તોને સુખ આપ્યું

એક સમે ગામ **સારંગપુર**માં એક મહિના સુધી શ્રીજીમહારાજ રહ્યા હતા. અને જીવા ખાચરને કૂવે ના'વા જાતા, અને વૈતાકનું શાક ને બાટિયું ત્યાં શ્રીજીમહારાજ પોતાને હાથે કરતા. અને એમ કહેતા જે, "કોઈ અમને અડશો મા." ત્યારે સુરા ખાચરે લાકડીએ કરીને બાટી ફેરવવા માંડી. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "અડશો મા." ત્યારે સુરા ખાચરે કહ્યું જે, "લાકડીએ કરીને ફેરવીએ તો ન અભડાય." પછી મહારાજ બોલ્યા નહીં. એવી રીતે શ્રીજીમહારાજ રમૂજ કરતા થકા પોતે જમતા ને જમાડતા. એમ કરતાં સાધુ ઝાઝા ભેગા થઈ ગયા. ત્યારે મહારાજે સાધુને કહ્યું જે, "આપણે વૌઠે સમૈયો કરવો છે. તે સર્વે લીંબડી આદિક ગામમાં ફરતાં ફરતાં વૌઠે આવજો." ॥૧૪૧॥

## ૧૪૨. શ્રીહરિએ વૌઠામાં સમૈયો કર્યો

પછી સંત **બગડ**ને માર્ગે ચાલ્યા. પછી શ્રીજીમહારાજ વાંસેથી ઘોડીએ ચડીને આવ્યા. ત્યારે આત્માનંદસ્વામીએ હાથ જોડ્યા. ત્યારે મહારાજે ઘોડી ઊભી રાખી. ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! તમે પાળી જવાની આજ્ઞા કરી હતી, તે પાળી ન જવાણું." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "કાંઈ ચિંતા નહીં."

પછી શ્રીજીમહારાજે ઘોડીએ ચડ્યા ચડ્યા સાધુને બે પ્રદક્ષિણા દીધી. અને વળી એમ કહ્યું જે, "હે મહાપુરુષો ! અમારું ઐશ્વર્ય છે,

તે અમે તમને સર્વેને અર્પણ કર્યું છે." પછી સાધુ ચાલી નીસર્યા અને શ્રીજીમહારાજ પાછા (સારંગપુર) ગામમાં આવ્યા.

પછી સાધુ સર્વે ફરતાં ફરતાં **વૌઠે** સાંજના આવ્યા અને શ્રીજીમહારાજ સવારમાં આવ્યા. પછી રસોઈ કરાવીને જમ્યા અને સાધુને જમાડ્યા. પછી સાંજના શિવના મંદિરમાં પધાર્યા અને બ્રાહ્મણને વસ્ત્ર આપ્યાં. અને જામો ઉતારીને આપવા માંડ્યો. ત્યારે કાઠીએ કહ્યું જે, "એ તો માગીને લાવ્યા છીએ, તેને શું કહીએ ?"

પછી શ્રીજીમહારાજ ઉતારે પધાર્યા. પછી આરતી થઈ રહી. અને શ્રીજીમહારાજ ગાડા ઉપર બિરાજમાન હતા અને પોતાના મુખારવિંદની આગળ બે મશાલુ બળતી હતી. તેને જોઈને ગામમાં ગોસાંઈજી હતા તેણે કહ્યું જે, "બે મશાલ કેની આગળ બળે છે ?" ત્યારે કોઈકે કહ્યું જે, "એ તો સ્વામિનારાયણ આગળ બળે છે." ત્યારે તે ગોસાઈજીએ કહ્યું જે, "એટલું તેલ કોણ પૂરું કરે છે ?"

તે વાત મહારાજને આવીને કરી જે, "ગોસાઈજીએ એમ કહ્યું જે, એટલું તેલ કોણ પૂરું કરે છે ?" પછી મહારાજે કહ્યું જે, "મૂર્ખ છે, એટલીયે અક્કલ નથી જે, જેની વાંસે આટલા માણસ ફરે છે, તેને બે મશાલનું તેલ નહિ મળતું હોય !" એમ કહીને શ્રીજીમહારાજ કહે, "વલ્લભાચાર્ય ડાહ્યા હતા, તેણે ઠાકોરજીના બાળક ઠેરાવ્યા છે. શા માટે જે, બાળકને ઠપકો નહીં."

### ❋ શ્રીહરિ સંઘના સર્વે ભક્તોના થાળ જમ્યા :

પછી શ્રીજીમહારાજને હરિભક્તે કહ્યું જે, "તમારે સારુ થાળ કરવો છે." પછી મહારાજે કહ્યું જે, "જાઓ કરજો." અને બીજાને કહ્યું જે, "તમે પણ કરજો." એમ સર્વે સંઘમાં હા પાડી. પછી સર્વે સંઘ શ્રીજીમહારાજને સારુ થાળ તૈયાર કરીને લાવ્યા. અને શ્રીજીમહારાજ ગાડા ઉપર બિરાજમાન હતા અને સાધુને કહ્યું જે, "તમે કોરે બેસો

અને જે જે થાળ લાવે તે ભેગા કરો." પછી સર્વે થાળ લાવી રહ્યા અને શ્રીજીમહારાજ ગાડા ઉપરથી હેઠા ઊતર્યા. પછી જમવા બેઠા, તે સર્વેના થાળ જમ્યા. અને જમીને શ્રીજીમહારાજ પાછા ગાડા ઉપર બિરાજમાન થયા. અને મહારાજે સંતને કહ્યું જે, "જાઓ, તમે જમો." પછી સાધુ જમવા બેઠા અને જમીને સાંજના (મહારાજની સાથે) ચાલ્યા, તે **જેતલપુર** આવ્યા. ।।૧૪૨।।

## ૧૪૩. દીનાનાથ ભટ્ટને મુક્તમુનિની આજ્ઞામાં રહેવાનું કહ્યું

ત્યાં(જેતલપુર) વડે હિંડોળો બાંધ્યો હતો, તે ઉપર મહારાજ ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. પછી દીનાનાથ ભટ્ટ અને અમદાવાદનો એક બ્રાહ્મણ, તેણે આવીને શ્રીજીમહારાજને હાથ જોડીને કહ્યું જે, "અમે બે જણે એમ મનસૂબો કર્યો છે જે, દેહપર્યંત મહારાજ કહે તેમ કરવું છે."

પછી શ્રીજીમહારાજે અમદાવાદના બ્રાહ્મણને કહ્યું જે, "તમારે ઘેર બાર મહિનાનો ખરચ થાય એટલું ધન રાખીને વધારો હોય તે બ્રાહ્મણોને જમાડી દ્યો; એ તમને આજ્ઞા છે." અને દીનાનાથ ભટ્ટને એમ કહ્યું જે, "તમારે દેહપર્યંત મુક્તાનંદસ્વામીની આજ્ઞામાં રહેવું, એ તમને આજ્ઞા છે." પછી રસોઈ થઈ અને મહારાજ ને સાધુ જમવા પધાર્યા. પછી સાંજના શ્રીજીમહારાજ ફૂલવાડીમાં લઘુશંકા કરવા ગયા. તે પાછા વળ્યા ત્યારે બે કાકડી કાજુ(સારી) ને કોમળ હતી, તે લઈને જમતાં જમતાં ને હસતાં હસતાં આવીને પાછા હિંડોળા ઉપર બેઠા. ત્યાં શ્લોક છે જે, *સ્ત્રિપુંસૈર્જયતલ્પપત્તનબહિર્વાટીવટે વેષ્ટિતે....* ।।૧૪૩।।

## ૧૪૪. જ્ઞાન તો મોટાની વાતુએ કરીને થાય છે

પછી શ્રીજીમહારાજ **ડભાણ** પધાર્યા ને વડની આથમણી કોરે મહાદેવની દેરી તે ઉપર બિરાજમાન હતા. અને તે દેરીથી દક્ષણાદિ દિશે

બાઈયું બેઠી ને ઉત્તરાદિ કોરે સાધુ બેઠા અને ઉગમણી કોરે હરિભક્ત બેઠા. એવી રીતે સભા ભરાઈને બેઠી હતી. પછી હરિભક્તે કાંઈક પ્રશ્ન પૂછ્યો. પછી શ્રીજીમહારાજે સાધુ સામું જોઈને કહ્યું જે, "આ હરિભક્ત એમ પૂછે છે." ત્યારે સાધુએ ઉત્તર કર્યો. ત્યારે શ્રીજીમહારાજે સાધુ સામું જોઈને કહ્યું જે, "આ બાયું એમ પૂછે છે." ત્યારે તેનો ઉત્તર પણ સાધુએ કર્યો. ત્યારે વળી શ્રીજીમહારાજે બાયુંને કહ્યું જે, "સાધુએ તો એમ ઉત્તર કર્યો." ત્યારે તે બાયુંએ બીજો પ્રશ્ન પૂછ્યો. એવી રીતે મધ્યાહ્ન સુધી વાદવિવાદ થયો, પણ કાંઈયે ઘેડ બેઠી નહીં.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "પ્રશ્નઉત્તરની તો એમ રીત છે જે, જેમ પરીક્ષિત રાજાએ પૂછ્યું અને શુકજીએ વાત કરી દેખાડી અને જદુરાજાએ પૂછ્યું ત્યારે દત્તાત્રેયે વાત કરી દેખાડી, પણ કાંઈ જ્ઞાન તોળીને કોઈએ દીધું નથી, તેમ કાંઈ કોઈએ કાનમાં પણ ખોસી દીધું નથી. માટે આગળ મોટા થયા તેણે વાતુ કરીને સમજાવ્યા છે, પણ કોઈએ તોળીને જ્ઞાન આપ્યું નથી. અને જો તે મોર્યે મોટા થયા તેમણે તોળીને પાંચ શેર આપ્યું હોત તો હું પણ દસ શેર આપત. માટે વાત તો સમજવાની છે. જેને સમજવું હોય તે સમજો." ॥૧૪૪॥

## ૧૪૫. સંતો લોટના ગોળા જમ્યા

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "રસોઈનું કેમ છે ?" ત્યારે સાધુ બોલ્યા જે, "વાતુ સાંભળવામાં સૌ રહ્યા, માટે કોઈ રસોઈ કરવા નથી ઊઠ્યા." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "દિવસ નમી ગયો, તે હવે ક્યારે રસોઈ થાશે ? માટે લોટ લાવો." પછી લોટ લાવ્યા. તે ચોફાળમાં લોટ બાંધીને ગોળા કરીને આપ્યા. અને શ્રીજીમહારાજ તો હરિભક્તની મેડીએ ઊતર્યા હતા, તે ઉતારે પધાર્યા. ॥૧૪૫॥

## ૧૪૬. શ્રીહરિની માર્મિક રમૂજ

પછી બીજે દિવસ યજ્ઞશાળામાં વેદિકા ઉપર વિરાજમાન હતા. અને (તે યજ્ઞશાળા) ફરતી થોરની વાડ હતી અને એક કોરે ખોડીબારું(એક

જણ જઈ શકે તેવું વાય આકારનું ખોડેલું લાકડું) હતું, ત્યાં કણે પાળા ઊભા હતા. તે ત્યાગી વિના કોઈ ગૃહસ્થને ન આવવા દે. પછી મહારાજને અર્થે થાળ લાવ્યા. તે મહારાજ વેદિકા ઉપર જમવા બેઠા. પછી મહારાજને મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ ! (મયારામ) ભટ્ટ એમ કહે છે જે, 'તમે મહારાજને કહો, તે જો મને આજ્ઞા કરે તો દીકરી[1] પરણાવવી છે, તે જાઉં. પછી પાછો આવીશ."

ત્યારે મહારાજે કહ્યું જે, "મરને જાય, અમે ક્યાં ના પાડીએ છીએ ! પણ અમારે જો દીકરી હોય કે બાઈડી હોય તો વગડામાં તેડી જાઉં. તે બાઈડીને વગડામાં ઊભી મેલું, તે બાઈડીનો કોણ ધણી ન થાય ? એ તો જેને ફાવે તે લઈ જાય. અને કાંતો લાકડાં ભેળાં કરીને તે ઉપર બેસારીને દેવતા મેલું, ને કાંતો કોઈક બ્રાહ્મણને દઈ દઉં, ને કાંતો નગરમાં અંગ્રેજનું લશ્કર પડ્યું છે ત્યાં લઈ જઈને ઊભી મેલું, તે જેને જોઈએ તે લઈ જાય. કેમ જે, બાઈડીનો ધણી કોણ ન થાય ?" પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એવી જેની દાનત હોય તેને બાઈડી કે દીકરી ક્યાંથી હોય !" પછી મહારાજ અને સાધુ હસ્યા. પછી સર્વે જમ્યા. ||૧૪૬||

## ૧૪૭. વડતાલમાં શ્રીહરિ બાઈઓનો થાળ જમ્યા

પછી **વડતાલે** આવ્યા અને મહારાજ જોબનપગીની મેડીએ ઊતર્યા અને સાધુ ધર્મશાળામાં ઊતર્યા. અને મહારાજને અર્થે બાઈયું થાળ કરતા, ત્યાં મહારાજ જમવા જાય. તે રોજ બે બે ગુરુને વારાફરતી તેડી જાતા, એવું પ્રકરણ કર્યું હતું. તેમાં એક દિવસ તો આત્માનંદસ્વામીને અને અનંતાનંદસ્વામીને, એ બેને મહારાજ જમવા તેડી ગયા, અને ત્યાં જમવા બેઠા. તે મહારાજને આસન નાંખી દીધું, તે ઉપર બેઠા.

૧.મયારામ ભટ્ટને માત્ર એક હરખબા નામે પુત્રી હતી. તેમના લગ્ન ભુજમાં રામાનંદસ્વામીના શિષ્ય કુબેરજીભાઈ ભટ્ટના પુત્ર ખુશાલભાઈ ભટ્ટ સાથે સં.૧૮૬૬માં થયા હતા.

પછી મહારાજને જમવાનું થાળમાં પીરસતા હતા. ત્યારે એક બાઈ કહે જે, "ઓલ્યું પીરસો," ત્યારે બીજી કહે જે, "પેલું પીરસો," ત્યારે ત્રીજી કહે જે, "કાણું ?" ત્યારે મહારાજ કહે જે, "તમારું ઓલ્યું, પેલું ને કાણું, તે સર્વે રહેવા દ્યો અને જમવાનું લાવો." પછી બાઈયું હસી.

પછી મહારાજને જમવા સારુ આગળ થાળ ધર્યો અને સાધુની આગળ થાળી મેલી, તે મહારાજ ને સાધુ જમ્યા. પછી વાંસેથી ખીચડી આવી, તે ઊની હતી અને બાઈએ પીરસી. પછી મહારાજ કહે, "ખીચડી ઊની છે, તે કાંઈ ઠારવાનું લાવો." પછી તે બાઈએ પિત્તળની કડછી આપી. પછી મહારાજે લઈને પોતાની થાળીમાં ખીચડી પહોળી કરી, અને પછી આત્માનંદસ્વામીની થાળીમાં પહોળી કરવા માંડી અને એમ બોલ્યા જે, "જુઓ, કોણ વટલે છે ?" એમ રમૂજ કરતાં કરતાં જમી રહ્યા.

પછી ચળુ કરીને બેઠા ત્યારે બાઈએ દાડમ ફોલીને કટોરામાં ઘાલીને મહારાજ આગળ મેલ્યો. તે મહારાજે લઈને સાધુને આપ્યો. તે સાધુ જમી ગયા. પછી તે બાઈએ કહ્યું જે, "કોઈ પ્રસાદીયે રહેવા દેતા નથી ! અમે તો પ્રસાદી સારુ મેલ્યો હતો !"

પછી મહારાજ કહે જે, "અમે શું જાણીએ જે તમારે પ્રસાદી જોઈએ છે ! અને જેને પ્રસાદી જોઈતી હોય તો હજારો માણસમાં માગી લઈએ, તેની લાજ શી રાખવી ?" પછી મહારાજ ઉતારે પધાર્યા અને સાધુ ધર્મશાળામાં આવ્યા. અને અનંતાનંદસ્વામીએ કહ્યું જે, "પ્રસાદી તો હજારો માણસમાં માગી લેવી એમ મોકળ કરી." પછી રામદાસજીએ આત્માનંદસ્વામીને પૂછ્યું જે, "પ્રસાદી માગ્યાની મોકળ કરી છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "એ તો બાઈયુંને ખપે(બાઈઓ માંગી શકે) નહીં તે સારુ 'માગી લઈએ, શી લાજ રાખીએ ?' એમ શ્રીજીમહારાજ બોલ્યા હતા." ॥૧૪૭॥

## ૧૪૮. શ્રીહરિના દર્શનાદિ માટે પણ આજ્ઞાલોપ ન કરવો

પછી બીજે દિવસે જોબનપગીની મેડી ઉપર શ્રીજીમહારાજ બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સભા ભરાઈને બેઠી હતી. અને નારાયણગર બાવાની જાયગામાં મહારાજને અર્થે રસોઈ થઈ, તે તેડવાને આવ્યા. પછી મહારાજ જમવા પધાર્યા અને એમ કહ્યું જે, "કોઈ ઊઠશો મા, અમે જમીને આવશું."

પછી બે ત્રણ મહારાજ ભેળા ગયા. તેમણે આવીને વાત કરી જે, "અમને પ્રસાદી મળી. અને મહારાજ હિંડોળાખાટ ઉપર બેઠા અને વાતુ કરી જે, એક પટેલે પૂછ્યું જે, 'કોઈક કહે છે જે, સ્વામિનારાયણે કાંઈ પરચો દીધો ?' ત્યારે મહારાજે કહ્યું જે, 'કોઈક કહે છે કે તમે કહો છો ?' ત્યારે પટેલે કહ્યું જે, 'ના ના મહારાજ, માણસ કહે છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'આ સાધુ જેદિ નહિ હોય, તેદિ તમને સર્વેને પરચો જડશે.' એમ કહ્યું."

એ વાત સાધુએ આવીને કરી, ત્યારે આત્માનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, "મહારાજ ભેળા ગયા હતા, તેને પ્રસાદી મળી, ને દર્શન થયા ને વાતુ પણ સાંભળી; માટે આ બેસી રહ્યા તે અધિક કે ભેળા ગયા તે અધિક ?" ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "બેસી રહ્યા તે અધિક. શા માટે જે, એ આજ્ઞામાં રહ્યા. અને તે આજ્ઞા વિના ગયા અને દર્શન કર્યાં પણ ફડકો રહેતો હશે, પણ દર્શનનું સુખ નહીં આવ્યું હોય. માટે બેસી રહ્યા તે અધિક જ તો !"

પછી મેં કહ્યું, "તમને વૌઠામાં સાધુ સર્વે કહેતા હતા જે, આત્માનંદસ્વામી તો કાંઈના કાંઈ ફરવા જાય છે, તે સમૈયે પણ આવતા નથી; માટે તેમની ભેળો કોણ રહે ?' ત્યારે મને એક ગામ તો બતાવે જે, આ ગામમાં આજ્ઞા વિના ગયા છે ?" પછી તો કોઈ બોલ્યા નહીં. ॥૧૪૮॥

## ૧૪૯. શ્રીહરિએ સંતોની મંડળી બાંધી

પછી મહારાજે મંડળી બાંધી જે, “એક એક ગુરુ ઊભા થાય તેને ભેળા જેને રહેવું હોય તે ઊભા થાય.” પછી અનંતાનંદસ્વામી ઊભા થયા, તે એમની ભેળા રહેવાને કોઈ ઊભા ન થયા. પછી આત્માનંદસ્વામી ઊભા થયા, તે એમની ભેળા રહેવાને પણ કોઈ ઊભા ન થયા. પછી મહારાજ હસ્યા. પછી એમ બોલ્યા જે, “તમારી ભેળા કોઈ ન ઊઠ્યા અને અનંતાનંદસ્વામી ભેળા પણ ન ઊઠ્યા.” પછી મહારાજે કહ્યું જે, “તમે બે ભેળા ફરો.” પછી સાધુને વેર્યા. ॥૧૪૯॥

## ૧૫૦. ગઢાળી ગામમાં શ્રીહરિએ કરેલ લીલા

### ❋ શ્રીહરિને સામૈયું કરી ગામમાં પધરાવ્યા :

એક સમે અમે ગામ ગઢાળીએ હતા. ત્યારે **આંબાભક્તે** શ્રીજીમહારાજને પોતાને ગામ તેડાવ્યા. પછી ગામમાંથી સામૈયું આવ્યું. તે આત્માનંદસ્વામી વેલમાં બેઠા, ને ગરાસિયાનાં ઘોડાં ને ભેળો ડંકો અને ભેળા કેટલાક પગપાળા માણસ, એવી રીતે આવ્યા. તે ગામ **બોડકી**એ શ્રીજીમહારાજ ભેળા થયા. અને આત્માનંદસ્વામીએ શ્રીજીમહારાજને પુષ્પના હાર તથા તોરા પહેરાવ્યા. ત્યાં હકુભાઈએ ઘોડી શ્રીજીમહારાજની આગળ ફેરવી. તે જોઈને શ્રીજીમહારાજ બહુ રાજી થયા, ને કહ્યું જે, “રાખો રાખો.” પછી ભેળા થઈને ચાલ્યા.

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “આ બળદિયા કેના છે ?” ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે , “હકુભાઈના છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “બહુ ચાલે છે !” પછી શ્રીજીમહારાજ ગરાસિયાની મેડી ઉપર ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને સાધુ-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. અને સર્વે શ્રીજીમહારાજનાં દર્શન કરતા હતા.

અને ત્યાં આંબે ભક્તે આવીને આત્માનંદસ્વામીને કહ્યું જે, “રસોઈ તૈયાર થઈ છે.” પછી આત્માનંદસ્વામીએ મેડીએ ચડીને મહારાજને કહ્યું જે, “રસોઈ તૈયાર થઈ છે.” પછી શ્રીજીમહારાજ મેડીએથી ઊતર્યા. અને તે આગળ આત્માનંદસ્વામી ને વાંસે મહારાજ.

**❋ આંબાભક્ત ને તેમના ભાણેજના ઘરે શ્રીહરિ ને સંતો જમ્યા :**

તે આંબાભક્તનો ભાણેજ જે દેવજી તેની ઓસરીએ આસન નાંખ્યું. તે ઉપર મહારાજ જમવા બેઠા અને સામા દાદા ખાચર જમવા બેઠા. પછી મહારાજે કહ્યું જે, “દાદા ખાચર, તમે કઢી લેશો ? તમારે ખટાઈ ઉપર હેત છે.” એમ કહીને કઢી આલી. અને એક સાધુએ કહ્યું જે, “તમે આત્માનંદસ્વામી, ચાલો પંગત બેસે છે.” પછી મહારાજે કહ્યું જે, “તમે સૌ પંગત કરો. આ તો થાણાપતિ(કાર્યકર્તા) છે. એમને તો નજરમાં આવે ત્યારે બેસશે.” પછી મહારાજ જમી ઊઠ્યા ને પંગતમાં લાડુ પીરસ્યા. પછી સંત જમી રહ્યા.

પછી મહારાજ આંબાભક્તને ઘેર વૈષ્ણવાનંદસ્વામીએ થાળ મહારાજને સારુ કર્યો હતો ત્યાં પધાર્યા. પછી ત્યાંથી જમીને ઊઠ્યા. ત્યારે આંબાભક્તે કહ્યું જે, “આ હરિભક્તોને છાતીમાં ચરણારવિંદ આપો.” ત્યારે મહારાજે સર્વ હરિભક્તને ચરણારવિંદ આપ્યાં. પછી એક જીવો રહી ગયો અને મહારાજ ચાલ્યા, ત્યાં ખડકીમાં તે સામો આવ્યો. ત્યારે આંબાભક્તે કહ્યું જે, “ઈયાં સૂઈ જા.” પછી જીવો સૂતો, તે મહારાજે ચરણ છાતીમાં આપ્યાં.

પછી મહારાજે કહ્યું જે, “અમારે લઘુશંકા કરવી છે.” ત્યારે આંબાભક્તે કહ્યું જે, “આવો મહારાજ ! એકાંત બતાવું.” પછી ઘરમાં તેડી ગયા અને ચૂલામાં બતાવ્યું, ને કહ્યું જે, “મહારાજ ! આ ચૂલામાં કરો, એકાંત છે.” પછી આંબેભક્તે કહ્યું જે, “મહારાજ, મંદિરમાં આવ્યું જોશે.”

**✵ મંદિરમાં સ્વામીની સેવાથી શ્રીહરિ રાજી થયા :**

પછી મહારાજ વાંસે ને આગળ આંબાભક્ત, એવી રીતે મંદિરમાં પધાર્યા અને ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા. અને મંદિરમાં તુલસી, કદળી, દાડમનાં ઝાડ અને વચમાં કૂવો, તેને જોઈને મહારાજ બહુ રાજી થયા. પછી હકુભાઈ બોલ્યા જે, "એ તો ભાઈસ્વામીનો(આત્માનંદસ્વામીનો) પ્રતાપ છે."

પછી મહારાજના ગળામાં હાર ઝાઝા હતા, તે એમના એમ 'લ્યો, તમારા ભાઈસ્વામીને' એમ કહીને મહારાજે ભાઈસ્વામીના ગળામાં હાર નાંખ્યા. પછી આંબાભક્ત બોલ્યા જે, "મહારાજ ! ભાઈસ્વામીને મળ્યા નથી," તો પછી મહારાજ કહે, "આવો મળીએ." પછી મળ્યા અને કહ્યું જે, "ઠાકોરનાં દર્શન કરો." પછી મહારાજે ઓરડીમાં ઉંબરાની માંહ્યલી કોરે પગ દીધો, ત્યાં ચરણારવિંદ ભાળ્યાં એટલે પાછા વળ્યા.

**✵ માયાતીતાનંદ સ્વામી પર શ્રીહરિનો કુરાજીપો :**

પછી મહારાજ હકુભાઈને ઘેર થાળ કર્યો હતો, તે જમવા પધાર્યા. પછી જમીને ફળીમાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને સભા ભરાઈને બેઠી હતી. પછી માયાતીતાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, "એક કૂવો ખોદે અને એક દાટી(બૂરી) દે, તેની બળતરા થાય છે." પછી મહારાજે કહ્યું જે, "જ્યાંથી સળગ્યું ત્યાંથી ઓલાશે." એમ કહીને પાળાને કહ્યું જે, "કાઢી મેલો," એટલે બારો કાઢી મેલ્યો.

પછી રાજપીપળા ગામનો એક વાણિયો ઘેલાશા, તેણે કહ્યું જે, "મારે ઘેર થાળ કરીને વાટ જુએ છે, તે મહારાજ પધારો !" ત્યારે મહારાજ ઘોડે ચઢીને ચાલ્યા, તે ઝાંપે આવીને સાધુ ને સર્વે સંઘને કહ્યું જે, "ગઢડાને માર્ગે ચાલો, અમે આવીએ છીએ." એમ કહીને રાજપીપળાને માર્ગે ઘોડી હાંકી, એટલે ઘોડાચરમાત્ર મહારાજ ભેળા ગયા. ત્યાં જઈને

ઘેલાશાના ફળીમાં ઘોડીએથી ઊતરીને કહ્યું જે, "થાળ લાવો." પછી ઓસરીમાં બાજોઠ ઉપર થાળ મૂક્યો. પછી મહારાજે સામું જોઈને કહ્યું જે, "નજર પ્રસાદી થઈ, હવે તમે જમો."

એમ કહીને ઘોડીએ ચડીને ચાલી નીસર્યા, તે **ગઢાળી**ને ઝાંપે આવ્યા. ને પાણીનો ધરો ભર્યો હતો, ત્યાં કણે ઘોડાને પાણી પાયું. અને આત્માનંદસ્વામી ત્યાં ઊભા હતા ને માયાતીતાનંદસ્વામીએ ફેર મહારાજને કહ્યું જે, "એ પ્રશ્નનું કેમ કરવું ?" તે મહારાજે સાંભળ્યું નહીં અને ઘોડાં પાઈને હાંકી મેલ્યાં, તે **ગઢડે** પધાર્યા.

અને સાધુ જાયગામાં આવ્યા, તે ભેળા માયાતીતાનંદ પણ આવ્યા. ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "યાં શીદ આવ્યો ?" ત્યારે તેણે કહ્યું જે, "મને મહારાજે તમારી ભેળો મેલ્યો, તે હવે ક્યાં જાઉં ?" ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "કોઈ સાહેદી(સાક્ષી) છે ?" ત્યારે તેણે કહ્યું જે, "ભક્તરાજ છે." પછી આત્માનંદસ્વામીએ તેને તેડાવ્યા, તે આંબાભક્ત આવ્યા, ને પછી બોલ્યા જે, "મહારાજ કહેતા તો હતા જે, એ ભેળા રહો." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "તમે બે ગઢડે જાઓ ને મહારાજનો કાગળ લાવો ત્યારે રાખશું."

પછી બેઉ ચાલ્યા, તે ગામ બહાર જઈને ભક્તે કહ્યું જે, "કળશિયો લઈને આવું છું ને તમે ચાલો." પછી એ સાધુ ગઢડે ગયા. ત્યાં મહારાજ સાધુની પંગતમાં લાડુ ફેરવતા હતા, ત્યારે એ જઈને બેઠા. પછી મહારાજે એને લાડુ પીરસ્યા અને કહ્યું જે, "એને માયાતીત કહે છે, પણ એ તો માયાપુત છે." ॥૧૫૦॥

## ૧૫૧. ગઢપુરમાં શ્રીહરિએ સમૈયો કર્યો

એક સમે મહારાજે ગઢડે સમૈયો કર્યો. તે ગઢાળીને માર્ગે મંચ કરીને તે ઉપર ઢોલિયો ઢાળ્યો હતો, તે ઉપર મહારાજ બિરાજમાન હતા. અને સર્વે જરિયાની વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કડાં, વેઢ, વીંટિયું,

ઊતરી એ આદિક સર્વે ઘરેણાં પહેર્યાં હતાં, અને હાથમાં છડી છે, તે તારે કરીને ગૂંથેલી છે અને ફૂમકાવાળી છે. અને પગે અડવા આવે તેને હાકલ કરતા ને છડી ઉગામતા. ને એક હરિભક્ત અડ્યો તેને બરડામાં મારી. અને મહારાજે રાજબાઈને વાત કરી જે, "તમારે તો કાંઈ નહીં, પણ અમારે તો કઠણ પડે છે; માટે આ સૌ સાંખ્યજોગી બાઈયું રહે છે, તેમ રહો તો ઠીક પડે." એ દિશની ઘણીક વાત કરી. ॥૧૫૧॥

## ૧૫૨. જીવા ખાચરના દરબારમાં સંતોને લાડુ જમાડ્યા

પછી જીવા ખાચરના દરબારમાં રસોઈ થઈ. તે સાધુએ સહિત મહારાજ પધાર્યા ને મહારાજ જમ્યા. અને સાધુની પંગત ઉગમણે બાર ઓસરીએ બેઠી. પછી મહારાજે મોતૈયા લાડુ ફેરવવા માંડ્યા, તે બે-ત્રણ વાર પંગતમાં ફર્યા. પછી સાધુ કહે જે, "મહારાજ, પૂરણ." ત્યારે મહારાજે કહ્યું જે, "એક એક લાડુ લ્યો તો માથે હાથ મેલું." ત્યારે સૌએ હા પાડી.

પછી મહારાજ લાડુ આપતા જાય ને માથે હાથ મેલતા જાય; એવી રીતે ફરતાં ફરતાં બ્રહ્માનંદસ્વામીની પાસે આવ્યા ને એક લાડુ આપ્યો ને માથે હાથ મેલ્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ બીજાના પતરમાં મૂક્યો. તે આત્માનંદસ્વામીએ દેખીને વિચાર્યું જે, 'બ્રહ્માનંદસ્વામીએ કપટ કર્યું, પણ આપણાથી તો કપટ ન થાય.'

પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "લાડુ લ્યો." પછી હાથ જોડીને કહ્યું જે, "મહારાજ, લાડુ તો નહિ ખૂટે અને દયા કરીને માથે હાથ મેલો તો તમારી બડાઈ !" પછી મહારાજે બે હાથ મેલ્યા. ॥૧૫૨॥

## ૧૫૩. શ્રીહરિએ ગણપતિને પૂજીને ઘેલામાં પધરાવ્યા

એક સમે (ગઢપુરમાં) શ્રીજીમહારાજે ગણપતિની પૂજા કરી, ને પછી ઘેલે પધરાવવા મહારાજ પધાર્યા. તે બ્રાહ્મણે ગણપતિની પાલખી

ઉપાડી, અને મહારાજે કહ્યું જે, "કોઈ અડશો મા." એમ માણસને વાંસે કહેતા જાય. પછી એમ કરતાં કરતાં ઘેલે ગયા, ને ઘેલામાં ગણપતિને બેસાડ્યા. ને જ્યાં સુધી બ્રાહ્મણે પૂજા કરી ત્યાં સુધી મહારાજ એક પગભર, તે ઊર્ધ્વ બાહુ ને ઉત્તરમુખે ઊભા રહ્યા, અને ચારેય કોરે માણસ દર્શન કરે છે; એવી રીતે ગણપતિ પધરાવીને પાછા મંદિરમાં આવ્યા. અને મહારાજ જમ્યા ને સાધુને જમાડ્યા. ॥૧૫૩॥

## ૧૫૪. સુંદરિયાણામાં વસંતપંચમીનો ઉત્સવ

એક સમે સુંદરિયાણાના વનોશા આવ્યા. તેમણે મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! (મારા પિતા હેમરાજ) શાએ દેહ મૂક્યો છે, તે નાતના તો કોઈ (દાડામાં) આવતા નથી; માટે તમારે પધારવું જોશે." ત્યારે મહારાજે ના પાડી. પછી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, "આપણે કોઈને ખરચે ગયાની રીત નથી." ત્યારે વનાશાને આંખે આંસુ આવ્યાં. ત્યારે મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામીની કને જાઓ." પછી સ્વામીએ વાત કરી જે, "ખરચના દિવસનો ઠરાવ રહેવા દ્યો અને વસંતપંચમીનો ઠરાવ કરો."

પછી વસંતપંચમીએ (મહારાજ) **સુંદરિયાણે** આવ્યા અને વનાશાને પૂછ્યું જે, "સામાન કેટલોક છે ? અને આટલામાં બ્રાહ્મણ કેટલાક ભેળા થાય ? અને ધંધુકે માણસ મેલો. તે ધંધૂકે વાણિયાએ સત્સંગી બ્રાહ્મણને જમાડ્યા નહોતા, તે માટે આપણે તે બ્રાહ્મણને તેડાવીને જમાડીએ." એમ મહારાજે કહ્યું. તે સાંભળીને વનાશાદિક વાણિયે એમ જાણ્યું જે, 'વાલમ બ્રાહ્મણને જમાડીએ' ને તેડાવ્યા.

ત્યારે ધંધૂકાના વાણિયે કહ્યું જે, "ત્યાં જાશો મા." ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, "તમે જમાડો નહિ અને બીજો જમાડે છે, તેને ના પાડો છો, તે કાંઈ બે વાતે રોકશો ?" પછી વાણિયે જમાડ્યા અને આવવા દીધા નહીં.

પછી મહારાજે વસંતપંચમીનો ઉત્સવ કર્યો અને રંગ ને ગુલાલ બહુ ઉડાડ્યો. અને રંગનાં ભરેલાં વસ્ત્ર હતાં તે વનાશાને દીધાં. તેમાં પાઘ તે વનાશાને દીધી, ને કેડિયું દીધું જેઠાશાને અને કેડે બાંધ્યો હતો જે રેટો તે ભગાશાને દીધો, અને પાયજામો પૂજાશાને દીધો. અને ચાર દિવસ સુધી મોતૈયા લાડવાની રસોઈયું સાધુને મહારાજ પંગતમાં ફેરવતા, એવી રીતે સાધુને જમાડ્યા. પછી પાંચમે દિવસ સવારમાં ચાલવાનું કર્યું, ત્યારે તાણ બહુ કરી પણ રહ્યા નહીં. પછી મોતૈયા લાડવાની ગાંઠડિયું બાંધીને મેલી, તે **ભેંસજાળ** જઈને જમ્યા. ॥૧૫૪॥

## ૧૫૫. શ્રીહરિએ દાદા ખાચરની રક્ષા કરી

એક સમે મહારાજ **ગઢડા**માં રહેતા અને દાદા ખાચરની ઉપર કાંઈક દગો હતો. અને મેતા, કાઠી ને ભાવર એ સર્વે ભેળા થયા. તે વાત મહારાજે જાણી. તે દાદા ખાચરને તો રાતોરાત છાના પાળા ભેળા લઈને ત્યાંથી બીજે ગામ ગયા.

પછી મહારાજે સૌને કહ્યું જે, "લાકડી, તલવાર આદિક હથિયાર સૌ સૌના હાથમાં રાખજો." અને કેસરીસંગ ને માનસંગ એ બે પુરબિયા હતા. તેમને મહારાજે કહ્યું જે, "તમારે બેને મારે પડખે રહેવું." અને એક ઘેલો ધાધલ હતા. અને સવારમાં હલ્લા આવી. તેણે કમાડ ઠેલ્યાં અને બહુ હોબાળો કર્યો. ત્યારે મહારાજે ઘેલા ધાધલને કહ્યું જે, "કમાડ ખોલી દ્યો." પછી ઘેલા ધાધલે જઈને હાકલ કરી, ને કમાડ ખોલી દીધું. પછી ઘેલા ધાધલ ઉપર બંદૂકનો ઘા કર્યો, તે ભડાકો તો ન થયો, પણ કાનમાંથી બરિયાન ઊડ્યું, તે ભાવરની દાઢી સળગી. પછી કેટલાક તો દાઢિયું ઓલવવા માંડ્યા.

અને કેટલાકને તો સાધુની જાયગામાં માણસ તલવાર્યુ લઈને સામા ઊભા છે, અને કેટલાકને તો દરબારમાં હથિયારબંધ માણસ ભરાઈ રહ્યા છે; એમ જણાણું. પછી એમ બીના જે, 'આ તો આપણને

માંચ્યલીકોર ઘાલીને મારવાના છે,' એમ જાણીને પાછા ભાગ્યા. પછી મહારાજ બે-ચાર દિવસ રહીને આત્માનંદસ્વામીને કહે જે, "દરબારમાં ખબર રાખજો." અને મહારાજ **કારિયાણી** ગયા. ॥૧૫૫॥

## ૧૫૬. લોયામાં સંતોને વૈતાકનું શાક ને રોટલી જમાડી

તે એક મહિનો રહીને મહારાજ **સારંગપુર** પધાર્યા. ત્યાં એક મહિનો રહીને મહારાજ **લોયે** પધાર્યા. ત્યાં નિત્યે રસોઈ થાય. તે ઘીનું આંધણ મેલીને તેમાં વૈતાકનું શાક કરવું, તેમાં મરચાં ઝાઝાં નાંખવાં અને ઘઉંની રોટલી કરવી, એવી નિત્ય રસોઈ થાય અને મહારાજ નિત્ય પીરસે.

અને એક દિવસ આત્માનંદસ્વામી આવ્યા. તે મહારાજ મંચ ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન હતા અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી મહારાજને આત્માનંદસ્વામીએ પુષ્પના હાર પહેરાવ્યા અને ગજરા પહેરાવ્યા અને તોરા ધારણ કરાવ્યા અને બાજુબંધ બાંધ્યા. તે જોઈને મહારાજ બહુ હસ્યા.

પછી સવારમાં રસોઈ થઈ. તે મહારાજ ચાકળા ઉપર બેઠા શાક દેતા જાય અને સાધુ લઈને પંગતમાં બેસે અને સાધુ રોટલી પીરસે. પછી આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે લ્યો." ત્યારે મેં કહ્યું જે, "મરચા વિનાનું હોય તો લઉં." પછી મહારાજે કહ્યું જે, "આ તપેલામાં શાક છે તેમાં મરચા નથી, માટે આ લ્યો." પછી મહારાજે ડંકો ભરીને આપ્યો.

પછી બીજે દિવસ મહારાજ ચાલ્યા અને આત્માનંદસ્વામીને મહારાજે ગઢડાની વાત પૂછી. પછી ત્યાંની સર્વે રીતભાત કહી દેખાડી. ત્યાર પછી મહારાજે આત્માનંદસ્વામીને કહ્યું જે, "તમે ગઢડે જાઓ." પછી સાધુ-પાળાએ સહિત મહારાજ ચાલી નીસર્યા. અને ગામના હરિભક્ત મહારાજને વળાવવા ગયા. તે જ્યારે પાછા વળ્યા, તે ભેળું શ્રીજીમહારાજે કહી મેલ્યું જે, "આત્માનંદસ્વામીને કહેજો જે, તમને એમ કહ્યું છે, અમારી ભેળા આવે." ॥૧૫૬॥

## ૧૫૭. માણાવદરમાં નવાબના ગવૈયા ને સંતોનું કીર્તનગાન

પછી **માણાવદર**માં મહારાજ પધાર્યા અને નવાબના ગવૈયા મહારાજની પાસે ગાવા આવ્યા. તે એક કીર્તન બોલ્યા. પછી શ્રીજીમહારાજે એ ગવૈયાને વખાણ્યા જે, "બહુ સારા ગવૈયા છે !" પછી મહારાજે પ્રેમાનંદસ્વામી આદિક ગવૈયાને સાન કરી, એટલે વાજા લઈને ગાવા માંડ્યા, એટલે એ ગવૈયા ચાલી નીસર્યા.

પછી મહારાજે કહ્યું જે, "એ જે કીર્તન બોલ્યા તેમાં કાંઈ સમજ્યા ?" ત્યારે સૌએ કહ્યું જે, "અમે તો કાંઈ સમજ્યા નહીં." ત્યારે મહારાજ કહે, "અમે પણ કાંઈ સમજ્યા નહીં, એટલું સમજ્યા જે, 'તનનન...' એટલું સમજ્યા." પછી સર્વે બોલ્યા જે, "અમે પણ એટલું સમજ્યા." ॥૧૫૭॥

## ૧૫૮. પંચાળા ગામમાં શ્રીહરિએ કરેલ લીલા

**❋ સંતોને ટોપી પહેરવાનું પ્રકરણ :**

પછી બીજે દિવસ મહારાજ **પંચાળે** પધાર્યા. તે **ઝીણાભાઈ**ના દરબારમાં શ્રીજીમહારાજ ઊતર્યા, ને સાધુ ગામથી આથમણા ઊતર્યા. ત્યાં છાપરાં કર્યાં હતાં, ત્યાં સાધુના ઉતારા કર્યા હતા. અને દરબારમાં નિત્ય રસોઈ થાય ને મહારાજ નિત્ય પીરસે. પછી મહારાજે એમ કહ્યું જે, "સૌ એકએક શકલાદની(જાડા તારના મુલાયમ કાપડની) ટોપી રાખો, ને હિરકોરના રૂમાલ રાખો, ને પનાદાર ધોતિયાં રાખો." ત્યારે શુકમુનિએ કહ્યું જે, "એમ તો કોઈને નહિ ગમે, અને લોક રજોગુણી ઠેરાવશે." ત્યારે મહારાજ કહે, "મરને ઠેરાવે, લોક તો ગમે તેમ બોલે, તેનું કાંઈ નહીં."

પછી સુરતના હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! અમારે સુરત પધારો, તો સાધુ સર્વેને માટે એકએક ટોપી તથા રૂમાલ કરીએ." પછી મહારાજે કહ્યું જે, "જેમ રાજા હોય તે ઉમરાવને મોરથી શિરપાવ

કરે છે, ને પછી જે કામ ઉપર મોકલવા હોય ત્યાં મોકલે; તેમ તમે પણ મોરથી શિરપાવ કરો તો અમે આવીએ." પછી ટોપીનું પ્રકરણ ચાલ્યું.

**❋ રોજ ત્રણ પ્રકારના કુસંગની વાત કરાવતા :**

અને મહારાજ તો સાંજે સભામાં નિત્યે કહે જે, "પંચકથા કરો." તે પંચકથા[1] કરવી. તેમાં ત્રણ પ્રકારનો કુસંગ તેની વાત કરવી. તે જેને જેટલી આવડે તેને તેટલી કરવી. એવી રીતે પાંચ જણાની પાસે મહારાજ નિત્ય વાત કરાવતા. તેમાં એક પ્રસિદ્ધ કુસંગ ને એક સત્સંગમાં કુસંગ ને અંતરમાં કુસંગ, તેના દોષ દેખાડીને વાત કરવી.

**❋ શ્રીહરિનું પૂજન ને રંગોત્સવ :**

અને સાંજે મહારાજે વાત કરી જે, "હોળીનો સમૈયો તો સારો નહીં. શા માટે જે, ભૂંડા બોલે, રાખ ઉડાડે, ધૂળ ઉડાડે, છાણમૂતર નાંખે; માટે હરિભક્તને એ ન કરવું. અને હરિભક્તને તો પુષ્પ તથા ગુલાલે કરીને ભગવાન અને સંતની પૂજા કરવી."

અને સવારમાં મહારાજ દરબારમાં ઓટા ઉપર ઢોલિયો ઢાળ્યો હતો, તે ઉપર બિરાજ્યા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી હરિભક્ત પૂજા કરવાને આવ્યા. તે પુષ્પ, ચંદન, વસ્ત્ર, અલંકાર આદિક તેણે કરીને મહારાજની પૂજા કરી.

અને સાધુ પૂજા કરવા આવ્યા, તે રંગ-ગુલાલ લઈને આવ્યા. તે મહારાજે જાણ્યું, તે ઊઠીને મેવાસમાં(વન-વોકળાની જગ્યામાં) જાતા રહ્યા, તે કોઈને જડ્યા નહીં. તે મહારાજ તો ફરીને સાધુના ઉતારા પાસે મંચ હતો, તે ઉપર આવીને બિરાજ્યા. પછી ચારે કોરથી હલકીને(હરખથી ઉતાવળે) સંત આવ્યા. તે મહારાજે હાકલ કરી જે,

૧.નિત્ય પાંચ વખત અથવા પાંચ જણા પાસે કથા કરાવતા હોવાથી તે કથાને પંચકથા કહેતાં હોય, એવું લાગે છે.

"અમારા ઉપર કોઈ રંગ નાંખશો મા!" પછી બ્રહ્માનંદસ્વામીને એકકોરે ને નિત્યાનંસ્વામીને એકકોરે, એમ એ બેના તડા કરીને સામસામા રમ્યા. અને રમીને પછી ના'વા ગયા, ને નાહીને જમવા ગયા.

**❋ શ્રીહરિ અને સંતો રાસ લઈને કીર્તનો બોલ્યા :**

તે જમીને સાંજના સાધુના ઉતારા પાસે મંચ હતો, તે ઉપર મહારાજ બિરાજમાન હતા. ને સાધુ-હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ને ગોડી, આરતી, ધૂન કરીને સાધુ ફરીને કીર્તન બોલવા માંડ્યા ને મહારાજ પણ ભેળા ફરે. એવી રીતે કીર્તન બોલતા હતા. તે એમ ને એમ સાધુ તો ઝાઝી વાર કીર્તન બોલ્યા, તોપણ મહારાજ આળસ્યા નહીં. પછી સંત તો એક ચરણ બોલે ને નામું વાળે, તોપણ મહારાજ આળસે નહીં. ને મહારાજ તો વારે વારે કહે જે, "બોલો." પણ આળસે નહીં.

પછી બ્રહ્માનંદસ્વામીએ કળા કરી જે, "ચોર..ચોર.." એમ બોલ્યા એટલે હોબાળો થયો, ને સર્વે ઊઠ્યા એટલે કીર્તન બોલતા આળસ્યા. પછી મહારાજે કહ્યું જે, "કોઈ ચોર નથી, એ તો ઠાલો હોબાળો કરીને રંગમાં ભંગ કર્યો, ને કીર્તન બોલતા અળસાવ્યા." પછી મહારાજ દરબારમાં પધાર્યા ને સંત સૌ સૌને આસને સૂઈ રહ્યા.

પછી સવારમાં રસોઈ થઈ તે સૌને જમાડ્યા. અને બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, "તમે ગઢડે જાઓ." પછી આત્માનંદસ્વામી કહે જે, "મહારાજ, હું પણ ગાડું છે, તે બેસીને જાઉં ?" પછી મહારાજે હા પાડી. તે અમે બે ગઢડે આવ્યા. પછી કેટલાક દિવસે મહારાજ ગઢડે પધાર્યા. ॥૧૫૮॥

## ૧૫૯. પ્રગટ હરિ ભેળા સર્વે ધામ, ઐશ્વર્યાદિ હોય જ છે

એક સમે મોરે મછિયાવે સમૈયો કર્યો હતો. તે સમે ટાઢ બહુ હતી ને મહારાજ સવારમાં ના'વા પધાર્યા. તે મહારાજે તળાવમાં પ્રવેશ કર્યો.

પછી હરિભક્ત ના'વા પેઠા ને સંત પણ ના'વા પેઠા. તે ટાઢે ઠરી ગયા ને લૂગડાં તો હીમે કરીને અકડ થઈ ગયાં. અને બહાર નાહીને નીસર્યા પછી તાપ કરાવ્યો, તે સર્વે તાપ્યા. પછી રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા. પછી સાંજે મહારાજે વાત કરી, તે નરનારાયણના મહિમાની વાત કરી. પછી સૌ હરિભક્તનાં ચિત્ત બદરિકાશ્રમમાં તણાણાં, ત્યારે મહારાજ કહે જે, "ત્યાં તો ડુંગર ને ઝાડી બહુ છે. તે ત્યાં કોઈ અથડાવા જાશો મા. અને નરનારાયણ તો આ સભામાં છે, ને ત્યાં તો આ જે ભગવાન તેની વિભૂતિ છે." એમ કહ્યું. ॥૧૫૯॥

## ૧૬૦. અમદાવાદની ચોરાસીમાં બ્રાહ્મણોની આડોડાઈ

એક સમે મહારાજે અમદાવાદ નરનારાયણદેવ પધરાવ્યા ને બ્રાહ્મણોને જમાડવા સારુ ચોરાસી કરી. તે સવારમાં એક બ્રાહ્મણ ઘીનું ગાડું પરબારું લઈને ચાલ્યો, ને તે કહે જે, "અમારે રસોઈ આ કોરે થાય છે, માટે ત્યાં ચાલો." પછી મહારાજને હરિભક્તે કહ્યું જે, "એક બ્રાહ્મણ ઘીનું ગાડું હંકાવીને લઈ જાય છે." પછી મહારાજ ઘોડીએ ચડીને પાળાએ સોતા ગયા, ને હાકલ કરીને ગાડું પાછું વાળીને લાવ્યા.

અને ચોકેચોકે એકએક સાધુને ખબર રાખવાને ઊભા રાખ્યા હતા. અને નિષ્કુળાનંદસ્વામી જે ચોકે ઊભા હતા, તે ચોકાનો બ્રાહ્મણ મૂઠિયા તળેલા કાઢીને જમ્યો ને વધ્યા તે ધૂળમાં દાટ્યાં. પછી નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું જે, "જમો તે જમો, પણ ધૂળમાં શીદ દાટો છો ?"

પછી તે બ્રાહ્મણ તો નિષ્કુળાનંદસ્વામીને બાઝ્યો ને હાથને પોંચે બટકું લીધું. તેની ખબર શ્રીજીમહારાજને થઈ. તે મહારાજ ચોકેચોકે ફર્યા, ને એમ કહે જે, "ઘી, ખાંડ, ગોળ ખાજો, પણ અમારા સાધુને કોઈ ખાશો મા." એમ કહીને મહારાજ બોલ્યા જે, "મધ્યાહ્ન સુધી મોકળ છે. તે તમારે જમવું હોય તેટલું જમી લ્યો. પછી અમારા સત્સંગી પાકશાળા અભડાવશે, પછી કહેશો જે, કહ્યું નહીં." ॥૧૬૦॥

## ૧૬૧. અંગ્રેજ સાહેબનો શ્રીહરિ પ્રત્યે આદરભાવ

પછી મહારાજ મંચ ઉપર આવીને બેઠા. ત્યાં બે સાહેબલોક આવ્યા. તે મહારાજ સામે આવીને સલામ કરીને ઊભા રહ્યા. અને એમ કહ્યું જે, "પાતશાહવાડીમાં(મુસ્લિમ રાજાના બાગમાં) કેમ ન ઊતર્યા ?" ત્યારે મહારાજ કહે જે, "સાહેબ, ત્યાં તો તમારા બગીચામાં ઝાડ, ફૂલ, ફળ હોય તેનું કોઈક જ્યાન(નુકશાન) કરે, તે સારુ ન ઊતર્યા." ત્યારે સાહેબ કહે જે, "તમારા માણસ ન તોડે." ત્યારે મહારાજ કહે જે, "શહેરના માણસ લાખું આવે તે કેનું નામ લઈએ ? કેમ જે, જે આવે તે તોડે."

પછી તે સાહેબે કહ્યું જે, "તમે શહેરમાં આવો ને સંઘ મર અહીંયાં રહે, શહેર તમારું છે." ત્યારે મહારાજ કહે જે, "અમે શહેરમાં આવીએ તો માણસને સુવાણ ન થાય." ત્યારે સાહેબે કહ્યું જે, "નારાયણસ્વામી, બહુત દુબલા ક્યું હો ગયે ?" એ દિશની ઘણીક વાત કરી.

પછી રસોઈ થઈ તે બ્રાહ્મણ જમ્યા ને સાધુ જમ્યા. પછી થોડોક દિવસ રહ્યો ત્યારે મહારાજ ચાલી નીસર્યા, તે **જેતલપુર**માં રાત રહ્યા. ને ત્યાંથી ઊઠ્યા, તે **ગણેશ ધોળકા**ની રાણ્યોમાં રાત રહ્યા. ને ત્યાંથી **ગઢડે** આવ્યા. ને વડોદરાની લીલા તે તો પ્રેમાનંદસ્વામીની લાવણીમાં કહી છે જે, *'પધારે વટપતન સ્વામી; સહજાનંદ મહારાજ પૂર્ણ પુરુષોત્તમ બહુનામી'* તે જાણજો. ॥૧૬૧॥

## ૧૬૨. આદરજમાં ચાર સદ્ગુરુ કર્યા

એક સમે મહારાજે સાઠ મારવાડા હથિયારબંધી બંધૂકવાળા રાખ્યા હતા અને પોતાની પાસે પાળા પણ કેટલાક હતા. અને સાધુ સહિત કોળિયાટમાં ફરતાં ફરતાં મહારાજ **વડનગર** ને **વિસનગર** થઈને **આદરજે** સમૈયો કર્યો. અને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી,

ચૈતન્યાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી એ ચાર જણાને સદ્‌ગુરુ કર્યા જે, “તમારે સત્સંગીની ખબર રાખવી.” અને સાધુ ને સત્સંગીને કહ્યું જે, “એ જેમ કહે તેમ કરવું.”

પછી મહારાજ **અડાલજ**ની ભાગોળે વાવ ઉપર ઊતર્યા અને તેમાં અક્ષર લખ્યા હતા, તે મહારાજે વંચાવ્યા. તેમાં એમ લખ્યું હતું જે, “મેં મારા કલ્યાણ સારુ વાવ ખોદાવી છે, પણ લોકમાં મોટપ સારુ નથી કરાવી.” પછી મહારાજે કહ્યું જે, “સૌ પાણી પીજો ને ના’જો.” પછી ત્યાંથી મહારાજ **ગઢડે** પધાર્યા. ॥૧૬૨॥

## ૧૬૩. શ્રીહરિએ વેદાંતાચાર્યનો આદર-સત્કાર કર્યો

એક સમે વેદાંતાચાર્ય અમદાવાદ આવ્યો. ત્યારે વડતાલમાં મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “તમે પંદર-વીસ સાધુ ભેળા લઈને જાઓ અને એને તેડી લાવો, ને કાંઈ પ્રશ્ન પૂછશો મા.” પછી મુક્તાનંદસ્વામી ગયા તે તેડીને આવ્યા. તે મહારાજને ખબર કરી, તે સામા ગયા ને રૂડી રીતે તેડી લાવ્યા. અને **વડતાલ**માં આંબલી તળે પાટ ઉપર મહારાજ બિરાજ્યા, ને બીજી પાટ ઉપર વેદાંતાચાર્યને બેસાડ્યો, ને બ્રાહ્મણ પાસે પૂજા કરાવી.

પછી મહારાજે કહ્યું જે, “પરસ્પર સાધુ ચર્ચા કરે તેમાં તમારે ન બોલવું ને મારે પણ ન બોલવું.” એવી રીતે અર્ધા અર્ધા સાધુનો વિભાગ કરીને ચર્ચા કરાવતા હતા. ત્યાં વેદાંતાચાર્ય વચમાં બોલ્યા. ત્યારે મહારાજ કહે જે, “અમારે આ કોરે બોલવું જોશે.” પછી પરસ્પર ચર્ચા થઈ. પછી તેણે કહ્યું જે, “મારે સંધ્યાનો વખત થયો છે, માટે અમે જાશું.” પછી તે ઉતારે ગયા. પછી પરોઢિયે ના’વા ગયા. ત્યારે મહારાજે ત્યાં પ્રશ્ન પૂછ્યા, તેનો ઉત્તર ન થયો. પછી (વેદાંતાચાર્ય) દિવસે રહીને આરતી ટાણે પીપલગ ગયા. એવી રીતે કેટલીક વાત લખીએ ? ॥૧૬૩॥

## ૧૬૪. શ્રીહરિ ગઢડાથી વિચરણ કરતા તાવી પધાર્યા

એક સમે મહારાજ **ગઢડે**થી ચાલ્યા, તે અયોધ્યાવાસી ને સાધુ, પાળા, સત્સંગી સહિત ચાલ્યા, તે **સારંગપુર** રાત રહ્યા. પછી ત્યાંથી ચાલ્યા, તે **સુંદરિયાણે** રસોઈ કરીને જમ્યા. ને **વાગડ**માં ગરાસિયા બાજીભાઈને ઘેર ઊતર્યા, ને સંઘ સર્વે બારો ફૂલવાડીમાં ઊતર્યો. ને ત્યાંથી સાંજે **કંથારિયે** રાત રહ્યા. ને સવારમાં ચાલ્યા તે ગામ **શિયાણી**એ રસોઈ કરીને મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા. પછી સાંજના ચાલ્યા તે **તાવી**ના ગરાસિયાએ સુખડીના લાડવા કરાવ્યા તે સાધુ પાળા સૌને એક-એક લાડવો આપ્યો. તે લઈને ચાલ્યા. ॥૧૬૪॥

## ૧૬૫. શ્રીહરિએ તાવીથી દેવળિયા જતાં માર્ગમાં વતું કરાવ્યું

અને મહારાજ વતું કરાવવા બેઠા ને વતું કરવા માંડ્યું. તે થોડુંક વતું કરાવીને ત્યાંથી ઊઠી નીસર્યા, ને કહ્યું જે, “અમારે સંઘને છેટું પડ્યું છે.” પછી દેવળિયાના ગરાસિયા જાલમસંગે જાણ્યું જે, ‘વાળંદ સારો નથી, તે સારુ મહારાજ ઊઠ્યા.’ એમ જાણીને ઘોડી હાંકી, તે દેવળિયેથી વાળંદને તેડી આવ્યા. અને મહારાજ તો માર્ગમાં તળાવને કાંઠે પીપળ તળે ગાડા ઉપર બેઠા હતા. ત્યાં જાલમસંગ ઘોડી હાંકીને આવે છે. તે એક હાથમાં (વાળંદના અસ્ત્રાદિની) કોથળી ને એક હાથમાં ચોકડું ઝાલ્યું છે અને વાળંદ વાંસે દોડ્યો આવે છે.

પછી મહારાજે હસીને કહ્યું જે, “વાળંદને તેડી આવ્યા ?” ત્યારે તે જાલમસંગ કહે જે, “હા મહારાજ !” ત્યારે મહારાજે કહ્યું જે, “સારો છે ?” ત્યારે તેણે હા પાડી. પછી મહારાજ વતું કરાવવા બેઠા. ને વાળંદ તો વતું કરતો હતો, ત્યારે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “સ્વામી, તમારે કરાવવું છે ?” ત્યારે મુક્તાનંદસ્વામીએ ‘હા’ પાડી. ત્યારે મહારાજ કહે જે, “વાળંદ સારો છે, કરાવવું હોય તો કરાવો.

જીવનું જોખમ તો નહીં થાય ને દેહનું તો થાય. અને ઓલ્યે ગામ તો જીવનું જોખમ થાય એમ હતું, તે સારુ અમે ચાલી નીસર્યા." ॥૧૬૫॥

## ૧૬૬. પૂર્ણાનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામીને માનની મૂર્તિ કહ્યા

પછી મહારાજે એમ વાત કરી જે, "કોઈ કહેશે જે માન કેવું હશે ? તો આ જુઓ માનની મૂર્તિ છે. તે એક પૂર્ણાનંદ ને બીજા પરમ ચૈતન્યાનંદસ્વામી એ બે માનની મૂર્તિ છે, તે જુઓ." એમ કહીને પછી મહારાજ વતું કરાવીને ચાલ્યા તે સાંજે **દેવળિયા**ની ભાગોળે રાત રહ્યા. અને સવારમાં રસોઈ કરીને જમ્યા. પછી **દદુકે મેલાસણ** પધાર્યા અને સાંજના ત્યાંથી **મછિયાવ** પધાર્યા. તે ત્યાં રહ્યાનું ઠેપ ન આવ્યું તે બીજે **કુવાર્ય** ગામ રાત રહ્યા. ને બીજે દિવસ **મણીપર** જમીને રાત રહ્યા. ॥૧૬૬॥

## ૧૬૭. અમદાવાદમાં શંકરાચાર્યની અવળાઈ

અને બીજે દિવસ ત્યાંથી **અમદાવાદ** પધાર્યા, તે ત્યાં મંદિરમાં ઉતારા કર્યા. અને રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા. તે પછી થોડાક દિવસ રહીને **અશ્લાલી** મહારાજ પધાર્યા. ને શંકરાચાર્ય વાંસેથી બોલ્યો જે, "અમારે ચર્ચા કરવી છે." પછી મહારાજને ખબર કરી, તે મહારાજ ત્યાં પાછા **અમદાવાદ** પધાર્યા. અને બે માણસ આગળ મોકલ્યા, તેણે શંકરાચાર્યને કહ્યું જે, "ઉતારા કરાવો, સ્વામિનારાયણ આવે છે." પછી તો બોલી ફરી ગઈ, ને એમ કહ્યું જે, "મંદિરમાં ઊતરો." પછી મહારાજ મંદિરમાં ઊતર્યા ને રાત રહીને પાછા **અશ્લાલી** પધાર્યા અને **હરિભાઈ**ને ઘેર રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા. ॥૧૬૭॥

## ૧૬૮. સ્વામીને શ્રીહરિની મરજીમાં રહેવાની દૃઢ લગની

પછી સાંજના મહારાજ ચાલ્યા, તે **અશ્લાલી** અને **જેતલપુર**ના વચમાં સારી જાયગા આવી ત્યાં બેઠા. અને ત્યાં મહારાજે વાત કરી જે,

"નરનારાયણના દેશમાં રહેવું હોય તે બ્રહ્માનંદસ્વામીની પાસે નામ લખાવે, અને લક્ષ્મીનારાયણના દેશમાં રહેવું હોય તે નિત્યાનંદસ્વામીની પાસે નામ લખાવે." પછી એમ નામ લખતા હતા. અને બ્રહ્માનંદસ્વામીએ આત્માનંદસ્વામીનું નામ ના પાડી તોય લખી વાળ્યું.

પછી મહારાજ જેતલપુર પધાર્યા, ને ત્યાં આત્માનંદસ્વામીએ મહારાજની આગળ કહ્યું જે, "મારું નામ પરાણે બ્રહ્માનંદસ્વામીએ લખી વાળ્યું, ને હું તો તમે જ્યાં કહો ત્યાં રહું." ત્યારે મહારાજ કહે જે, "અમારે તો કાંઈ કહેવાય નહીં, કાં જે પક્ષપાત થાય, કેમ જે કહીએ આને પડખે રહો તો બીજાને દુ:ખ લાગે. માટે અમારે આ કોર કે ઓ કોર ન કહેવાય." પછી મને તો બહુ ઉદ્વેગ થયો, તે આંખ્યુમાં આંસુ ચાલ્યાં. પછી મહારાજ કહે જે, "જ્યાં સુવાણ હોય ત્યાં રહીએ. શીદ મૂંઝાઓ છો ?" ॥૧૬૮॥

## ૧૬૯. વડતાલમાં ભક્તો દ્વારા આચાર્ય મહારાજશ્રીનું પૂજન

પછી મહારાજ રાત રહીને ચાલ્યા, તે **ખેડે** આવીને રસોઈ કરીને જમ્યા ને સંતને જમાડ્યા. અને સાંજે **રઘવાણજ** રાત રહ્યા ને બીજે દિવસ **વડતાલ** પધાર્યા. તે મંદિરમાં આવીને ઉતારા કર્યા. અને મહારાજ તો અયોધ્યાવાસીની ભેળા જમતા, ને સાધુ રસોઈ કરે ને મહારાજ પીરસતા. પછી પ્રકરણ ફેરવ્યું જે, 'જેને લક્ષ્મીનારાયણના દેશમાં રહેવું હોય તેને રઘુવીરજી મહારાજની પાસે મંત્ર લેવો, અને નરનારાયણના દેશમાં રહેવું હોય તેણે અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે મંત્ર લેવો.' એવી રીત કરી.

અને એક દિવસ બેય આચાર્યને નોખા નોખા પાટ ઉપર બેસાડ્યા. અને મહારાજે કહ્યું જે, "સૌ સૌના દેશના (આચાર્યની) હરિભક્તો પૂજા કરો. તે નરનારાયણના દેશવાળા હો તે અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો, ને લક્ષ્મીનારાયણના દેશમાં રહેતા હો તે રઘુવીરજીની પૂજા કરો, તે અમે જોઈએ."

પછી સૌ સૌએ પૂજા કરી. તે લક્ષ્મીનારાયણના દેશના હોય તે રઘુવીરજી મહારાજની પૂજા કરે, ને નરનારાયણના દેશના હોય તે અયોધ્યાપ્રસાદજી મહારાજની પૂજા કરે. અને જે મહારાજ પાસે વસ્તુ લાવે તેને મહારાજ એમ પૂછે જે, "તમે કયા દેશના છો?" તે કહે, "નરનારાયણ દેશના છીએ." ત્યારે મહારાજ કહે, "જાઓ, અયોધ્યાપ્રસાદજી મહારાજની આગળ મેલો." અને કહે જે, "અમે તો લક્ષ્મીનારાયણ દેશના છીએ." ત્યારે કહે, "તમે જાઓ રઘુવીરજી મહારાજની આગળ મેલો. જે ફળ-ફૂલ હોય તે મેલો." એવી રીતે સૌ સૌના દેશનો પ્રબંધ બાંધ્યો. પછી કેટલાક દિવસ રહીને મહારાજ **ગઢડે** પધાર્યા. ॥૧૬૯॥

## ૧૭૦. ભક્તો કથામાં બેધ્યાન થયા, તે શ્રીહરિને ન ગમ્યું

એક સમે મહારાજ **અમદાવાદ**માં બાપુભાઈ નાગરની મેડી ઉપર ઢોલિયા ઉપર ઉત્તર મુખે બિરાજમાન હતા. ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં ને બાઈભાઈ સર્વે હરિભક્ત બેઠાં હતાં. ત્યાં આત્માનંદસ્વામી એકલા આવ્યા. તે મહારાજને પગે લાગ્યા ને મહારાજે બરડો થાબડ્યો, અને કહે જે, "એ અમારા પરમહંસ છે." એમ કહીને ધર્મ સંબંધી વાત કરતા હતા. ત્યાં એક સઈ(દરજી) ફળીમાં આવીને બોલ્યો જે, "લ્યો કપડાં." ત્યારે જેટલી બાઇયું હતી, તે સર્વેએ સઈ સામું જોયું. ત્યારે મહારાજે કહ્યું જે, "સૌની વૃત્તિઓ સઈમાં ગઈ." એમ કહીને ચોપાઈ બોલ્યા જે,

ઇન્દ્રિ દ્વાર જરુખે નાના, ત્યાં સુર બેઠે કરીકે સ્થાના;
આવત દેખે વિષે વિહારી, તે શઠ દેવે કપાટ ઉઘારી.[૧]

પછી મહારાજે એની વિસ્તારીને વાત કરી. ॥૧૭૦॥

૧.દેહધારી જીવાત્મા પંચ જ્ઞાનેન્દ્રિયોરૂપી પાંચ ઝરુખે બેઠો છે, તેને જ્યારે બહાર પંચવિષયો આવ્યાની જાણ થાય છે, ત્યારે તે ઝરુખાના બારણાં ઉઘાડીને તે પંચવિષયોને જોયા-ભોગવ્યા કરે છે, આવી રીતે પંચવિષયમાં વિહાર કરનારો જીવ શઠ-લબાડ છે.

## ૧૭૧. વહેલાલમાં શ્રીહરિએ દેહાધ્યાસ ટાળવાની વાતો કરી

એક સમે **કણભા** ને **વહેલાલ**ની વચ્ચમાં એક ગામ છે, ત્યાં સાધુ હતા, તે જમવા બેઠા ને મહારાજ અચાનક આવ્યા. પછી પાટીદારે ઢોલિયો ઢાળી દીધો, તે ઉપર મહારાજ ઉગમણે મુખે બિરાજ્યા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ને સંત જમ્યા ત્યાં સુધી મહારાજે તે પાટીદાર આગળ વાતુ કરી. પછી સાધુ જમીને ઊઠ્યા, ત્યારે મહારાજ 'જય સ્વામિનારાયણ' કહીને ચાલી નીસર્યા.

તે ગામ **વહેલાલ** પધાર્યા. ને રાત્રે વરસાદ બહુ આવ્યો. અને સવારમાં (સંતો હતા ત્યાં) માણસ આવ્યો. ને તેણે કહ્યું જે, "તમને મહારાજે તેડાવ્યા છે." પછી સર્વે સાધુ વહેલાલ ગયા. અને આત્માનંદસ્વામી ને નિર્વિકારાનંદસ્વામી તો ધીરેધીરે આવતા હતા. ત્યાં એક ખેડુએ કહ્યું જે, "તમારા સ્વામિનારાયણ ફૂલવાડીમાં છે."

પછી અમે બે ફૂલવાડીમાં ગયા. ત્યાં મહારાજ લીંબુના ઝાડ તળે ક્યારાની પાળ ઉપર પગભર(ઉભડક) બેઠા હતા અને સર્વે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં. અને સર્વે ક્યારા પાણીએ ભરેલા હતા અને મચ્છર બહુ હતાં. અને ત્યાં અમે બે આત્માનંદસ્વામી ને નિર્વિકારાનંદસ્વામી ગયા અને 'જય સ્વામિનારાયણ' કહીને મહારાજને પગે લાગ્યા.

ત્યારે મહારાજ કહે જે, "આવો બેસો, ને (અહીં) પાણી ને મચ્છર બહુ છે, તે તમારે ચાર મહિના આવી જાયગામાં રહેવું હોય તો રહો ?" ત્યારે નિર્વિકારાનંદસ્વામી બોલ્યા જે, "એવી જગામાં તો ન રહેવાય." ત્યારે મહારાજ કહે જે, "તમારાથી ન રહેવાય. શા માટે જે, તમે તો દેહાધ્યાસી છો અને અમારે તો તેનું કાંઈ નહીં. કેમ જે, અમે તો એવી જગ્યામાં પણ ચાર મહિના રહેવું હોય તો રહીએ." પછી મહારાજ સાખી બોલ્યા જે,

દેહદર્શી તે જ્ઞાનકસાઈ, તે પરમતત્ત્વ ન જાણે;
રસનારહિત જ્યું પંકમાં, આઘો આઘો તાણે.[1] ॥૧૭૧॥

## ૧૭૨. ત્યાગીએ સ્વજનના કલ્યાણનિમિત્તે પણ તેમાં હેત ન રાખવું

પછી સાધુએ સહિત મહારાજ ગામમાં પધાર્યા. તે મહારાજ તો **જેસંગભાઈ**ના મેડે ઊતર્યા હતા ત્યાં પધાર્યા. અને સાધુ તો ચોરે ઊતર્યા હતા, ત્યાં સાધુ(આત્માનંદસ્વામી ને નિર્વિકારાનંદસ્વામી) ગયા. પછી રસોઈ થઈ તે સંત જમ્યા. અને સાંજના મુક્તાનંદસ્વામી આદિક દસબાર સંત મહારાજ પાસે મેડે ગયા. પછી મહારાજ ઢોલિયા ઉપર બેઠા હતા ને સાધુ પગે લાગીને બેઠા.

પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "જ્ઞાનાનંદસ્વામીના મનમાં એમ રહે છે જે, 'મારી મા અને ભાઈ, તેનું કલ્યાણ કરવા જાઉં,' એમ ઘાટ થાય છે." પછી મહારાજે કહ્યું જે, "જાઓ, જો મારી આજ્ઞાએ કરીને જાશો તો તમારું કલ્યાણ થાશે ને એમનું પણ કલ્યાણ થાશે. અને તમારા મનને જાણે જાશો તો તમારું જ કલ્યાણ નહીં થાય તો એમનું તો કલ્યાણ ક્યાંથી થાશે ?"

પછી જ્ઞાનાનંદસ્વામીએ કહ્યું જે, "મારે તો સંકલ્પ ટળી ગયો." પછી મહારાજે સૌને પૂછ્યું જે, "તમારે કોઈને માબાપનું કલ્યાણ કરવા જાવું છે ?" પછી સૌએ ના પાડી ને આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મનના સંકલ્પનો તો નિર્ધાર નથી, પણ તમારું માનવું છે."

પછી મહારાજે કહ્યું જે, "કોઈને ઘાટ નથી ?" પછી મહારાજે કહ્યું જે, "તમારે કોઈનું(કોઈ કુટુંબીનું) કલ્યાણ કરવા જાવું હોય તો આ જીવે લખચોરાસીમાં બધેય સર્વેને માબાપ કર્યાં છે. માટે જેને વર્તમાન

૧.દેહાભિમાની જીવ જ્ઞાનનો ઘાતક છે, તે પરમતત્ત્વ એવા પરમાત્માને જાણી શકતો નથી; જેમ મૂંગો માણસ જેટલું મથે તેમ વધુ ને વધુ કાદવમાં ફસાતો જાય છે, તેમ દેહાભિમાનને કારણે તેની સર્વે ક્રિયા બંધન વધારનારી થાય છે.

ધરાવીએ તેને એમ ધારીએ જે, આ મારા બાપનું કલ્યાણ કર્યું, આ મારી માનું કલ્યાણ કર્યું; ને આ મારા ભાઈનું કલ્યાણ કર્યું, એમ ધારીને કરવું. કેમ જે, ચોરાસીમાં કઈ યોનિમાં જીવ નથી ગયો? સર્વેને માબાપ કર્યાં છે." એ દિશની ઘણીક વાર્તા કરી. ॥૧૭૨॥

## ૧૭૩. શ્રીનગરમાં શ્રીહરિ દ્વારા અંગ્રેજ સાહેબના પ્રશ્નોના ઉત્તર

એક સમે મહારાજ **અમદાવાદ**માં હતા. તે એક દિવસ અંગ્રેજની કચેરીમાં ગયા હતા. પછી તે સાહેબલોક બહુ રાજી થયા. પછી એમ પૂછ્યું જે, "નારાયણ સ્વામી, ભલા એ સબ લોક તમારી અદા(નિંદા) ક્યું કરતે હૈં ?" ત્યારે મહારાજ કહે જે, "અમારા સાધુ દારૂની નિંદા કરે છે, તે જે પીતા હોય તેને વસમું લાગે છે, માટે નિંદા કરે છે." પછી સાહેબ કહે, "ના ના ગોશ્ત(માંસ) ભી ખાતે હૈ." પછી સાહેબ કહે જે, "આ સબ વૈષ્ણવ પૂછતે હે જે, ચાર સંપ્રદાય હે સો પાંચમી સંપ્રદાય સ્વામિનારાયણની ક્યાંથી થઈ ?"

પછી મહારાજે કહ્યું જે, "ભાગવતમાં છે જે, જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન ધામમાં ગયા ત્યારે ઉદ્ધવજીને બદ્રિકાશ્રમમાં મોકલ્યા. તે ધનસ્ત્રીનો ત્યાગ કરીને ચાલી નીસર્યા; તેમ અમારા સાધુ ઉદ્ધવજીની પેઠે ધનસ્ત્રીનો ત્યાગ રાખે છે; માટે ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે. જેમ લોકમાં કહે છે જે, એમાં તો એના બાપના જેવા ગુણ છે, કાંતો એના કાકાના જેવા ગુણ છે, કાંતો એની માના જેવા ગુણ છે, કાંતો એના મોસાળ ઉપર ગયો; એ રીતે લોકમાં કહેવાય છે. તેમ અમારા સાધુમાં ઉદ્ધવજીના જેવા ગુણ આવ્યા છે, માટે અમારો ઉદ્ધવ સંપ્રદાય કહેવાય છે."

પછી સાહેબ બોલ્યા જે, "આ સબ એમ કહતે હે જે, નરનારાયણ દેવ પધરાવ્યા તે કયા શાસ્ત્રમાં કહ્યા છે ?" ત્યારે મહારાજ કહે જે, "ભાગવતમાં છે જે, નરનારાયણ તો ભરતખંડના રાજા છે, તેને કોણ

ના પાડે છે ? એની નજરમાં આવે ત્યાં બેસે. કેમ જે, પોતાના રાજમાં કોણ રોકે ?" એવી રીતે ઘણીક વાત થઈ. ॥૧૭૩॥

## ૧૭૪. અંગ્રેજ સાહેબની પત્નીની શ્રીહરિને પ્રાર્થના

પછી મહારાજ ઊઠ્યા, ત્યારે કુબેરસંગે કહ્યું જે, "આ દુર્લભ સાહેબના ઘરના માણસને દર્શન કરવાં છે, માટે ત્યાં થઈને ચાલો." પછી મહારાજ ગયા. ત્યારે મહારાજની આગળ થાળ મૂક્યો. તેમાં એલચી, લવિંગ, સોપારી, પાનબીડી તે મેલી, ને ઉપર રૂમાલ ઢાંકીને મેલ્યો. અને પગે લાગીને કહે જે, "નારાયણસ્વામી, યે મેરી દીકરી હે. ઈસકે પેટમેં બચ્ચા હે, ઈસકી તમે રક્ષા કરના !" એવી રીતે મહારાજની સ્તુતિ કરી. પછી મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૧૭૪॥

## ૧૭૫. શ્રીહરિએ સ્વામીની પ્રશંસા કરી ને અતિ હેતથી ભેટ્યા

અને **ગઢડા**માં મહારાજ નિરંતર રહે છે. તેમાં એક દિવસ મહારાજ સજ્યાની ઓરડીએ, આથમણી ઓસરીએ, ઢોલિયા ઉપર આથમણે મુખારવિંદે બિરાજમાન હતા, ને હરિભક્તની આગળ શૂરાતનની વાત કરતા હતા. અને તેવા સમામાં આત્માનંદસ્વામીની મંડળી આવી. ત્યારે મહારાજ કહે જે, "એ અમારા શૂરા આવ્યા." એમ કહીને મહારાજ સામા આવ્યા. ત્યારે આત્માનંદસ્વામીએ દંડવત કર્યા. ત્યારે સોમલા ખાચર કહે જે, "શું લાંબાટૂંકા થાઓ છો ? આ મહારાજ ઊભા થઈ રહ્યા છે."

પછી મહારાજ બહુ હેતે કરીને મળ્યા, ને હું આત્માનંદસ્વામી પણ પગે લાગવા ગયો, ત્યાં બે હાથ ઝાલીને વાંસલી કોરે એક હાથે કરીને બે હાથ ઝાલીને બીજો હાથ છાતી ઉપર ફેરવ્યો. અને મહારાજ એમ બોલ્યા જે, "જુઓને, એકલાં હાડકાં છે. એ તો ત્વચાએ કરીને ઢંકાણાં છે, માટે જણાતાં નથી."

પછી આત્માનંદસ્વામીને કાખમાં લઈને બાઈયું સામા ઊભા રાખીને, બે આંખ્યું મહારાજે પોતાને હાથે કરીને ઉઘાડવા માંડી, ને હું તો આંખ્યું મીંચી ગયો. તે મહારાજ બહુ હસ્યા ને બાઈયું તથા હરિભક્ત પણ બહુ હસ્યાં. એવી રીતે હાસ્યવિનોદ બહુ થયો. ॥૧૭૫॥

## ૧૭૬. શ્રીહરિએ પંચરત્નના પુસ્તકની પૂજા કરાવી

એક સમે મહારાજે પંચરત્નનું પુસ્તક[૧], તેની પૂજા કરાવી. તેમાં જે ધન આવે તે અયોધ્યાવાસીનું. પછી ગંગાજળિયા કૂવા પાસે બાજોઠ ઉપર પુસ્તક મેલ્યું. અને મહારાજ ચાકળા ઉપર બેઠા હતા, ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને રામપ્રતાપભાઈ ને ચારપાંચ સાધુ ને હરિભક્ત બેઠા હતા, ને એક કોરે બાઈયું બેઠી હતી. ને સૌ હરિભક્તે પુસ્તકની પૂજા કરી.

ત્યારે મહારાજે એમ કહ્યું જે, “કાંઈ ભેટ મેલવી જોઈએ.” પછી સૌ હરિભક્ત બાઈભાઈએ સૌ સૌની પહોંચ પ્રમાણે ભેટ મેલી. એવી રીતે પૂજા કરી રહ્યા. પછી મહારાજ કહે જે, “એ બેયને અર્ધા-અર્ધા વહેંચી દ્યો.” પછી રામપ્રતાપભાઈએ સર્વે લઈ લીધા. પછી મહારાજ કાંઈ બોલ્યા નહીં.

પછી વળી મહારાજે કહ્યું જે, “ગવૈયાને બોલાવો જે, વાડીએ ઓટા ઉપર પુસ્તકને પધરાવીએ.” પછી મહારાજ કહે જે, “ગવૈયાને કેમ વાર લાગી ?” ત્યારે સૌએ કહ્યું જે, “ના’વા ગયા છે.” પછી મહારાજ ઊઠ્યા, ને પુસ્તક માથા ઉપર લીધું, ને આત્માનંદસ્વામી ને જયાનંદસ્વામી આગળ ગાતા જાય ને બીજા ઝીલે તે,

*‘સખી ગોકુળ ગામના ચોકમાં રે...’*

---

૧.શ્રીમદ્ભાગવતમાં કપીલગીતા, ગુણવિભાગ, વાસુદેવ અવતાર ચરિત્ર, વૈકુંઠધામ દર્શન અને નારાયણ કવચ એ નામના પાંચ પ્રસંગો છે. તે પાંચેયને ભેગા કરીને એક ગુટકો બનાવેલ છે. તેનું નિત્યાનંદસ્વામીએ ગુજરાતી ભાષાંતર કરેલ છે અને મુકતાનંદસ્વામીએ તેને દોહા-છંદાદિમાં ગૂંથેલ છે. આ ગૂટકાને પંચરત્નનો ગૂટકો કે પુસ્તક કહેવામાં આવે છે.

એ કીર્તન બોલ્યા ને એવી રીતે ગાતાં ગાતાં ફૂલવાડીમાં (લક્ષ્મીવાડીમાં) મહારાજ પધાર્યા. તે આવીને ઓટા ઉપર બિરાજ્યા ને ખોળામાં પુસ્તક લીધું. પછી સાધુ સર્વે ના'વા ગયા હતા, તે પણ આવ્યા. પછી મહારાજે પુસ્તક ઓટા ઉપર મૂક્યું, ને મહારાજ ઓટાથી ઉત્તરાદિ કોરે ઢોલિયા ઉપર બિરાજમાન હતા. ને સામો આંબો હતો, તે તળે બાઈયું બેઠી હતી, ને નિષ્કુળાનંદસ્વામી કેળોના થંભ રોપીને મંડપ કરતા હતા. ॥૧૭૬॥

## ૧૭૭. શ્રીહરિની માનુષી લીલા

તે સમામાં મહારાજ બહુ દિલગીર થયા ને આંખ્યુમાંથી આંસુ ચાલ્યાં જાય. પછી કેટલીવાર પછી રૂમાલ લઈને પોતાને હાથે આંસુ લૂછ્યાં, ને એમ બોલ્યા જે, "કોઈને એમ સંશય થાય છે જે, કેમ મહારાજ દિલગીર થયા હશે !? તેનો ઉત્તર કરીએ જે, આ સૌને વાંસે રોવાવાળા છે ને અમારે વાંસે કોઈ રોવાવાળા નથી; તે માટે અમે અમારું રોઈ લીધું. ને બીજાને વાંસે ખરચ કરનારા છે ને અમારે કોઈ ખરચ કરનારા નથી; માટે આ બ્રાહ્મણ જમાડ્યા ને સંતને જમાડ્યા, તે અમે અમારો ખરચ કરી લીધો. ને બીજાને વાંસે દેરી કરાવનારા છે ને અમારે દેરી કરે એવો કોઈ નથી; માટે આ મંદિર કરાવ્યાં તે અમે અમારી દેરી કરી છે. ને **ગોપીનાથ પધરાવ્યા છે, તેમાં અમે રહેશું.**" એટલી વાત કરીને પાછા મંદિરમાં પધાર્યા. ॥૧૭૭॥

## ૧૭૮. પંજાબી સંતો અને રામપ્રતાપભાઈના ખોરાકની રમૂજી વાતો

પછી એક દિવસ ઝીણાભાઈની બહેને(અદિબાએ) મહારાજ સારુ થાળ કર્યો, ને બાઈએ કહી મોકલ્યું જે, "ચાર સાધુ ને મહારાજ આવે." ત્યારે મહારાજ કહે, "કયા કયા સાધુ આવે ?" ત્યારે તે કહે જે, "બ્રહ્માનંદસ્વામી, આત્માનંદસ્વામી, અખંડાનંદસ્વામી ને શુકમુનિ એ ચાર સાધુ આવે."

પછી એ ચારે સહિત મહારાજ જમવા પધાર્યા. ત્યાં મહારાજને અર્થે થાળ પીરસીને તે બાઈ તો બહાર ગયાં, ને ત્યાં મહારાજ ચાકળા ઉપર બેઠા. ને બાજોઠ ઉપર થાળ મૂક્યો ને પાસે સાધુ બેઠા. પછી મહારાજ જમતાં જમતાં બોલ્યા જે, "અખંડાનંદસ્વામી પંજાબી તે બહુ ખાય." એમ કહ્યું.

ત્યારે સાધુએ હા પાડી, ને કહ્યું જે, "જ્ઞાનાનંદસ્વામી, આદિત્યાનંદસ્વામી ને નિરંજનાનંદસ્વામી એ સર્વે પંજાબી હતા. તે પાંચપાંચ છછ ગોળા ખાતા. અને એક પંજાબી પરોણો આવ્યો, ત્યારે તેને સગે પૂછ્યું જે, "તમારે શો ખોરાક છે ?" ત્યારે તે પરોણો બોલ્યો જે, "જો ઘઉંની રોટલી હોય તો અણગણિયા, ને બાજરેદી હોય તો વીસત્રીસ, કાંઈ નિયમ નહીં. અને ચોખામગ તો સાયદા ફૂલ હે, કોઈ ધ્રાયા ? ને ધ્રાશે ?" તે પછી મહારાજ બહુ હસ્યા.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "પંજાબીનો વાંક કાઢો છો, પણ કાંઈ પંજાબી એકલાનો વાંક નથી. કેમ જે, પુરબિયા ક્યાં ઓછું ખાય છે ?" ત્યારે મહારાજ કહે જે, "પુરબિયા બહુ ખાય ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "જુઓને, થોડું ખાય છે કે ઘણું ખાય છે. કેમ જે, પંચાળે રામપ્રતાપભાઈ સવારમાં માખણ ને સાકર જમે, ને મધ્યાહ્ને ઘીનું આંધણ મેલીને તેમાં વૈતાકનું શાક કરે, ને ચડતી ખીચડીમાં ઘી નાંખતા, ને ઘીમાં લોટ બાંધતા ને પાણી તો થોડુંક ચિકાશ સારુ નાંખતા;

એવી રીતે લોટ બાંધીને તેની પૂરી કરતા. પછી એટલું મધ્યાહ્ને જમીને સૂઈ રહેતા. અને વળી સાંજે પાંચશેર દૂધ મગાવીને તેને કઢતા. તે બળતાં બળતાં બશેર રહે ત્યારે તેમાં સાકર નાંખીને પીતા ને સૂઈ રહેતા. ને સવારમાં ઊઠીને એમ કહે જે, 'આ ગામકે પાણી બોત અચ્છા નહીં, તે અન્ન પચતા નહીં."

પછી મહારાજ બહુ હસ્યા, અને પછી એમ બોલ્યા જે, “સવારમાં માખણ કેટલુંક દેતા ?” ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “મને શી ખબર ? એ બાઈ(અદિબા) જાણે.” ત્યારે મહારાજે તે બાઈને સાદ કર્યો. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે જે, “જેમ છે તેમ કહેશે નહીં.” ત્યારે મહારાજ કહે જે, “શું નહીં કહે ? અમને પૂછતાં આવડે છે.” પછી બાઈ ઓસરીની હેઠે આવીને ઊભાં રહ્યાં ને કહે જે, “શું કહો છો મહારાજ ?”

પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “રામપ્રતાપભાઈ એમના દેશમાં ગયા, તે સાધુને એમ કહેતા ગયા જે, પંચાળામાં એતા દિન રહે, પણ કોઈ દિન ધરાઈકે તો માખણ ખાયા નહીં; માટે તમે કેટલુંક માખણ દેતા ?” ત્યારે તે બાઈ બોલ્યાં જે, “અમે કાંઈ તોળીને તો કોઈ દિ નથી દીધું.”

ત્યારે મહારાજ કહે જે, “અનુમાને ન જાણીએ જે આટલું છે ?” ત્યારે તે બાઈ કહે જે, “અનુમાને કેમ જાણીએ ?” પછી મહારાજ કહે જે, “ઓલ્યો પાણો જુઓ, એટલુંક દેતા ?” ત્યારે તે બાઈ કહે જે, “હા મહારાજ ! એટલું દેતા.” ત્યારે મહારાજ કહે જે, “ઠીક દેતા. જુઓ, આ પાણો બશેરનો છે ને બશેર સાકર આવતી હશે, એટલું સવારમાં જમવું, ને મધ્યાહ્ને ખીચડીમાં ઘી ને ઘીનું શાક, ને ઘીમાં લોટ બાંધેલી પૂરી, એટલું જમવું, અને સાંજના પાંચશેર દૂધનો માવો તેમાં બશેર અઢીશેર સાકર તે જમવું, અને પ્રભાતે પાણીનો વાંક કાઢવો જે પચતા નહીં હૈ, તે કેટલું પચે ?”

પછી મહારાજ જમી રહ્યા અને સાધુને કહે જે, “તમે બેસો.” પછી સાધુ જમવા બેઠા ને મહારાજે શીરો, પૂરી, શાક ને અથાણાં પીરસ્યાં. તે સાધુ જમ્યા. અને ભાત પીરસ્યો ને ઘી પીરસ્યું, ને આત્માનંદસ્વામીને ઘી ન પીરસ્યું. પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, “ભાઈસ્વામીને ઘી નથી આપ્યું.” ત્યારે મહારાજ કહે જે, “ભૂલી ગયા.” પછી કહે જે

"ભૂલી ગયા તો નથી, પણ અમે એમ જાણ્યું જે, નહીં ખાતા હોય." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "ઘી તો ખાય છે." ત્યારે મહારાજે ઘી પીરસ્યું. પછી સાધુ જમીને ઉતારે આવ્યા ને મહારાજ પોઢવા પધાર્યા. ॥૧૭૮॥

## ૧૭૯. સારું દાતણ મળતાં સ્વામીએ શ્રીહરિ માટે રાખી મેલ્યું

એક સમે આત્માનંદસ્વામીની મંડળી મહારાજે બોટાદ મેલી. તે રાત પીપળીયે રહીને બોટાદ ગયા. એ માર્ગમાં બોરડી ખોદેલ, તેના દાતણ સૌએ લીધા, ને આત્માનંદસ્વામીએ પણ એક દાતણ હાથ આવ્યું તે અરધું મૂળ ને અરધું બાર એવું એક હાથનું દાતણ, તે 'મહારાજ કરે એવું છે' એમ આત્માનંદસ્વામીએ મનમાં સંકલ્પ કર્યો. તે દાતણ રાખી મેલ્યું. તે બીજે દિવસ પણ ન કર્યું અને ત્રીજે દિવસે પણ એમ વિચાર કર્યો જે, 'આ તો મહારાજ કરે એવું છે, માટે ન કર્યું.' ॥૧૭૯॥

## ૧૮૦. માંદા ભગાશાને જોવા શ્રીહરિ બોટાદ પધાર્યા

પછી મહારાજ તો ભગોશા માંદા હતા, તેને જોવાને સારુ અર્ધ રાતે આવ્યા. તે માર્ગમાં બહુ વરસાદ વરસ્યો, તે પલળ્યા થકા આવ્યા. તે દાહા ખાચરના દરબારમાં ફળી છે, તેમાં પાણી ભરાણું હતું, તેમાં ઘોડા ઊભા મેલીને, એમ ને એમ ભીને વસ્ત્રે સહિત ભગાશાને ઘેર પધાર્યા. પછી દર્શન દીધાં ને ધીરજતાની વાતુ કરી, ને મહારાજ કહે જે, "કાંઈ ચિંતા રાખશો મા." એમ કહીને મહારાજે પાછા દાહા ખાચરના દરબારમાં આવીને ભીનાં વસ્ત્ર ઉતારીને કોરાં વસ્ત્ર ધાર્યાં. ને ઓસરીએ લાકડાં સળગાવીને મહારાજ તાપવા બેઠા.

પછી સવાર થવા આવ્યું ત્યારે આત્માનંદસ્વામી કહે, "મહારાજ, દાતણ કરશો ?" ત્યારે ના પાડી, ને વળી પાછા ફેર ભગાશાને જોવા સારુ મહારાજ પધાર્યા. ને વાતુ કરી જે, "કાંઈ ચિંતા રાખશો મા, અમે

તો ચાલશું.” એમ કહીને પાછા દાહા ખાચરના દરબારમાં આવ્યા, ને ઢોલિયે બેઠા, ને દાતણ સંભાર્યું જે, “કોણ કહેતું હતું જે દાતણ કરવું છે ?” ત્યારે મેં કહ્યું જે, ‘હું કહેતો હતો, મહારાજ !’ પછી મેં દાતણ આપ્યું. પછી મહારાજે દાતણ કર્યું. ॥૧૮૦॥

## ૧૮૧. ભગા શેઠે શ્રીહરિ અને સંતોને મોતૈયા લાડુ જમાડ્યા

પછી દિવસ ઉગવા ટાણે તે હરિભક્ત(ભગા શેઠ) દર્શને આવ્યા. ને મહારાજ દાતણ કરીને સાબદા થયા. ત્યારે હરિભક્ત કહે જે, “છાશ પીને(ટીમણ કરીને) ચાલો.” ત્યારે મહારાજ કહે જે, “અમારે ઘોડાં રાતના ખડ તથા જોગાણ વિનાના પાણીમાં ઊભાં છે. માટે છાશ થાય ત્યાં સુધી અમારે નથી રહેવું.” ત્યારે હરિભક્ત કહે, “રાતનું કરી મેલ્યું છે.”

પછી મહારાજ ત્યાંથી ચાલ્યા, તે સોમલા ખાચરના દરબારમાં સાધુની ઓરડી છે, ત્યાં ચાકળા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજ્યા. ત્યાં હરિભક્ત મોતૈયા લાડુ તપેલામાં ભરીને લાવ્યા, ને વાંસે પાળા હતા, તે પણ આવ્યા.

પછી મહારાજને હરિભક્ત કહે જે, “વહેંચો.” ત્યારે મહારાજ કહે જે, “સાધુનો માંહી ભાગ છે ?” ત્યારે હરિભક્ત કહે જે, “હા મહારાજ ! સૌ સાધુને અર્થે કર્યા છે.” પછી મહારાજે સૌને બેબે લાડવા આપ્યા. ત્યારે કોઈક બોલ્યા જે, “આ ભીમને બે લાડવે શું થાશે ?” ત્યારે મહારાજ કહે જે, “અમે શું કરીએ ? વાણિયો તો તોળીને કરે, તે અમે વધુ ક્યાંથી લાવીએ ?” એમ કહીને વધ્યા તે ખડિયામાં નંખાવ્યા, અને બોલ્યા જે, “અમે તો બહારે કોઈક ધાર ઉપર સારી જગ્યા હશે ત્યાં બેસીને જમશું. કેમ જે, આ ગામમાં તો શેરિયું ગંધાય છે, તે નહિ જમીએ.” ॥૧૮૧॥

## ૧૮૨. નાગલપરમાં બહુ જનોને પાણી છાંટી વર્તમાન ધરાવ્યાં

એમ કહીને મહારાજ ચાલી નીસર્યા. તે ગામ **નાગલપર** આવ્યા. ત્યારે તે ગામના માણસ આડા ફર્યા. તે મહારાજને કહે જે, "છાશ પીને જાઓ." પછી મહારાજ ગામમાં પધાર્યા. તે ગામના કાઠીના દરબારમાં બિરાજમાન થયા અને કહે જે, "લ્યો અમે તમને છાશ પાઈએ." એમ કહીને ખડિયામાં લાડવા હતા, તે સૌને વહેંચ્યા. પછી માણસ બહુ ભેળા થયા. તે કહે જે, "અમને વર્તમાન ધરાવો." પછી મહારાજે હાથમાં પાણી લઈને છાંટ્યું, ને કહે જે, "આ પાણી જેને અડ્યું, તેને વર્તમાન છે." ॥૧૮૨॥

## ૧૮૩. કુસંગીની કુટિલતાને દેખાડતું શ્રીહરિનું ચોટદાર દૃષ્ટાંત

પછી તે ગામનો કાઠી કહે જે, "મને તો વર્તમાન ધરાવો ?" પછી મહારાજ કહે જે, "તમારા વર્તમાન નહિ રહેવા દે. શા માટે જે, બધો મલક નકટો છે અને તમે સત્સંગ કરશો એટલે નાકવાળા થાશો. પછી તમે જ્યારે ભાવનગરની કચેરીમાં જાશો ત્યારે (તમારો સત્સંગ) નહિ રહેવા દે."

એમ કહીને પછી તે ઉપર મહારાજે એક દૃષ્ટાંત દીધું જે, "એક રાજાએ ડુંગર ઉપર શહેર વસાવ્યું હતું. તે એક કોરે ચઢવાનો મારગ હતો. ત્યાં બે માણસ જો ઊભા રાખ્યા હોય, તો ત્યાં કોઈથી ચઢાય નહીં એવો હતો. પછી ત્યાં રાજાએ ભાવર રાખ્યા તે ચોકી કરતા. તે એમ ચોકી કરતાં કરતાં એક દિવસ તેણે એમ વિચાર્યું જે, 'આ ડુંગરા ઉપર ધન બહુ છે. તે જો રાજાના માણસને ન ચડવા દઈએ તો આપણે સર્વે ધન આવે.' એમ વિચાર કર્યો. તેની રાજાને જાણ થઈ જે, ભાવર ખૂટ્યા(વિશ્વાસઘાતી થયા). પછી તો રાજાએ કોઈક કળાએ કરીને તે ભાવરને ઝાલ્યા, ને કહ્યું જે, 'એને તોપને મોંઢે દ્યો.'

પછી કોઈક ડાહ્યા પુરુષ બોલ્યા જે, 'તોપને મોંઢે દેશો, તે મરી જાશે. પછી કોઈ કહેશે જે, 'મરી ગયા, મરી ગયા, એ થઈ રહી વાત !' માટે એ કરતાં એના નાક કાપો તો સર્વે જગત જાણે, એટલે મલકમાં છતરાયા થાશે, એટલે (ભાવર લોકોને) કોઈ (ચાકર) તરીકે રાખશે નહીં.'

પછી સર્વેનાં નાક કાપીને પોતાના મલકમાંથી બહાર કાઢી મેલ્યા. પછી એ નકટાએ એક ગામ વસાવ્યું. તે એ માર્ગે જે કોઈ આવે તેનું નાક કાપી લે. પછી એ માર્ગે કોઈ આવે નહીં. પછી છોકરા જન્મે તે એની માને કહે જે, 'તારું નાક ક્યાં ?' ને વળી એના બાપને કહે જે, 'બાપા તારું નાક ક્યાં ?' પછી સર્વેએ ભેળા થઈને એમ વિચાર કર્યો જે, 'આ છોકરા આપણને કહે છે, તેનું કેમ કરવું ?' ત્યારે સર્વે કહે જે, 'છોકરાનું જન્મતાં જ નાક કાપી લ્યો. તે પછી શું કહેશે ?'

તેમ જ આ સર્વે જગત નકટુ છે, તે તમારો સત્સંગ નહિ રહેવા દે; કેમ જે, તમે જુઓને, અમારા સાધુ છે તે નાકવાળા છે. તેને નકટી જગતની રાંડુ છે, તે સાધુની ઉપર આવે છે ને વાંસે દોડે છે, તે નાક કાપવાને સારુ દોડે છે. ને એમ કહે છે જે, 'આ નાકવાળા રહી ગયા, તે આપણને ટોકશે.' એમ નકટા જાણે છે." એ દિશની ઘણીક વાત કરી. અને મહારાજ **ગઢડે** પધાર્યા. ॥૧૮૩॥

## ૧૮૪. શ્રીહરિએ પાકા ફળ ને બાઈઓના સ્વભાવ વિષે વાત કરી

અને પછી ત્યાં કેટલાક દિવસ રહ્યા, તે કેડે ભાવનગરનો મે'તો બોટાદ આવ્યો. તે કોરેમોરે(આસપાસ)ના કાઠી પણ ઝાઝા ભેળા થયા. પછી મહારાજ પણ **બોટાદ** પધાર્યા. તે **દાહા ખાચર**ના દરબારમાં ઓરડાની વાંસે એક વાડો છે, ત્યાં વતું કરાવવા પધાર્યા. ત્યાં એક દાડમનું ઝાડ હતું, તે ઉપર ચડીને પોતે દાડમ ઉતાર્યું. ને કહે જે,

"આ પાકું છે. શા માટે જે, જુઓ આ ફાટેલું છે, તે જે જાતે પાક્યું હોય ને કાંતો એને જાણે ખરી પડે, તે પાકલ જાણવું." એમ કહીને મહારાજ પોતાને હાથે સુધારીને જમ્યા.

પછી કોગળા કરીને વતું કરાવવા દક્ષણાદે મુખે બેઠા. પછી વાળંદ વતું કરતો હતો, ત્યાં શેરીમાં સ્ત્રીયું છાજિયા લેતી હતી. તેને સાંભળીને વાળંદને ના પાડી, ને કાન દઈને સાંભળવા લાગ્યા. તે સાંભળીને મહારાજ કહે જે, "બધી ડાકણું ભેળી થઈ છે. કેમ જે, (નવરા) બેઠાં દિવસ જાય નહીં, ત્યારે યાં સુવાણ કરવા ભેળી થઈ છે." પછી મહારાજ વતું કરાવીને નાહ્યા. પછી દાહા ખાચરના ઘેર થાળ થયો, તે મહારાજ જમ્યા. ॥૧૮૪॥

## ૧૮૫. ઘોડીનો કુસ્વભાવ જોઈ શ્રીહરિએ ડંડીકો માર્યો

અને ત્યાં ઓસરીએ ઢોલિયા ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજ્યા ને ઝીણાભાઈ પણ ભેળા હતા, ને પાંચસાત સાધુ ને બીજા હરિભક્ત બેઠા હતા. પછી મહારાજ કહે જે, "ઘોડી ડાચિયું નાંખે છે." ત્યારે દાહા ખાચર કહે, "હા મહારાજ ! તે તો એને સ્વભાવ છે."

પછી મહારાજ એક હાથનો ડંડીકો લઈને બારી સામા ચાલ્યા, ત્યારે ઘોડી ડાચિયું નાંખવા ગઈ, ત્યારે મહારાજે ધડ લઈને મોઢા ઉપર ડંડીકો મેલ્યો. ને પછી ઢોલિયે આવીને બેઠા, ને એમ કહ્યું જે, "એમ ને એમ બેત્રણ વાર જો મોઢા ઉપર મારી હોય તો સ્વભાવ મૂકી દે ખરી." ॥૧૮૫॥

## ૧૮૬. શ્રીહરિએ પ્રશ્નોત્તર કરાવ્યા

પછી બીજે દિવસે **માત્રા ધાધલ**ને ઘેર થાળ કર્યો, તે મહારાજ જમ્યા ને થાળ સાધુને આપ્યો. પછી મહારાજ કહે જે, "આ તો તડકો બહુ છે, તે બારે કોઈ ઝાડ હોય તો ત્યાં જઈએ." પછી હરિભક્ત

કહે જે, "ગામથી આથમણી કોરે વડ છે, તેની તળે આંબલી છે; ત્યાં બહુ સારી છાંયા છે." પછી મહારાજ ત્યાંથી ચાલ્યા. અને ઢોલિયો ને ગાદલું લીધાં. પછી હરિભક્તે પૂછ્યું જે, "હે મહારાજ ! આ સાધુ આવે ?" ત્યારે મહારાજે હા પાડી. પછી સર્વે વડ તળે ગયા ને ત્યાં ઢોલિયો પાથર્યો ને તે પર મહારાજ પોઢ્યા.

પછી ઝીણાભાઈને એમ કહ્યું જે, "તમે આત્માનંદસ્વામીને પ્રશ્ન પૂછો." ત્યારે ઝીણાભાઈએ પૂછ્યું. ત્યારે તેની વાત આત્માનંદસ્વામીએ કહી. ત્યારે મહારાજ કહે, "ઠીક ઉત્તર કર્યો." પછી વળી મહારાજ કહે, "ઝીણાભાઈ, તમે હવે રહેવા દ્યો, ને એ સંતને પૂછવા દ્યો." એમ કહીને મહારાજે સંતને કહ્યું જે, "તમે સંત માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો."

પછી દયાનંદસ્વામીએ પૂછ્યું જે, "ભગવાન એક છે ને ધામ પણ એક છે, ત્યારે સૌને નોખી નોખી ઈચ્છા કેમ છે ?" ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "આપણે ગોલોક વૈકુંઠલોકનું શું કામ છે ? કેમ જે **આપણને તો આ શ્રીજીમહારાજ મળ્યા છે, તેમની પાસે બધુંય છે; માટે તે કહે તેમ કરવું.**"

પછી મહારાજ ઝબકીને બેઠા થયા, ને કહ્યું જે, "સબળ ઉત્તર કર્યો ! જેમ કોઈ ઝાડે ફરતો હોય તેને એમ કહે જે, ભલો ધ્યાન કરે છે ! ને ધ્યાન કરતો હોય તેને એમ કહે જે, કેવો ઝાડે ફરે છે !" એમ કહીને મહારાજે કળશ્યો લઈને આંખ્યું છાંટીને કોગળા કર્યા ને પાણી પીધું. ॥૧૮૬॥

## ૧૮૭. શ્રીહરિએ જીવના સ્વરૂપની સદૃષ્ટાંત વાત કરી

પછી મહારાજ ગામમાં આવ્યા ને મે'તાને ઉતારે પધાર્યા. ત્યાં ગાડા ઉપર ગાદલું નંખાવીને બિરાજ્યા. ત્યાં જીવનો પ્રસંગ નીસર્યો કે, તે જીવ ઝીણો છે. ને ત્યાં શ્લોક છે જે,

*वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च।*
*भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते।।*[1]

પછી મહારાજે તે ઉપર વાત કરી જે, "એવો જે સૂક્ષ્મ જીવ કહ્યો છે, તે તો પોતે ઝીણો કહ્યો છે. જેમ પૃથ્વી છે, તે પાવડામાં આવે ને જળ પાવડામાં ન આવે, શા માટે જે, જળ પોતે ઝીણું છે અને પૃથ્વીથી દસગણું વધુ છે ને દસગણું ઝીણું છે; માટે ઠામમાં આવે પણ પાવડામાં ન આવે. એવી રીતે (તેજ, વાયુ વગેરે પણ) એકએકથી દસદસ ગણો વધુ છે ને એકએકથી દસ ગણો સૂક્ષ્મ છે." તે દિશની મહારાજે ઘણીક વાત કરી છે.

પછી વળી એમ બોલ્યા જે, "જેમ ચાલીસ હાથની પાઘડી હોય, તે મુઠ્ઠીમાં સમાય. શા માટે જે, ઝીણાપોતી(બારીક વણતરની) છે. ને વેજાગરો(માદરપાટ, ખાદી વગેરે જાડું કાપડ) હાથેકનો હોય તોપણ મુઠ્ઠીમાં ન સમાય. કેમ જે, જાડપોતો(જાડા વણતરનું) છે. માટે જીવ છે તેને કોણ દેખે છે, એ તો અનુમાને વાત થાય છે."

પછી મહારાજે દષ્ટાંત દઈને વાત કરી જે, "એક વૈરાગીએ બે ચેલાને છાણાં વીણવા મેલ્યા. ત્યાં એક કાચબો પડ્યો હતો, તેને છાણું જાણીને લેવા ગયા. ત્યાં તો સળવળ્યો. ત્યારે બીજાને સાદ કર્યો જે, 'આવો ગુરુ ભાઈ, દેખો કૈસા હંસ બેઠા હૈ !' ત્યારે બીજો કહે જે, 'કહાં હંસ હે ? એ તો બતક હૈ.'

પછી બે જણા વાદ કરીને ગુરુ પાસે ગયા, ત્યારે ગુરુએ કહ્યું જે, 'કેમ ખાલી આવ્યા ?' ત્યારે તે કહે જે, 'અમારે વાદ હુઆ જે, મેં કહેતા હું જે, એ હંસ હે, ને એ કહેતા હે જે બતક હે; અબ તો ગુરુ ન્યાય કરે સો ખરા.' ત્યારે ગુરુ બોલ્યા, 'અરે બચ્ચા, ઈસમેં ક્યા

૧.વાળના અગ્રભાગના સો ભાગ કરીએ ને તેમાંના એક ભાગના સો ભાગ કરીએ, તેમાંના એક ભાગ જેવો જીવ સૂક્ષ્મ છે, પરંતુ પરબ્રહ્મની ઉપાસનાથી તેનો જ્યારે મોક્ષ થાય છે, ત્યારે તેનું ધર્મભૂત જ્ઞાન અનંત થઈ જાય છે. (શ્વેતાશ્વતર ઉપનિષદ : ૫/૯)

ન્યાય કરના હે, કેમ જે જુવારકા દાના નાંખો. તે જો બતક હોયગી તો ચુગેગી, ને હંસ હોયગા તો નહીં ચુગેગા.'

એમ સૌ અટકળે જીવની વાત કરે છે. જેમ આ આપણે સર્વે સભા બેઠી છે, તેમાં કોઈકને ઝોકો આવ્યો, ત્યારે તે કહે જે, 'આકાશમાં બધે વિમાન, હાથી, ઘોડાં ને પાલખી તે ભરાઈ રહ્યાં છે.' એમ તે માણસ જાગીને કહે છે, પણ શું સર્વે કાંઈ દેખે છે ? તેમ એવી સ્થિતિ જેને થઈ હોય તે દેખે. જેમ અર્જુને વિશ્વરૂપ દીઠું, પણ કાંઈ સૌએ દીઠું ? માટે જેને ભગવાનની કૃપાએ કરીને દિવ્ય ચક્ષુ થાય છે, તે જ જીવ ઈશ્વરના સ્વરૂપને દેખે છે." તે દિશની ઘણીક વાત કરી.

પછી અજે બ્રાહ્મણે મહારાજની પુષ્પચંદને કરીને પૂજા કરી. તે મહારાજે ભારે હજારીનો હાર હતો, તે આત્માનંદસ્વામીના ગળામાં નાંખ્યો. પછી મહારાજ દાહા ખાચરના દરબારમાં પધાર્યા ને સાધુ તો ઓરડીએ ગયા. અને બીજે દિવસે મહારાજ ગઢડે પધાર્યા. ॥૧૮૭॥

## ૧૮૮. ગઢપુરમાં ઘેલા નદીએ શ્રીહરિએ કરેલ લીલા

### ❋ પુરબિયાની તકની સેવાથી શ્રીહરિનો રાજીપો :

એક સમે મહારાજ દિવસ ઉગતામાં ખીજડિયાને આરે ના'વા પધાર્યા. તે પાણીમાં એક ટેકરી ઉપર ઉગમણે મુખે દાતણ કરવા બેઠા ને ફરતા સંત બેઠા, ને ઝીણો ઝીણો મેઘ વરસતો હતો. તે પાળાએ મહારાજની ઉપર પછેડી લાકડીએ ને તલવારની અણીએ બાંધીને ઝાલી. અને ત્રણ કોરે બાંધી ને એકકોરે બાંધવાની દોરડી ન મળે. ત્યાં તો એક રાજકોટનો પુરબિયો સામો ઊભો હતો. તેણે દેખતાવેંત જ કેડિયાની કસ તોડીને બાંધી; એટલે મહારાજ બહુ રાજી થયા ને સંત પણ રાજી થયા. ને સાધુ એમ બોલ્યા જે, "એણે તો દ્રૌપદીની પેઠે કર્યું !"

પછી મહારાજે તેને બોલાવ્યો, ને પૂછ્યું જે, "તમારો શો મહિનો(મહિનાનો પગાર) છે ? ને બાર મહિને તમને લૂગડાં કેટલાં

આપે છે ?" એવી રીતે વ્યાવહારિક વાત પૂછીને તેને રાજી કર્યો. પછી મહારાજે દાતણ કાઢી નાંખ્યું, ને કોગળા કરીને ના'વા પેઠા. તે મહારાજ ઉપરવાસે ના'ય છે ને સંત હેઠવાસ નાય છે. પછી મહારાજ નાહીને બારે નીકળ્યા ને વસ્ત્ર બદલીને નદીથી ચડિયાતી જગ્યા હતી, ત્યાં ઉગમણે મુખે બેઠા, ને આથમણા સામેમુખે સંત બેઠા.

### ❋ દામોદરભક્ત પાસે સંતોની પૂજા કરાવી :

પછી અમદાવાદના **દામોદર** પૂજા કરવા આવ્યા. ત્યારે મહારાજ કહે જે, "નિત્યાનંદસ્વામીની પૂજા કરો." પછી તેમણે નિત્યાનંદસ્વામીની પુષ્પચંદને કરીને પૂજા કરી. પછી કસુંબલ રેંટો બંધાવ્યો. ને વિશ્વચૈતન્યાનંદ સ્વામીની પૂજા કરવા ગયા ત્યારે તેમણે ના પાડી. ત્યારે મહારાજે હાકલ કરી જે, "કેમ ના પાડો છો ? તમારે મોરથી કરાવવી હશે ખરુક ને ?" પછી બોલ્યા નહીં, તે અર્ચા કરી. પછી બીજાની કરવા ગયા ત્યારે મહારાજે કહ્યું જે, "આત્માનંદસ્વામીની પૂજા કરો, નહીં તો તેની પેઠે એ મરડાશે." પછી સૌ સંતની પૂજા કરી અને મહારાજ ત્યાંથી ઊઠ્યા.

### ❋ નદીએથી પાણા લાવવાની શ્રીહરિ ને સંતો-ભક્તોની સેવા :

પછી ધાર ઉપર ઘોડાં હતાં ને મહારાજ પણ ઘોડીએ ચઢ્યા. બીજી ઘોડીએ નિત્યાનંદસ્વામી બેઠા. ને મહારાજે તો એક પાણો માથે લીધો એટલે ઘોડાચડ(ઘોડેસ્વાર) બધાયે એકએક પાણો લીધો, ને પાળા, સાધુ, હરિભક્ત તે સૌએ એકએક પાણો લીધો. તે સમાનો નોર તે કેવો શોભે છે ! જે જાણીએ રામચંદ્રજીનું સૈન્ય સમુદ્રની પાજ બાંધવાને પાણા લઈને આવતી હોય તે જેમ શોભે તેમ શોભતી હવી ! પછી મહારાજ આથમણે ઝાંપે પેઠા. તે બજાર સોંસરા દરબારમાં પધાર્યા, ને રસોઈ થઈ તે મહારાજ જમ્યા ને સંતને જમાડ્યા.

એક સમે મહારાજ ગઢાળીને માર્ગે પાણીને કાંઠે ઢીંચણ બાંધીને આથમણે મુખે બેઠા હતા, ને પોતાની પાસે સોમલા ખાચર બેઠા હતા.

ને મહારાજ સર્વે સંતને કહે જે, "તમે ઓલીકોરની ધાર ઉપરથી પાણા કાઢીને પાણીની આ કોરે લાવીને નાંખો; એટલે સર્વે બાઈભાઈ હરિભક્ત ના'વાને આવે, તે સૌ નાહીને જાતાં એકએક પાણો લેતા જાય; પણ જો ત્યાં ધાર ઉપર પડ્યા હોય તો કોઈ લેવા ન જાય. માટે આ કોરે લાવીને નાંખો."

**❋ ઘેલા નદીમાં સંતો-ભક્તો સાથે શ્રીહરિની જળક્રીડા :**

એક દિવસ વળી મહારાજ જળમાં ઉગમણે મુખારવિંદે ઊભા રહ્યા થકા ધ્યાન કરતા હતા. પછી આત્માનંદસ્વામીએ મહારાજને એક પ્રદક્ષિણા દીધી. અને એક દિવસ મહારાજ ખળખળિયે સર્વે સાધુ હરિભક્તે સહિત ના'વા પધાર્યા. પછી મહારાજ જળમાં પ્રવેશ કરીને ખળખળિયાની વચ્ચે ઉત્તર મુખે ઊભા, ને સર્વેને કહે જે, "અમારા પગે સ્પર્શ કરવો હોય તેને આજ મોકળ છે. ને ઉપરવાસથી ને બે પડખે એ ત્રણ કોરથી ન આવવું."

તે પછી હરિભક્ત તથા સાધુ મહારાજનો સ્પર્શ કરવા આવે તેને પાણી તાણી જાય. માટે કોઈથી મહારાજની પાસે જઈ શકાયું નહીં. તેને જોઈ જોઈને મહારાજ બહુ હસતા હતા. ને પછી સર્વેમાં કોઈથી અવાણું નહીં ને એક સુરાભક્ત મહારાજની પાસે આવ્યા. ત્યારે મહારાજે ધક્કો દીધો, તે ગડથોલાં ખાતા જાય. તેને જોઈને મહારાજ બહુ હસતા જાય, ને સર્વે સંત તથા હરિભક્ત પણ હસ્યા.

પછી તે સુરાભક્ત તો આઘા જઈને નીકળ્યા ને ફરીને આવ્યા. ત્યારે મહારાજ કહે, "સુરાભક્ત, કેમ થયું ?" ત્યારે તે ભક્ત કહે જે, "મહારાજ ! ભણે પ્રભુ હાથશું મુકુ દે ત્યારે એમ જ થાય તો ! કેમ જે પ્રભુ તો જગજીવન છે. તેણે હાથ મૂક્યો તો કોણુસે રેતા છે ?

પછી વળી બ્રહ્માનંદસ્વામી આવ્યા. તેને પણ મહારાજે એમ ને એમ ધક્કો દીધો. તે પણ ગડથોલાં ખાતા જાય ને તણાણા. પછી એવી

રીતે સૌ મહારાજ પાસે આવે, પણ પાણી તાણી જાય. એવી રીતે સૌ આવી રહ્યા ને આત્માનંદસ્વામી તો નાહીને બારા બેઠા હતા. તેમને જોઈને મહારાજે કહ્યું જે, "તમે આવોને, કેમ બેઠા છો ?"

ત્યારે મેં કહ્યું જે, "મને તો તરતા ન આવડે, માટે આ પાણામાં અથડાઈને માથું ફૂટી જાય, તે સારુ હું તો બીઉં છું." પછી મહારાજ બહુ હસ્યા ને સાધુને એમ કહ્યું જે, "જાઓ, એમને તેડી લાવો." પછી સાધુ આવ્યા, તે મારા બે કોરેથી હાથ ઝાલીને મહારાજ પાસે તેડી ગયા. અને પાસે જઈને ડૂબકી મારીને ચરણનો સ્પર્શ કર્યો. એવી રીતે મહારાજે જળક્રીડા બહુ કરી, ને સાધુ હરિભક્તને આનંદ પમાડતા હવા.

પછી મહારાજ બહાર નીકળ્યા ને વસ્ત્ર બદલીને જ્યારે તાજણ ઘોડીએ ચડે ત્યારે તો નદી ને ગઢની વચમાં આડી ધારે ચાલતા. અને જ્યારે રોઝે ઘોડે ચડે ત્યારે તો નદી ઊતરીને ફરીને ગઢાળીને માર્ગે આવતા. તે જ્યારે પાણી પાસે આવે ત્યારે ઘોડો 'બ..ણ..ણ..ણ..ણ..' કરે(હણહણે), ત્યારે બધો ઘેલો ગાજી ઊઠે. અને મહારાજ કહે જે, "આ ઘોડે બેઠા છીએ તે કેડે બીજે ઘોડે રાંગ નથી ભરાતી(સવારી નથી ફાવતી)."

એમ કહીને પછી મહારાજ દરબારમાં આવ્યા. અને મહારાજ જમ્યા ને સાધુને લાડવા ફેરવ્યા. એવી રીતે સંતો ને હરિભક્તો પાણા લાવે, ને માંહ્યલી કોર સજ્જાની આથમણી કોરે પાયો ખોદાવ્યો હતો, તે પાણાએ પૂરી દીધો. ને કહ્યું જે, "કાઠિયાવાડમાં તો મોટું મંદિર સારું નહીં. શા માટે જે, યાં તો બીકબકોર(ભય-ધાસ્તી) હોય, ત્યારે ઠાકોરજીને ગાડામાં બેસાડીને બીજે ગામ જતા રહીએ, એવું મંદિર જોઈએ." એ દિશની ઘણીક વાત કરી. ॥૧૮૮॥

## ૧૮૯. ધોલેરા મંદિર બાંધવા સ્વામીને મોકલ્યા

વળી એક સમે ધોલેરે મંદિર કરવાની મહારાજે વાત ઉચ્ચારી. પછી પૂજાભાઈ કહે જે, "હે મહારાજ ! તમે ઠીક કહો છો, પણ સાધુ

તો રહેતા નથી. ને કોઈક મંડળ આવે છે, તો તે માંડ માંડ એક કે બે રાત રહે છે." પછી મહારાજ કહે જે, "કાંઈ ચિંતા રાખશો મા. બીજા મંદિર કરતાં તમારું અધિક કરી દેખાડવું છે !"

પછી મહારાજની મરજી જાણીને (ધોલેરામાં પૂજાભાઈએ) એક ભારે ફરજો(માળી દીધેલ ખુલ્લું મકાન) કરાવ્યો, ને તે ફરતી વંડી કરાવી. પછી પૂજાભાઈ ગઢડે આવ્યા ને મહારાજને કહ્યું જે, "સાધુને મોકલો તો ઠીક." પછી મહારાજે સર્વે સાધુને કહ્યું જે, "આપણે ધોલેરે દેવ પધરાવવા છે, માટે જે ધોલેરે જાય તેને મળીએ ને તેને માનત(મહંત) કરીએ." એમ બેત્રણ વાર કહ્યું, પણ કોઈ બોલ્યું નહીં.

ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! કહો તો હું જાઉં, અમારે ને પૂજાભાઈને બનશે." ત્યારે મહારાજે હા પાડી. ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે, "એ ક્યાં જાય ? એમને બાજરાનો રોટલો જોઈએ છે ને ત્યાં તો કેવળ ઘઉંના રોટલા છે." ત્યારે મહારાજ કહે જે, "એ તો સૌ થઈ રહેશે."

પછી સવારમાં મહારાજે ગાડામાં મદનમોહનજીની મૂર્તિ બેસાડી અને ગાંડો ને પારેવો એ બે બળદ ગાડે જોડ્યા છે, ને આત્માનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામીને ભેળા મેલ્યા. તે ધોલેરા આવ્યા ને ફરજામાં મદનમોહનજીને પધરાવ્યા. પછી આત્માનંદસ્વામી ત્યાં રહ્યા ને નિષ્કુળાનંદસ્વામી પાછા ગઢડે આવ્યા. ॥૧૮૯॥

## ૧૯૦. શ્રીહરિ ધોલેરા મંદિરની જગ્યા જોવા પધાર્યા

પછી કેટલાક દિવસ કેડે મહારાજ ગઢડેથી **ધોલેરે** પધાર્યા. તે **ઓતારિયે**થી પગપાળા આવ્યા. ને ફરજામાં ઠાકોરજી પધરાવ્યા હતા, તેને નમસ્કાર કરીને મહારાજ ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજ્યા. પછી ઊનું પાણી કરીને મહારાજને ફરજાથી દક્ષિણાદે કોરે બાજોઠ ઉપર બેસાડીને નવરાવ્યા. તે પૂજાભાઈએ મર્મ કર્યો જે, "ઝાઝુ પાણી

લાવજો. નહીં તો કહેશે જે, ભાલમાં ગયા તે ના'વા પાણીએ ન મળ્યું ! એમ ગામોગામમાં જ્યાં જાશે ત્યાં બોલશે." એમ ભક્ત બોલ્યા, ત્યારે મહારાજ હસ્યા.

પછી નાહીને વસ્ત્ર બદલીને પછી મહારાજ ચાલ્યા. અને આત્માનંદસ્વામીએ મહારાજની ઉપર છત્રી ઝાલી. એવી રીતે ચાલ્યા, તે હમણાં ઠાકોરજી છે ત્યાં પાળ હતી, ત્યાં ઉત્તર મુખે પગભર બેઠા. ને પૂજાભાઈને મહારાજ કહે જે, "આ ઠેકાણે મંદિર કરવું છે, ને છેવાડું જાણશો મા. કેમ જે, એને ફરતી વસ્તી ઘણી થઈ જાશે." એવી રીતે મંદિરની ભલામણ પૂજાભાઈને કરી.

પછી મહારાજ ત્યાંથી ઊઠ્યા ને રસોઈ થાતી હતી, ત્યાં ચૂલા પાસે આવીને તાપવા બેઠા. અને મહારાજ તાપતા હતા, ત્યાં રસોઈ થઈ. તે મહારાજ જમવા બેઠા ને જમીને ફરજામાં ભૂમિ ઉપર ગાદલું નંખાવીને પોઢ્યા. ને આત્માનંદસ્વામીને બોલાવીને કહે જે, "વાંસડા છે, માટે દેવતાની ખબર(સળગે નહીં તે ધ્યાન) રાખજો."

પછી મહારાજ સાંજના આવીને ઓસરીએ ઢોલિયા ઉપર બિરાજમાન થયા ને સભા ભરાઈને બેઠી. અને મહારાજે સાધુને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી હરિભક્ત પણ ચરણારવિંદ લેવા તૈયાર થયા. ત્યારે મહારાજે હરિભક્તને કહ્યું જે, "ચરણારવિંદમાં તો ગાડાં રહ્યાં છે. માટે જેને જેટલી પહોંચ હોય તેટલાં બરવાળેથી કાંકરીનાં ગાડાં મંગાવી દ્યો." ત્યારે વસ્તા ખાચરે દસ ગાડાં મંડાવ્યાં. એ રીતે પહોંચ પ્રમાણે સૌ હરિભક્તે ગાડાં લખાવ્યાં, અને સૌએ ચરણારવિંદ લીધાં. પછી મહારાજ રાત રહીને **વડતાલ** પધાર્યા. ॥૧૯૦॥

## ૧૯૧. શ્રીહરિ વડતાલથી ધોલેરા પધાર્યા

અને મહારાજ વડતાલથી પાછા વળતાં રાત **પીપળી** રહ્યા, તેની ખબર ધોલેરે આવી જે, 'સવારમાં મહારાજ આવશે.' પછી સવારમાં

સૌ સામા ગયા. તે લીંબડા તળાવે(ધોલેરાથી આશરે અઢી કી.મી. દૂર છે ત્યાં) મહારાજ ભેળા થયા ને મહારાજને ચોફાળ પાથરી દીધો, તે ઉપર મહારાજ બેઠા. અને બીજા ઘોડાચડ તથા સાધુ પાળા નાતા હતા, ને પૂજાભાઈ તો મહારાજની ઘોડી ઝાલી રહ્યા. ને આત્માનંદસ્વામી જઈને મહારાજને પગે લાગ્યા, ત્યારે મહારાજ કહે જે, "કેમ છે ?" ત્યારે મેં કહ્યું જે, "સાધુ ઝોળી માગવા ગયા હતા. તેને અંગ્રેજ કાંઈક કહેતો હતો." ત્યારે મહારાજ કહે જે, "સારું ત્યારે, એનું ગમતું ન ગમતું નક્કી થાશે."

પછી મહારાજ ઘોડીએ બેસીને ચાલ્યા, તે સાધુ, પાળા ને ઘોડાચડ તે સર્વે બજાર સોંસરા આવતા હતા. તે બજારમાં અંગ્રેજ ઘોડે ચડીને ઊભો હતો ને માણસ આગળ કંઈક કહેતો હતો. પછી મહારાજ આવ્યા, તે એણે ભાળ્યા નહીં, તે મહારાજ ઊભા રહ્યા. ને એની પાસે માણસ હતા, તેમણે મહારાજ સામે જોયું, એટલે એણે પણ મહારાજને જોયા. એટલે કોરે ખસી ગયો. પછી મહારાજ ચાલ્યા, તે મંદિરમાં આવીને ઉતારા કર્યા. ॥૧૯૧॥

## ૧૯૨. ધોલેરામાં ફિરંગી સાહેબને મળ્યા

પછી મહારાજને અર્થે સાધુએ રસોઈ કરી. તે મહારાજ જમ્યા ને સાધુ પાળા સર્વેને જમાડ્યા. પછી સાંજના મહારાજ ફિરંગીને મળવાને ગયા. તે ભાવનગરવાળે ગઢડાના મંદિરની બંધી કરી હતી, તે વાત (મહારાજે ફિરંગીને) સંભળાવી. ત્યારે તેણે રાજકોટ ઉપર કાગળ લખ્યો. ત્યારે રાજકોટવાળા સાહેબે ભાવનગર ઉપર કાગળ લખ્યો જે, 'સ્વામિનારાયણના મંદિરના કામ બંધ ન કરના. ને ગઢ કરે છે ને મારા(કાંણા) રાખે છે, એ હમ દેખેગા, પણ તમારે મંદિરકા કામ બંધ ન કરના.' ॥૧૯૨॥

## ૧૯૩. મંદિરના કામ માટે ભાવનગર વજેસિંહજીને મળ્યા

પછી મહારાજ સવારમાં ચાલ્યા, તે **કારિયાણી** રાત રહ્યા. ને ત્યાંથી ચાલ્યા, તે **ભાવનગર**માં મહારાજ પધાર્યા, ને **રૂપાભાઈ**ને ઘેર ઊતર્યા. ને સવારમાં દરબારમાં મહારાજ પધાર્યા. તે **વજેસંગ** ઊઠીને મહારાજને મળ્યા. અને વજેસંગ કહે જે, "હે મહારાજ ! આ ગાદી ઉપર બેસો."

પછી મહારાજ ન બેઠા, એટલે બીજી ગાદી નાંખી દીધી, તે ઉપર બેઠા. ને મહારાજે કહ્યું જે, "અમે રાવ કરવા આવ્યા છીએ, જેમ તમારા પટેલિયા વેરો ભરે છે, તેમ અમે પણ તમને વેરો ભરીએ છીએ. કેમ જે, અમે આ બ્રાહ્મણ જમાડીએ ને જજ્ઞ કરીએ છીએ. ને સાધુને જમાડીએ છીએ. તે સાધુ ભજનસ્મરણ કરે છે, ને ધર્મ પાળે છે. તે સર્વેમાંથી દસમો ભાગ આપીએ છીએ. માટે જો તમારો રાજીપો હોય તો ગોપીનાથજી ગઢડે રહે, નહીં તો જૂનેગઢ નવાબની ધરતીમાં લઈ જાઈએ."

પછી તો હાથ જોડીને વજેસંગજીએ બહુ સ્તુતિ કરી, ને કહ્યું જે, "ના ના મહારાજ ! ગઢડે ભલે રહે ને એ તો કોઈકે કહ્યું હશે, પણ હું કાંઈ એમ કહું ? અમારે તો તમે આ દેશમાં રહ્યા છો તે તમારે પ્રતાપે મારું રાજ રહ્યું છે. ને બીજા રાજાના રાજ ગયા. માટે ગોપીનાથજી આ દેશમાં પધાર્યા, તે ઘણું સારું થયું. માટે હમે પણ રાજી છીએ." એ દિશની ઘણીક વાત થઈ. પછી મહારાજ ઉતારે આવ્યા ને જમ્યા, ને રાત રહીને બીજે દિવસ **ગઢડે** પધાર્યા. ॥૧૯૩॥

## ૧૯૪. ખોટા આક્ષેપ સામે પણ સ્વામીની ધીરજતા

એક સમે મહારાજ ઉત્તરાદે બાર ઓરડાની ઓસરીએ કથા વંચાવતા હતા, ને ત્યાં આત્માનંદસ્વામી ધોલેરેથી આવ્યા. તેને દેખીને ચંચળ થયા ને કથા સામું પણ જોતાં જાય ને મારી સામું પણ જોતાં જાય. પછી મેં જાણ્યું જે, કાંઈક કહેનારા થયા છે, એમ હું વિચાર કરું છું,

ત્યાં તો અધ્યાય પૂરો થયો ને મહારાજ બોલ્યા જે, "તમારી એક વાત આવી છે." ત્યારે મેં કહ્યું જે, "આવી હશે મહારાજ."

પછી મહારાજ કહે જે, "એમ કહે છે જે, દસદસ શેર કપાસિયાના ખાતલ બળદ છે, તેને શેર શેર કપાસિયા મેલે છે. ને એકવાર ખારું પાણી પાય છે, અને ખડ પણ પૂરું નાખવા દેતા નથી." પછી મેં કહ્યું જે, "સાધુ તો ઠીક જ કહેતા હશે, તોપણ જેને મેં કહ્યું હોય જે શેરશેર કપાસિયા મેલજો, ને એક વખત ખારું પાણી પાજો, ને ખડ પૂરું ન નાંખશો, એમ જેને મેં કહ્યું હોય તેને મારી પાસે લાવો."

પછી મહારાજ કહે જે, "જે કહેતા હતા તે હવે બોલો." પછી તો કોઈ બોલ્યા નહીં. ત્યારે મહારાજે સૌને ઠપકો દીધો, ને કહે જે, "જુવોને, કેવળ ખોટેખોટું બોલે છે !" પછી રસોઈ થઈ તે મહારાજ જમવા પધાર્યા, ને સંત પણ પોતાને આસને ગયા. ॥૧૯૪॥

## ૧૯૫. કેટલા સ્થળે મંદિર કરવા, તે વિષે ચર્ચા

એક સમે વળી મહારાજ ગંગાજળિયા કૂવાની પાસે ચાકળા ઉપર બિરાજમાન હતા ને સર્વે સંત બેઠા હતા. પછી મહારાજ કહે જે, "આપણે મંદિર કયા કયા ગામમાં હોય તો ઠીક ? ને કેટલાંક હોય તો ઠીક ?" ત્યારે સાધુએ અમદાવાદ ને વડતાલ આદિક કેટલાંક ગામનાં નામ લીધાં.

પછી મહારાજે કહ્યું જે, "બાઈયુંને પૂછો." ત્યારે બાઈયુંએ કહ્યું જે, "ગઢડે તો અવશ્ય મંદિર કરવું જોઈએ. શા માટે જે ગઢડે મહારાજ બહુ રહ્યા છે, માટે વધુ મહિમા તો ગઢડાનો કહેવાય. માટે યાં તો જરૂર કરવું જોઈએ. અને ઝાઝાં મંદિર મહારાજ સારાં નહીં. શા માટે જે, અયોધ્યાવાસીનું ખરચ પૂરું કર્યું જોશે." એ વાત સાંભળીને મહારાજ કહે જે, "બાઈયું બહુ ડાહ્યા છે ! કેમ જે, આપણને અયોધ્યાવાસીના ખરચની ખબર ન રહી, ને બાઈયુંએ કહી દેખાડ્યું."

પછી મહારાજ કહે જે, "લ્યો, અમે કહીએ." એમ કહીને મહારાજે માળા હાથમાં લીધી, ને એમ બોલ્યા જે, "નરનારાયણને ઝાઝાં મંદિર ગમતાં હોય તો બેકી આવે ને થોડાં ગમતાં હોય તો એકી આવે." એમ કહીને મહારાજે માળા ફેરવી ત્યાં તો બેકી આવી. પછી મહારાજ કહે જે, "આ તો બેકી આવી !" ત્યારે મહારાજ કહે, "મરને ગામોગામ મંદિર થાય !" ॥૧૯૫॥

## ૧૯૬. નિષ્કુળાનંદમુનિએ ગઢડાની મહંતાઈને ઠુકરાવી

પછી મહારાજ નિષ્કુળાનંદસ્વામીને કહે જે, "ગઢડાના મંદિરની ખબર તમારે રાખવી." ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ ના પાડી. ત્યારે તાણ કરીને કહ્યું જે, "ગઢડામાં તમે મોટેરા." પછી નિષ્કુળાનંદસ્વામી તો સવારમાં ઊઠીને ગઢાળીએ જાતા રહ્યા. પછી સવારે મહારાજે સંભાર્યા, ત્યારે સંત કહે જે, "તે તો ગઢાળીએ ગયા." ત્યારે મહારાજ કહે જે, "શા સારુ ગઢાળીએ ગયા ?" ત્યારે સંત કહે જે, "એમને માનત નથી થાવું." ત્યારે મહારાજ કહે જે, "એકલા ગયા કે કોઈ બીજો ભેળો ગયો છે ?" ત્યારે સંત કહે જે, "એક વ્રજાનંદસ્વામી ભેળા ગયા છે." ત્યારે મહારાજ કહે જે, "નિષ્કુળાનંદસ્વામીને તો માનત નોતું થાવું તે સારુ ગયા, પણ વ્રજાનંદસ્વામી કેમ ગયા ?"

પછી મહારાજ કહે જે, "એ તો મરડાઈને ગયા, ત્યારે એક એમની ભેળે ગયા. અને જો આ નિત્યાનંદસ્વામી મરડાઈને ચાલે ત્યારે તેમની ભેળા સાઠસિત્તેર સાધુ જાય, અને જો બ્રહ્માનંદસ્વામી મરડાઈને ચાલે તો તેમની ભેળા પણ સાઠસિત્તેર સાધુ જાય; એ આદિક મોટેરા મરડાઈ જાય ને ચાલે ત્યારે તેમની ભેળા તેમના શિષ્ય પણ જાય તો આચાર્યજી મહારાજના કોણ રહ્યા ?" એમ કહીને પછી શ્રીજીમહારાજે પ્રકરણ ફેરવ્યું જે, બ્રહ્માનંદસ્વામી આદિક મોટેરા તે જાયગાના માનત નહીં, ને અક્ષરાનંદસ્વામી, પરમાનંદસ્વામી આદિકને મોટેરા કર્યા.

અને વળી એક સમે મહારાજે પ્રકરણ કાઢ્યું જે, એક પછેડીભર રહેવું, ને અર્ધ રોટલો ખાવો, ને રાત-દિવસ લાંબો પગ કરીને સૂવું નહીં. ॥૧૯૬॥

## ૧૯૭. સ્વામીએ પીઠવડીથી ગઢડે શ્રીહરિને તાપવા લાકડાં મોકલ્યા

એક સમે ગામ પીઠવડીમાં આત્માનંદસ્વામી ને તદ્રુપાનંદસ્વામી હતા. ત્યારે પીઠવડીના હરિભક્ત ગઢડા મહારાજનાં દર્શન કરીને ત્યાં આવ્યા. તેણે વાત કરી જે, "મહારાજને તાપવા સારુ તાપ કરે છે, પણ બળતણની ખોટ છે." પછી આત્માનંદસ્વામીએ બે ગાડાં ભરાવીને લાકડાં ગઢડા મોકલ્યાં. પછી હરિભક્તે તેની ખબર ગઢડે મહારાજને અર્ધરાતે કહી જે, "લાકડાંનાં ગાડાં લાવ્યા છીએ." પછી મહારાજે પૂછ્યું જે, "શાનાં લાકડાં છે ? મોભ છે કે વળિયું છે ?" પછી તે ભક્તે કહ્યું જે, "ના મહારાજ ! એ તો તમારે તાપવા વાસ્તે લાવ્યા છીએ." પછી મહારાજ બહુ રાજી થયા.

પછી તેને તે વખત જીવા ખાચરના દરબારમાં મહારાજ પધાર્યા ને જીવા ખાચર આગળ વાત કરી જે, "જીવા ખાચર, જુઓને આ અમારે અર્થે તાપ કરવા સારુ સાઠ ગાઉથી લાકડાં લાવ્યા છે. માટે એ તો સોના થકી અધિક છે. શા માટે જે, સોનાનાં લાકડાં હોય તોપણ કાંઈ અમારે અર્થે તાપ કરવા કામ ન આવે. માટે એ તો સોના કરતાં અધિક છે !" એવી રીતની ઘણીક વાત થઈ. પછી મહારાજ કહે, "બંધી કરજો, નહીં તો ગામોગામથી લાવશે." ॥૧૯૭॥

## ૧૯૮. ધોરાજીની ધાબળીનું કીર્તન ગવડાવ્યું

એક સમે સજ્યાની ઓરડીની આથમણી ઓસરીએ મહારાજ જમવા બેઠા હતા. તેમાં આગળ બાજોઠ ઉપર થાળ ધર્યો હતો ને મહારાજ જમતા હતા. અને નિષ્કુળાનંદસ્વામી ને મોટા આત્માનંદસ્વામી એ બે

પાસે બેઠા હતા. ત્યારે મહારાજે નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "ધાબળીનું કીર્તન બોલો." પછી નિષ્કુળાનંદસ્વામી કીર્તન બોલ્યા જે,

મારી ધોરાજીની ધાબળી પાછી આપો, તમારો પાડ રે;
મારી ધોરાજીની ધાબળી...

પછી નિષ્કુળાનંદસ્વામીને મહારાજે થાળ આપ્યો અને મહારાજ પોઢી ગયા ને સંત ધર્મશાળામાં ગયા.

પછી સાંજને સમે મહારાજ વાડીએ પધાર્યા, તે આવીને ઓટા ઉપર વિરાજમાન થયા ને સાધુ હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજે નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "તમારું કીર્તન બોલો." પછી નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું જે, "કીર્તન તો ખરડામાં છે." ત્યારે મહારાજ કહે, "ખરડો લાવો." ત્યારે કહે જે, "ખોવાઈ ગયો છે." પછી મહારાજે આત્માનંદસ્વામી સામું જોઈને કહ્યું જે, "એ કીર્તન તમે કંઠે કરી લેજો." ॥૧૯૮॥

## ૧૯૯. શ્રીહરિની આજ્ઞાથી સંતોએ ટાટનાં વસ્ત્ર પહેર્યાં

એક સમે મહારાજ કહે જે, "સાધુને ટાટનાં વસ્ત્ર રાખવાં." પછી મહારાજ કહે જે, "જે ટાટનાં વસ્ત્ર પહેરીને આવે તેને મળીએ." પછી સાધુ ટાટનાં વસ્ત્ર હરિભક્ત પાસે મંગાવીને પહેરીને મહારાજને મળ્યા, અને જેને પાસે નોતાં તે બીજા સાધુ પાસેથી માંગીને મળ્યા. પછી સોમલા ખાચર આદિક ભક્તજન બેઠા હતા તેણે કહ્યું જે, "મહારાજ, બીજું તો કાંઈ નહીં થાય, પણ ઝોળી માંગવા જાશે તારે કૂતરાં કરડી ખાશે."

ત્યારે મહારાજ કહે જે, "એક વાંસેથી ખબર રાખશે ને એક આગળથી ખબર રાખશે; ત્યારે શું કરડશે !" ત્યારે સાધુએ કહ્યું જે, "મહારાજ, એ તો ઠીક પણ ચેળ થાય છે." ત્યારે મહારાજ કહે, "કેમ મુક્તાનંદસ્વામી ?" ત્યારે એમણે પણ એમ કહ્યું જે, "હા મહારાજ, ચેળ તો થાય છે." ત્યારે મહારાજે ના પાડી જે, "ટાટ ન રાખશો." ॥૧૯૯॥

## ૨૦૦. શ્રીહરિએ શ્રીમુખે કહ્યું, 'અમે પ્રભુ છીએ.'

એક સમે મહારાજ જીવા ખાચરના દરબારમાં પધાર્યા. તે ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા, ને હેઠે મોઘ પાથરી હતી, તે ઉપર સાધુ ને હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી મહારાજ કહે, "સાધુને કોઈ પ્રશ્ન પૂછો." પછી એમ બોલ્યા જે, "માંહોમાંહી એમ કહે છે જે, સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે, તેનું કેમ ?" ત્યારે મહારાજે હા પાડી અને કહ્યું જે, "અમે પ્રભુ છીએ." એ રીતની ઘણીક વાત કરી. ॥૨૦૦॥

## ૨૦૧. શ્રીહરિએ સંન્યાસીનો વેશ ધાર્યો

એક સમે સાધુની જાયગામાં લિંબડાની થડમાં ઓટો હતો. તે ઉપર આસન નાંખી દીધું. તે ઉપર શ્રીજીમહારાજ બેઠા. અને સાધુને કહ્યું જે, "સહુ આવો, તમને અમારે પ્રશ્ન પૂછવો છે." પછી સાધુ આવ્યા, ત્યારે મહારાજે કહ્યું જે, "આપણો મિત્ર હોય તેને એકલો ચાલવા દૈયે તો ઠીક ન પડે, ને જો બે માણસ ભેળા રાખે તોય ઠીક ન પડે, અને છેટે જાય તોપણ ઠીક ન પડે; ત્યારે તેને કેમ કરવું ?"

પછી સાધુ તો કાંઈ સમજ્યા નહીં. ત્યારે મહારાજ કહે જે, "લ્યો અમે કહીએ જે, અમારે સાથે ઝાઝાંને અદા(વેર) છે, માટે એકલા ન ચલાય. અને માણસ રાખીએ તો કહેશે જે, સ્વામિનારાયણ માણસ કેમ રાખે છે ? અને જો છેટે જાઈએ તો વાંસે ખબર રહે નહીં."

પછી આત્માનંદસ્વામીના ગળામાં અલફી હતી, તે કાઢીને મહારાજે પોતાના ગળામાં નાંખી, ને બેઠા. અને પોતાના રેંટાની કૌપીન કરીને પહેરી, ને અલફી ને કૌપીનભર બેઠા. અને કહ્યું જે, "તૂંબડી ને પત્તર લાવો." પછી ત્યાં તો સાધુ સૌ સારીસારી તુંબડિયું લાવ્યા. તેમાં એક વાંકી ડોકની તૂંબડી હતી, તે લીધી. ત્યારે સાધુ બોલ્યા જે, "એની ડોક વાંકી છે." ત્યારે મહારાજ કહે જે, "શું ડોક વાંકી છે, માટે પાણી

કાંઈ વાંકું આવશે ? અમે તો આ રાખશું. હવે એક પત્તર લાવો." ત્યારે ભાઈરામદાસજીએ કહ્યું જે, "આજ જમ્યા છો ને કાલ સુધી કોઈ પત્તર કરાવશું."

પછી આત્માનંદસ્વામીએ કહ્યું જે, "સાધુ ઝોળી માંગવા જાય છે, ત્યારે માથે રૂમાલ બાંધે છે ને ધોતિયું પહેરે છે; માટે ઉઘાડે માથે ને કૌપીનભર વસ્તીમાં ન જવાય." પછી મહારાજે રેંટો માથે બાંધ્યો ને ધોતિયું પહેર્યું. પછી સોમલા ખાચર કહે જે, "માંહિલી કોરે બાઈયું કળકળે છે." ત્યારે મહારાજે કહ્યું જે, "બાઇયું કળકળે છે, ત્યાં ગયાનું શું કામ ?" પછી સોમલા ખાચર કહે જે, "લ્યો હું બાઈયુંને કહી આવું." પછી માંહીલી કોરે જઈને સમજાવી આવ્યા, ને આવીને કહ્યું જે, "એવાં દર્શન ક્યારે થાય તેની વાટ જુએ છે."

પછી મહારાજ માંહીલી કોરે પધાર્યા, તે નીચી દષ્ટિ રાખીને સાદડી ઉપર આવીને બેઠા. ને બાઈયો સાથે બોલવું જોવું નહીં, ને રાતે સાદડી ઉપર અલફીભર સૂઈ રહ્યા. અને સવારમાં સજ્યાની ઓરડીની ઉગમણી ઓસરીએ ઉગમણે મુખે સાદડી ઉપર બેઠા હતા. પછી સાધુ આવ્યા. પછી મહારાજે કહ્યું જે, "અમે બે સાધુ રાખશું, તે ઝોળી માંગી લાવે. ને જે કહે જે, 'મારે ઘેર આવજો' તેને ઘેર ન જાવું."

પછી બાઇયું બોલી જે, "હવે મહારાજને કોણ કહે જે, બાઇયું નાતી નથી ને પાણી પણ કોઈ ગાળતી નથી, ને લોટ કોઈ ચાળતું નથી, ને ચૂલા આગળ છોકરો ઝાડે ફરે તેને રોટલા કરી રહે ત્યાં સુધી વાળે નહીં. તે પછી તે ઉપર માખીઓ બેસે ને તે પાછી રોટલા ઉપર બેસે ને લુગડાં ગંધાય તોપણ ધુવે નહીં. ને બારે જઈને પાણી પણ કોઈ નથી લેતા, એવા ગોબરા હોય; માટે સત્સંગી વિના બીજા સર્વે જગતના માણસ ક્રિયાભ્રષ્ટ છે, ને હવે તેના ઘરનું અન્ન મંગાવીને ખાવું એ કાંઈ શોભે ? પણ મહારાજને કુણ કહે ?"

પછી મહારાજ બોલ્યા જે, "તમે જે સાંખ્યજોગી બાઈયું છો તે કોઈ દિવસ ગળ્યું-ચીકણું ખાઓ છો ?" ત્યારે તેમણે ના પાડી. ત્યારે મહારાજ કહે જે, "જેમ તમે નથી ખાતા તેમ અમે પણ ગળ્યું-ચીકણું વિનાનું લાવો તો જમીએ." પછી બાઈયું ઘઉંની બે રોટલી ને દાળ કરીને તત્કાળ લઈને આવ્યા. પછી થાળીમાં બે રોટલી હતી, તેમાં એક રોટલી ચોળી ને પાણીની કળશલી માગી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ આપી નહીં. ત્યારે મહારાજ કહે જે, "પાણી પીવાને નહિ આપો ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કળશલી આપી. તે લઈને એમની એમ થાળીમાં નાખી દીધી, ને અડધી દાળ તાંસળીમાંથી નાંખી.

પછી મેળાવીને જમવા માંડ્યું, ને વખાણ કરવા માંડ્યા ને કહે જે, "આવું તો અમે કોઈ દિવસ જમ્યા નથી ! એવો સ્વાદ છે જે, જાણીએ લક્ષ્મીજીએ રસોઈ કરી હોય ને શું ! ને જેમ લક્ષ્મીજીએ રસ મેલ્યો હોય ને શું !" એમ કહીને પછી એક રોટલી ને દાળ જમ્યા. અને કહ્યું જે, "(હજુ) એક રોટલી ને દાળ જમી જઈએ એવો સ્વાદ છે, પણ આ જ પ્રથમનો દિવસ છે, માટે રખે પેટમાં ના રહે ! તે બીકે નથી જમતા."

પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! તમારે આમ મેળાવું(ચોળીને જમવું) ને ત્યાગી રહેવું ને બાઈયો સાથે બોલવું નહીં, એવું તમારે શીદને રાખવું જોઈએ ? ને જે તમારે કરવું હોય તે અમને કહો તે અમે કરીએ." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારે તો મુમતી બંધાવવી છે." ત્યારે સૌ સાધુએ હા પાડી. પછી મહારાજ બહુ રાજી થયા. ||૨૦૧||

## ૨૦૨. સંતોને મુમતીનું પ્રકરણ ચાલુ કરાવ્યું

અને સંતની જમવાને પંક્તિ બેસાડી. ને ગાધકડાના જેરામ પટેલની રસોઈ હતી. તે મહારાજ રાજીપામાં લાડવા ફેરવતા હતા, ને હરિજન

સામું જોતા જાય ને હસતા જાય ને લાડુ હાથમાં ઉછાળતા જાય; એવી રીતે હાસ્યવિનોદ કરીને સંતહરિભક્તને બહુ પ્રસન્ન કરતા હતા. પછી મહારાજને ચાકળો નાંખી દીધો, તે ઉપર આથમણે મુખે બેઠા. પછી ફરતા સંત બેઠા.

પછી મહારાજના હાથમાં હીરકોરનો રૂમાલ હતો, તેના ઊભા ચાર ચીરા કરીને, (મુમતી બાંધવા માટે) એક નિત્યાનંદસ્વામીને આપ્યો, ને એક બ્રહ્માનંદસ્વામીને આપ્યો, ને એક ભાઈરામદાસજીને આપ્યો, ને એક આત્માનંદસ્વામીને આપ્યો. અને બીજાં લૂગડાં લઈને ફાડવા માંડ્યા. ત્યારે હરજી ઠકર એમ બોલ્યા જે, “હે મહારાજ ! એમ કાંઈ લૂગડાં પૂગે ? એ(જૈન) તો ચાર આંગળનું લૂગડું તેને ચારેય કોરે દોરા બાંધીને પાવરાની પેઠે કાનોમાં ભરાવે છે.” પછી મહારાજ કહે જે, “લાવો લૂગડાં.”

પછી હરજી ઠક્કર ગજી પનાના(બે ફૂટના પહોળાં) લૂગડાં લાવ્યા. તેમાંથી ફાડીને ચાર આંગળ પહોળું ફાડી આપતા હતા. તે બોકાની બંધાય તેવા લાંબા, તે સાધુને આપતા હવા. પછી મહારાજે શુકમુનિની પાસે કાગળ લખાવ્યો. તેમાં એમ વાત લખી જે, “રોટલા જમે, પાણી પીએ, પ્રભુની વાત કરે, ત્યારે મુમતી ખોલે.” પછી મહારાજે આત્માનંદસ્વામીને આજ્ઞા કરી જે, “તમે બોટાદ જાઓ.”

પછી મહારાજ બ્રહ્માનંદસ્વામીને કહે જે, “તમે તમારે ઉતારે જાવ.” અને ફરી મને કહે, “તમે વાંસે જાઓ જે બજારે વાણિયા શું કહે છે ?” પછી બ્રહ્માનંદસ્વામી ઊભી બજારે ચાલ્યા, તે હાટમાં વાણિયા દોડી દોડીને એકબીજાને કહે જે, “આપણો જૈન ધર્મ સ્વામિનારાયણે ગ્રહણ કર્યો ને મુમતી બંધાવી.” તે વાત મેં મહારાજની આગળ આવીને કરી જે, વાણિયા બહુ રાજી થયા.” તે વાત સાંભળીને મહારાજ બહુ હસ્યા ને બહુ રાજી થયા. ॥૨૦૨॥

## ૨૦૩. મુમતીનું પ્રકરણ લોકકલ્યાણાર્થે બંધ રખાવ્યું

પછી દસ દિવસ થયા તે કેડે સાધુ કોરેમોરે(આજુબાજુના ગામમાં) હતા, તેમને મહારાજે બોલાવ્યા. પછી સભા થઈ ત્યારે મહારાજે પૂછ્યું જે, "લોક શું કહે છે ?" ત્યારે હરિયાનંદસ્વામી બોલ્યા જે, "આ દેશમાં તો મનુષ્ય મૂરખ હે, સો ક્યા બોલે ? પણ હિન્દુસ્તાનમાં તો કોઈ મોટા માણસ હોય ને ઈસકુ કોઈ મોઢું બાંધેલ સામો મળે તો માથું કાટ ડાલે."

પછી આત્માનંદસ્વામી બોલ્યા જે, "અમે બોટાદમાં હતા, ત્યાં એક પરગામનો વાણિયો વહાણું લઈને(વહેલી સવારે) ચાલવાને સાબદો થયો. ત્યાં સાધુ ના'વા જાતા હતા, તેને દેખીને નિસાસો નાખીને ઉદાસી થઈને બેઠો. ત્યારે સાધુએ જાણ્યું જે, 'આપણને મોઢું બાંધ્યા જોઈને એને અપશુકન થયા.' એ વાત મહારાજની આગળ કહી. ત્યારે મહારાજ કહે જે, "જેને દર્શને જીવનું કલ્યાણ થાય(થવું જોઈએ), તેને દર્શને જીવનું ભૂંડું થાય; માટે એવો વેશ તો ન રાખવો." ॥૨૦૩॥

## ૨૦૪. સ્વામીને ભાઈનું બિરુદ મળ્યું

અને ભાઈરામદાસજીને દેહ મૂકવા સમે મહારાજે કહ્યું જે, "એટલા સાધુમાં તમારે કોની સાથે બને છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "આત્માનંદસ્વામી સાથે બને છે." એમ કહીને પછી દેહનો ત્યાગ કર્યો. પછી દેહની ક્રિયા કર્યા કેડે સભા થઈ. પછી મહારાજ કહે જે, "ભાઈની ગોદડી કોને આપશું ?" પછી કેટલાકે તો આનંદસ્વામીનું કહ્યું, ને કેટલાકે તો બીજા કેટલાકને બતાવ્યા; એવી રીતે જેને જેમ સમજાણું તેણે તેમ કહ્યું.

પછી મહારાજ કહે જે, "અમારી નજરમાં તો આત્માનંદસ્વામી આવે છે." પછી મહારાજે વસ્તા ખાચરની ભેળી ભાઈરામદાસજીની ગોદડી આપી, અને કહ્યું જે, "આત્માનંદસ્વામી ઝમરાળે છે, તેમને તમે આપજો, ને કહેજો કે, તમને ભાઈની ગોદડી આપી છે, તે સૌ તમને ભાઈ કહીને બોલાવશે." ॥૨૦૪॥

## ૨૦૫. સ્વામીની અંતરજાગૃતિથી શ્રીહરિનો અતિ રાજીપો

પછી કેટલાક દિવસ કેડે આત્માનંદસ્વામી ગઢડે આવ્યા, ને મહારાજ હેતે કરીને મળ્યા ને રાજી થયા. પછી મહારાજે જમીને થાળ આપવા મયારામ ભટ્ટને મેલ્યા જે, "ભાઈસ્વામીને જમાડી આવો, ને તેના જમ્યા મોર ઊઠશો મા. શા માટે જે, એ તો નહિ જમે." પછી ભટ્ટ થાળ લઈને આવ્યા ને કહે જે, "મહારાજે થાળ તમ સારુ મોકલ્યો છે, માટે તમે જમો."

ત્યારે આત્માનંદસ્વામી કહે જે, "અમે જમશું." ત્યારે ભટ્ટ કહે જે, "તમે જમશો ત્યાર પછી મારે જાવું છે." ત્યારે સ્વામી કહે જે, "બીજું ઠામ લાવો જે સાધુ સારુ પ્રસાદી નોખી મેલીએ." ત્યારે ભટ્ટ કહે જે, "નોખી ન કાઢવી, તમે જમો. પછી જેને લેવી હશે તે લેશે." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજને કહો જે, જો અમને અંતઃશત્રુ ના પીડે તો જમીએ."

**પછી ભટ્ટે મહારાજની પાસે જઈને કહ્યું જે, "એ તો એમ કહે છે જે, મારાં ઇન્દ્રિયું અંતઃકરણ અમને ના પીડે તો જમીએ." પછી મહારાજ રાજી થઈને કહે જે, "ભટ્ટ, જાઓ કહો જે, તમને અંતઃશત્રુ નહિ પીડે."** એવી રીતે ભટ્ટે કહ્યું ત્યારે ભાઈસ્વામી જમ્યા, ને વાંસે વધી તે બીજા સંતે પ્રસાદી લીધી. પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને કહ્યું જે, "નિત્યે અમારા થાળમાંથી પ્રસાદી ભાઈસ્વામીને આપવી." એવી રીતે બ્રહ્મચારીને આજ્ઞા કરી. ॥૨૦૫॥

## ૨૦૬. ઇચ્છારામભાઈનો દેહત્યાગ

એક સમે **ઈચ્છારામભાઈ** માંદા હતા. તે મહારાજે સાધુને કહ્યું જે, "તમે એક એક વાતુ કરવા જાઓ." પછી સાધુએ જઈને વાતુ કરી, ને પછી મહારાજ (તેમની પાસે) ગયા. તે વર્ણાશ્રમ તથા દેહાધ્યાસ તેના નિષેધની બહુ વાતુ કરી. અને બીજે દિવસ પાછલો પોર દિવસ હતો,

ત્યારે ઈચ્છારામભાઈએ દેહ મૂક્યો. પછી ડોળી કરીને તેમાં બેસાડીને પુષ્પના હાર ને ગુલાલે પૂજા કરી. પછી ગાતાં ગાતાં ઓરીએ લઈ ગયા. પછી ત્યાં દેન(અગ્નિ) દીધો ને મહારાજ આથમણે મુખારવિંદે બેઠા ને બ્રહ્માનંદસ્વામી ઉગમણે મુખે બેઠા અને,

*'લગાડી તે પ્રીતિ લાલ રે પ્રીતલડી તો લગાડી.'*

એ કીર્તન સવારમાંથી બોલતા હતા. ને ઈચ્છારામભાઈની દેહ ક્રિયા કરી રહ્યા ને દિવસ આથમ્યો. ને મહારાજ કહે જે, "લૂગડાં સોતા નાઓ." પછી સૌ નાયા, ને ટાઢ બહુ, તે સારુ તાપ કર્યો ને તાપ્યા. તે સૌ તાપીને પછી ગામમાં આવ્યા, ને સજ્યાની ઓરડીને આથમણા ચોકમાં મહારાજ બેઠા, ને બ્રહ્માનંદસ્વામીને કહે જે, "બોલો કીર્તન." ત્યારે એના એ કીર્તન બોલ્યા.

પછી મહારાજે બ્રહ્માનંદસ્વામીને નવો ચોફાળ આપ્યો. પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "આ તો નવો છે, તે મહારાજ તમારે ઓઢવામાં કામ આવશે; માટે મને તો જૂનો પ્રસાદીનો આપો." પછી મહારાજે જૂનો આપ્યો. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજ ને રઘુવીરજી મહારાજ, તેમને મહારાજ કહે જે, "આ તમારા કુળના દસૂંદી(ઊપજનો દશમો ભાગ મેળવનારા બારોટ) છે, તે તમારા કુળના જ સગા છે; માટે વસ્ત્ર તો અમે આપ્યાં. અને તમારે એને સવારમાં ચોખા, દૂધ ને સાકર તેની તાંસળી ભરીને નિત્ય આપવી." એમ મહારાજે બેઉ ભાઈને આજ્ઞા કરી. ॥૨૦૬॥

## ૨૦૭. સંતોને વૈરાગીની જેમ માંગી ખાવાનું પ્રકરણ

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદે બારના ઓરડાની ઓસરીએ, મોટા પાટ ઉપર ઉત્તરાદે મુખારવિંદે બિરાજમાન હતા, ને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મહારાજે આજ્ઞા કરી જે, "સાધુ સર્વે ફૂલવાડી(લક્ષ્મીવાડી)એ જાઓ, ને એક એક કૂબો કરી લ્યો, ને છાણાં વીણી લાવો, ને લોટ માગી લાવો, ને મીઠુંમરચું માગી લાવો, ને તાવડી આદિક ઠામ માગી લાવો, ને વૈરાગી કેમ માગી લાવે છે, તેમ તમે પણ માગી લાવો. શા માટે જે, એક દાદા ખાચરનું ઘર ક્યાં સુધી પૂગે ? એમ કરતાં ઓછું રહેશે તો દાદા ખાચર પૂરું કરશે."

એવી રીતે વાત કરતા હતા, ત્યાં આત્માનંદસ્વામીનું મંડળ આવ્યું. તે મહારાજને પગે લાગીને બેઠા ને મહારાજ સૌને કહે જે, "ઊઠો, કેમ નથી ઊઠતા ?" એમ કહીને એની એ વાત ફરીને કરી. ત્યારે આત્માનંદસ્વામી 'જય સચ્ચિદાનંદ' કહીને ઊઠ્યા. ત્યારે બાઈએ કહેવડાવ્યું જે, "ભાઈસ્વામી તો આજ આવ્યા છે, માટે જે આવે તે એક દિવસ તો અમારે ઘેર પરોણા(મહેમાન) છે."

પછી મહારાજ હસીને બોલ્યા જે, "જાવા દ્યો." પછી વાંસેથી સૌ સંત ઊઠ્યા. પછી મહારાજ હસીને બોલ્યા જે, "બેસો ને મહારાજ !" એમ કહેતા જાય ને મુખારવિંદ આડો રૂમાલ દઈને હસતા જાય. પછી સાધુ સૌ ફૂલવાડીએ ગયા ને એ પ્રકરણ કેટલાક દિવસ રહ્યું. ॥૨૦૭॥

## ૨૦૮. શ્રીહરિએ ઉકા ખાચરને મોતમાંથી ઉગાર્યા

એક સમે મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉતરાદે બાર ઓરડાની ને લીમડાની વચમાં બગલ તળે લાકડીનો ટેકો દઈને ઊભા હતા, ને પોતાના મુખારવિંદની આગળ ગાયોનું ટોળું ઊભું હતું. ને ગાયું મહારાજની સામું જોઈ રહી હતી, ને મહારાજ પણ ગાયું સામું જોઈ રહ્યા હતા. ને ઉકાભગત તો ડાબા પડખામાં સૂંડલો લઈને જમણે હાથે છાણ, ખડ ને કાંકરા લઈને સૂંડલામાં નાખે, અને કીર્તન બોલતા જાય. તે એ જે,

*'કાનુડો કાનુડો રે જમુનાજીને આરે, પાણીડાં વારે રે બેની કાનુડો.'*

એ કીર્તન બોલતા હતા. પછી મહારાજ કહે જે, "ઉકાભક્ત, આવો." ત્યારે રાજી થઈને ગદ્‌ગદ થઈને, મહારાજની આગળ આવીને ઊભા રહ્યા. પછી મહારાજ કહે જે, "કોઈ દિવસ ફેરે(યુદ્ધે) ગયા છો ?" ત્યારે કહે જે, "હા મહારાજ, ઘણીયવાર ગયેલ." ત્યારે મહારાજ કહે, "કોઈવાર તમને વાર આંબેલ ?" ત્યારે કહે જે, "મહારાજ, ઘણીય વાર ભેળા થયેલ. અને જ્યારે વાર આવે ત્યારે બરછી ફેરવું ને પાછો વળું, અને કહું જે, આઘો આવ્ય તારી માને હું..." એટલું વચન બોલતાવેંત ગાયુમાં એક આખલો હતો, તેણે શીંગડું માર્યું, તે પ્રાણ જાતા રહ્યા.

પછી મહારાજે પાણીની માણ મંગાવી, ને વાગ્યું હતું, તે ઉપર પાણીની ધારા કરી. તે બે ઘડીએ પ્રાણ આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, "ઉકાભક્ત ! કેમ છે ?" ત્યારે ભક્ત બોલ્યા જે, "મહારાજ, (આખલો) કોઈને મારે નહીં ને આજ કેમ માર્યું ?" ત્યારે મહારાજ કહે જે, "એ મારે નહીં ને માર્યો તેનો મર્મ એ છે જે, તમે ખોટું બોલ્યા તેનું ફળ તત્કાળ મળ્યું." ॥૨૦૮॥

## ૨૦૯. શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીની રક્ષા કરી

એક સમે મહારાજ ગઢડેથી વડતાલ જાતા હતા. તે અમને ધોલેરા ખબર થઈ જે, આજ મહારાજ **કમિયાળે** મધ્યાહ્ને રહેશે. તે જાણીને આત્માનંદસ્વામી તો કમિયાળા ગયા. તે સમયે મહારાજ **સિંસા વણાર**ના ફળિયામાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા. ને ત્યાં જઈને હું તો પગે લાગ્યો. ત્યારે મહારાજ કહે જે, "આવો, તમારે જમ્યાનું કેમ છે ?" ત્યારે મેં કહ્યું જે, "મહારાજ, ભૂખ્યા છીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "આમને રોટલાનું કેમ થાશે ?" ત્યારે મુક્તાનંદસ્વામી કહે, "અમારી ભેળા જમશે."

પછી મહારાજ કહે જે, "જાઓ, જમી લ્યો. પછી ચાલવું છે." એમ કહ્યું. તે અમે તો જમવા ગયા ને મહારાજ તો ચાલી નીસર્યા. પછી મેં તો ઝટપટ જમીને ઘોડીએ બેસીને દોડ કરી, તે એક ગાઉ

જાતાં મહારાજની ભેગો થયો. અને મહારાજ ગાડામાં આડે પડખે પોઢ્યા હતા. તે મને આવતો જોઈને મહારાજ બેઠા થયા, અને કહે જે, "ઘોડી તો તમારી બહુ ચાલે છે ! તે એ ઘોડી કોણે આપી છે ?"

પછી ઘોડાચડ અસવાર હતા, તે સહુ બોલ્યા જે, "એ તો માવ ગઢવીએ મંદિરમાં બાંધી છે(આપી છે.)" પછી મહારાજ બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામી, તમારે ઘઉંનું કેમ થયું." ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એનો કાગળ મૂળજીના હાથનો લખાવી લાવ્યો છું." તે કાગળ મહારાજના હાથમાં આપ્યો.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "કાગળનું શું કામ છે, પંડે આવ્યા છે." ત્યારે મહારાજ કહે જે, "તેડાવો." પછી મૂળજી આવ્યા. પછી મહારાજ કહે જે, "કેટલાક ઘઉં ધોલેરે આવ્યા ?" ત્યારે તે કહે, "દશ મણ." ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "અલ્યા, ખોટું કેમ બોલે છે ? અમારા આગળ કળશી કહેતો હતો ને ?" એવું બ્રહ્માનંદસ્વામી બોલ્યા, ત્યાં તો ઘોડીએથી પડ્યા, તે સહુ જોઈ રહ્યા ને બહુ ખરખરો કર્યો. અને એ તો મહારાજે રક્ષા કરી તે ઊગર્યા. (પછી આત્માનંદસ્વામી ધોલેરે પરત પધાર્યા.) ॥૨૦૯॥

## ૨૧૦. શ્રીહરિ વડતાલથી વિચરણ કરતા ગઢપુર પધાર્યા

પછી મહારાજ **વડતાલ** પધાર્યા. પછી ત્યાં કેટલાક દિવસ રહીને, દર્શન દઈને, સૌને રાજી કરીને, આનંદ ઉપજાવીને મહારાજ પાછા પધાર્યા(નીકળ્યા.) તેની ખબર ધોલેરે આવી જે, 'આજ મહારાજ ગામ **રોજકે** મધ્યાહ્ને રહેશે.' ત્યારે આત્માનંદસ્વામી ને અખંડાનંદસ્વામી એ અમે બે જણ રોજકે ગયા. અને ગજા ગઢવીને ઘેર રસોઈ હતી, તે મહારાજ તો વે'લા જમ્યા ને પછી સાધુ જમી રહ્યા, ત્યાર પછી અમે પૂગ્યા. તે મહારાજ સાધુની જગ્યામાં લિંબડાની તળે વતું કરાવતા હતા.

અને ત્યાં આત્માનંદસ્વામી આવ્યા ને મહારાજને પગે લાગ્યા. પછી મહારાજ તો વતું કરાવી રહ્યા અને વેલમાં બેસીને મહારાજ તો ચાલ્યા. (તે હું પણ ચાલ્યો) તે **ઝીંઝર** ને **પરબડી** વચ્ચે કેણેક મહારાજને સંભળાવ્યું જે, 'આજ આત્માનંદસ્વામી તો જમ્યા નથી.' ત્યારે મહારાજે વેલ ઊભી રાખી ને તાંસળીમાં સાથવો ને સાકર ચોળીને પોતે જમ્યા ને આત્માનંદસ્વામીને લાડવો વાળીને આપ્યો.

પછી **પરબડી** આવ્યા. તે ગામથી આથમણા ભીમનાથના માર્ગમાં ઉતારા કર્યા. ને મહારાજને અર્થે ઢોલિયો લાવ્યા, તે ઊંધો ઢાળીને તે ઉપર ગાદલું નંખાવીને બેઠા હતા, ને આગળ લાકડાનો તાપ કર્યો, તે તાપતા હતા. પછી સાધુએ ખીચડી કરી ને આત્માનંદસ્વામીને તેડવા આવ્યા. ત્યારે મેં ના પાડી. પછી મૂળજી બ્રહ્મચારી તેડવા આવ્યા અને કહે જે, "ચાલોને, તમારે સારુ ખીચડી કરી છે, ને કેમ ઊઠતા નથી ?" પછી મહારાજ કહે જે, "જાઓને, થોડું જમજો." પછી હું ગયો ને જમ્યો.

અને રાત ત્યાં રહીને **કુંડળ** ગયા. તે મહારાજ તો **મામૈયા પટગર**ના દરબારમાં ઊતર્યા ને સાધુ તો સાધુની જગ્યામાં ઊતર્યા. અને મહારાજ તો ત્યાં દરબારમાં જમ્યા ને સંત પણ જમ્યા. અને ત્યાં બરવાળેથી **વીરો ભુતો** આવ્યા ને મહારાજનાં દર્શન કરીને આત્માનંદસ્વામીને પાસે આવીને કહે જે, "તમને મહારાજ તેડાવે છે."

પછી હું મહારાજ પાસે ગયો. ત્યારે વીરા ભુતે એક ધાબળી મહારાજના ખોળામાં મેલી અને કહે જે, "આ ધાબળી મારે ભાઈસ્વામીને ઓઢાડવી છે." ત્યારે મહારાજ કહે જે, "ઓઢાડો." ત્યારે મેં કહ્યું જે, "રઘુવીરજી મહારાજને ઓઢાડો." ત્યારે મહારાજ કહે જે, "તમે રાખો." પછી ત્યાંથી ચાલ્યા, તે **કારિયાણી** ગયા. ને બીજે દિવસ રસોઈ કરીને જમીને મહારાજ **ગઢડે** પધાર્યા. ॥૨૧૦॥

## ૨૧૧. પશુ-પંખી પણ શ્રીહરિએ બાંધેલ મર્યાદામાં રહે છે

એક સમે મહારાજ ફૂલવાડીએ(લક્ષ્મીવાડીએ) પધાર્યા. તે વાડીમાં ગરતાં જમણે હાથ ઝાંપો છે, ત્યાં થઈને મહારાજ વાડીમાં પધાર્યા. ને સંત-હરિભક્તને મહારાજ કહે જે, "તમે પાધરા જાઓ." અને મહારાજ ને આત્માનંદસ્વામી ને એક પાળો, તે વાડી સોંસરા જાતાં આંબા આવ્યા. તે ખભા સુધી ઊંચા ને તેને કેરી બેઠી હતી. તેને જોઈને મહારાજ કહે જે, "આ આંબા ઉતાવળ કરે છે જે, કાંઈક આપણું ફળફૂલ મોટાના ઉપયોગમાં આવે."

પછી મહારાજ વાડીમાં થઈને કૂવા ઉપર આવ્યા. તે સાધુ ને પાળા કૂવો ખોદતા હતા, ત્યાં આવીને કૂવાના ઉગમણે કાંઠે આથમણે મુખે મહારાજ વિરાજમાન થયા હતા. ત્યાં ગઢાળીના હકુભાઈ આવ્યા. તે કૂવાથી આથમણે પડખે ઉગમણે મુખે ઘોડાને ઊભો રાખીને મહારાજને પગે લાગવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "ઘોડો ઝાલો." ત્યારે હકુભાઈએ કહ્યું જે, "ઘોડાને કોઈ ઝાલશો મા." ત્યારે મહારાજ કહે જે, "પડખે ઘોડી ઊભી છે." ત્યારે હકુભાઈ કહે, "મર ઊભી, પણ ઘોડાને બોલાવશો મા." એમ કહીને મહારાજને પગે લાગ્યા ને સર્વે સંતને પગે લાગ્યા, ત્યાં સુધી ઘોડે કાનસુરી(કાન) હલાવી નહીં.

પછી તે ઉપર મહારાજે વાત કરી જે, "જુવોને, એક લોઢાના કાંટે(ચોકડે) ઝાલ્યો ઊભો રહ્યો છે, પણ એ બળ કરે તો કેનો ઝાલ્યો રહે ? માટે ભગવાને મરજાદા બાંધી છે તેને લોપતો નથી. ને જુઓ, હાથી છે, તે એક અંકુશને વશ વર્તે છે, એવી રીતે પશુપંખી સર્વે મર્યાદા કોઈ લોપતું નથી અને મનુષ્ય તે મર્યાદા નથી પાળતાં. કેમ જે, મનુષ્યને તો નિયમ નથી જે જુવોને, ગાય, ભેંસ, ઘોડો એ સર્વેને નિયમ છે તે, બાર મહિને ફળે છે. કેમ જે, તેઓમાં બાર મહિને એકવાર મૈથુન છે, ને મનુષ્યને બારે માસ મોકળ." એ દિશની મહારાજે ઘણીક વાત કરી. ॥૨૧૧॥

## ૨૧૨. રાજકોટમાં અંગ્રેજ સાહેબને શિક્ષાપત્રી ને ઉપદેશ આપ્યો

એક સમે રાજકોટથી માણસ ગઢડે આવ્યો. તેણે કહ્યું જે, "સાહેબલોકને મહારાજને મળ્યાની બોત ઈચ્છા છે. તે સારુ મને તેડવા મોકલ્યો છે." પછી મહારાજ **રાજકોટ** પધાર્યા, ત્યારે મહારાજની પાસે સાહેબલોકે માણસ મોકલ્યું, ને કહેડાવ્યું જે, "બગીચામાં ઉતારો કરો ને કાલ અમે તમારે દર્શને આવશું." પછી બીજે દિવસે અદાલત બંધ કરી અને કહ્યું જે, "અમારે નારાયણસ્વામીને મળવા જાવું છે, તે કોઈ કામ લઈને આવશો મા." પછી મહારાજને સાહેબલોક આવીને મળ્યા અને બહુ રાજી થયા. અને જે જે પૂછ્યું તેનો મહારાજે ઉત્તર કર્યો. તે સાંભળીને તે બહુ રાજી થયા.

અને મહારાજે શિક્ષાપત્રી આપી. અને દાદા ખાચરે ઘોડો દેવા માંડ્યો, ત્યારે સાહેબલોકે કહ્યું જે, "અમને શિક્ષાપત્રી દીધી તે બહુ ઘોડા દીધાં." અને એમ કહ્યું જે, "અહો દાદા ખાચર ! તમારે ઘેર સ્વામિનારાયણ રહ્યા છે, તે તમારાં મોટાં ભાગ્ય છે !"

પછી મહારાજને સાહેબે પૂછ્યું જે, "તમારા લોકમાં સતી થાય છે, તેનું કેમ છે ?" પછી મહારાજે તેનો ઉત્તર કર્યો જે, "પતિ મરી જાય અને તેના મનમાં એમ થાય જે, 'આપણા દિવસ નહિ જાય, અને લાજવાળા હોય તેણે બળવું તે ઠીક છે.' અને પતિ મરી જાય ને તેના મનમાં એમ હોય જે, 'આપણે પ્રભુ ભજશું' એમ વિચાર હોય તેણે તો ન બળવું એ સારું છે."

પછી સાહેબે કહ્યું જે, "બંધ કરેગા." ત્યારે મહારાજે કહ્યું જે, "જેને મરવું હશે તે તો જીભ કરડીને તથા કૂવે પડીને મરશે. માટે બંધ તો ન કરના અને વાતે કરીને સમજાવના." પછી સાહેબલોક બહુ રાજી થયા અને કહે, "અહો નારાયણસ્વામી ! બહોત સલાહ દિયા, બહોત સલાહ દિયા."

પછી મહારાજે કહ્યું જે, "તમારા રાજમાં રૈયતલોક બહુ રાજી થયા, પણ બે વાત લોકને નથી ગમતી જે, બ્રાહ્મણને ફાંસી દેવી અને ગાયને મારવી, એ બે વાત લોકોને નથી ગમતી." પછી સાહેબે કહ્યું જે, "મુમઈમાં બ્રાહ્મણે ત્રાગું(તોફાન) કર્યું, તે સાત માણસ માર્યા; ત્યારે અમે જાણ્યું જે, આ બ્રાહ્મણ નથી, ત્યારે તેને ફાંસી દીધી અને હવે નહિ દઈએ. અને નારાયણસ્વામી ! કાશી, અયોધ્યા આદિક મોટા તીર્થમાં તો ગાય મારવી બંધ કરી છે અને હવે બંધ કરેગા." પછી મહારાજ **ગઢડે** પધાર્યા. અને "અમારે એ બે વાત રહી ગઈ હતી, તે કરી આવ્યા." એવી રીતે મહારાજે વાત કરી. ॥૨૧૨॥

## ૨૧૩. સ્વામીની તકની સેવાથી શ્રીહરિનો રાજીપો

અને બીજે દિવસ **નાગમાલા**ના ઉગમણે બાર ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર શ્રીજીમહારાજ દક્ષણાદે મુખારવિંદે વિરાજમાન હતા. અને પોતાના મુખારવિંદની આગળ કથા વંચાવતા હતા અને સાધુ ને હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ત્યાં ઊગતા સૂરજની કિરણ મહારાજના મુખારવિંદ ઉપર આવી. ત્યારે આત્માનંદસ્વામીએ વસ્ત્ર બાંધીને એ કિરણનો પ્રકાશ મહારાજ ઉપર આવતો હતો, તે બંધ કર્યો. તે જોઈને મહારાજ બહુ રાજી થયા ને એમ બોલ્યા જે, "ભાઈરામદાસજીએ જાણીએ એમાં પ્રવેશ કર્યો હોય ને શું !" એમ બોલતા હતા. ॥૨૧૩॥

## ૨૧૪. ટાણે સેવા ન થવાથી શ્રીહરિનો કુરાજીપો

અને મંદિરનું કામ થાતું હતું, તે કડિયે પાણો માગ્યો, ત્યારે મહારાજે કહ્યું જે, "કોઈ ઊઠો ! કડિયો પાણો માગે છે." પછી કોઈ ઊઠ્યા નહીં, ત્યારે મહારાજ કહે, "કેમ ઊઠ્યા નહીં ? એ સારુ છે ? તમારે એ કઠણ જણાતું હોય તો આપણી મોરલી રીત નથી ગઈ. જેમ ભાડેરમાં ખોરી જારનો મીઠા વિનાનો નવટાંક લોટ

પીને રહેતા, અને ચાંચડ માંકડ કરડે ત્યારે ખંજોળવું નહીં, એવું કઠણ (પ્રકરણ) હતું. માટે અમે જાણીએ છીએ જે (એના કરતાં) આ સારું છે." પછી સાધુ ઊઠ્યા. ॥૨૧૪॥

## ૨૧૫. સંતોને નવા સત્સંગી પાસે વાતુ કરવાની રીત શીખવાડી

એક દિવસ સજ્યાના ઓરડાની ઓસરીએ ઢોલિયા ઉપર મહારાજ આથમણે મુખારવિંદે વિરાજમાન હતા. અને કહ્યું જે, "વાતુના કરતલ કોણ છે ?" ત્યારે કોઈકે કહ્યું જે, "આત્માનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી છે." ત્યારે મહારાજે કહ્યું જે, "તેડાવો." પછી અમે આવ્યા, તે જોઈને મહારાજ હસીને બોલ્યા જે, "આજ અમે એક પ્રકરણ વાતુનું કાઢ્યું છે જે, પ્રથમ માણસ આવે ત્યારે કહેવું જે, 'આવો બેસો. ક્યાં રહો છો ? ક્યાં જાવું છે ? પાણી પીશો ? ભૂખ્યા છો ? શું તમારું નામ છે ? સુખિયા છો ?' ત્યારે તે કહે જે, 'સુખિયા છીએ.' એમ જ્યારે કહે ત્યારે તેને સુખના સર્ગની વાત કરવી જે, પ્રભુ ભજીને કોણ સુખિયા નથી થયા ? જુઓને ધ્રુવ, અમરીષ, પ્રહ્લાદ આદિક પ્રભુ ભજીને સુખિયા થયા છે.

એમ જેને જેટલું આવડે, તેને તેટલો સુખનો સર્ગ બતાવવો. અને વળી જો એમ કહે જે, 'હે મહારાજ ! સંસારમાં સુખ ક્યાંથી હોય ? કેવળ દુઃખ ભોગવીએ છીએ.' ત્યારે તેની આગળ દુઃખની વાત કરવી જે, 'ભાઈ, પ્રભુ ભજ્યા વિના તો દુઃખ જ હોય, સુખ ક્યાંથી હોય ?' એવી રીતે જેટલી આવડે તેટલી દુઃખની વાત કહી દેખાડવી." એવી રીતે વાત કરવાની રીત બતાવી. ॥૨૧૫॥

## ૨૧૬. કઠણ પ્રકરણમાં રામદાસભાઈએ સંતોને જાળવ્યા

એક સમે મહારાજે એક પ્રકરણ ફેરવ્યું જે, "સાધુને અર્ધ રોટલો જમવો, અને રાત ને દિવસ લાંબા પગ કરીને સૂવું નહીં ને એક પછેડીભર રહેવું. અને જેતપુર અજરામર ભટ્ટ રહે છે, તેને તેડાવીએ ને

સર્વેને આજ્ઞા છે, તે ભણજો. અને આજ્ઞા કરી જે, 'નવાનગરથી ફણેણી જાઓ અને ત્યાં જઈને ભણજો.' પછી સાધુ સર્વે (ફણેણી) આવ્યા. અને ત્યાં ભાઈરામદાસજી હતા, તે સર્વે સાધુને મળ્યા અને પૂછ્યું જે, "આટલા દૂબળા કેમ છો ?" ત્યારે સાધુએ કહ્યું જે, "મહારાજે પ્રકરણ ફેરવ્યું છે જે, અર્ધ રોટલો જમવો અને રાત્રિ-દિવસ સૂવું નહીં અને એક પછેડીભર રહેવું."

પછી ભાઈરામદાસજીએ હરિભક્ત પાસે કડબ મગાવીને માંડવો કરાવ્યો. અને હેઠે પરાળ નંખાવીને તેમાં સાધુના ઉતારા કરાવ્યા. પછી રસોઈ થઈ ને સાધુની પંગત થઈ. પછી સાધુએ કહ્યું જે, "અમારે તો અર્ધ રોટલાનું નિયમ છે." ત્યારે ભાઈરામદાસજીએ કહ્યું જે, "તમે સમજ્યા નહીં, એ તો મહારાજે અર્ધો આહાર કહ્યો છે. ત્યાં ભગવદ્ગીતાનો શ્લોક છે જે, '*युक्ताहारविहारस्य...*[1]' જે આહાર વિહાર યુક્ત કરવો, એમ કહ્યું છે, તે વિચારજો."

પછી સાધુ જમ્યા. અને રાત્રે ધડકી ઓઢાડવા માંડી, ત્યારે સાધુએ ના પાડી. ત્યારે ભાઈએ કહ્યું જે, "તમે પરમહંસ શાના ? કેમ જે, પરમહંસને તો કોઈ ઓઢાડે ને કોઈ તાણી લે, એ બેય બરોબર છે." પછી સાધુ બોલ્યા નહીં. ॥૨૧૬॥

## ૨૧૭. ગઢપુરમાં શ્રીહરિએ કરેલ વિવિધ લીલા

### ❋ એકાદશીએ અર્ધરાત્રી સુધી જાગરણ કરવાનું પ્રકરણ :

એક દિવસ મહારાજ સજ્યાના ઓરડાના આથમણા ચોકમાં ઢોલિયા ઉપર બિરાજમાન હતા અને ફરતાં સાધુ બેઠા હતા. પછી મહારાજે સર્વેને પૂછ્યું જે, "આખી રાત એકાદશીનું જાગરણ કરવું, એવું પ્રકરણ

૧. युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु। युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा।।
જેને યોગશાસ્ત્ર અનુસાર માપમાં જ આહાર-વિહાર કરવાનો, યોગ્ય ક્રિયામાં પ્રવર્તવાનો અને ઊંઘવા-જાગવાનો સ્વભાવ હોય; તેવા યોગીને જ જન્મ-મરણાદિક સર્વે દુઃખને ટાળે એવો યોગ સિદ્ધ થાય છે. (ગીતા : ૬/૨૭)

કર્યું છે; તે સૌને ગમે છે ?" ત્યારે સૌ સાધુએ કહ્યું જે, "હે મહારાજ ! સર્વે હરિભક્ત રાજી થયા ને રાત આખી કથાકીર્તન થાય છે."

પછી મારી સામું જોઈને મહારાજે કહ્યું જે, "કેમ આત્માનંદસ્વામી ?" ત્યારે મેં કહ્યું જે, "એકાદશીને દિવસે સાધુ તો નવરા હોય, તે રાત આખીનું જાગરણ કઠણ ન પડે ને પારણાને દિવસ સૂઈ પણ રહે. અને ગૃહસ્થને તો આખો દિવસ મહેનત કરીને આવ્યા હોય અને બારસને દિવસ મહેનત કરવી હોય; માટે સાધુની બરોબર આખી રાત જાગરણ કરે તો બીજી એકાદશીએ જાગરણ કરવા નહિ આવે."

પછી મહારાજે કહ્યું જે, "અર્ધ રાતનું જાગરણ કરવું, તે કોઈને કઠણ ન પડે. શા માટે જે, કથાકીર્તન કરતાં સહેજે અર્ધ રાત જાય." એવી રીતે મહારાજે આજ્ઞા કરી.

**✵ પૂજામાં ક્ષમાયાચના માટે એક દંડવત અધિક કરવો :**

એક દિવસ મહારાજ ગંગાજળિયા કૂવા પાસે સ્નાન કરતા હતા, અને બે ઓરડીની વચ્ચે રતનજીએ સાદડી પાથરી હતી. અને તે ઉપર ધાબળી પાથરીને તે ઉપર મૂર્તિયું પધરાવી. અને ત્યાં નિત્યાનંદસ્વામી, શુકમુનિ અને આત્માનંદસ્વામી એટલા બેઠા હતા.

પછી મહારાજ સ્નાન કરીને પધાર્યા અને મૂર્તિયુંને દંડવત કર્યા. ત્યારે શુકમુનિએ નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "મહારાજ નિત્ય એક દંડવત કરતા અને આજે બે કેમ કર્યા ?" ત્યારે મહારાજ કહે જે, "શું કહે છે ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "એ તો શુકમુનિ એમ કહે છે જે, 'મહારાજે આજ બે દંડવત કેમ કર્યા ?"

ત્યારે મહારાજ કહે જે, "લ્યો, એની વાત કરું જે, અલૈયા ખાચરને જોવા અમે ગયા હતા. તે એને જેવું દુઃખ થયું, તેવું તો કોઈનું દુઃખ ભાળ્યું નથી. માટે **ભગવાનના ભક્તને પોતાના નિત્યનિયમના દંડવત કરવા, પણ નિત્ય એક દંડવત તો ભગવાનની પ્રાર્થના કરીને અધિક**

**કરવો, અને એમ માગવું જે, હે મહારાજ ! કોઈ દિવસ ભગવાનના ભક્તનો અવગુણ આવશો મા."** એવી રીતની ઘણીક વાત કરી.

**❋ સંતોએ બાઈઓની બાબતમાં પડવું નહીં :**

એક દિવસે મહારાજે મુક્તાનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીને તેડાવીને કહ્યું જે, "તમે સત્સંગમાં મોટેરા થયા અને તમારી લાજ આબરૂ બધા સત્સંગમાં છે અને તમે પ્રસિદ્ધ છો, ને સત્સંગ તો બહુધા થયો છે, તે માટે તમારી પાસે રાવ ફરિયાદ ઘણી આવશે. માટે કોઈ બાઈયુંની રાવ ફરિયાદમાં પડશો મા. શા માટે જે, બેયનો વાંક હોય નહીં, ત્યારે જો એકનો વાંક કહીએ તો તે કહે જે ઠીક, એનું જો સાચું કહે તો 'એ તો અમે જાણીએ છીએ' એટલો મર્મ કરે. એટલે માણસમાં હલકાઈ થઈ જાય. માટે સ્ત્રીને તો પ્રભુએ નથી પૂગતા." તે દિશની મહારાજે ઘણીક વાત કરી.

**❋ ગઢાળીથી આંબા શેઠ શ્રીહરિ માટે ઢોલિયો લાવ્યા :**

એક દિવસ મહારાજ આથમણે બાર ઓરડાની ઓસરીએ કથા કરાવતા હતા. ત્યાં ગઢાળીથી આંબાભક્ત આવ્યા. તે ઊભી બજારે કીર્તન બોલતા આવતા હતા. ત્યારે મહારાજે કહ્યું જે, "કોણ કીર્તન બોલે છે ?" એમ કહીને બોલ્યા જે, "એ તો ભક્ત હશે." ત્યાં તો આવ્યા. તે એકને માથે ઢોલિયો, ને એકને માથે ગાદલું, ને એકને માથે ઓછાડ ને ઓશિકું, અને એક બીજાને માથે ખાટલાના વાણનાં(સુતરની દોરીનાં) ફિંડલાં હતાં. તે (એવી રીતે સભામાં આવ્યા. ત્યારે તે સર્વે સામાન ત્યાં બેઠેલા) સૌ હરિભક્તે લીધો.

તેને જોઈને મહારાજે હસીને કહ્યું જે, "ભક્ત, આ શું છે ?" ત્યારે આંબાભક્તે કહ્યું જે, "બીક આવી છે, તે સારુ ઉચાળા લઈને બ્રહ્મમહોલમાં જાઈએ છીએ." પછી મહારાજ બહુ હસ્યા. પછી આંબાભક્તે કહ્યું જે, "મહારાજ સારુ આ ઢોલિયો લાવ્યા છીએ."

ત્યારે મહારાજ કહે જે, "સારું." ત્યારે ભક્તે કહ્યું જે, "બેસવું તો જોશે." ત્યારે મહારાજે કહ્યું જે, "બેસશું." ત્યારે ભક્તે કહ્યું જે, "પછી કોણે ભાળ્યું છે મહારાજ ! હમણાં બેસવું જોશે."

ત્યારે મહારાજ ઊભા થયા અને બેઠા હતા, તે ઢોલિયો ખેસવીને ભક્ત લાવ્યા તે ઢોલિયો ઢાળીને ઓછાડે સહિત ગાદલું પાથરીને ભક્તે કહ્યું જે, "આ ઓશીકું વાવડીના સઈનું છે." પછી મહારાજ તે ઢોલિયા ઉપર બિરાજમાન થયા. અને મહારાજે કહ્યું જે, "તમને કોઈએ શિખવ્યું કે તમારી મેળે લાવ્યા ?" ત્યારે આંબાભક્તે કહ્યું જે, "મારી મેળે લાવ્યો છું." ત્યારે મહારાજે કહ્યું જે, "મુક્તાનંદસ્વામી, જુઓને, એને દિવસ જડ્યો છે ! કેમ જે, આ દેવપોઢણી એકાદશી છે, તે સજ્યાનું દાન થાય એવો દિવસ એને સહેજે મળ્યો."

**❋ ગઢાળીથી હકુભાઈ શ્રીહરિના દર્શને આવ્યા :**

ત્યાં તો હકુભાઈ આવ્યા. તે દીકરો ને પોતે એ બેય એક ઘોડે બેઠા હતા. તે ઘોડાને પગથિયે ચડાવવા માંડ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, "રહો, અમે હેઠા ઊતરીએ. ઓસરી ઊંચી છે." પછી હકુભાઈએ કહ્યું જે, "તમારે ઢોલિયે બેસી રહેવું અને અમારે ઢોલિયે બેઠા મહારાજના ચરણનો સ્પર્શ કરવો છે." પછી ઘોડાને પગથિયે ચડાવ્યો અને તે મહારાજને ચરણે સ્પર્શ કરીને ઘોડાને પાછલે પગે હેઠો ઉતાર્યો. તે જોઈને સર્વે સભા આશ્ચર્ય પામી. અને મહારાજે હસીને કહ્યું જે, "ઘોડાને કેવો કેદમાં કર્યો છે !" એ દિશની ઘણીક વાત કરી. ॥૨૧૭॥

## ૨૧૮. ખરડમાં સંતોને રોટલા-ખીચડી સાથે ખૂબ ઘી જમાડ્યું

એક સમે મહારાજ **ખરડ** પધાર્યા હતા. તે મહારાજ પોતે તો **અરજણ પટેલ**ને ઘેર જમ્યા. અને તળાવની પાળે આવીને લિંબડા તળે ઢોલિયો ઢળાવીને પોઢ્યા. અને સાધુને તો પીપળ તળે રસોઈ થાતી હતી. અને મહારાજ પોઢીને બેઠા થયા. અને હરિભક્તોને મહારાજે

કહ્યું જે, "તમે જમ્યા ?" ત્યારે તેમણે હા પાડી. પછી મહારાજે કહ્યું, "સાધુને કેમ છે ?" ત્યારે તે બોલ્યા જે, "સાધુને તો રસોઈ થાય છે." પછી મહારાજ ઝબકીને ઊઠ્યા, ને કહ્યું જે, "બધાય જમીને બેઠા છે અને સાધુને તો હજી વાર છે ?"

પછી મહારાજ એમના એમ અડવાણે પગે ઊઠ્યા, અને એક હાથે રેંટો બાંધતા જાય છે, અને અર્ધો વાંસે ઢહડાતો આવે છે; એમ આકળા થયા થકા આવીને કહ્યું જે, "રસોઈનું કેમ છે ?" ત્યારે સાધુએ કહ્યું જે, "આટલા રોટલા થયા છે અને ખીચડી પણ થોડી છે." પછી મહારાજે જોઈને કહ્યું જે, "એટલે શું થાય ? ઘી લાવો, જેટલું હોય તેટલું લાવો." એમ કહીને પંગત બેસાડી ને વાટકો લઈને મહારાજે સૌને ઘી પીરસ્યું, અને રોટલો તો ચોથિયું ચોથિયું પીરસ્યો. અને ખીચડી તો ચટણીની પેઠે પીરસી અને ઘી મનમાન્યું પીરસ્યું. એવી રીતે સંતને જમાડ્યા. ॥૨૧૮॥

## ૨૧૯. માનકૂવાના બે ભક્તોને લક્ષ્મીવાડીની સેવા આપી

એક સમે **ગઢડે** મહારાજ પાસે માનકૂવાના બે કણબી હરિભક્ત (ઉકાભાઈ ને હરજીભાઈ) સાધુ થાવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે ફૂલવાડી(લક્ષ્મીવાડી) ઉપર રહો; શા માટે જે, સાધુ ઝાઝા છે, તે કઠોળ પૂગતું નથી; માટે લીલોતરી એક આવી રહે(ખૂટી રહે) ને બીજી તૈયાર થાય એમ કરો." એમ મહારાજે તેમને આજ્ઞા કરી. ત્યાં સાખી છે...

રીંગણાં મૂળા મોગરી, તાંદળિયો ને મેથી;
સાધુ જમે બારે માસ, ખુટે નહિ કોઈથી.
કેળાં કેરી કાકડી, જામફળ અંજીર;
નારંગી દાડમ જમતાં, મેં જોયા બળવીર. ॥૨૧૯॥

## ૨૨૦. ઉકરડા ભક્તને ખેતીકામમાં દેહની દરકાર ન રહેતી

પછી એક દિવસ **ઉકરડો ભક્ત** મહારાજને દર્શને દરબારમાં આવ્યો. તે આવીને પગે લાગ્યો. ત્યારે માથામાંથી(માંથે બાંધેલ ફાળિયામાંથી) ચીભડાનો કટકો પડી ગયો. તેના બીયા ઊગેલ, તેને જોઈને મહારાજે કહ્યું જે, "ભક્ત, આ શું ?" ત્યારે ઉકરડો ભક્ત બોલ્યા જે, "મહારાજ, ગામની ભાગોળે વાડી છે, તે રાતદિવસ ઢોર આવે, તે ઊંઘીએ તો ઢોર ખાઈ જાય. માટે રાતદિવસ ઊભા રહેવું પડે છે. અને આ તો ખાતાખાતા કટકો ચીભડું વધ્યું, તે માથામાં ખોસ્યું હતું, તેના બીજ પડેલ હશે અને તે ઉપર વરસાદ વરસે, તે લૂગડાં ભીનાં ને ભીનાં રહે, તે ઊગી આવ્યું છે." પછી મહારાજે પરમહંસને તેડાવ્યા, ને કહ્યું જે, "આ જુઓને, માથે બાંધ્યાના લૂગડામાં બીજ ઊગી નીસર્યાં છે ! માટે દેહ સામી નજર નથી રાખતો. માટે પરમહંસ તમે ખરા કે એ ભક્ત પરમહંસ ખરો ?" એવી રીતની ઘણીક વાત કરી. ॥૨૨૦॥

## ૨૨૧. કર્મ અનાદિ નથી, તે જીવના કર્યાં થયાં છે

પછી મુનિમંડળે પ્રશ્ન પૂછ્યો જે, "કર્મ તે અનાદિ છે કે જીવનાં કર્યાં થયાં છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે કર્મ અનાદિ કહો છો, જે કર્મ અનાદિ છે, તે કર્મ અનાદિ કેમ થાય ? તેનું કારણ વિચારી જુઓ, જે ઋષભદેવ પ્રથમ તીર્થંકર થયા, તેણે ધર્મકર્મનું પ્રતિપાદન કર્યું છે, એમ કહેશો તો ઋષભદેવ અનાદિ થયા ને કર્મ આદિ થયા. તે ઉપર તમે કહેશો જે, એવી તો અનંત ચોવીસીઓ થઈ છે, તોપણ વિચારો જે, આગળ કોઈક કાળે પણ કોઈક મોટા પુરુષ હશે, તેણે શુભઅશુભ કર્મનો વિભાગ કર્યો હશે, તોપણ તે વિભાગના કર્તા અનાદિ થયા ને કર્મ આદિ થયાં. ત્યાં તમે કહેશો જે, કર્મે કર્મનું પ્રતિપાદન કર્યું છે ? તોપણ વિચારો જે, કર્મ તો દસ ઇન્દ્રિયો તથા અંતઃકરણ વડે

ઊપજે છે, તે વિના ઊપજતા નથી, માટે ઇન્દ્રિયો અંતઃકરણ અનાદિ થયાં ને કર્મ આદિ થયાં.

બીજું વળી આ ચોવીસીમાં ઋષભદેવ પ્રભુ થયા છે, તે કોઈક દિ આગે તો જીવ હતાં, તે દિ પણ કોઈક તો પ્રભુ હશે તેણે શુભઅશુભ કર્મનો મારગ દેખાડ્યો હશે; ત્યારે શુભ કર્મ કરીને અશુભ કર્મ બાળીને પ્રભુ થયા, તોપણ આગે તે દિ જેણે શુભઅશુભનો વિભાગ કર્યો હશે, તે અનાદિ થયા ને કર્મ આદિ થયાં; પણ એમ તો નથી જે, કર્મે કર્મનો પોતે પોતાની મેળે ઉપદેશ કર્યો છે. ઉપદેશ તો દેહધારી વિના થાય નહીં.

તેનું દૃષ્ટાંત વિચારીને જુઓ, જેમ કોઈક વાણિયા તથા ઉત્તમ કુળનું બાળક હોય, તેને પોતાના માતાપિતા હોય તે કહે છે ને શુભઅશુભની વિગત સમજાવે છે, ત્યારે બાળક જાણે છે; પણ કોઈ કર્મ રૂપધારી થઈને કહેતા નથી. જ્યારે માવિત્ર(મા-બાપ) કહે, ‘હે પુત્ર, આ સર્પ છે, તે કરડે તો મરી જઈએ; ને આ અગ્નિ છે, તેથી બળીએ તે આદિ જેટલાં ભયનાં સ્થાનક છે તેને ઓળખાવે છે. ત્યારે તેથી બાળક ભય પામીને છેટે રહે છે.

અને વળી તે બાળક જ્યારે માખી તથા કીડી આદિક જીવને મારે છે, ત્યારે તેને માવિત્ર કહે છે જે, ‘હે પુત્ર ! જીવ માર્યે પાપ થાય ને ઉગાર્યે ધર્મ થાય,’ એમ માવિત્ર કહે છે. ત્યારે બાળક જાણે છે, પણ એમ તો નથી જે, માર્યું ત્યારે પાપે રૂપ ધરીને કીધું જે, હું પાપ તે તને થયું; અને ઉગાર્યું ત્યારે ધર્મે પણ રૂપ ધરીને આવીને એમ કીધું નહિ જે, ‘હું ધર્મ તે તને થયું.’ એ તો માવિત્રના કીધાથી પાપપુણ્યનો વિભાગ જાણે છે. એમ જુઓ તોપણ જેણે શુભઅશુભનો વિભાગ જણાવ્યો તે અનાદિ થયા ને કર્મ આદિ થયાં. ત્યારે તમે કહો છો જે, કુકડી પ્રથમ કે ઈંડું પ્રથમ ? તો એ ઈંડામાં પાણી છે તે વડે થાય છે. તે પાણી ઈંડામાં સર્વ પાણી જણાય છે, તે પાણી નહિ, તે પાણીમાં સૂક્ષ્મ કણ છે, તે વડે કરીને ઊપજે છે. તે વાત જક્તમાં પ્રસિદ્ધ છે. ને તે કણ

અજીવ છે ને તે કણમાં રહ્યો છે તે જીવ છે. તે કણનો સ્ત્રીના ઉદરમાં પ્રવેશ થાય છે, ત્યારે તે દેહ થાય છે. જેમ આ ચૌદ લોક અજીવ છે ને અનાદિ છે, તેમ એ કણને અમે દેહ કહીએ છીએ. તે કણ વડે કરીને કર્મ થાય છે. પછી તે કર્મથી જે દેહ પામે છે, તે વડે કરીને જેમ આગે શુભઅશુભ કર્મ કરતો જાય છે, તેમ તેમ કર્મે કરીને દેહ ઊપજે છે ને સુખ-દુ:ખને પામે છે. તે કણ કેવો છે ? તો ?

*वालाग्रशतभागस्य शतधा कल्पितस्य च।*
*भागो जीवः स विज्ञेयः स चानन्त्याय कल्पते।।*[1]

એવો ઝીણો કણ છે. તે કણમાં રહ્યો છે, તે જીવ છે. તે ચૈતન્ય છે. તે એ કણને સંબંધે રહીને કર્મ કરે છે. જેમ આ ચૌદલોક છે તે સત્ય છે, તેમ એ કણ પણ સત્ય છે. તે કણ છે તે પ્રથમ દેહ છે ને અનાદિ છે. ને જ્યારે એ કણમાંથી છૂટે છે, ત્યારે મુક્ત થાય છે, કેવળીક થાય છે. એ કણરૂપ જે દેહ તેણે કરીને પ્રથમ કર્મ કર્યાં હોય તેને સંચિત કહીએ. પછી જે કર્મ કરે છે તે કર્મે કરીને દેહ ને દેહે કરીને કર્મ છે; આમ પ્રથમ જે કણરૂપ દેહ પછી તે દેહે કરીને કર્મ ને કર્મે કરીને દેહ છે. માટે કર્મ અનાદિ કરી દેખાડો ને એ આશંકા સર્વે ભાંગો તો જેમ તમે કહો તેમ કરીએ. એ પ્રશ્ન શ્રીસ્વામિનારાયણે લખાવ્યો છે. તેનો ઉત્તર કરો તો હમારા સેવક લાખો માણસ છે, તે તમારા જૈન ધર્મનો ઉપદેશ લઈએ. ને જો ઉત્તર સૂઝે નહીં તો તેનો સૂઝવાનો વિચાર કરજો." ॥૨૨૧॥

## ૨૨૨. કારિયાણીમાં સદૃષ્ટાંત જીવનું સ્વરૂપ કહ્યું

એક સમે **કારિયાણી**માં મહારાજે વાત કરી જે, "જીવને ઝીણું કહે છે, તે ઝીણા પોતું જાણવું. જેમ ચાળીસ હાથની પાઘડી હોય તે મુઠ્ઠીમાં આવે અને વેજાગરો હાથનો હોય તે મુઠ્ઠીમાં ન આવે; કાં જે,

૧.અર્થ માટે પેજ નં : ૨૨૦ની વાત નં.૧૮૭ માં આવેલ આ શ્રુતિ જુઓ.

જાડપોતો છે. તેમ પૃથ્વી પાવડે આવે ને જળ પાવડે ન આવે; કાં જે, ઝીણપોતો છે અને દસ ગણો વધું છે, માટે ઠામમાં આવે. તેમ અગ્નિ દસગણો વધુ છે, ને દસગણો ઝીણો છે; માટે સળગાવ્યો આવે, પણ પાવડે તથા ઠામમાં ન આવે. એ તો સળગાવ્યો આવે, ને વાયુ ઠેલ્યો આવે. એવી રીતે (પૃથ્વી, જળ વગેરે) એકથી એક દસગણું વધું અને દસગણું ઝીણું છે. એ રીતે અક્ષર પર્યંત જાણજો." ॥૨૨૨॥

## ૨૨૩. જૈન સાધુ શ્રીહરિના આશ્રિત થઈ અંતે ધામમાં ગયા

પ્રથમ મહારાજ પ્રગટ થયા(સત્સંગમાં પધાર્યા), તે સમે એક મૂળજી નામે રખ(જૈન સાધુ) હતા, તે મહારાજના દર્શને આવ્યા. પછી મહારાજે વાત કરી ને તેને ધ્યાનમાં બેસાડ્યા તે સમાધિ થઈ. તે ચોવીસ તીર્થંકરનાં દર્શન થયાં. પછી કહે જે મને, "સાધુ કરો." ત્યારે મહારાજે કહ્યું જે, "પછી વાણિયા તારી વાત નહિ સાંભળે. માટે એનો એ વેશ રાખવો ને ઝાઝા વાણિયા હોય ત્યાં વાતું કરવી." પછી વાતું કરતા ને ફરતા તે એક સમે ગામ ડેડાણમાં ગયા, ને ત્યાં અમરેલીની જાન પાંચસાત આવેલી, તેમાં વાતું કરતા.

પછી જાન વિદાય થઈ તે ભેળા (ચાલ્યા ને) મારગમાં વાત કરતા વાદ થયો. તે વાણિયા કહે જે, "આજ કેવળીક હોય નહીં. શા માટે જે, પાંચમો આરો(કળિયુગ) કઠણ છે." ત્યારે મૂળજીએ કહ્યું જે, "હું કેવળીક છું." ત્યારે તેણે કહ્યું જે, "કેવળીક તો પોતાની ઈચ્છાએ માવદે ખેતરમાં જાય." ત્યારે મૂળજીએ કહ્યું જે, "હું મારી ઈચ્છાએ માવદે ખેતરમાં જાઉં છું." એમ કહીને માર્ગને કાંઠે બેસીને દેહ મૂકી દીધો. પછી વાણિયે એમ કહ્યું જે, "સાધુ તરસે મરી ગયો." ॥૨૨૩॥

## ૨૨૪. શ્રીહરિએ બ્રહ્મમુનિ ને નિત્યાનંદમુનિને પ્રસાદી આપી

એક દિવસ મહારાજ **ગઢડામાં** ઉત્તરાદે બાર ઓરડાના ઉંબરાની માંહ્યલી કોર બેઠા હતા, અને નિત્યાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી,

આત્માનંદસ્વામી એ ત્રણ બહાર બેઠા હતા. અને એક બાઈ માંદા હતાં. તે માંહ્યલી કોરે ખાટલે સૂતાં હતાં. તે આગળ મહારાજ વાત કરતા હતા જે, "માંદા માણસને ખાધાનો નિયમ ન રાખવો, ને જે રુચિ હોય તે ખાય."

એવી વાત કરતા હતા. ત્યાં મહારાજને અર્થે થાળ આવ્યો. તે મહારાજ આગળ બાજોઠ મેલીને તે ઉપર થાળ ધર્યો. પછી મહારાજ ઉગમણું મુખારવિંદ રાખીને જમવા બેઠા. તે રીંગણાનું શાક હતું, તે મહારાજે લઈને નિત્યાનંદસ્વામીને હાથમાં આપ્યું ને કહ્યું જે, "જુઓને, કાંઈ કસર છે ?"

પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, "તે સ્વાદમાં સમજે નહીં, હું સમજું એવું એ ન સમજે." પછી મહારાજે હસીને બ્રહ્માનંદસ્વામીને (શાક) આપ્યું. અને એક પૂરી પડસુલીના લોટની ફૂલેલ ને ધોળી, તે હાથમાં લઈને નિત્યાનંદસ્વામીને આપી, ને કહ્યું જે, "સ્વામી, આવી પૂરી તમે ભાળેલ ?" એવી રીતે નૌતમ લીલા કરતા હતા. ॥૨૨૪॥

## ૨૨૫. શ્રીહરિની વાતનું બ્રહ્મમુનિએ કીર્તન કર્યું

એક દિવસ વળી જીવા ખાચરની ડેલીની આગળ ધર્મશાળા હતી, ત્યાં બ્રહ્માનંદસ્વામી રહેતા. ત્યાં મહારાજ પધાર્યા અને વાત કરીને કહ્યું જે, "વાત બહુ ભારે થઈ પણ રહેશે નહીં. માટે એ ઉપર કીર્તન કરો તો રહે." પછી બ્રહ્માનંદસ્વામીએ કીર્તન કર્યું છે,

એક વાત સુણો વ્રજવાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે;
સત્ય કહું છું, રુદે તપાસી રે, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે. ॥૨૨૫॥

## ૨૨૬. શ્રીહરિને માંદા મૂકીને ધોલેરા જવામાં સ્વામીને દુઃખ થયું

એક સમે મહારાજ શરીરે માંદા હતા. તે સાંભળીને સાધુ હરિભક્ત ઝાઝા ભેળા થયા. પછી પૂજાભાઈએ કહ્યું જે, "આપણે સર્વે યાં છીએ અને (ધોલેરા) મંદિરમાં કોઈ નથી. માટે (સ્વામી) તમે

એક વાર આંટો દઈ આવો." પછી આત્માનંદસ્વામી સાબદા થઈને આવ્યા. અને પાળા બેસે છે તે ઉપર અગાસી, તે ઉપર ઢોલિયો હતો, તે ઉપર મહારાજ આડે પડખે સૂતા હતા. અને આગળ દાદા ખાચર બેઠા હતા, અને (તેમની) આંખ્યુંમાં આંસુ ફણક ફણક ચાલ્યાં જાય છે. પછી મહારાજે કહ્યું જે, "આવડા દિલગીર કેમ થાઓ છો ?" પછી દાદા ખાચર બોલ્યા જે, "મહારાજ, હવે મારો કોણ ધણી ?" પછી મહારાજે કહ્યું જે, "શીદ ચિંતા રાખો છો ? દેહ છતાં ખબર રાખી છે, તે કરતાં ખબર વધુ રાખશું." ત્યાં આત્માનંદસ્વામી આવ્યા.

ત્યારે મહારાજે કહ્યું જે, "ક્યાં જાવું છે ?" પછી મેં કહ્યું જે, "ધોલેરે." ત્યારે મહારાજે કહ્યું જે, "શું કામ છે ?" ત્યાં પૂજાભાઈ બોલ્યા જે, "મહારાજ, જાવા દ્યો, કામ છે." ત્યારે મહારાજે કહ્યું જે, "શું ધૂળ કામ છે ?" ત્યારે આત્માનંદસ્વામીએ જાણ્યું જે, "મહારાજનું ગમતું તો નથી." પણ પૂજાભાઈનું ગમતું જાણીને ગયા તો ખરા, પણ જીવ તો ઊંચો ને ઊંચો રહ્યો.

પછી રાત ધોલેરે રહીને બીજે દિવસ કમિયાળે ગયા. ત્યાં રાત્રે એમ જણાણું જે, તેજ આકાશ ને પૃથ્વીમાં સમાય નહીં એવું દેખાણું. ત્યારે એમ સંકલ્પ થયો જે, 'મહારાજે દેહોચ્છવ કર્યો કે શું !' પછી રહેવાણું નહીં, તે સાંજે કારિયાણી આવ્યા. તે વસ્તા ખાચરને પૂછ્યું જે, "તમે ગઢડેથી આવ્યા, તે મહારાજની શી ખબર છે ?" ત્યારે કહ્યું જે, "કાલ ગોળ વહેંચ્યો અને કહ્યું જે, 'અમે સાજા થયા, માટે સૌ સૌને ઘેર જાઓ' પણ મને તો એમ જણાય છે જે ઝાઝા માણસ ભેળા થયા, તે વેરવા સારુ કર્યું, પણ જાણે(કદાચ) તો દેહ નહિ રાખે." ॥૨૨૬॥

## ૨૨૭. ગઢપુરમાં શ્રીહરિનો દેહોત્સવ

પછી સવારમાં હું ગઢડે આવ્યો, તે સજ્યાના ઓરડાની આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર ઉગમણે ઓશિકે પડખાભર

(મહારાજ) પોઢ્યા હતા. અને એક નિત્યાનંદસ્વામી પાસે હતા. તે આત્માનંદસ્વામીને આવ્યા જાણીને નિત્યાનંદસ્વામીએ મહારાજના મુખ ઉપરથી વસ્ત્ર કોરે કર્યું. ત્યારે મુખારવિંદનાં દર્શન કરીને આત્માનંદસ્વામી ચાલી નીસર્યા.

પછી સવારે મહારાજે દેહઉત્સવ કર્યો. પછી ડોળીવિમાન બનાવીને તેમાં બેસાડીને, ચંદન, પુષ્પે ને ગુલાલે પૂજા કરી. ને વિમાન લીધું, ને કીર્તન ગાતાં ગાતાં ફૂલવાડીએ(લક્ષ્મીવાડીએ) લઈ ગયા. ત્યાં ભાઈરામપ્રતાપજી હતા. તે જેમ ઘટે તેમ દેહનો સંસ્કાર કરતા હવા. અને પછી ખરચને દિવસ દેશાંતરના બ્રાહ્મણ બહુ ભેળા થયા. તે બ્રાહ્મણોને રૂડી રીતે જમાડ્યા અને દક્ષિણાઓ આપીને બહુ રાજી કર્યા. ॥૨૨૭॥

## ૨૨૮. ધર્માદિક સહિત ભગવદાશ્રય સંબંધી વાતો મુખ્ય કરવી

બીજું, પરચાની વાત તો અમે નથી લખી. તે શા સારુ ? જે મહારાજે વાત કરી હતી જે, કુણ પરચામેં સમજે છે ? જુઓને, પાણીના બુંદમાંથી આવો મનુષ્યદેહ સર્વે અવયવે જુક્ત થાય છે ! આકાશમાંથી વાદળાં ક્યાંથી થયાં ? ગાજવીજ, પાણી, તારા આદિક ક્યાંથી થયાં ને ક્યાં સમાય છે ? માટે સમજે તેને તો એ પરચો જ છે તો ! અને જે બુદ્ધિહીણ છે, તેને તો અઢાર ભાર વનસ્પતિ લીલી કરી તે નજરમાં ન આવી અને હળાહળ કળિમાં સતજુગ કર્યો એ પરચો ન સમજાય, ત્યારે બીજો શો પરચો સમજે ? માટે મૂરખને તો ભક્તનો કેરડો ને લિંબડો પાલવ્યો નજરમાં આવે. અને મહારાજના દર્શને અનંતના પ્રાણ લીન થઈ જાતા, પણ તે જોઈને કોઈ સત્સંગી થયા નથી. માટે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને ભગવાનનો આશરો કરવો, તે સંબંધી વાર્તા મુખ્યપણે કરવી. એ દિશની વાર્તા ઘણીક કરી હતી.

પૂર્વછાયો :

**આચાર્ય શ્રીરઘુવીરજી, મહારાજે લખવાની આજ્ઞા દીધી;**
**તેણે મહારાજ સાંભરે, એ કેવળ કૃપા કીધી.**
**સંત હરિભક્ત સૌ, એવી મહેરબાની કીજિયો,**
**મહારાજ વિના બીજું ન સાંભરે, એવી દુવા દીજિયો.**

તે આ વાર્તા પ્રગટ પુરુષોત્તમની શ્રીમુખે કરેલ છે, તે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ, હરિકૃષ્ણજી મહારાજની આજ્ઞાએ કરીને આત્માનંદસ્વામીએ લખી છે, તે જાણજો. ને તે ઉપરાંત પણ શ્રીજીમહારાજે ઘણી (વાર્તા) કરી છે ને લીલા પણ ઘણી કરી છે, પણ આ તો દિશમાત્ર લખી છે. ॥૨૨૮॥

## ***ઇતિ શ્રીજીમહારાજની લીલાની વાતો ભાઈઆત્માનંદસ્વામીની કરેલી સંપૂર્ણ.***



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ શ્રીહરિકૃષ્ણાય નમઃ ॥

## સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામી કૃત

# શ્રીહરિની લીલા તથા વાતોનું કાવ્ય



દોહા :

પ્રથમ મહારાજ પ્રગટ થઈ, પધાર્યા અમદાવાદ;
ભટ્ટ પંડિત પુરાણી મળ્યા, બહુ થયો સંવાદ..૦૧

કળીમાં સમાધિ હોય નહિ, એ તો સતજુગની વાત;
ખટ ઉર્મિ રહિત સમાધિ, મહારાજે દેખાડી સાક્ષાત..૦૨

ત્યારે સહુએ હા પાડી, એ પુરુષોત્તમ ભગવાન;
ઘણાક મહારાજને આશ્રિત થયા, બહુ થયો સનમાન..૦૩

**પ્રથમ મેઘપુર મળ્યા, પુરુષોત્તમ ભગવાન;**
**છાતિ હાથ લગાય કહ્યો, નિરસંશય રહો સુજાન**..૦૪

એકવાર હું ફેર ગયો, તે સ્થળ જોવા કાજ;
પૂર્વથી દર્શન સરસ તે, મહેર કરી મહારાજ..૦૫

ફરેણીમાં કરી વારતા, આજ હઠજોગી નહિ કોય;
સમાધિ દોય પ્રકારકી, તે હરિ વિના નવ હોય..૦૬

બંધિયે જીવનું રૂપ કર્યું, બંધ મુક્ત છે દોય;
આજ્ઞામાં રહે એ મુક્ત છે, ઉલ્લંઘે બંધન હોય..૦૭

ધોરાજી સમૈયો કર્યો, સાકર જમ્યા શ્યામ;
ફરેણીમેં ઘી જમ્યા, ભુજ નગરે પકવાન..૦૮

ધોરાજી ચોરાસી કરી, જુનેગઢ નોતરા નાગરોને;
તેણે જ્યારે ના પાડી, પછી જમાડ્યા સત્સંગીયોને..૦૯

કોટડા થૈ ગોરવિયાળી, ગામ નડાળે કરી વાત;
ધર્મ નિરંતર તબ રહે, જબ અંતર્જામી સમજાત..૧૦

કરીયાણે રહી રાત્રી પછી, ગઢપુર વસ્યા ભગવાન;
અનંત ઓછવ લીલા કરી, કેટલાક કરું વખાન..૧૧

બોલ્યાબોલાવ્યાજમ્યાજમાડ્યા,રમ્યારમાડ્યારંગમાં;
શ્રુતિ નેતિ નેતિ કહે, સો પ્રગટ હરિ સત્સંગમાં..૧૨

સદા દિવાળી સંતને, ઓછવ બારે માસ;
પ્રગટ દરશ ભગવાનનાં, જક્તશું રહે ઉદાસ..૧૩

થાય રસોયું નિત્ય નવી, વિધ વિધના પકવાન;
પંગત્યુ બેસે સંતની, પંડે પીરસે ભગવાન..૧૪

બરફી પેંડા સાબુડી, સુતરફેણી કંસાર;
મહારાજ પીરસે પંગત્યુમાં, જમે સંત અપાર..૧૫

લાડુ જલેબી મોતિયા, બિરંજ અરુ દુધપાક;
માલપુવા ઝીણી રોટલી, અરુ વૈતાંકુના શાક..૧૬

દૂધ ઘૃત દહિં ફેરવે, તાંબડિયે ઘનશ્યામ;
જોવા આવે દેવતા, બેસી બેસી વિમાન..૧૭

બે વાર હસ્યા દરબારમાં, ખળખળિયે એક વાર;
એક મુખ લીલા શું કહું, શેષ ન પાંમે પાર..૧૮

જળમાં ઉભા એક પગ ભર, કર જોડી ઘનશ્યામ;
બ્રાહ્મણ પૂજે ગણપતિ, જોઈ રહ્યું સૌ ગામ..૧૯

એક સમે દિ' ઉગ્યામાં, દાતણ કરે મહારાજ;
જળમાં પોતે ટેકરી પર, ફરતો સંત સમાજ..૨૦

એક સમે નદી કાંઠે, ઢીંચણ બાંધિને બેઠા;
મુને કહ્યું રેવા દ્યો તમે, આવી બેસો હેઠા..૨૧

એક સમે જળમાં ઉભા, ધ્યાન કરે મહારાજ;
મેં કરી ત્યાં પ્રદક્ષિણા, સર્યા હમારા કાજ..૨૨

શ્વેત રેંટો શ્વેત ચાદર, શ્વેત પેરવા અંગરખી;
શ્વેતદ્વીપમાં મુક્ત છે, આ સભા તે સરખી..૨૩

એમાં લેશ ફેર નહીં, માનસીપૂજામાં સંભારવી;
પૂર્વમુખે બેસે હરિ, એ મૂર્તિ ઉર ધારવી..૨૪

બેવડી માળા હાથમાં, બે બે મણકા ફેરે;
એક એક સાધુને ભીન ભીન, હેત કરીને હેરે..૨૫

એ આવ્યા મારે શૂરમાં, એમ બોલ્યા ભગવાન;
સામા આવી હેતે મળ્યા, બહુ કર્યો સનમાન..૨૬

એક હાથે બે કર ઝાલ્યા, એક ઉર પર ફેર્યો હાથ;
અસ્થિ ત્વચાયે ઢંકાઈ રહ્યાં, દેખો સર્વે સાથ..૨૭

ગઢડે લીલા બહુ કરી, સ્વામી સહજાનંદ;
જે જને લીધો આશરો, તેના છુટ્યા ભવફંદ..૨૮

કેળા કેરી કાકડી, અંજીર ને ફળજામ;
ડોડી ને દાડમ જમતા, મેં જોયા ઘનશ્યામ..૨૯

ઓળા લીલવા સાથવો, ફોલેલ કાચા ચણા;
હેતે જમ્યા શ્રીહરિ, રહી નહીં જ મણા..૩૦

ક્યારેક બેસે ઘોડીયે, ક્યારેક ઘોડે અસવાર;
ક્યારેક બેસે વેલમાં, અંગે ફૂલોના શણગાર..૩૧

ગઢાળી ગયા નોતરે, પંડે પીરસ્યા પકવાન;
હાર દીયા મુને હેતશું, વળી મળ્યા ઘનશ્યામ..૩૨

ઝીંઝાવદ્ર કૈ દિન રહ્યાં, રહી કારિયાણી ખણ્યો તળાવ;
વિપ્ર જમાડ્યા ઓછવ કર્યા, ભક્તનો જોઈ ભાવ..૩૩

ઝમરાળા બરવાળા ખરા, કુંડળ રોજીદ ગામ;
ભીમનાથ પરવડી થૈ, ખરડ પધાર્યા શ્યામ..૩૪

તળાવની પાળે પીપર તળે, સંત જમાડ્યા શ્યામ;
પાક તો પૂગ્યો નહિ પછી, ઘી પીરસ્યું ઘનશ્યામ..૩૫

ધોલેરામાં મંદિર કર્યું, તે છતું ત્રિલોકી માંય;
સહેજે આવે દર્શને, તેના પાતક જાય..૩૬

શ્વેતદ્વીપ તુલ્ય છે જહાં, મદનમોહનજી દેવ;
પૂજો ભાઈ ભક્ત છે, કરે નિરંતર સેવ..૩૭

રોઝકે ને ખસતે થઈ, વસ્યા કમિયાળે ગામ;
અડવાલજ કમાલ પર, વઉંઠા તીર્થધામ..૩૮

બોરુ વારણા વચ્ચે, હાકી તાજણ નાથ;
લીલા જોઈ શ્યામની, હરિજન થયા સનાથ..૩૯

નદી તટે ગલિયાણે થૈ, સિંજીવાડે મુકામ;
પિપળાવે થૈ વ્રતાલે ગયા, શોભાનિધિ ઘનશ્યામ..૪૦

રંગે હોજ ભરાવિયા, હોળી રમ્યા ભગવાન;
વૃક્ષે નગારા ગડગડે, વિમાને છાયો આસમાન..૪૧

અંગુઠા પાસની આંગળી, નેત્રની કરી સાન;
વૈજયન્તિ માળા મારે, ગળે આરોપી ભગવાન..૪૨

છડિયે માળા ફેરવી, બહુ હસ્યા મહારાજ;
હરિજન કર જોડી રહ્યાં, સૌ માળા લેવા કાજ..૪૩

તે માળા કૃપા કરી, મારા ઉર પર નાંખી;
મારે બહુ આનંદ થયો, સભા જોઈ રહી આખી..૪૪

બે વાર બેસાર્યો ઢોલિયે, એક વાર બેસાર્યો પાટ;
વરતાલમાં આંબલી તળે, જ્યાં હરિજનનો મળ્યો ઠાટ..૪૫

સંજાયા જોળ નરસંડા, બાંમણોલી વિરાજ્યા શ્યામ;
દર્શને આવે માનવી, તે સહેજે પાવે ધામ..૪૬

કેરી છોલી મુજને દૈ, હરિયે હાથો હાથ;
કહ્યું સત્સંગમેં ફરો, સંત મંડળ લૈ સાથ..૪૭

બામણગામ થૈ મહિ ઉતર્યા, એકલબારે રહી રાત;
ડભાસે સંતમંડળ ને, દર્શન દિધા પ્રભાત..૪૮

સેજકુવે થૈ સરસવણી ગયા, ત્યાં દિવસે રહ્યાં દયાળ;
અસુરનો એક ચાકર આયો, તેડવા સાયં કાળ..૪૯

પછી રતવાયે ગયા પાદરે, અસુરને દરબાર;
ચર્ચા કરી સમજાવિયો, પ્રાતઃ સમે ગયા બાર..૫૦

પાદરેથી પાછા વળ્યા, આવી ઉતર્યા મહિ;
બામણગામમાં જમ્યા, મઠનો રોટલો દહિ..૫૧

સુરત પધાર્યા શ્રીહરિ, ઉધને કર્યો નિવાસ;
સંતને દર્શન દીધા, સહુને કર્યો સમાસ..૫૨

**ચોપાઈ :**

ધર્મપુર પધાર્યા છે શ્યામ, દિધું દર્શ સર્યા સહુના કામ;
હાથીયે બેસારી ઓછ્વ કીધો, પૂજા કરી લાભ બહુ લીધો..૫૩

જૂનાગઢ વડોદરાની લીલા, જોયું આશ્ચર્ય નોતા અમે ભેળા;
એહ અલૌકિક રીતી છે એની, પ્રાકૃત મતિ પોંચે નહિ કેની..૫૪

**દોહા :**

એક સમે વરતાલમે, ચર્ચાનો થયો નોર;
પચાસ મુરતનો મંડળ અમારો, બીજા એક કોર..૫૫

કૃપા ક્રિયાની પક્ષ દોઈ, તારે એને લીધી ક્રિયા;
અમારે તો કૃપા રહિ, મહારાજ સાક્ષી થયા..૫૬

પરસ્પર પ્રશ્ન ઉત્તર થયા, એ સાંભળ્યા સહજાનંદ;
સભામાં તાલી દૈને કહ્યું, જીત્યા આત્માનંદ..૫૭

મુકં કરોતી એ શ્લોકની, વિસ્તારીને કરી વાત;
સભા સહુ સાંભળી રહી, એ પુરુષોત્તમ સાક્ષાત..૫૮

ઉમરેઠ પધાર્યા શ્રીહરિ, સંતમંડળ લઈ સાથ;
ક્રિયા કૃપાની વાતુ થઈ, ત્યાં આવ્યો વરસાત..૫૯

ડાકોરનાથનો સેવક આવ્યો, તે લાવ્યો મહાપ્રસાદ;
મહારાજ બહુ રાજી થયા, જમ્યા કરીને સ્વાદ..૬૦

પછી તેણે મુખવાસ દીધો, જમ્યા શ્રીઘનશ્યામ;
દયા કરીને અમને દીધો, શોભાનિધિ સુખધામ..૬૧

યજ્ઞ ડભાણે આદર્યો, અસુરે કીધું બળ;
પછી સમૈયો સુરીતે કર્યો, એવી હરિની કળ..૬૨

જેતલપુર યજ્ઞ કર્યા, જમ્યા વિપ્ર અપાર;
કૈક સમૈયા લીલા કરી, કહેતે ન આવે પાર..૬૩

અશ્લાલી ચૌસર ગામડી, અમદાવાદની વાત;
હરિયે બોલાવ્યો હેતસું, મારે પીઠે મેલ્યો હાથ..૬૪

એક સમે અમદાવાદમાં, મારા દેહનો આવ્યો કાળ;
મારો સંદેહ ટાળવા, આવ્યા દીનદયાળ..૬૫

ખોખરે મેમદાવાદ યજ્ઞ રચ્યો, તે વેરાગી આવ્યા લૂંટવા;
ધિંગાણામાં કપાઈ મુવા, પછી બેઠા છાતી કુટવા..૬૬

કણભા પાસે એક ગામ છે, તે પાસે વેલાલ;
સંત તેડાવી દર્શન દીધાં, વાતુ કરી દયાળ..૬૭

સાક્ષી સર્વજ્ઞ કહત હે, બરલેનુ નહિ જ્ઞાન;
બ્રહ્મ હોતો ઉત્તર કરો, કાં કહો જીવ અજાન..૬૮

હાથરોલીથી બારમુવાડે ગયા, ઘોડાસર રહી રાત;
કાઠી આવ્યા દર્શને, ત્યારે સામા ગયા પ્રાતઃ..૬૯

સમૈયો કરજીસણ કર્યો, સંત તેડાવ્યા શ્યામ;
વડુ પધાર્યા જમવા, વળી ડાંગરવે ગામ..૭૦

જન્માષ્ટમી કરી રીતશું, લાંઘણોજ પધાર્યા શ્રીહરિ;
શીરો પીરસ્યો હેતમાં, વળી વાઢો લૈ ફરી ફરી..૭૧

એક સમયે વનમાં, ગાડે પોઢ્યા શ્યામ;
અસુરનો એક જુથ આવ્યો, તે પશુ દ્વારે કર્યો કામ..૭૨

મેઉ ઉંઝા સિદ્ધપુર ત્યાં, હરિયે કર્યા સ્નાન;
અશ્વ દીધા સંત જમાડ્યા, દીધા વિપ્રને દાન..૭૩

વિસલનગર જાતા રાત્રી, મહાદેવે રહ્યા ઘનશ્યામ;
પ્રશ્ન કરી પછી ઉત્તર કીધાં, એવા હરિ સુખધામ..૭૪

દેવળિયે તાવી વચ્ચે, વતુ કરાવ્યું શ્યામ;
માનનું પણ રૂપ કર્યું, સંતનું લૈનામ..૭૫

શિયાણી કંથારિયે, વાગડ ને બોટાદ;
સારંગપુર સુંદરિયાણે, લોયે થયો સંવાદ..૭૬

મહારાજે કૈક પ્રકરણ ફેરા, બાંધી ધર્મમરજાદ;
પૃથ્વીમાં પ્રગટ થઈ, કર્યા અનંતના કાજ..૭૭

માણાવદરમાં માવજી, અલૌકિક દર્શન દીધું;
બીબીયે તેજોમૈ મૂર્તિ ભાળી, પછી નવાબને કીધું..૭૮

માણાવદ્રથી ગયા પંચાળે, હોળી રમ્યા વિધિ યથા;
સભા બેસતી વિભાગે, નિત્ય થાય પંચકથા..૭૯

હવે કહું કચ્છ દેશની, તેમાં અદ્રિ એક ગામ;
શ્રવણ દિયે સૌ સાંભળો, ત્યાં લીલા કરી ઘનશ્યામ..૮૦

રાયધણજીને ઘેર નોતર્યા, મહારાજને જમવા કાજ;
સાધુ સહિત પધારજો, ન જાય માંગવા આજ..૮૧

પંગતમાં અન્ન પુગ્યું નહિ, તારે મહારાજ કહે કો હાર્યા;
નહિતો બજારે પેટ કુટસે, કેસે નોતરી ભુખે માર્યા..૮૨

ભુજ નગર મહારાજ બહુ રહ્યા, હીરજી સુથારને ઘેર;
દેશાંતરથી સંત તેડાવ્યા, કીધી મોટી મહેર..૮૩

પરસ્પર પ્રશ્ન ઉત્તર કરો, એમ બોલ્યા સહજાનંદ;
પછી મુને આજ્ઞા કરી, તમે પૂછો આત્માનંદ..૮૪

પછી મેં વિચાર કરી, પ્રશ્ન પૂછ્યો એમ;
પાસે રહે વરતાય છે, તેમ વરતાય છેટે કેમ..૮૫

પછી બીજે ઉત્તર ન થયો, મહારાજ બોલ્યા કડાકડી;
એ વાત બહુ કઠણ છે, જેમ હાલરકી લકડી..૮૬

પદ : રાગ : જકડી,

કોઈક હે સોહાગણ નારી રે, પ્રેમગલી દેખલારી રે...ટેક

કો પ્રેમગલી હે એસી રે, યામે શીર સાટે પગ દેશી રે,
તોશું મુખડા જોસી રે, કોઈ...૧

પ્રેમ ખેલ હે એસા રે, યામેં શોષી જાત અંદેસા રે ,
તો તેરા એ કસીર કૈસા રે, કોઈ...૨

એ દિશની ઘણીક વાત કરી....

સમાધિ પક્ષીને થઈ, તેને જોઈ રહ્યાં સૌ સંત,
ધર્મકુળમાં પ્રગટ થઈ, એવા ઐશ્વર્ય દેખાડ્યા અનંત..૮૭

ફેર ચઢ્યો મુને વાણમાં, તેની હરિ પાસે થઈ વાત;
મુને રમાડ્યો ફુદડી, ઝાલીને બેઉ હાથ..૮૮

જગજીવન મે'તો અસુર, નાગર તેની જાત;
મહારાજ ઉપર હલ્લા લૈ, આવ્યો અરધી રાત..૮૯

હરિભક્તે હાકલ કરી, એમને એમ આવ્ય ગોલા;
ભયે કરી ભાગી ગયો, જેમ શકરાને ભયે હોલા..૯૦

માનકુવે કરી વારતા, કહી હનુમાનનું આખ્યાન;
આજ્ઞામાં સંશય નહિ, એ માનું હું પરમાન..૯૧

રાત્રીને કહે દિવસ છે, દિવસ રાત્રી જાન;
મન કર્મ વચને હા પડે, તો રાજી ભગવાન..૯૨

ધ્યાનડી પુનડી બે ગામમાં, કહ્યો જમવાનો વ્યવહાર;
તનકી ભુખે જમવો, મનકી ભુખ અપાર..૯૩

તનકી ભુખને કહે, તિન પાવ કે સેર;
મનકી ભુખ અપાર હે, ગળી જાય મેરુ સમેર..૯૪

ધ્યાનડી રોહા બિચમેં, મારગમાં કરી વાત;
આગમ તુલસીદાસનો, હરિ બોલ્યા સાક્ષાત..૯૫

રોહામાં કરી વાર્તા, સાંભળો કરી વિવેક;
વડવાનળ દિવો વીજળી, મુળ એ અગ્નિ એક..૯૬

વાયુ દીવાને ઓલવો, વડવાનળ જળમાંય;
લેર્યું આવે સમુદ્રની, સબે ભસ્મ હોઈ જાય..૯૭

તેમ વિષય સંસારના, કરે ન સ્પર્શ સંતને;
આજ્ઞા લોપી પગ ના ભરે, નમસ્કાર એ મહંતને..૯૮

દ્રોણમે જન્માષ્ટમી થઈ, પછી મહારાજે કરી વાર્તા;
સૌને રાખ્યા લાગ છે, રખે કોઈ વિસારતા..૯૯

સાધુ ઝોળી માંગી લાવે, હરિજન ગાંઠનું ખાય;
તો મારે સુખ ઉપજે, દુઃખ ન કોઈને થાય..૧૦૦

ચોપાઈ :

માંડવિયે હરિ રહ્યાં, પ્રશ્ન ઉત્તર તે બહુ કહ્યાં;
જે જે પ્રશ્ન વેદાંતિયે કિધાં, તેના ઉત્તર સર્વેને દીધાં..૧૦૧

કોઈ બોલી શક્યા નહિ વાણી, ચરણે શીશ નમ્યા જોડી પાણિ;
એમ દિગ્વિજય જક્તમાં કરી, ધર્મ થાપ્યો ધરા પર હરિ..૧૦૨

ફકીર વેષે આવ્યો એક મુક્ત, પુજા કરી જમાડ્યો છે જુક્ત;
કથા વંચાવી કાળે તળાવ, રહ્યાં ઝાઝું જોઈ તેનો ભાવ..૧૦૩

ઉદે અસ્તલુ કથા વંચાય, તેમાં ઉંઘે તે ઉઠી ભાગોળે જાય;
હરિ કથામાં ઉંઘ તે પશુઘ્નાત, એ વાત ભાગવતમે સાક્ષાત..૧૦૪

દોહા :

શાસ્ત્રમાં સૌ કહી ગયા, પાળ્યું નહિ લગાર;
આજ મારે પાળવું પળાવવું, એ જાણો નિરધાર..૧૦૫

કરવું કલ્યાણ અસંખ્ય જીવનું, એવું નિયમ અમારે;
દસ દસ હજાર જીવનું, કરવું કલ્યાણ તમારે..૧૦૬

આ દેહે પૂરા ન થયા, તો તેની શી ગત થાય;
મહારાજ કે બીજો દેહ, ધરે એનો એજ ઉપાય..૧૦૭

એવી વાતુ બહુ કરી, પછી પધાર્યા તેરે શે'ર;
નિત નવી વાતુ કરે, રહે સુતારને ઘેર..૧૦૮

અંગ અંગની વાતુ કરે, પુરુષોત્તમ ભગવાન;
પૂર્વે થૈ ન થશે આગળે, એમ જાણો ગુણવાન..૧૦૯

ચોપાઈ :

ભીક્ષા મંગાવીને પોતે પણ જમ્યા, સહુ હરિજનને મન ગમ્યાં;
પછી આજ્ઞા સંતને કીધી, અમદાવાદ જાઓ શીખ દીધી..૧૧૦

પછી બોલાવા ભાગોળે આવ્યા, હેતે મળીને બહુ સમજાવ્યા;
ડંડાકાર વચન થયું મારું, એમાં શ્રેય થશે જો તમારું..૧૧૧

ત્યાં જઈ ભણજ્યો ષટભાષા, તેમાં પ્રશ્ન ઉત્તર છે ખાસા;
પછી બોલ્યે બંધાય ન કયાંઈ, એવા સંત વિચરે જગમાંઈ..૧૧૨

દોહા : અંજાર પધાર્યા શ્રીહરિ, જમવા દ્વિજને ઘેર;
જમીને બૌ વાતુ કરી, થઈ રૈ લીલાલેર..૧૧૩

**પદ :**

કહા ગઈ વે અકલ તેરી, કહા ગઈવે અકલ તેરિ;
સાંઇ નહિ સંભારતા હૈ, ગાફલ મૂઢ ગમાર ફૂલા ક્યું ફરતા હૈ..

દોહા : પછી પધાર્યા મંદિરે, ત્યાં વેદાંતિ સુરદાસ;
ચર્ચામાં ચાલ્યું નહિ, પગે લાગ્યો થૈ નિરાશ..૧૧૪

**ચોપાઈ :**

સુતાર સુંદરજીનું એક ગામ, પોંક જમવા આવ્યા ઘનશ્યામ;
મુને તેડાવી દર્શન દીધું, વાતુ સારી આવડે છે એમ કીધું..૧૧૫

એને ધારકશક્તિ છે શૂરા, ત્યાગ નિષ્ઠા પરમહંસ પૂરા;
કાગનિદ્રા સંતો ! ગુણી એ છે, અમારી આજ્ઞા પ્રમાણે રહે છે..૧૧૬

એવી રીતે બહુ લાડ લડાવ્યા, પાસે બેસારી પ્રીતે જમાડ્યા;
મહાપ્રસાદીના ભર્યા થાળ, ઉરમાં ચરણ ચાંપ્યા છે દયાળ..૧૧૭

કઈ વાર મળ્યા ભરી બાથ, દયા કરી મુક્યા શીર હાથ;
કૃપાસિંધુ દયાનિધિ એહ, જેનું નામ સહજાનંદ તેહ..૧૧૮

દીનબંધુ ગરીબ નિવાજ, પ્રગટ્યા કેવળ અમારે કાજ;
એની મોટપ કેટલીક કહીયે, એતો કહે તેમ આનંદમાં રહીયે..૧૧૯

સો વાતની છે એક વાત, એમ કહે છે વેદ વેદાંત;
આજ્ઞામાં રહે હરિ રાજી, ઓર શું વાર્તા કહું ઝાઝી..૧૨૦

એક સમે મહારાજે કહીને, લીલા સંભારો એ નેમ લહીને;
તે સારું લિખ્યા એ ગામ, તેણે સાંભરે સુંદર શ્યામ..૧૨૧

દોહા :

મહારાજને મુખે સાંભળી, વળી દીઠી નજર આગળે;
મહારાજની લીલા અપાર છે, અમે સંક્ષેપે લખી કાગળે..૧૨૨

આગેની પીછે લખી, પીછેની લખી આગળે;
અનુક્રમનો મેળ નહિ, સાંભરી તેમ લખી કાગળે..૧૨૩

વેદાંતી રુ નાસ્તિકો, બીજ મારગી શક્તિપંથ;
તેથી અમારી રક્ષા કરજ્યો, સહજાનંદ સમર્થ..૧૨૪

લીલા સહજાનંદની, પૂરી કરી ન કરશે કોય;
માટે અથ ઈતિ સમાપ્તિ, જાણજો જન સોય..૧૨૫

*ઈતિ શ્રીભાયાત્માનંદસ્વામી કૃત*
*શ્રીહરિની લીલા તથા વાતોનું કાવ્ય સમાપ્ત*

## *॥ સમાપ્ત ॥*



INDEX

# પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

## MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. મૂર્ખશતક કથા
૧૦. વિવેકશતક કથા
૧૧. વાસુદેવમાહાત્મ્ય
૧૨. વિવેકચિંતામણિ
૧૩. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૪. કીર્તનસહ ધ્યાન
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. કથામૃતમ્
- છપ્પનાવલી
- શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય
- ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત

૧૮. ભક્ત આખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- જોબન પગી - રૂડિયો રખડું
- મીણબાઈ - રાઈબા મા
- જાનબાઈ - સખુબાઈ
- શિવલાલ શેઠ અને ભગા દોશી

૧૯. સંત આખ્યાન(૧૨ સંતોના આખ્યાન)
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- મૂળજી બ્રહ્મચારી
- જેરામ બ્રહ્મચારી

૨૦. કીર્તન વિવેચન (૩૫ વિવેચનો)
- મારે ઘેર આવ્યા રે. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે...
- શ્રીજી બાવની...
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- કોઉ કામ ન આવે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે...
- ફગવા...
- પ્રભુ મને થાજે. . .
- શીલવંતા સાધુને. . .
- સંત સમાગમ કીજે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .

૨૧. નારાયણ અંગ ચિંતામણિ
૨૨. સવારનું ચિંતન (શિબિર ૭ થી ૨૩)

## DVD

૧. સ્નેહગીતા
૨. પંચરત્ન
૩. અક્ષરબાવની
૪. ભક્તિસિદ્ધિ
૫. બુદ્ધિપ્રદીપ
૬. વિવેકસાર
૭. સર્ગ નિસરણી
૮. મુક્તવંદના
૯. હિંડોળા ઉત્સવ
૧૦. યમદંડ
૧૧. શિક્ષાપત્રી ભાષ્ય
૧૨. યુવાશિબિર
૧૩. ભાલદેશની લીલા
૧૪. વિવેકશતક કથા
૧૫. મૂર્ખશતક કથા
૧૬. કુંડળધામ દર્શન
૧૭. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૮. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૯. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૨૦. દિવ્ય દિવ્ય મહારાજ *(કીર્તન દર્શન-૫)*
૨૧. માધુરી મૂર્તિ-૧ *(કીર્તન દર્શન-૬)*
૨૨. ગઢપુર મહિમા *(કીર્તન દર્શન-૭)*
૨૩. શ્રીજીચાલીસા *(કીર્તન દર્શન-૯)*
૨૪. યુવાની એક શક્તિ *(કીર્તન દર્શન-૧૦)*
૨૫. જોઈએ તારો પ્યાર *(કીર્તન દર્શન-૧૧)*
૨૬. ઘનશ્યામ ચાલ *(કીર્તન દર્શન-૧૨)*
૨૭. માધુરી મૂર્તિ-૨
૨૮. મે તેરે બલ જાઉં *(કીર્તન દર્શન-૧૪)*
૨૯. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૩૦. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૩૧. શ્રીસ્વા.સત્સંગ શિબિર-૨૨, ૨૩
૩૨. સાગર કથા પૂર-૧ થી ૨૫

## MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. દાદા ખાચરના વિવાહ
૩. બુદ્ધિપ્રદીપ
૪. પંચરત્ન
૫. હરિસ્મરણ
૬. શ્રીમદ્‌ભાગવત

## VCD

૧. મોક્ષનાં સાધનો
૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)
૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

## हिन्दी प्रकाशन

१. टेलीफिल्म : केसर मियाँ VCD
२. टेलीफिल्म : शेख मियाँ DVD
३. टेलीफिल्म : डोसा ताई DVD
४. लाडला युवान ( कीर्तन दर्शन-३ )
५. हे नाथ ! ( कीर्तन दर्शन-८ )
६. घेर बेठा तीरथ भाग-३
७. आपको पाना है ( कीर्तन दर्शन-१३ )

## 3D Animation

૧. લીલાછમ વનમાં... DVD

## USB AUDIO

પેનડ્રાઈવ મેમરી કાર્ડ

**કથા તથા કીર્તનો ભાગ : ૧ થી ૧૩**

## ગુજરાતી પુસ્તક....

૧. વચનામૃત *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧ થી ૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૨. કીર્તનમાળા ભાગ : ૧, ૨
૧૩. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૪. કીર્તન દીપાવલી ભાગ-૧
૧૫. કીર્તનસાર
૧૬. સાગર સાર ભાગ : ૧ થી ૪
૧૭. શિક્ષાપત્રી
૧૮. હરિસ્મૃતિ
૧૯. હરિરસામૃત
૨૦. નિત્યનિયમ
૨૧. શાંતિપાઠ
૨૨. સંત આખ્યાન
૨૩. ભક્ત આખ્યાન
૨૪. વેદરસ
૨૫. શ્રીવિદ્યાત્રાનંદસ્વામીના ગ્રંથો
૨૬. સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળવાતો
૨૭. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૨૮. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૨૯. સદ્.શ્રીનિર્ગુણદાસસ્વામીની વાતો
૩૦. સદ્.શ્રીશુકાનંદસ્વામી કૃત ગ્રંથાદિ
૩૧. સદ્.શ્રીભૂમાનંદસ્વામી કૃત શ્રીહરિલીલામૃતગ્રંથ
૩૨. સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામીની વાતો
૩૩. સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો
૩૪. પ.ભ.શ્રીરામજી શેઠ કૃત લીલાચરિત્રની વાતો
૩૫. પ.ભ.શા.શ્રીલક્ષ્મીરામ કૃત લીલાચિંતામણિ
૩૬. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૩૭. શ્રીજીમહારાજનાં ચરિત્રો
૩૮. શ્રીપુરુષોત્તમલીલા
૩૯. હરિચરિત્ર ચિંતામણિ (પદ્યાત્મક)
૪૦. શ્રીસ્વા. વિચરણ લીલામૃત
૪૧. શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૪૨. સ્વાસ્થ્ય સુધા
૪૩. વાલપનાં વેણ

## हिन्दी किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्ति निर्णय *( गुजराती अनुवाद के साथ )*

## संस्कृत प्रकाशन

सद्.श्रीगोपालानंदस्वामीविरचितम् श्रीमद्भगवद्गीताभाष्यम्

## શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

# વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

**આધ્યાત્મિક આયોજનો...**

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

**સત્સંગ શિબિરો** : છેલ્લા પચીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

**કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા** : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમત્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે.

**સત્સંગ વિચરણ** : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો

હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

**વિવિધ પ્રકાશનો** : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્‌ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્‌ગ્રંથો તથા 'સત્સંગ સેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

### બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

### સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.



શ્રીસ્વામિનારાયણ મંદિર-ધોલેરા



સદ્‌.શ્રીભાયાત્માનંદસ્વામી
છેલ્લી અવસ્થામાં જ્યાં રહેતા, તે
શ્રીસ્વામિનારાયણ મંદિર-વાગડ

Visit us : www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com

